# VIVEKANAND ACADEMY

**SECTOR-22 GANDHINAGAR**

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-06-2020**

## ૧. કેન્દ્રીય કેબિનેટ:ભારત સરકાર (વહીવટ)

**કેબિનેટના મહત્વના નિર્ણયો**

**કયા મુખ્ય ક્ષેત્રો માટે પ્રોત્સાહનો**

✓ કૃષિ, MSME અને સ્ટ્રીટ વેન્ડર્સ (ફેરિયાઓ)

**(૧) કૃષિ : ખેડૂતો માટે શું ?**

✓ ખેડૂતો માટે રૂ. ૩ લાખ સુધીની લોન જો સમયસર ચૂકવે તો વ્યાજમાં ૩ ટકા રાહત માટેની સ્કીમ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવાઈ.

✓ ખેડૂતોને વ્યાજમાં ૨ ટકા અને મુદ્દલ રકમની ચુકવણીમાં વ્યાજમાં ૩ ટકા રાહત અપાશે.

✓ સરકાર દ્વારા ૯ ટકાને બદલે વ્યાજમાં ૨ ટકા રાહત આપીને ૭ ટકા વ્યાજે લોન અપાશે. લોન કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા અપાશે.

**૧૪ ખરીફ પાક માટેના ટેકાના લઘુતમ ભાવમાં ૫૦ ટકાથી ૮૩ ટકા સુધીનો વધારો**

**કયા પાકનાં લઘુતમ ટેકાના ભાવ કેટલા?**

| પાક | ૨૦૧૯-૨૦માં MSP | ૨૦૨૦-૨૧માં MSP | વધારો રૂપિયામાં |
|---|---|---|---|
| સામાન્ય ધાન | 1,815 | 1,868 | 53 |
| એ ગ્રેડ ધાન | 1,835 | 1,888 | 53 |
| જવાર (હાઈબ્રિડ) | 2,550 | 2,620 | 70 |
| જવાર (માલદાની) | 2,570 | 2,640 | 70 |
| બાજરો | 2,000 | 2,150 | 150 |
| રાગી | 3,150 | 3,295 | 145 |
| મકાઈ | 1,760 | 1,850 | 90 |
| તુવેર | 5,800 | 6,000 | 200 |
| મગ | 7,050 | 7,196 | 146 |
| અડદ | 5,700 | 6,000 | 300 |
| મગફળી | 5,090 | 5,275 | 185 |
| સૂરજમુખી બીજ | 5,650 | 5,885 | 235 |
| સોયાબીન | 3,710 | 3,880 | 170 |
| તલ | 6,485 | 6,855 | 370 |
| રામતલ | 5,940 | 6,695 | 755 |
| કપાસ (મધ્યમ રેસા) | 5,255 | 5,515 | 260 |
| કપાસ (લાંબા રેસા) | 5,550 | 5,825 | 275 |

**(૨) MSME માટે શું?**

✓ સરકારે MSMEની નવી પરિભાષા નક્કી કરી છે.

✓ MSME માટે રૂ. ૫૦,૦૦૦ કરોડનાં ઇક્વિટી રોકાણ ફંડની જાહેરાત

✓ આર્થિક મુશ્કેલીમાં ફસાયેલા MSME માટે રૂ. ૨૦,૦૦૦ કરોડની લોન સ્કીમને મંજૂરી અપાઈ છે જેનાંથી સંકટમાં ફસાયેલા ૨ લાખ MSMEને લાભ થશે.

✓ MSME માટે રૂ. ૪,૦૦૦ કરોડનું ડિસ્ટ્રેસ એસેટ ફંડ મંજૂર કરાયું.

**(3) સ્ટ્રીટ વેન્ડર્સ**

✓ સરકારે રેંકડીવાળા અને ફૂટપાથ પર પાથરણાંવાળાઓ માટે ખાસ લોન યોજના જાહેર કરી છે જેનો લાભ રેંકડીવાળા, ફૂટપાથવાળા અને નાની દુકાનવાળાને મળશે.

✓ આનાથી ૫૦ લાખ લોકોને લાભ મળશે. સ્ટ્રીટ વેન્ડર્સને રૂ. ૧૦,૦૦૦ સુધીની લોન અપાશે.

✓ લોન લેનારાએ આ લોન ૧૨ માસિક હપ્તામાં ૧ વર્ષમાં ભરપાઈ કરવાની રહેશે.

✓ સમયસર હપ્તા ભરનારનાં ખાતામાં ૭ ટકા વ્યાજ સબસિડી રૂપે જમા કરાશે.

✓ સ્ટ્રીટ વેન્ડર્સ (શેરી ફેરિયા) પાથરણાવાળા

✓ **લાભ :** આ પ્રોત્સાહનથી ૬૬ કરોડ લોકોને ફાયદો થશે જેમાં ૫૫ કરોડ લોકો ખેતી ઉપર નભે છે જ્યારે ૧૧ કરોડ લોકો MSMEમાં કામ કરે છે જ્યારે ૫૦ લાખ જેટલા ફેરિયાઓને તેનો લાભ થશે

## ૨. અવસાન : મ્યુઝીક ડાયરેક્ટર-ગાયક વાજીદ ખાનનું ૪૨ વર્ષે મુંબઈ ખાતે અવસાન

✓ **પ્રદાન:** દબંગ, વોન્ટેડ, એક થા ટાઈગર રાઉડી રાઠૌર, પાર્ટનર, હાઉસફૂલ-૨, જેવી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

✓ બોલીવૂડની સાજિદ-વાજિદની સંગીતકારની જોડીમાં વાજિદ ખાનની વિદાય

## 3. USA : અમેરિકામાં પોલીસ દ્વારા અશ્વેતની હત્યા બદલ હવે ગૃહયુદ્ધની સ્થિતિ (વૈશ્વિક બાબતો)

**કારણ:** જ્યોર્જ ફ્લોઇડ નામના અશ્વેતની USમાં પોલીસ દ્વારા હત્યા કરતા અડધા USમાં ગૃહયુદ્ધની સ્થિતિ

✓ US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પરિવાર સહિત એક કલાક કલાક વ્હાઈટ હાઉસના બંકરમાં વિતાવવો પડ્યો

**વર્તમાન સ્થિતિનો એક ચિતાર :**

✓ અમેરિકામાં અશ્વેત જ્યોર્જ ફ્લોયડની હત્યા સામે વિરોધ વંટોળ ચરમ પર પહોંચી ગયો છે. એક ચિનગારીએ સમગ્ર અમેરિકાને હિંસાના દાવાનળને હવાલે કરી દીધું છે.

- ✓ ૧૯૬૮માં ડો.માર્ટિન લ્યુથર કિંગની હત્યા થઇ તે પછી પહેલીવાર અમેરિકામાં આટલો આક્રોશ જોવા મળી રહ્યો છે.
- ✓ અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોયડની પોલીસ દ્વારા થયેલી હત્યા પછી વીતેલા છ દિવસથી અમેરિકાના ૧૪૦ શહેરોમાં હિંસક દેખાવો અને લૂંટફાટનો દોર ચાલી રહ્યો છે.
- ✓ રમખાણો અને હિંસાને કારણે અમેરિકાના ૪૦ જેટલાં શહેરોમાં કરફ્યુ લાગી દેવામાં આવ્યો છે. શહેરોમાં આગજની અને લૂંટની ઘટના બની.

**શું હતી ઘટના**

- ✓ મિનિયાપોલિસની પોલીસ દ્વારા તા. ૨૬ મી મેના રોજ જ્યોર્જની ૨૦ ડૉલરની નકલી નોટ દ્વારા ખરીદી કરવા માટે છેતરપિંડીનાં આરોપમાં ધરપકડ કરાઈ હતી.
- ✓ આ પહેલા તેને પોલીસે પકડતી વખતે રસ્તા પર દબોચ્યો હતો. તેના હાથમાં હાથકડી પહેરાવી હતી.
- ✓ ડેરેક ચોવિયન નામના એક પોલીસ અધિકારીએ ૮ મિનિટ સુધી તેની ગરદન પર પગ મૂકતા જ્યોર્જે કહ્યું હતું કે તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આ પછી જ્યોર્જને હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં તેનું મોત થયું હતું.
- ✓ આ ઘટનાનો વીડિયો વાઈરલ થતાં લોકો વિફર્યા હતા અને વિરોધ પ્રદર્શનો કરવા રસ્તા પર ઉતરી આવ્યા હતા.
- ✓ યુએસ પ્રમુખ ટ્રમ્પ એક તબક્કે એવું ટ્વિટ કર્યું હતું કે અમે લૂંટારાઓ પર ગોળી ચલાવતા ખચકાશું નહીં તેમની આ ટ્વિટ બળતામાં ઘી હોમ્યું હતું અને તોફાનો વણસ્યા હતા.
- ✓ જ્યોર્જની હત્યાના આરોપી ચોવિયનને અત્યારે અમેરિકાની સૌથી સુરક્ષિત જેલમાંની એક ઓક પાર્ક હાઈટ્સમાં રાખવામાં આવ્યો છે.

**૪. નિસર્ગ ચક્રવાત (કુદરતી આપત્તિ)**

**વાવાઝોડાનું નામ આપનાર દેશ : બાંગ્લાદેશ**

- ✓ **નિર્સગનો અર્થ :** પ્રકૃતિ/કુદરતી
- ✓ **પ્રભાવિત રાજ્યો:** મહારાષ્ટ્ર અને ગુજરાત
- ✓ તા. ૩-૪ જૂન-૨૦૨૦
- ✓ **ઉદભવ:** સુરતથી દક્ષિણ પશ્ચિમ તરફ ૮૫૦ કિ.મી. દૂર અરબ સાગરમાં ડિપ ડિપ્રેશન

**૫. કોરોના વાયરસ : ભારતમાં કોરોનાના દરદીઓને USની રેમડેસિવિર દવા-ઈન્જેક્શન આપવા કેન્દ્રની મંજૂરી(આરોગ્ય)**

- ✓ દવાની કંપની- ગિલિયાડ, USA
- ✓ **મંજૂરી:** સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન, ભારત સરકાર

**૬. ઈન્વેસ્ટ ઈન્ડિયાનો અહેવાલ - ભારત સરકાર (ઉત્પાદન)**

**સિદ્ધિ : ભારત બે માસમાં વિશ્વનો બીજા નંબરનો PPE કિટ સપ્લાયર દેશ બન્યો**

- ✓ ભારતનું PPE બજાર રૂ. ૧૦ હજાર કરોડ સુધી પહોંચ્યુ
- ✓ કોરોનાને કારણે પીપીઈમાં સમાવેશ પામતા હેન્ડ ગ્લોવ્ઝ, કવરઓલ નામે ઓળખાતો પ્રેસ ડ્રેસ, ફેસ-શિલ્ડ, માસ્ક, ગાઉન વગેરે ચીજોની ડિમાન્ડ ઉભી થઈ.
- ✓ બે મહિના પહેલા ભારતમાં પીપીઈનું નામ કોઈએ સાંભળ્યું ન હતું, એટલે તેનું માર્કેટ પણ કોઈ ગણતરીમાં ન હતું.
- ✓ આજે એ માર્કેટ એવરેસ્ટ જેવી ઊંચાઈએ પહોંચી ગયું છે.
- ✓ ભારત સરકારે સ્થાપેલી કંપની ઈન્વેસ્ટ ઈન્ડિયાના આંકડા પ્રમાણે બે મહિનામાં આ ઈન્ડસ્ટ્રીનું કદ ૫૬ ગણુ વધ્યું.
- ✓ પીપીઈ ઉત્પાદનની મંજૂરી મળી છે. તેમાં કેટલીક નામી કંપનીઓ છે, તો કેટલીક નવી પણ છે.
- ✓ ભારતમાં અત્યારે રોજના ૪.૫ લાખ નંગ પીપીઈનું ઉત્પાદન થાય છે. હવે આ દરે જ તેજી જળવાશે તો ૨૦૨૫ સુધીમાં આ માર્કેટ ૬૦ અબજ ડૉલરનું થવાની સંભાવના છે.
- ✓ **પ્રોએક્ટિવ:** આ ઉદ્યોગમાં તેજીનું એક કારણ સરકારે ઝડપથી લીધેલા પગલાં છે. કેમ કે કોરોના શરૂ થયા પછી આવા ઉત્પાદન એકમો શરૂ કરવા સરકારે તૂરંત મંજુરી આપી હતી.
- ✓ **PPE :** પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ
- ✓ આપણુ સરકારી તંત્ર અઠવાડિયામાં થતું હોય એ કામ બે મહિને પુરું કરે એવું ધીમું ચાલતું હોય છે.

**૭. વૈશ્વિક મોબાઈલ ઉત્પાદન :**

**સિદ્ધિ-ભારત વિશ્વમાં બીજો નંબરનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક – કેન્દ્ર સરકાર (ઉત્પાદન)**

- ✓ **વિગતો:** ભારતમાં અત્યાર સુધીમાં ૩૩ કરોડ મોબાઈલનું ઉત્પાદન : ૩૦૦થી પણ વધુ મોબાઈલ બનાવતા યુનિટ કાર્યરત

- ✓ ભારતમાં અત્યાર સુધીમાં ૩૩ કરોડ મોબાઇલ હેન્ડસેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.
- ✓ ૨૦૧૪માં આ આંકડો માત્ર ૬ કરોડ હતો અને મોબાઇલ મેન્યુફેકચરિંગના માત્ર બે જ યુનિટ હતાં.
- ✓ ૨૦૧૪ સુધીમાં ભારતમાં ત્રણ અબજ ડોલરના મોબાઇલ ફોનનું ઉત્પાદન થયું હતું જે ૨૦૧૯માં વધીને ૩૦ અબજ ડોલર થઇ ગયું હતું.
- ✓ વિશ્વમાં સૌથી વધુ મોબાઈલ ઉત્પાદન કરતી ફેકટરી ભારતમાં નોઈડા ખાતે કાર્યરત : સેમસંગ

## ૮. જન્મ દિન વિશેષ : ૧ જૂન

### પહેલાં મહિલા સ્નાતક : વિદ્યાગૌરી નીલકંઠ

જન્મ – ૧ જૂન-૧૮૭૬  અવસાન – ૭ ડિસેમ્બર-૧૯૫૮




- ✓ આજે ગુજરાતી મહિલાઓમાં પહેલાં સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠ, અભિનેત્રી નરગીસ અને તદ્દન અજાણ્યા પણ ગાંધીજીના રચનાત્મક કાર્યકર અને આઝાદીના સૈનિક શ્રીમતી દંડાબેન ચૌધરીનો જન્મદિવસ.
- ✓ અમદાવાદમાં જન્મેલાં વિદ્યાબેનનાં લગ્ન માત્ર ૯ વર્ષની વયે રમણભાઈ નીલકંઠ સાથે થયાં હતાં.
- ✓ તેમનું પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં થયું હતું.
- ✓ 1901માં તેઓ ગુજરાત કોલેજમાંથી બહેન શારદાબેન સાથે વિનયન સ્નાતક થયાં ત્યારે તે ગુજરાતી સમાજમાં ઐતિહાસિક ઘટના બની હતી.
- ✓ વિદ્યાબેન મોરલ ફિલોસોફી અને લોજિક જેવા વિષયો સાથે સ્નાતક થયાં હતાં. તેમણે નેતાગીરીની કમાન પણ સંભાળી હતી.
- ✓ 1902માં અમદાવાદમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન યોજાયું ત્યારે તેમણે મંચ પરથી વંદે માતરમ્ ગીત ગાયું હતું.
- ✓ વડોદરામાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં તેઓ પરિષદના પહેલાં મહિલા પ્રમુખ બન્યાં હતાં. અને અહીં ગુજરાત યુનિ. સ્થાપવી જોઈએ તેવો મજબૂત ઠરાવ થયો હતો.
- ✓ વિદ્યાબેને ફોરમ, ગૃહદીપિકા, નારીકુંજ, જ્ઞાનસુધા, ધોડું કેશવ કર્વેનું જીવનચરિત્ર જેવાં મૌલિક પુસ્તકો અને હિન્દુસ્તાનમાં સ્ત્રીઓનું સ્થાન જેવું અનુવાદના પુસ્તક લખ્યા છે.
- ✓ તેમનું 7 ડિસે.1958નાં રોજ 82 વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૬-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા 14 ખરીફ પાક માટેના ટેકાના લઘુત્તમ ભાવમાં કેટલા ટકા સુધીનો વધારો કરાયો - 50 થી 83 ટકા
2. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતર જૂન 2020માં કયા મુખ્ય ત્રણ ક્ષેત્રો માટે વિવિધ પ્રોત્સાહનો જાહેર કર્યા છે- **કૃષિ, એમ.એસ.એમ.ઈ. અને સ્ટ્રીટ વેન્ડર્સ-ફેરિયાઓ**
3. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટમાં એમ.એસ.એમ.ઈ. માટે કેટલા કરોડનાં ઇક્વિટી રોકાણ ફંડની જાહેરાત કરવામાં આવી - રૂ.50,000 કરોડ
4. કેન્દ્રીય કેબિનેટ દ્વારા આર્થિક મુશ્કેલીમાં ફસાયેલા એમ.એસ.એમ.ઈ. એકમો માટે કેટલી રકમની લોન સ્કીમને મંજૂરી આપી- રૂ.20,000 કરોડ
5. કેન્દ્રીય કેબિનેટ દ્વારા ખેડૂતો માટે કેટલા લાખ સુધીની રકમની લોન સમયસર ચૂકવે તો વ્યાજમાં કેટલા ટકા રાહત માટેની યોજના 31 ઓગસ્ટ 2020 સુધી લંબાવાઈ - રૂ. 3 લાખ અને 3%
6. કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ખેડૂતોને સરકાર નવ ટકાને બદલે વ્યાજમાં કેટલા ટકા રાહત આપશે- 2% (કુલ-7%)
7. કેન્દ્ર સરકાર સ્ટ્રીટ વેન્ડર્સને કેટલી રકમની ખાસ લોન આપશે - રૂ.10,000
8. સમયસર લોન પરત કરનાર સ્ટ્રીટ વેન્ડર્સના ખાતામાં કેટલા ટકા વ્યાજ સબસીડી જમા કરાશે- 7%
9. જૂન 2020ના કેન્દ્ર સરકારના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વમાં મોબાઈલ ઉત્પાદનમાં ભારત કયા ક્રમે છે- **બીજા**
10. ભારતમાં સેમસંગ દ્વારા વિશ્વની સૌથી મોટી મોબાઈલ ક્યાં સ્થાપવામાં આવી છે – **નોઈડા (ઉત્તર પ્રદેશ)**
11. જૂન-2020ની સ્થિતિએ વિશ્વમાં PPE કિટ સપ્લાયરમાં ભારત કયા ક્રમે છે - બીજા

12. PPEનું વિસ્તૃત નામ જણાવો - **પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ**
13. તાજેતરમાં બોલિવૂડના કયા મ્યુઝીક ડાયરેક્ટર અને ગાયકનું 42 વર્ષે મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયું- **વાજિદ ખાન**
14. બોલિવૂડમાં ફિલ્મ ગીતકાર તરીકે વાજિદ ખાન સાથે અન્ય કઈ જોડી ખૂબ પ્રસિદ્ધ હતી- **સાજિદ-વાજિદની જોડી**
15. અમેરિકામાં મે 2020માં કયા એક અશ્વેત નાગરિકની મિનિયાપોલિસની પોલીસ દ્વારા હત્યા બદલ ગૃહ યુદ્ધની પરિસ્થિતિ ઉભી થઇ છે - **જ્યોર્જ ફ્લોઈડ**
16. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તા.3 અને 4 જૂનના રોજ કયું વાવાઝોડું-ચક્રવાત ફૂકાયું હતું - **નિસર્ગ**
17. "નિસર્ગ" વાવાઝોડાનું નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે - **બાંગ્લાદેશ**
18. "નિસર્ગ" વાવાઝોડા કયા સમુદ્રમાં આકાર પામ્યું હતું - **અરબી સમુદ્ર**
19. "નિસર્ગ"નો અર્થ જણાવો - **પ્રકૃતિ/કુદરતી**
20. ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર માટે તાજેતરમાં અમેરિકાની કઈ દવા-ઈન્જેકશનને મંજૂરી આપવામાં આવી છે - **રેમડેસિવિર**
21. 'રેમડેસિવિર' દવા કઈ કંપની દ્વારા બનાવવામાં આવે છે - **ગિલિયાડ-USA**
22. ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતકનું નામ જણાવો - **વિદ્યાગૌરી નીલકંઠ**
23. ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલાં મહિલા પ્રમુખનું નામ જણાવો – **વિદ્યાગૌરી નીલકંઠ**
24. ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠને વર્ષ ૧૯૨૬માં બ્રિટશ સરકાર તરફથી ક્યો ઈલ્કાબ મળ્યો હતો – **"કૈસરે હિન્દ"**
25. ગુજરાતી લેખિકા વિદ્યાગૌરી નીલકંઠનો જન્મ દિવસ જણાવો - **૧ જૂન-૧૮૭૬**

DATE : 02-06-2020

## ૧. નિસર્ગ વાવાઝોડું : (કુદરતી આપત્તિ)

**રેરેસ્ટ ઓફ રેર ઇવેન્ટ : મહારાષ્ટ્ર માટે**

- ✓ વર્ષ ૧૮૯૧થી અત્યાર સુધીમાં મુંબઇમાં અથવા નજીક ફક્ત 3 ચક્રવાતી તોફાન ઓક્ટોબર-નવેમ્બરમાં ત્રાટક્યાં છે, છેલ્લે વર્ષ ૨૦૦૯માં ફ્યાન વાવાઝોડું ત્રાટક્યું હતું.
- ✓ રેકોર્ડેડ હિસ્ટ્રી પ્રમાણે પ્રીમોન્સન સિઝનમાં મહારાષ્ટ્રના દરિયા કિનારા પર ટકરાનારૂં બીજું વાવાઝોડું, મે ૧૯૬૧માં પહેલું વાવાઝોડું આવ્યું હતું
- ✓ ચક્રવાત નિસર્ગ જૂન મહિનામાં મહારાષ્ટ્રના દરિયાકિનારા સાથે ટકરાનારૂં રેકોર્ડેડ હિસ્ટ્રીનું પહેલું સાઇકલોન બની રહેશે

## ૨. ચંબા ટનલ ઉદ્ઘાટન : ઉત્તરાખંડ (માળખાગત સુવિધા)

**કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉત્તરાખંડમાં ચંબા ટનલનું ઉદ્ઘાટન**

- ✓ ઋષિકેશ-ધારસુ માર્ગ પર ચંબા શહેર હેઠળ ૪૪૦ મીટર લાંબી ટનલ બનાવવામાં આવી.
- ✓ આ ટનલનું સંચાલન આ ઓક્ટોબરમાં શરૂ કરવામાં આવશે.
- ✓ આ ટનલ ઉત્તરાખંડની ચારધામ પ્રોજેક્ટ યોજના હેઠળ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) દ્વારા બનાવવામાં આવી છે.
- ✓ ગંગોત્રી, કેદારનાથ, યમનોત્રી અને બદ્રીનાથને કનેક્ટિવિટી સુવિધા આપવા માટે રૂ. ૧૨,૦૦૦ કરોડનો પ્રોજેક્ટ.

## 3. 'મેરા જીવન મેરા યોગ' પ્રતિયોગિતા વિડિયો બ્લોગ (આરોગ્ય)




- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "મેરા જીવન મેરા યોગ" પ્રતિયોગિતા વીડિયો બ્લોગ દ્વારા શરૂ કરી જેમાં વિશ્વની કોઈ પણ વ્યક્તિ ભાગ લઇ શકશે.

## ૪. રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ પ્રોજેક્ટ (રોજગારી)

- ✓ શ્રમ અને રોજગાર મંત્રાલયે ટીસીએસ સાથે ભાગીદારીમાં રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ પ્રોજેક્ટ હેઠળ કારકિર્દી કુશળતા પ્રશિક્ષણ આપવાની યોજના ઘડી છે.

**વિવિધ અભ્યાસક્રમો :**

- ✓ જે કારકિર્દી પરામર્શ, જોબ મેચિંગ, વ્યવસાયિક માર્ગદર્શન, જોબ સર્ચ, કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો વગેરે માટે રોજગાર સંબંધિત સેવાઓ પ્રદાન કરશે.

### ૫. "સ્વચ્છ ભારત:સ્વચ્છતા રિવોલ્યુશન ઓફ ઇન્ડિયા" શોર્ટ ફિલ્મ

- ✓ નેશનલ જ્યોગ્રાફિક ચેનલે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલયના સહયોગથી "સ્વચ્છ ભારત સ્વચ્છતા રિવોલ્યુશન ઓફ ઈન્ડિયા" નામની એક ફિલ્મ રજૂ કરી છે.
- ✓ હાલમાં નેટ જિઓ ચેનલ પર ફિલ્મનું સ્ક્રીનિંગ થયું હતું. આ ફિલ્મ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણની યુટ્યુબ ચેનલ પર પણ ઉપલબ્ધ કરાઈ છે.
- ✓ આ ફિલ્મમાં ઘણા સ્વચ્છતા રાજદૂતોએ પોતાનાં મંતવ્યો શેર કર્યાં છે.

### ૬. G-7 બેઠક : ભારતવતી ઉપસ્થિત રહેવા યુએસ પ્રમુખનું વડાપ્રધાન મોદીને આમંત્રણ (વિદેશ નીતિ)

**G-7 વિશેષ :**

**G-8 જૂથ G-7 જૂથ કેવી રીતે બન્યું ?**

- ✓ રશિયાએ યુક્રેનના ક્રીમિયામાં દખલગીરી શરૂ કર્યાના વિરોધમાં આ દેશોએ 2014માં G-8 માંથી તેને બહાર કાઢી નાંખ્યું હતું. ત્યાર પછી આ જૂથ G-7 તરીકે ઓળખાતું.

**G-7 એટલે કે સાત સમૂહનો દેશ :**

- ✓ G-7 એ અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી અને જાપાનનું જૂથ છે.

**US પ્રમુખ ટ્રમ્પ અન્ય દેશોને G-7માં સામેલ કરવા ઈચ્છુક**

- ✓ હાલમાં જ ટ્રમ્પ G-7માં ભારત સહિત રશિયા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાને સામેલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.
- ✓ G-7ના વિસ્તરણની વાત કરતા ટ્રમ્પ 10 થી 12 જૂને થનારા G-7 સંમેલનની બેઠક સપ્ટેમ્બર સુધી ટાળી દીધી હતી .

### ૭. UN : સલામતી સમિતિનો અહેવાલ

**કોરોના મહામારી વચ્ચે વિશ્વમાં સાઇબર ક્રાઇમ-હુમલામાં નોંધપાત્ર વધારો**

- ✓ શંકાસ્પદ ઇમેલની સંખ્યામાં ૬00 ટકાનો વધારો નોંધાયો

**UNની આ અંગે ચેતવણી :**

- ✓ પ્રત્યેક ૩૯ સેકન્ડે સાઈબર હુમલો થાય છે.
- ✓ UNની સલામતી સમિતિની એક અનૌપચારિક બેઠકમાં ઈઝુમી નાકામિત્સુએ કહ્યું કે કોરોના વાઈરસની મહામારીના કારણે વિશ્વમાં ટેક્નોલોજીકલ સંશોધનોમાં વધારો થયો છે અને ઓનલાઈન જોડાણો પણ વધ્યા છે.
- ✓ આ બધાની સાથે ચિંતાની બાબત એ પણ છે કે, આરોગ્ય સંસ્થાઓ અને મેડિકલ સંશોધનોની સુવિધા ધરાવતા સંસ્થાનો પરના સાયબર હુમલામાં વધારો થયો છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૬-૨૦૨૦)

1. નિસર્ગ વાવાઝોડા પહેલાં છેલ્લે ક્યા વર્ષમાં કયુ વાવાઝોડું ત્રાટક્યું હતું - **૨૦૦૯માં ફ્યાન**
2. વર્તમાન કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનું નામ જણાવો - **નીતિન ગડકરી**
3. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ઉત્તરાખંડમાં કઈ ટનલનું ઉદ્ઘાટન કર્યું હતુ - **ચંબા**
4. ઉતરાખંડમાં નવી બનેલી ચંબા ટનલ કઈ યોજના હેઠળ બનાવવામાં આવી છે- **ચારધામ પ્રોજેક્ટ યોજના**
5. ઉતરાખંડની ચંબા ટનલ કોના દ્વારા બનાવવામાં આવી છે - **બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)**
6. ચંબા ટનલ ગંગોત્રી, કેદારનાથ, યમુનોત્રી અને બદ્રીનાથને કનેક્ટિવિટી સુવિધા આપવા માટે કેટલા રૂપિયાનો પ્રોજેક્ટ છે - **રૂ. ૧૨,000 કરોડ**
7. ઋષિકેશ-ધારસુ માર્ગ પર ચંબા શહેર હેઠળ કેટલા મીટર લાંબી ટનલ બનાવવામાં આવી છે - **૪૪૦**
8. જૂન-૨૦૨૦માં કોના દ્વારા "મેરા જીવન મેરા યોગ" પ્રતિયોગિતા વીડિયો બ્લોગ દ્વારા શરૂ કરાયો છે - **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**
9. જૂન-૨૦૨૦માં કયા મંત્રાલય દ્વારા ટીસીએસ સાથે ભાગીદારીમાં કારકિર્દી કુશળતા પ્રશિક્ષણ આપવાની યોજના ઘડી - **શ્રમ અને રોજગાર મંત્રાલય**
10. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા કયા પ્રોજેક્ટ હેઠળ કારકિર્દી કુશળતા પ્રશિક્ષણ આપવાની યોજના ઘડી - **રાષ્ટ્રીય કારકિર્દી સેવાઓ પ્રોજેક્ટ**
11. જૂન-૨૦૨૦માં કઈ ચેનલે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલયના સહયોગથી એક શોર્ટ ફિલ્મ બનાવી - **નેશનલ જ્યોગ્રાફિક**
12. નેશનલ જ્યોગ્રાફિક ચેનલે પીવાના પાણી અને સેનિટેશન મંત્રાલયના સહયોગથી કઈ શોર્ટ ફિલ્મ રજૂ કરી - **"સ્વચ્છ ભારત : સ્વચ્છતા રિવોલ્યુશન ઓફ ઇન્ડિયા"**

13. કયા દેશ દ્વારા યુક્રેનના ક્રીમિયામાં દખલગીરી શરૂ કર્યાના વિરોધમાં G 8 દેશોએ 2014માં G 8માંથી તેને બહાર કાઢી નાંખ્યું હતું – **રશિયા**

14. G 7 સમૂહના દેશના નામ જણાવો - **અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી અને જાપાન**

15. જૂન-૨૦૨૦માં કોના અહેવાલમાં કોરોના મહામારી વચ્ચે સાઇબર ક્રાઇમમાં વધારો થયો હોવાનું જણાવાયુ છે - **UNના સલામતી સમિતિ અહેવાલ**

16. જૂન-૨૦૨૦ UNના સલામતી સમિતિના અહેવાલ મુજબ વિશ્વમાં શંકાસ્પદ ઇમેલની સંખ્યામાં કેટલા ટકાનો વધારો નોંધાયો છે – **૬૦૦**

## DATE : 03-06-2020

### ૧. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર

**કેબિનેટના મહત્વના નિર્ણયો :**

**(૧) ખેડૂતો માટે 'વન નેશન વન માર્કેટ' માટે કાયદો ઘડાશે**

- ✓ ખેડૂત દેશમાં જ્યાં વધુ ભાવ મળતા હોય ત્યાં પોતાની મરજી મુજબ પોતાની ઉપજ વેચી શકશે.
- ✓ દેશને વન નેશન વન માર્કેટની દિશા લઇ જવાશે. તેને માટે કાયદો બનશે.

**હેતુ :**

- ✓ ખેડૂતોને તેમની ઊપજની વધુ કિંમત મળે તે માટે નિકાસકર્તા, પ્રોસેસર અને અન્ય પદાર્થોના ઉત્પાદકોને પણ પારસ્પરિક સમજૂતીથી ખેતપેદાશો વેચવાની મંજૂરી આપવામાં આવી છે.
- ✓ આ નિર્ણયને પગલે ખેડૂતો હવે એગ્રીગેટર્સ, મોટા રિટેલર્સ, પ્રોસેસર્સ અને નિકાસકર્તાને પોતાનો માલ વેચી શકશે તેને પગલે સપ્લાય ચેઇન રચાશે.ભારતમાં પહેલીવાર આવો નિર્ણય લેવામાં આવ્યો છે.

**(૨) ભારત રોકાણકર્તાઓ માટે અનુકૂળ દેશ બની શકશે**

- ✓ વાણિજ્ય અને ઉદ્યોગજગત માટે મહત્વનો નિર્ણય
- ✓ તમામ મંત્રાલયમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની રચના થશે.

**ફાયદો :**

- ✓ તેને પગલે ભારત રોકાણકર્તાઓ માટે આકર્ષક અને અનુકૂળ દેશ બની જશે.
- ✓ વિદેશી કંપનીઓને ભારત લાવવા અને રોકાણોને આકર્ષવા સરકારે એમ્પાવર્ડ ગ્રૂપને મંજૂરી પણ આપી દીધી છે.

**(3) કોલકાતા પોર્ટનું નામ શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ :**

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ જાન્યુઆરીએ કોલકાતા પોર્ટનું નામ શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ રાખવાની જાહેરાત કરી હતી. કેબિનેટે તે નિર્ણયને મંજૂરી આપી દીધી છે.

**(૪) ફાર્માકોપિયા પંચની રચના થશે :**

- ✓ ભૂમિકા:ફાર્માકોપિયા કમિશનર હોમિયોપથી અને ભારતીય ઔષધો પર કામ કરશે. આયુષની બે લેબને મર્જ કરાશે.

### ૨. આત્મનિર્ભર ભારત : કેન્દ્ર સરકાર (દવા ઉત્પાદન)

**નિર્ણય - ૫૩ જીવન રક્ષક દવાના ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર બનશે**

- ✓ ભારતે ૫૩ દવાઓના ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનવાની યોજના બનાવી છે.
- ✓ કેન્દ્ર સરકારે તે માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (PLI)ને મંજૂર કરી છે.
- ✓ હાલની સ્થિતિ: અત્યારે એવી મોટા ભાગની દવા માટે એપીઆઈ કે અન્ય તત્વ ચીનથી આયાત થતા હતા.
- ✓ હવે આ યોજના હેઠળ આત્મનિર્ભર થવાનું લક્ષ્ય છે, જેને કારણે ચીનને મોટો ફટકો પડશે.

**હેતુ :**

- ✓ આ સ્કીમ હેઠળ ભારતમાં સ્વદેશી સ્તરે આ દવાઓના મહત્વપૂર્ણ ડ્રગ ઇન્ટરમીડિએટ અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ્સ ઇન્ટેડિએસના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન આપશે.
- ✓ આ યોજના બીજી જૂનથી આગામી ૪ મહિના સુધી ચાલુ રહેશે, જે હેઠળ રોકાણકારો એવા કોઈ પણ ૫૩ ડ્રગ ઈન્ટરમીડિયેટરી અને જથ્થાબંધ દવાના ઉત્પાદન માટે નવા કારખાના સ્થાપિત કરવાની દરખાસ્ત કરી શકશે.
- ✓ હાલમાં આ દવાઓ મોટા ભાગે ચીનથી આયાત કરવી પડે છે.

**પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ(યોજના)શું છે?**

- ✓ આ યોજના હેઠળ દવા ઉત્પાદકોને પહેલા ચાર વર્ષ સુધી સરકાર વર્ષે વેચાણ વધારાના ૨૦ ટકા હિસ્સો પ્રોત્સાહન તરીકે આપશે. એ બાદ પાંચ અને છઠ્ઠા વર્ષમાં એ પ્રોત્સાહન ક્રમશ : ઘટાડીને ૧૫ અને ૫ ટકા કરાશે.

- ✓ કેમિકલી સિન્વેસિસથી થતા ઉત્પાદનો પર પાંચ વર્ષ સુધી વેચાણ વધારાના ૧૦ ટકા હિસ્સા જેટલું પ્રોત્સાહન અપાશે.
- ✓ સરકાર આ રીતે પ્રોત્સાહન આપવા માટે લગભગ ૬૯૪૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે.




## 3. 'નિસર્ગ' : વાવાઝોડું નબળું પડતા રાહત (કુદરતી આપતિ)

**જમીન ઉપર આગમન:**

- ✓ મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજીના રાયગઢ જિલ્લાના અલીબાગ નજીક તા. 3 જૂનના રોજ બપોરે ૧૨.30 કલાકે વાવાઝોડું જમીન સાથે ટકરાયું
- ✓ પવનની ઝડપ પ્રતિ કલાક ૧૪૦ કિલોમીટર
- ✓ નિસર્ગ વાવાઝોડાની ગુજરાત અને કર્ણાટકને નહિવત અસર

## ૪. દિન વિશેષ : 3 જૂન :

### (1) વિશ્વ સાયકલ દિવસ

**પ્રારંભ :**

- ✓ ૨૦૧૮માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સાયકલ દિનની શરૂઆત કરવામાં આવી હતી
- ✓ **વર્ષ-૨૦૨૦ થીમ:** "ENJOY THE WORLD FROM THE SEAT OF YOUR BIKE"

**શોધક:**

- ✓ સાઈકલની શોધ મેકમિલને (સ્કોટલેન્ડ) 1840માં કરી હતી.
- ✓ બાઇસિકલ ( ટાયર, હવા) ૧૮૮૮
- ✓ જે.બી.ડનલોપ સ્કોટલેન્ડ

**અન્ય વિગત :**

- ✓ ઇ.સ. ૧૮૧૭માં કાર્લ વોન ડેરિસ નામના જર્મન વિજ્ઞાનીએ માત્ર બે પૈડાંનું વાહન બનાવ્યું તેમાં પેડલ નહોતા પરંતુ સવારી કરીને પગ વડે જમીનને ધક્કો મારી ચલાવાતું. આ વિશ્વની પ્રથમ સાઈકલ હતી.
- ✓ ઇ.સ. ૧૮૪૦માં સ્કોટલેન્ડના કર્કપેટ્રિક મેકમિલન નામના કારીગરે સાઈકલના પૈડા વચ્ચે ધરી સાથે પેડલ બનાવ્યા. તેના પેડલ આગળના વ્હીલની વચ્ચે હતા અને તે વ્હીલ ખૂબ જ મોટું હતું. આ સાઈકલને 'વેલોસીપેડ' કહેતા.
- ✓ ઇ.સ. ૧૮૭૯માં હેનરી લોસન નામના કારીગરે વચ્ચે પેડલ અને ચેઈનવાળી સાઈકલ બનાવી. આ સાઈકલને સેફટી બાઈસિકલ કહેતા.
- ✓ ઇ.સ. ૧૮૮૮માં જોહન ડનલોપ નામના વિજ્ઞાનીએ રબરના ટાયરની શોધ કરી ત્યાં સુધી સાઈકલના પૈડા લાકડા કે લોખંડના બનતા.
- ✓ ઈ.સ. ૧૯૦૩માં 'ધ ટુર ડી ફ્રાન્સ' નામની શરૂ થયેલી સાઈકલ રેસ વિશ્વભરમાં જાણીતી છે.
- ✓ વર્ષ-૧૯૫૦ના સમયગાળા પછી સાઈકલને વાહન ગણવામાં આવતુ હતુ અને સાઈકલ ચલાવવા માટે લાયસન્સ લેવુ પડતુ હતુ

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૬-૨૦૨૦)

1. વિદેશી કંપનીઓને ભારત લાવવા અને રોકાણોને આકર્ષવા કેન્દ્ર સરકાર દ્વારા કયા ગ્રૂપને મંજૂરી આપી - **એમ્પાવર્ડ ગ્રુપ**
2. દેશમાં ક્યાં બંદરનું નામ શ્યામાપ્રસાદ મુખરજી અપાયું - **કોલકાતા**
3. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયારે કોલકાતા પોર્ટનું નામ શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ રાખવાની જાહેરાત કરી હતી - **૧૧ જાન્યુઆરી-૨૦૨૦**
4. કેન્દ્રીય કેબિનેટે ફાર્માકોપિયા કમિશનની રચનાનો નિર્ણય લીધો જે અંતર્ગત આયુષની કઈ બે લેબને મર્જ કરાશે - **હોમિયોપથી અને ભારતીય ઔષધ**
5. ભારત કેટલી જીવનરક્ષક દવાઓના ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનવાની યોજના બનાવી - **૫૩**
6. PLIનું વિસ્તૃત નામ જણાવો - **પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ**
7. કેન્દ્ર સરકારે જીવનરક્ષક દવાઓના ઉત્પાદન અંગે આત્મનિર્ભર બનાવવા માટે કઈ સ્કીમને મંજૂર કરી - **પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ**
8. પ્રોડક્શન સિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ યોજના હેઠળ દવા ઉત્પાદકોને પહેલા ચાર વર્ષ સુધી સરકાર વર્ષે વેચાણ વધારાના કેટલા ટકા હિસ્સો પ્રોત્સાહન તરીકે આપશે – **૨૦**

9. પ્રોડક્શન સિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ યોજના હેઠળ દવા ઉત્પાદકોને પહેલા ચાર વર્ષ સુધી સરકાર વર્ષે વેચાણ વધારાના ૨૦ ટકા હિસ્સો પ્રોત્સાહન તરીકે આપશે એ બાદ પાંચ અને છઠ્ઠા વર્ષમાં એ પ્રોત્સાહન ક્રમશ: ઘટાડીને કેટલા ટકા કરાશે – **ક્રમશ ૧૫ અને ૫**
10. કેન્દ્ર સરકાર કેમિકલી સિન્વેસિસથી થતા ઉત્પાદનો પર પાંચ વર્ષ સુધી વેચાણ વધારાના ૧૦ ટકા હિસ્સા જેટલું એટલે કે લગભગ કેટલા રૂપિયા ખર્ચ કરશે - **૬૯૪૦ કરોડ**
11. તા. ૩જી જૂન-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા મહત્વના નિર્ણયો કરાયા – **ખેડૂતો માટે વન નેશન વન માર્કેટ માટે કાયદો ઘડાશે, ખેડૂત પોતાની ઊપજ દેશમાં ગમે ત્યાં વેચી શકશે, તમામ મંત્રાલયમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની રચના થશે, કોલકાતા પોર્ટનું નામ શયામાપ્રસાદ મુખરજી પોર્ટ રખાશે, ફાર્મોકોપિયા પંચની રચના થશે**
12. નિસર્ગ વાવાઝોડુ મહારાષ્ટ્રના કયા સ્થળે ટકરાયું હતુ – **અલીબાગ (રાયગઢ જિલ્લો)**
13. નિસર્ગ વાવાઝોડું જમીનને ટકરાયું ત્યારે પવનની ઝડપ પ્રતિ કલાક કેટલી હતી - **૧૪૦ કિલોમીટર**
14. નિસર્ગ વાવાઝોડાની કયા બે રાજ્યો પર નહિવત અસર થઈ - **ગુજરાત અને કર્ણાટક**
15. વિશ્વ સાઈકલ દિવસ કયારે મનાવવામાં આવે છે - **3 જૂન**
16. વિશ્વ સાઈકલ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"ENJOY THE WORLD FROM THE SEAT OF YOUR BIKE"**
17. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સાઈકલ દિવસ મનાવવાની શરૂઆત કયારે કરવામાં આવી – **વર્ષ-૨૦૧૮**
18. સાઈકલની શોધ કોણે અને કયારે કરી હતી - **મેકમિલને (સ્કોટલેન્ડ) તથા વર્ષ-૧૮૪૦**
19. કયા વર્ષમાં 'ધ ટુર ડી ફ્રાન્સ' નામની શરૂ થયેલી સાઈકલ રેસ વિશ્વભરમાં જાણીતી બની – **વર્ષ-૧૯૦૩**

## DATE : 04-06-2020

### ૧. ભારત-ઓસ્ટ્રેલિયા સબંધો (વિદેશ નીતિ)

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કૉટ મોરિસન વચ્ચે પ્રથમવાર વર્ચ્યુઅલ સમિટ-૨૦૨૦ યોજાઇ**

**ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કરાયેલા કરાર અને જાહેરાતો**

1. ઇન્ડો-પેસિફિક રિજિયનમાં મેરિટાઇમ સહકાર માટે જાહેરાત
2. સાયબર અને સાયબર ક્રિટિકલ ટેક્નોલોજીમાં સહકાર માટે કરાર
3. ખનિજ અને વ્યૂહાત્મક ખનિજોના સેક્ટરમાં સહકાર માટે એમઓયુ
4. મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ કરાર
5. ડિફેન્સ સાયન્સ અને ટેક્નોલોજીમાં સહકાર માટે એમઓયુ
6. જાહેર વહીવટ અને શાસકીય સુધારામાં સહકાર માટે એમઓયુ
7. વોકેશનલ એજ્યુકેશન અને ટ્રેનિગમાં સહકાર માટે એમઓયુ
8. વોટર રિર્સોસિસઝ મેનેજમેન્ટ માટે એમઓયુ

**મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ કરાર**

1. સંરક્ષણ સંબંધો મજબૂત બનાવવા માટે મિલિટરી બેઝ પર એકબીજાના લશ્કરી જહાજો અને વિમાનોને ઈંધણની સુવિધા, મરામત અને અન્ય સપ્લાયની સુવિધા
2. બંને દેશ વચ્ચે લશ્કરી કવાયતો વધારાશે, બંને દેશ સામેના સુરક્ષા પડકારોને પહોંચી વળવા નવી પદ્ધતિઓ વિકસાવાશે
3. મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ દ્વારા સંરક્ષણ કવાયતો દ્વારા મિલિટરી ઇન્ટર-ઓપરેબિલિટી વધારવા સહમતી

**હેતુ અને વૈશ્વિક અસરો :**

✓ ભારતીય ઉપખંડ અને ઇન્ડો-પેસિફિક રિજિયનમાં ચીનના વધી રહેલા પ્રભાવને અટકાવવા ભારત અને ઓસ્ટ્રેલિયાએ એકબીજાના મિલિટરી બેઝનો ઉપયોગ કરવા અંગેના અત્યંત મહત્ત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં.

✓ ઇન્ડો-પેસિફિક રિજિયનમાં વધુ મિલિટરી સહકાર અને કવાયતોનો આ કરાર દ્વારા માર્ગ મોકળો થશે. આ કરારને પગલે ભારત અને ઓસ્ટ્રેલિયા એકબીજાના મિલિટરી બેઝ ખાતે મિલિટરી જહાજો અને યુદ્ધવિમાનોને ઈંધણ લેવાની અને મેન્ટેનન્સ કરવાની સુવિધા આપશે.

**૨. મેઈડ ઇન ઇન્ડિયા : ભારતમાં નવા તેજસ લડાયક વિમાનને વિકસાવવા એજન્સી દ્વારા મંજૂરી (સંરક્ષણ)**

- ✓ તેજસ લડાયક વિમાનને આઇએનએસ વિક્રમાદિત્ય પર લેન્ડિંગ કરાવવામાં સફળતા મળ્યા પછી એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા હવે બે એન્જિન ધરાવતું મેડ-ઇન- ઇન્ડિયા લડાયક વિમાન વિકસાવવા પણ લીલી ઝંડી આપી દેવામાં આવી છે.

**૩. આત્મનિર્ભર ગુજરાત : રૂ.૧૪૦૨૨ કરોડનું આર્થિક પેકેજ (આર્થિક)**





- ✓ હેતુ : કોરોના મહામારી બાદ ગુજરાતના અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા માટે

**સેક્ટર મુજબ પેકેજ અને રકમ :**

**૧૪,૦૨૨.૨૬ કરોડના આત્મનિર્ભર પેકેજનું વિહંગાવલોકન :**


- ✓ પ્રોપર્ટી ટેક્ષ,વીજ બીલ અને વાહન કરમાં માફી અને રાહતો ૨૩૦૦ કરોડ
- ✓ ઉદ્યોગ વ્યવસાય માટે પ્રોત્સાહક સબસીડી ૩૦૩૮ કરોડ
- ✓ ગુજરાત ઔધોગિક વસાહતોમાં ઉધોગોને આર્થિક પ્રોત્સાહન ૪૫૮.૫૯ કરોડ
- ✓ હાઉસીંગ સેક્ટરમાં સબસીડી સહાય ૧૦૦૦ કરોડ
- ✓ કૃષિ,પશુપાલન અને મત્સ્યયોધ્યોગ ૧૧૯૦ કરોડ
- ✓ સ્વરોજગાર – ૫૨૫ કરોડ
- ✓ શ્રમિક કલ્યાણ – ૪૬૬ કરોડ
- ✓ અન્ય રાહતો ૫૦૪૪.૬૭ કરોડ

**કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ માટે રૂ.૧,૧૯૦ કરોડ :**




- ✓ ખેડૂતોને શુન્ય ટકાથી પાક ધિરાણ મળશે. ૨૪ લાખ ખેડૂતોને ૪૨૦ કરોડ
- ✓ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતને દર મહિને ૯૦૦ લેખે મળશે. ૬૫૫૭૪ ખેડૂતોને ૬૬.૫૦ કરોડ
- ✓ નાના ગોડાઉનો બનાવવા માટે દરેક ખેડૂતને ૩૦ હજાર :૧.૨ લાખ ખેડૂતોને ૩૫૦ કરોડ
- ✓ ખેતપેદાશોનાં રક્ષણ માટે ગોડાઉનો બનાવવા ૧૦૦ કરોડ
- ✓ મત્સ્યોદ્યોગ માટે ફિશિંગ નેટ, બોટ, મત્સ્ય બીજ વગેરે જેવી સામગ્રી ખરીદવા ૧ લાખ માછીમારોને ૨૦૦ કરોડ
- ✓ રાજ્યના ૨૪ લાખ ખેડૂતોને અપાતા પાક ધિરાણના રીપેમેન્ટની મૂદત પાંચ મહિના વધારી આપી છે. જેના માટે ૪૧૦ કરોડની ફાળવણી
- ✓ દેશી ગાય આધારીત ખેતી માટે ખેડૂતને દર મહિને ગાય દિઠ રૂ.૯૦૦ લેખે વાર્ષિક રૂ.૧૦,૮૦૦ સહાય અપાશે.
- ✓ ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ.૫૦થી ૭૫ હજારની સહાય માટે ૫૦ કરોડ ફાળવ્યાં
- ✓ કુદરતી આફતો સમયે ખેતેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને ૫૦૦૦ મેટ્રિક ટન સુધીની ક્ષમતા વાળા ગોડાઉન બનાવવા રૂ.૧૦૦ કરોડ ફળવાશે.
- ✓ મત્સ્ય ઉદ્યોગ માટે રૂ.૨૦૦ કરોડની સહાય કરાશે.

**GIDCના ઉધોગોના બાકી લહેણા માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના આવશે :**




- ✓ GIDCના ઉધોગો માટે પણ ૪૫૮.૫૯ કરોડનું પેકજ જાહેર કરાયું છે.
- ✓ અહીંના ઉધોગોના બાકી લેહણા માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અમલમા આવશે.

- ✓ જેમા મોડી ચૂકવણીનાં વ્યાજની રકમમા ૫૦ ટકા માફી તથા વ્યાજની રકમ ૧૦૦ ટકા માફી અપાશે.જેમા કુલ ૧૩૩ કરોડની સહાય મળશે.
- ✓ તેમજ ચાલુ વર્ષે વણવપરાયેલા પ્લોટ પાસેથી કોઈપણ દંડ લેવાશે નહીં. આમા ૬૦ કરોડની રાહત મળશે.
- ✓ તેમજ પ્લોટોની ફાળવણીના હપ્તાની રકમ ચૂકવવા માટે છ મહિના વધુ અપાશે. વિલંબિત ચૂકવણીનાં વ્યાજમાં પણ રાહત અપાશે.
- ✓ આ જ રીતે અન્ય છૂટછાટો અપાશે. ચાલુ નાણાકીય વર્ષ માટેની GIDC ના પ્લોટોની ફાળવણીની કિંમતની સમીક્ષા સ્થગિત કરાશે.
- ✓ આ નિર્ણયથી ૭૨૭ નવા સાહસિકોને સસ્તા ભાવથી જમીન મળશે. જેનાંથી ૩૯ કરોડની સહાય મળશે.
- ✓ નવા ઉદ્યોગોને ફાળવણી દર આધારીત વિવિધ ફી તથા ચાર્જીસમાં ૨૧.૪૫ કરોડની રાહત અપાશે, જેનો ૨૭૦૦ ઉદ્યોગોને લાભ મળશે.
- ✓ ઉપરાંત સાહસિકોને પ્રોત્સાહન આપવા જમીનની કિંમતની ચૂકવણીમાં ત્રિમાસિક હપ્તાની છૂટ અપાશે. નિગમ દવારા વ્યાજ દરને ૧૨ ટકાથી ઘટાડીને ૧૦ ટકાનો કરશે.
- ✓ ઉધોગોને પાણીના વપરાશના બીલના ચૂકવણા માટે ૧૫ દિવસનો સમય અપાશે.
- ✓ પાણીના બીલ પરના વ્યાજ અને દંડ માફ કરાશે. GIDCના ઉદ્યોગો માટે બીજી અનેક પ્રકારની સહાયની તેમજ છૂટછાટોની જાહેરાત કરાઈ છે.


<u>ગરીબ પરિવારોય સહાય માટે ૪,૮૨૫ કરોડ :</u>

- ✓ ગરીબ કુટુંબોને મફત અનાજ તથા તેના બેંક ખાતામાં ૧ હજારનું ચુકવણું
- ✓ તેમજ સહાય પેન્શન, દિવ્યાંગ પેન્શન, વિધવા સહાય પેન્શનનું આગોતરુ ચુકવણું સહિતની રાહત માટે ૪૩૭૫.૬૮ કરોડ
- ✓ વાર્ષિક ૧૨ કિલો તુવેર દાળનું રાહત દરે વિતરણ: ૬૨ લાખ કુટુંબો માટે ૩૦૦ કરોડ
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોના પાલન માટે એસ.ટી.ની ૧૨ કરોડ
- ✓ મોરબી અને સુરેન્દ્રનગરના સિરામિક ટાઇલ્સ ઉદ્યોગ માટે પ્રાકૃતિક ગેસમાં રાહત : ૧૨૫૦ ઉદ્યોગને ૩૦ કરોડ

<u>મહિલા-નાના વેપારીઓને સ્વરોજગારી માટે કેટલી સહાય :</u>

- ✓ નાના વેપારીઓ, મધ્યમવર્ગના લોકો, કારીગરો તથા શ્રમિકોને ૧ લાખથી લઈને ૨.૫૦ લાખ સુધીનુ સહકારી બેન્કો-ક્રેડીટ સોસાયટીઓ ધિરાણ આપશે. ૩ લાખ લોકો માટે ૩૦૦ કરોડ
- ✓ મહિલાઓને સ્વરાજગારી માટે શુન્ય ટકાએ ૧ લાખની લોન મળી રહે તે માટે વ્યાજ સહાય. ૧૦ લાખ બહેનો માટે ૨૦૦ કરોડ
- ✓ સ્વરાજગારી માટે જ માનવ ગરીમાં યોજનાની કીટનું વિતરણ થશે. ૩૨ હજારથી વધુ લોકો માટે ૧૧.૧૧ કરોડ

<u>ઉદ્યોગો માટે ૩૦૩૮ કરોડની સબસિડી :</u>





- ✓ ઉદ્યોગોને કેપીટલ અને વ્યાજ સબસીડી : રૂપિયા ૭૬૮ કરોડ
- ✓ ટેક્સટાઈલ ઉદ્યોગોને કેપીટલ અને વ્યાજ સબસીડી : ૪૫૦ કરોડ
- ✓ મેગા ઈન્ડસ્ટ્રીઝને પણ કેપીટલ અને વ્યાજ સબસીડી : ૧૫૦ કરોડ
- ✓ ઉધોગ સાહસિકોને બાજપેયી બેન્કેબલ યોજનાંમાં સબસીડી : ૧૯૦ કરોડ
- ✓ સોલર રૂફ ટોપ યોજના : ૧૯૦ કરોડ
- ✓ ફૂડ પ્રસેસીંગ એકમોને કેપીટલ અને વ્યાજ સબસીડી: ૯૦ કરોડ
- ✓ ૩૨૦૦થી વધુ વેપારીઓને ૧૨૦૦ કરોડનું પડતર વેટ અને GST રીફંડ પણ ચૂકવી

<u>વેટ-GST હેઠળ કેવી રાહત :</u>

- ✓ ૧૦ કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતા વેપારીઓને આકારણીનાં સંદર્ભમાં અપાયેલી નોટિસો પાછી ખેંચાશે
- ✓ વેટ સમાધાન યોજના હેઠળ જેમણે પ્રથમ હપ્તો ભર્યો છે તેઓને ત્રણ મહિનાની મુદત્ત અપાશે.
- ✓ વેટ-અન્ય કાયદા હેઠળની પૂરી થતી મર્યાદાઓ,મનાઈ હુકમને લંબાવાશે.

**આદિવાસી -લારીવાળા તથા શ્રમિકોને કેટલી સહાય :**





- ✓ જે આદિવાસીઓને વતનમાં પોતાનું ઘર નથી તેઓને પાકું ઘર બનાવવા ૩૫ હજારની સહાય અપાશેઃ ૧ લાખ લોકો માટે ૩૫૦ કરોડ
- ✓ અમદાવાદ,સુરત,વડોદરા તથા રાજકોટના શ્રમિકોને મુસાફરી ખર્ચમાં સહાય મળશે : ૧.૨૦ લાખ લોકો માટે ૫૦ કરોડ
- ✓ લારીવાળાના શાકભાજી-ફળ બગડી ન જાય તે માટે મોટી સાઈઝની છત્રી અપાશે : ૧ લાખ લોકો માટે ૧૦ કરોડ
- ✓ બાંધકામ શ્રમિકોના પત્ની તથા બે બાળકો સુધી પ્રસુતિ પેટે ૨૭૫૦૦ની સહાય : ૨૫૦૦ મહિલાઓ માટે ૬ કરોડ
- ✓ **ગરીબ-મધ્યમ પરિવારો માટે રૂ.૫,૦૪૪.૬૭ કરોડ ખર્ચાશે**
- ✓ મફત અનાજ, ગરીબ કુટુંબોના બેંક ખાતામાં ડી.બી.ટી.થી રૂ.૧૦૦૦નું ચુકવણું, આ રાહત માટે રૂ.૪,૩૭૪.૬૭ કરોડની ફાળવણી.
- ✓ પ્રોટીનયુક્ત આહર મળી રહે તે માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીદીઠ વાર્ષિક ૧૨ કિ.ગ્રા. તુવેરદાળનું વિતરણ કરવા મુખ્યમંત્રી રાહત નિધીમાંથી આરોગ્ય વિભાગને રૂ.૧૦૦ કરોડ ફાળવ્યાં.
- ✓ મોરબી અને સુરેન્દ્રનગરના સિરામિક ટાઈલ્સ ઉદ્યોગમાં થતા ગેસના ઉપયોગમાં જૂન માસ માટે રાહત આવા રૂ. ૩૦ કરોડની ફાળવણી કરાશે.
- ✓ અલંગ શીપ યોર્ડમાં વાર્ષિક લીઝ રકમમાં ચાલુ વર્ષે ૩૦ ટકાની માફી અપાશે. જેનાથી રૂ.૨૦ કરોડનો લાભ થશે.

**ST નિગમને પણ રૂ.૧૨૦ કરોડની સહાય :**

- ✓ કોરોનાના કારણે રાજ્યની જાહેર પરિવહન સેવાને ગંભીર આર્થિક અસર થઈ છે.
- ✓ લોકડાઉનના નિયંત્રણો પછી સોશિયલ ડીસ્ટન્સિંગનું પાલન કરી જાહેર સેવા આપવાની થાય છે.
- ✓ જેથી એસટી નિગમ પર વધુ ભારણ ના પડે તેના માટે રૂ.૧૨૦ કરોડની સહાય

**કયા ધંધાર્થીને કેટલી રકમની સહાય :**

- ✓ નાના વેપારીઓ, ઓફિસો, હોટેલો, રેસ્ટોરન્ટેને વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમા ૨૦ ટકા રાહત : ૬૦૦ કરોડ
- ✓ રહેણાક મિલકતોના પ્રોપર્ટી ટેક્સમાં ૧૦ ટકાની રાહત : ૧૪૪ કરોડ
- ✓ મહિને ૨૦૦ યુનિટથી ઓછો વીજ વપરાશ હોય એવા રહેણાકના લોકોને વીજળી બીલમા ૧૦૦ યુનિટની માફી : ૬૫૦ કરોડ
- ✓ વાણિજ્યક વીજ ગ્રાહકો અને ઉધોગો માટે વીજ બીલમા ફિક્સડ ચાર્જમાં માફી : ૨૦૦ કરોડ
- ✓ નાના દુકાનો, કરીયાણા, કાપડ, રેડીમેઈડ કપડા, હાર્ડવેર, કલરકામ, કટલરી વગેરેને ત્રણ મહિના માટે વીજકરમા રાહત : ૮૦ કરોડ
- ✓ હાઈ ટ્રાન્સમિશન ગ્રાહકોને ફિક્સ ચાર્જિસના મે મહિનાની ચૂકવણી વ્યાજ વગર ચાર મહિનામા સરખા ભાગે કરી શકાશે : ૪૦૦ કરોડ




- ✓ લક્ઝરી બસો તથા મેક્સી કેબ,ટેક્સી,જીપ વગેરે જેવા ૬૩ હજાર વાહનો માટે એપ્રિલથી સપ્ટેમ્બર સુધીનો રોડ ટેક્સ માફ : ૨૨૧ કરોડ
- ✓ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સ માટે હંગામી વીજબીલમાં માફી : ૫ કરોડ

**૪. નિમણૂક : વર્લ્ડ બેંક :**

**IAS રાજીવ ટોપનો વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર**

**પરિચય :**

- ✓ ગુજરાત કેડરના 1996 બેચના આઈએએસ અધિકારી તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ રાજીવ ટોપનોને ભારત સરકારે વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદે નિયુક્ત કર્યા.

**ભારત માટે તેમની ભૂમિકા :**

- ✓ નાણાં મંત્રાલયના અધિકારક્ષેત્રમાં આવતી આ જગ્યા માટે ભારતના પ્રતિનિધી તરીકે તેઓને સંયુક્ત સચિવ સમકક્ષ પદે 3 જૂન 2023 સુધી નિયુક્ત રહેશે.
- ✓ રાજીવ ટોપનો નરેન્દ્ર મોદીના ખૂબ નજીકના ગણાતા અધિકારીઓમાંના એક.
- ✓ આવનારા સમયમાં ભારત માટે નાણાંકીય સહાય પૂરી પડે તે માટે ટોપનો વિશ્વ બેંકને ભારત વતી ભલામણ અને સંયોજન કરશે

**૫. ડિજિટલ ટેક્સ : ભારત એમેઝોન ગૂગલ ફેસબૂક વગેરે પાસેથી ડિજિટલ ટેક્સ વસૂલશે**

**શું છે ડિજિટલ ટેક્સ ?**

- ✓ જો તમે કોઈ વિદેશી વેબસાઇટ પરથી કંઈક ખરીદો છો, તો તે અંતર્ગત વેબસાઈટે 2 % ટેક્સ ચૂકવવો પડશે.
- ✓ આ ટેક્સ ત્યારે જ લાગુ થશે જ્યારે વેબસાઇટ દ્વારા ભારતીય ગ્રાહકોએ રૂ. 2 કરોડથી વધુની કિંમતના માલ અથવા સેવાઓ વેચવામાં આવી હોય.

**૬. RTE એક્ટ : ગુજરાત સરકાર**

**નવી જોગવાઈ-ધો.૧માં ૬ વર્ષ પુર્ણ કરનાર બાળકોને જ પ્રવેશ મળશે**

- ✓ અમલ : જૂન-૨૦૨૩થી
- ✓ હવે તારીખ ૧લી જૂનના રોજ બાળકની ઉંમર છ વર્ષ પૂર્ણ થયેલી હોવી જોઈએ
- ✓ અગાઉ ગુજરાતમાં પાંચ વર્ષ પૂર્ણ કરનારને RTE અંતર્ગત પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાતો હતો

**૭. અવસાન : બોલિવૂડના ફિલ્મ સર્જક બાસુ ચેટર્જીનું ૯૦ વર્ષે મુંબઇ ખાતે અવસાન**

- ✓ જન્મ સ્થળ : અજમેર (રાજસ્થાન)
- ✓ મૂળ વતન – બંગાળ
- ✓ ફિલ્મો : રજનીગંધા, તીસરી કસમ, બાતો બાતો મેં, ચિતચોર વગેરે.

**બાસુ ચેટર્જીએ મેળવેલા એવોર્ડસ :**

- ✓ ૧૯૭૨માં સારા આકાશ અને ૧૯૯૧માં કમલા કી મૌત માટે ફિલ્મફેરનો બેસ્ટ સ્કિન પ્લે એવોર્ડ મેળવ્યો હતો.
- ✓ ફિલ્મ રજની ગંધા અને જીના યહાં માટે ફિલ્મફેરનો ક્રિટિક્સ એવોર્ડ
- ✓ ૧૯૭૮ની સ્વામી માટે ફિલ્મ ફેર એવોર્ડ ફોર બેસ્ટ ડાયરેક્ટર
- ✓ ફિલ્મ સ્વામી માટે નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ પોપ્યુલર ફિલ્મ પ્રોવાઇડિંગ હોલસમ એન્ટરટેઇનમેન્ટ
- ✓ ૧૯૯૨માં ફિલ્મ દુર્ગા માટે નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ ફિલ્મ ઓન ફેમિલિ વેલફેર
- ✓ ૨૦૦૭માં આઇફ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૮. અવસાન : બોલિવૂડના ગીતકાર સાગર અનવરનું ૭૦ વર્ષે મુંબઇ ખાતે અવસાન**

- ✓ સમયગાળો : વર્ષ-૧૯૮૦થી ૧૯૯૦

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૬-૨૦૨૦)**

1. વૈશ્વિક સંબંધોના ભાગરૂપે તા.04 જુન 2020ના કયા બે દેશો વચ્ચે સૌપ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજાઇ- **ભારત ઓસ્ટ્રેલિયા**
2. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ચ્યુઅલ સમિટના માધ્યમથી કુલ કેટલા કરાર સંપન્ન થયા- **07**
3. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ચ્યુઅલ સમિટના માધ્યમથી કયા કયા ક્ષેત્રોમાં કરાર કરાયા - **ઇન્ડો-પેસિફિક રિજિયનમાં મેરિટાઇમ સહકાર માટે જાહેરાત, સાયબર અને સાયબર ક્રિટિકલ ટેક્નોલોજીમાં સહકાર માટે કરાર, ખનિજ અને વ્યૂહાત્મક ખનિજોના સેક્ટરમાં સહકાર માટે એમઓયુ, મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ કરાર, ડિફેન્સ સાયન્સ અને ટેક્નોલોજીમાં સહકાર માટે એમઓયુ, જાહેર વહીવટ અને શાસકીય સુધારામાં સહકાર માટે એમઓયુ, વોકેશનલ એજ્યુકેશન અને ટ્રેનિગમાં સહકાર માટે એમઓયુ, વોટર રિર્સોસિસઝ મેનેજમેન્ટ માટે એમઓયુ**
4. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે કયો એક મહત્વનો કરાર કરાયો - **બંને દેશો વચ્ચે મિલિટરી બેઝનો ઉપયોગ, લશ્કરી જહાજો અને વિમાનોને ઈંધણની સુવિધા, મરામત અને અન્ય સપ્લાય**
5. તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે મિલિટરી બેઝનો ઉપયોગ અંગે મહત્વનો કરાર કરાયો તેનાથી શું ફાયદો થશે - **ભારતીય ઉપખંડ અને ઇન્ડો - પેસિફિક રીજીયનમાં ચીનનો વધતા પ્રભાવ અટકાવવા**

6. ઓસ્ટ્રેલિયાના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો- **સ્કોટ મોરિસન**
7. તેજસ લડાયક વિમાનને INS વિક્રમાદિત્ય પર સફળ લેન્ડિંગ બાદ કઈ એજન્સી દ્વારા હવે બે એન્જિન ધરાવતું મેઈડ ઈન ઇન્ડિયા લડાયક વિમાન તૈયાર કરવાની મંજૂરી આપી છે - **એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી**
8. તાજેતરમાં મુંબઈ ખાતે 90 વર્ષની ઉંમરે અવસાન પામેલ બાસુ ચેટરજીનું ક્ષેત્ર જણાવો-**બોલિવૂડના ફિલ્મ સર્જક**
9. બોલિવૂડના ફિલ્મ સર્જક બાસુ ચેટર્જીનો જન્મ ક્યાં થયો હતો- **અજમેર**
10. બોલિવૂડના ફિલ્મ સર્જક બાસુ ચેટર્જીને વર્ષે 1992માં કઈ ફિલ્મ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ ફિલ્મ ઓન ફેમીલી વેલફેર અપાયો હતો - **દુર્ગા**
11. ગુજરાતમાં RTE એક્ટમાં નવા સુધારા મુજબ હવે કેટલા વર્ષની ઉંમર પૂર્ણ કર્યા બાદ બાળકને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાશે - **6 વર્ષે**
12. ગુજરાતમાં RTE એક્ટમાં નવા સુધારા મુજબ હવે 6 વર્ષની ઉંમર પૂર્ણ કર્યા બાદ બાળકને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાશે તેનો અમલ કયા વર્ષથી કરાશે - **જૂન 2023થી**
13. જૂન-૨૦૨૦માં ગુજરાત કેડરના ક્યા IAS અધિકારીની વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂંક થઈ - **રાજીવ ટોપનો**
14. IAS રાજીવ ટોપનો ગુજરાત કેડરના કઈ બેચના અધિકારી છે - **1996**
15. IAS અધિકારી રાજીવ ટોપનોની વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂંક થઈ તે પહેલાં તે ક્યાં હોદ્દા પર ફરજ બજાવતા હતા - **વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ**
16. ભારતમાં વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરનો હોદ્દો કયા મંત્રાલયના અધિકારક્ષેત્રમાં આવે છે - **નાણાં**
17. IAS અધિકારી રાજીવ ટોપનો વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદ પર ક્યાં સુધી રહેશે - **3 જૂન 2023**
18. IAS અધિકારી રાજીવ ટોપનો વર્લ્ડબેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદે રહી કઈ કામગીરી કરશે - **ભારત માટે નાણાંકીય સહાય પૂરી પડે તે માટે વિશ્વ બેંકને ભારત વતી ભલામણ અને સંયોજનની કામગીરી**
19. જૂન-૨૦૨૦માં ભારત સરકાર કઈ મલ્ટિનેશનલ કંપની પાસેથી ડિજિટલ ટેક્સ વસૂલશે - **એમેઝોન, ગૂગલ, ફેસબૂક વગરે**
20. વિદેશી વેબસાઇટ પરથી કંઈક ખરીદી કરીએ તો તે અંતર્ગત વેબસાઈટે કેટલા ટકા ટેક્સ કેન્દ્ર સરકારને ચૂકવવો પડશે - **2 %**
21. વિદેશી વેબસાઇટ દ્વારા ભારતીય ગ્રાહકોએ કેટલા રૂપિયાથી વધુની કિંમતના માલ અથવા સેવાઓ વેચવા પર કેન્દ્ર સરકારને બે ટકા ટેક્સ ચૂકવવો પડશે - **રૂ. 2 કરોડથી વધુ**
22. તાજેતરમાં મુંબઈ ખાતે 70 વર્ષે અવસાન પામેલ અનવર સાગરનું ક્ષેત્ર જણાવો - **બોલીવુડના ગીતકાર**
23. કોરોના મહામારી બાદ ગુજરાતના અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા ગુજરાત સરકાર દ્વારા 04 જૂન 2020ના દિવસે કેટલી રકમનું કયું આર્થિક પેકેજ જાહેર કર્યું- **રૂ.14,022 કરોડ અને "આત્મનિર્ભર ગુજરાત"**
24. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ "આત્મનિર્ભર ગુજરાત પેકેજ"માં કયા કયા ક્ષેત્રો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી છે - **પ્રોપર્ટી ટેક્ષ,વીજ બીલ અને વાહન કરમાં માફી અને રાહતો ૨૩૦૦ કરોડ, ઉદ્યોગ વ્યવસાય માટે પ્રોત્સાહક સબસીડી ૩૦૩૮ કરોડ, ગુજરાત ઔધોગિક વસાહતોમાં ઉધોગોને આર્થિક પ્રોત્સાહન ૪૫૮.૫૯ કરોડ, હાઉસીંગ સેક્ટરમાં સબસીડી સહાય ૧૦૦૦ કરોડ, કૃષિ,પશુપાલન અને મત્સ્યયોધ્યોગ ૧૧૯૦ કરોડ, અન્ય રાહતો ૫૦૪૪ કરોડ, ઉદ્યોગો માટે ૩૦૩૮ કરોડની સબસિડી**
25. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ "આત્મનિર્ભર ગુજરાત પેકેજ"માં મહિને કેટલા યુનિટથી ઓછો વીજ વપરાશ કરતા હોય તેવા રહેઠાણના લોકોને વીજળી બિલમાં કેટલા યુનિટની માફી આપવામાં આવશે - **100 યુનિટ**
26. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ "આત્મનિર્ભર ગુજરાત પેકેજ"માં આદિવાસી બાંધકામ શ્રમિકો અને મજૂરોને તેમના વતનમાં પાકુ મકાન બાંધવા કેટલા લાખ મજૂરો માટે કેટલી સહાય આપશે- **1 લાખ અને રૂ.35,000/-**

27. આત્મનિર્ભર ગુજરાત પેકેજમાં નાના વેપારીઓ માટે ઓછા વ્યાજે કેટલા રૂપિયા સુધીનું લોન કો-ઓપરેટિવ બેન્કો દ્વારા અપાશે - **રૂપિયા 1 લાખથી 2.5 લાખ**

28. આત્મનિર્ભર ગુજરાત પેકેજ કઈ કમિટીની ભલામણ ઉપર તૈયાર કરવામાં આવ્યું છે - **ડોક્ટર હસમુખ અઢિયા કમિટી**

## DATE : 05-06-2020

### ૧. કોરોના મહામારી : વૈશ્વિક અસરો (અર્થતંત્ર)

**અહેવાલ:** સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાર્યમેન્ટ ઈન ફિગર્સ-૨૦૨૦

**ભૂખમરા અંગેનો અહેવાલ :**

- ✓ કોરોના વાઇરસ મહામારીને કારણે વિશ્વમાં ૨૬.૫ કરોડ લોકો પર ભૂખમરાનું જોખમ પેદા થયું છે.
- ✓ ભારતમાં પણ લગભગ ૧.૨૦ કરોડ લોકો ભૂખમરાનો ભોગ બને એવી ભીતિ છે.

**મુખ્ય તારણો :**

- ✓ આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક ગરીબી દરમાં ૨૨ વર્ષોમાં પહેલી વખત વધારો થશે.
- ✓ વૈશ્વિક વસતીમાંથી ૫૦ ટકા વસતી લોકડાઉનમાં છે, જેમની આવક ક્યાં તો ઘણી ઓછી છે અથવા તેમની પાસે આવકનું કોઈ સાધન જ નથી.
- ✓ એ સ્થિતિમાં આવકનો સ્રોત બંધ થવાને કારણે ચારથી છ કરોડ લોકો આવનારા મહિનાઓમાં ગરીબીમાં જીવન પસાર કરશે.
- ✓ **સંસ્થા:** સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યમેન્ટ

### ૨. કોરોના મહામારી : ભારતના અર્થતંત્ર પર અસરો - કેન્દ્રીય નાણા મંત્રાલય (વહીવટ)

- ✓ વર્ષ-૨૦૨૦-૨૧ નાણાંકીય વર્ષમાં કોઈ નવી યોજના શરૂ નહીં કરવા મંત્રાલયો અને વિભાગોને આદેશ
- ✓ બજેટમાં મંજૂર યોજનાઓ આગામી તા.૩૧ માર્ચ-૨૦૨૧ સુધી મૌકૂફ

**કઈ યોજનાઓ ચાલુ રહેશે :**

- ✓ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગતની યોજનાઓ
- ✓ આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગતની યોજનાઓ
- ✓ જો અન્ય સ્પેશિયલ પેકેજ અથવા જાહેરાત કરાય તે

### ૩.આયુષ મંત્રાલય : આયુર્વેદિક કાવો (આરોગ્ય)

- ✓ **હેતુ:** કોરોનાથી બચવા રોગ પ્રતિકારક શક્તિ-ઈમ્યુનિટિ વધારતો આયુર્વેદિક કાવાના પાઉચ તૈયાર

**આયુર્વેદિક કાવા વિશે :**

- ✓ તજ, તુલસી, મરી અને સૂંઠ ભેળવીને બનાવેલો ઈમ્યુનિટી બુસ્ટર કાવો નાનકડા પાઉચમાં મળશે.
- ✓ પાઉચની કિંમત : રૂ. ૮

### ૪. ગૌરવ – બહુમાન : UNADAP (મહિલા સશક્તિકરણ)

**‘ગૂડવિલ એમ્બેસેડર ટૂ ધ પુઅર’ તરીકે ભારતીય દિકરી નેત્રાને બહુમાન**

**UN ગૂડવિલ એમ્બેસેડર નેત્રાનો પરિચય-પ્રદાન**

- ✓ તમિલનાડુના મદુરાઈમાં સલૂન માલિક મોહનદાસની પુત્રી નેત્રાને UNADAPની ‘ગુડવિલ એમ્બેસેડર ટૂ ધ પુઅર' બનવાનું બહુમાન.
- ✓ હવે નેત્રાને યુએનના મંચ પર બોલવાની તક મળશે.
- ✓ નેત્રાએ પિતાને કહીને બચતના 8.5 લાખ લોકડાઉનમાં ગરીબોને ભોજન કરાવવામાં ખર્ચ કરી દીધા.
- ✓ મોદીએ ‘મન કી બાત'માં નેત્રાનો ઉલ્લેખ કર્યો હતો
- ✓ **UNADAP:** યુનાઈટેડ નેશન્સ અસોસિએશન ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ

### ૫.વિશ્વ યોગ દિવસ-૨૦૨૦ (આરોગ્ય)

**વર્ષ-૨૦૨૦ થીમ : યોગ એટ હોમ એન્ડ યોગ વિથ ફેમિલી**

**આયુષ મંત્રાલય દ્વારા વિવિધ સ્વરૂપે ઉજવણીનો પ્રારંભ :**

- ✓ કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર કોઈ સામૂહિક કાર્યક્રમ નહીં યોજાય. ઉજવણી ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ પર થશે.

**તા.૨૧મી જૂનની ઉજવણીની ઝલક**

- ✓ આ વખતે ‘માય લાઇફ, માય યોગ' નામની સ્પર્ધા રાખી છે, જે બે તબક્કામાં થશે.
- ✓ પ્રથમ તબક્કામાં આંતરરાષ્ટ્રીય વીડિયો બ્લોગિંગ સ્પર્ધા થશે. તેમાં દેશના વિજેતા પસંદ કરાશે. ત્યાર બાદ વૈશ્વિક પુરસ્કાર વિજેતાઓની પસંદગી વિવિધ દેશોમાંથી કરાશે.

- ✓ સ્પર્ધકોએ 3 યૌગિક અભ્યાસ (ક્રિયા, આસન, પ્રાણાયામ, બંધ કે મુદ્રા)નો 3 મિનિટનો વીડિયો ફેસબુક, ટ્વિટર કે ઇન્સ્ટાગ્રામ પર #MyLifeMyYoga હેશટેગ સાથે અપલોડ કરવાનો રહેશે.
- ✓ તેની સાથે એક નાના વીડિયો મેસેજમાં એ જણાવવાનું રહેશે કે યોગ ક્રિયાઓએ તમારા જીવનને કેવી રીતે પ્રભાવિત કર્યું ?
- ✓ આ મેસેજ કોઈ પણ ભાષામાં આપી શકાય છે.
- ✓ સ્પર્ધા 1 જૂને શરૂ થઈ ચૂકી છે. વીડિયો 15 જૂન સુધીમાં અપલોડ કરી શકાય છે. વિજેતા 21 જૂને જાહેર કરાશે.
- ✓ ભારતીય વિજેતાઓને ટ્રોફી અને સર્ટિફિકેટ સાથે 1 લાખ, 50 હજાર અને 25 હજાર રૂ.ના પુરસ્કાર અપાશે.

## ૬. ખેલકૂદ : સિદ્ધિ

### મહિલા એશિયા કપ-૨૦૨૨ : ભારતની પ્રથમવાર યજમાન તરીકે પસંદગી

- ✓ એશિયન ફૂટબોલ કન્ફડરેશન (એએફસી)એ 2022 મહિલા એશિયા કપની યજમાની ભારતને આપી.
- ✓ 1979થી રમાતી આ ટૂર્નામેન્ટના આયોજન માટે ભારતને પ્રથમવાર યજમાન પદ
- ✓ કમિટીએ મહિલા એશિયા કપ 2022 ફાઈનલ્સની યજમાનીનો અધિકાર ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને સોંપ્યો છે.
- ✓ આ ટૂર્નામેન્ટથી મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન મળશે,
- ✓ ટૂર્નામેન્ટ 2023 ફિફા મહિલા વર્લ્ડ કપ માટે અંતિમ ક્વોલિફિકેશન ઈવેન્ટ પણ છે
- ✓ કુલ ટીમ – ૧૨
- ✓ ફૂટબોલની વૈશ્વિક સંસ્થા: એશિયન ફૂટબોલ કન્ફેડરેશન (AFC)
- ✓ ભારતીય સંસ્થા : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)
- ✓ અધ્યક્ષ AIFF : શ્રી પ્રફૂલ્લ પટેલ

## ૭.ક્યુમોલોનિમ્બસ-વાદળો (હવામાન શાસ્ત્ર)

**શું છે ક્યુમોલોનિમ્બસ - વાદળો :**

**અર્થ :**

- ✓ ક્યુમોલોનિમ્બસ જેને સંક્ષેપમાં સીબી ક્લાઉડ કહેવાય છે તે મૂળ બે લેટીન શબ્દ છે જેમાં ક્યુમુલસનો અર્થ થાય છે હીપ્ડ કે એક્યુમ્યુલેટેડ અર્થાત વાદળો ભેગા કરવા અને નિમ્બસ એટલે રેઈન અર્થાત વરસાદ.

**ખાસિયત :**

- ✓ આ વાદળોની ખાસિયત એ છે કે તેની આગાહીં નૈઋત્યના ચોમાસાની જેમ અગાઉથી નથી પણ આકાશમાં જુઓ તો સામાન્ય સમજ પ્રમાણે આગોતરા અણસાર પણ મળતા નથી.
- ✓ આ વાદળો સર્જાવા માટે મુખ્ય બે વસ્તુની જરૂર પડે છે, એક તો ભેજ. જેનું પ્રમાણ હાલ વધારે હોય છે અને બીજું લિફ્ટીંગ ફોર્સ અર્થાત્ ઉપર તરફ જતો વેગીલો પવન.
- ✓ હાલ, ગરમીના કારણે આ વેગીલો પવન પણ મળી રહેતો હોય છે.
- ✓ આ વાદળોના ત્રણ તબક્કા હોય છે અને તેનો સમય માંડ ત્રીસેક મિનિટનો હોય છે . તે ૫૦૦ મીટરથી માંડીને ૧૬૦૦૦ મીટર સુધી હોય છે.

## ૮. દિન વિશેષ : ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ

**થીમ 2020: 'સેલિબ્રેટ બાયોડાઈવર્સિટી' (જૈવ વિવિધતા)**

- ✓ યજમાન શહેર-૨૦૨૦: કોલમ્બિયા (USA)
- ✓ પાર્ટનર દેશ-૨૦૨૦ : જર્મની

**વિશ્વ પર્યાવરણ દિવસ :** ગુજરાતના પર્યાવરણના ભવ્ય વારસાની એક ઝલક :

- ✓ 1600 કિમી દરિયાકિનારો
- ✓ 14857 ચો.કિમી જંગલ વિસ્તાર
- ✓ 4 નેશનલ પાર્ક અને 21 અભયારણ્ય
- ✓ 700થી વધારે સિંહ ગીર નેશનલ પાર્કમાં
- ✓ 30,000 ચો.કિમી કચ્છનું રણ
- ✓ 1000 મીટર ઉંચાઈએ સાપુતારા
- ✓ 185 રીવર બેઝિન
- ✓ 205 નાના મોટાડેમ
- ✓ 14183 વેટલેન્ડ વિસ્તાર (જળપ્લાવિત).

**દેશના પ્રથમ મરીન નેશનલ પાર્ક (જામનગર) વિશે :**

- ✓ દુનિયાના કુલ મત્સ્ય ઉત્પાદનમાંથી 25 ટકા પરવાળાના ક્ષેત્રોમાંથી મળે છે.
- ✓ જામનગર મરીન નેશનલ પાર્ક અંદાજે 600 ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલો છે.
- ✓ અહીં 42 ટાપુઓ છે જેમાંથી 34 ટાપુઓની ફરતે પરવાળાઓની શૃંખલાઓ છે.

✓ પીરોટન ટાપુમાં ક્યારેક ડોલ્ફિન પણ જોવા મળે છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૬-૨૦૨૦)

1. "સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયરમેન્ટ ઈન ફિગર્સ-2020"ના અહેવાલ મુજબ કોરોના મહામારીને કારણે વિશ્વમાં કેટલા લોકો પર ભૂખમરાનું જોખમ ઊભું થયું છે - **26.5 કરોડ**
2. "સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયરમેન્ટ ઈન ફિગર્સ-2020"ના અહેવાલ મુજબ કોરોના મહામારીને કારણે ભારતમાં કેટલા લોકો પર ભૂખમરાનું જોખમ ઊભું થયું છે - **1.20 કરોડ**
3. "સ્ટેટ ઓફ ઇન્ડિયાઝ એન્વાયરમેન્ટ ઈન ફિગર્સ-2020" અહેવાલ કઈ સંસ્થા દ્વારા રજૂ કરાયો - **સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યેમેન્ટ**
4. કોરોના મહામારીના પગલે કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા બજેટમાં મંજૂર યોજનાઓનો અમલ આગામી કઈ તારીખ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે - **31 માર્ચ 2021**
5. કોરોના મહામારીના પગલે કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા બજેટમાં મંજૂર કઈ યોજનાઓ સિવાય અન્ય યોજનાઓનો અમલ આગામી વર્ષ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે-**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અને આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ**
6. તાજેતરમાં કોરોનાથી બચવા રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ મંત્રાલય દ્વારા કયો કાવો તૈયાર કરાવી છે- **ઇમ્યુનિટી બુસ્ટર કાવો**
7. ઇમ્યુનિટી બુસ્ટર કાવામાં કઈ કઈ ઔષધિઓ- ગરમ મસાલાનું મિશ્રણ કરાયું છે- **તજ, તુલસી, મરી અને સૂંઠ**
8. ઇમ્યુનિટી બુસ્ટર કાવાના એક પાઉચની કિંમત કેટલી નક્કી કરાઇ છે- **રૂ. 8/-**
9. તાજેતરમાં ભારતની કઈ દીકરીને UNADAP દ્વારા "ગુડવિલ એમ્બેસેડર ટુ ધ પુઅર"નું સન્માન આપવામાં આવ્યું - **નેત્રા, (મદુરાઈ- તમિલનાડુ)**
10. UNADAPનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ અસોસિએશન ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ**
11. ભારતની દીકરી નેત્રાને UNADAP દ્વારા "ગુડવિલ એમ્બેસેડર ટુ ધ પુઅર"નું સન્માન કઈ સિદ્ધિ બદલ આપવામાં આવ્યું - **પિતાની અનુમતિથી તેમના બચતના રૂ 8.5 લાખમાંથી લોકડાઉન દરમિયાન ગરીબ લોકોને ભોજન કરાવ્યું**
12. વિશ્વ યોગ દિવસ ક્યારે ઉજવાય છે - **21 જૂન**
13. વિશ્વ યોગ દિવસ-2020ની થીમ જણાવો - **"યોગ એટ હોમ એન્ડ યોગ વિથ ફેમિલી"**
14. વિશ્વ યોગ દિવસની ભારતમાં કયા મંત્રાલય દ્વારા ઉજવણી કરવામાં આવે છે - **આયુષ મંત્રાલય**
15. વિશ્વ યોગ દિવસ-2020 નિમિત્તે કઈ સ્પર્ધા બે તબક્કામાં યોજાશે - **"માઈ લાઈફ, માય યોગ"**
16. આગામી મહિલા ફૂટબોલ એશિયા કપ-2022ની યજમાનની તાજેતરમાં કયા દેશને સૌપ્રથમ આપવામાં આવી - **ભારત**
17. મહિલા એશિયા કપ-2022માં કેટલી ટીમો ભાગ લેશે- **12**
18. મહિલા એશિયા કપ-2022 ફૂટબોલ કપ કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા યોજવામાં આવે છે - **એશિયન ફૂટબોલ કન્ફેડરેશન (AFC)**
19. આગામી સમયમાં યોજાનાર મહિલા એશિયા કપ-2022નું ભારતમાં કઈ સંસ્થા દ્વારા આયોજન કરાશે - **ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન- AIFF**
20. AIFFના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **શ્રી પ્રફુલ્લ પટેલ**
21. વરસાદ સાથે જોડાયેલો "ક્યુમોલોનિમ્બસ" મૂળ કઈ ભાષાનો શબ્દ છે - **લેટીન**
22. ક્યુમુલસનો અર્થ જણાવો- **હીપ્ડ એટલે કે વાદળો ભેગા કરવા**
23. નિમ્બસનો અર્થ જણાવો - **વરસાદ**
24. ક્યુમોલોનિમ્બસ એટલે શું- **આકાશમાં અચાનક એકસાથે વાદળો ભેગા થઈને વરસાદ વરસવો**
25. "વિશ્વ પર્યાવરણ દિવસ" ક્યારે ઉજવાય છે - **5 જૂન**
26. વિશ્વ પર્યાવરણ દિવસ- 2020ની થીમ જણાવો - **સેલિબ્રેટ બાયોડાઈવર્સિટી( જૈવ વિવિધતા)**
27. વિશ્વ પર્યાવરણ દિવસ-2020નું યજમાન શહેર અને દેશ જણાવો - **કોલમ્બિયા, યુએસએ**
28. વિશ્વ પર્યાવરણ દિવસ-2020નો પાર્ટનર દેશ જણાવો - **જર્મની**
29. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન વૈશ્વિક સ્તરે કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે - **યુનાઇટેડ નેશન્સ**
30. ભારતના પ્રથમ "મરીન નેશનલ પાર્ક"નું સ્થાન જણાવો - **જામનગર**

## ૧. 'નગર વન' નવી યોજનાનો પ્રારંભ : કેન્દ્ર સરકાર (પર્યાવરણ)

શહેરી વનીકરણ યોજના અંતર્ગત: આગામી પાંચ વર્ષમાં સમગ્ર દેશમાં 200 **'નગર વન'નું નિર્માણ કરાશે**

- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘના પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા જાહેર કરવામાં આવેલી થીમને કેન્દ્ર સ્થાને રાખીને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય વિશ્વ પર્યાવરણ દિવસ.
- ✓ વર્ષ-2020ની થીમ : 'જૈવ વિવિધતા'.
- ✓ પ્રવર્તમાન કોવિડ-19 મહામારીની સ્થિતિને ધ્યાનમાં રાખીને મંત્રાલય દ્વારા આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની વર્ચ્યુઅલ ઉજવણી કરવામાં આવી હતી જેમાં નગર વન (શહેરી વનીકરણ)ની થીમને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી.
- ✓ જૈવ વિવિધતાને કેન્દ્ર સ્થાને રાખવામાં આવેલી આ વર્ષની થીમ એટલે કે, "હવે પ્રકૃતિનો વારો" (ટાઇમ ફોર નેચર) પર વિશેષ ભાર મૂકતા શ્રી જાવડેકરે જણાવ્યું હતું કે, પાયાનો સિદ્ધાંત એ છે કે જો આપણે પ્રકૃતિનું રક્ષણ કરીશું તો, પ્રકૃતિ આપણું રક્ષણ કર શે."
- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે શહેરી વનીકરણના શ્રેષ્ઠ આચરણો દર્શાવતી માહિતી પત્રિકાનું વિમોચન અને નગર વન યોજનાની જાહેરાત કરી હતી.

**જૈવ વિવિધતામાં ભારત :**

- ✓ "ભારતમાં સમગ્ર દુનિયાનો માત્ર 2.5% ભૂપ્રદેશ, 16% માનવ વસ્તી તેમજ પશુધનનું સંચાલન તેમજ માત્ર 4% ચોખ્ખા પાણીના સ્રોતો જેવી સંખ્યાબંધ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ સમગ્ર દુનિયાની કુલ જૈવ વિવિધતાનો 8% હિસ્સો તો માત્ર ભારતમાં જ છે.

## ૨. ભારત-ચીન વિવાદ (વિદેશ નીતિ)

- ✓ સ્થાન : LAC, પૂર્વ લદ્દાખ
- ✓ LAC : લાઈન ઓફ એક્ચ્યૂઅલ કંટ્રોલ
- ✓ લદ્દાખમાં ચીની ઘુષણખોરીનો અંત લાવવા બંને દેશો વચ્ચે લે.જનરલ સ્તરના કમાન્ડર વચ્ચે બેઠક યોજાઈ

**બેઠકના અગત્યના મુદ્દા :**

- ✓ છેલ્લા એક મહિનાથી લદ્દાખમાં એલએસી ખાતે ભારત અને ચીનની સેનાઓ વચ્ચે સર્જાયેલા ગજગ્રાહનો અંત લાવવા ૬ જૂને બંને દેશની સેનાઓના લે. જનરલ સ્તરના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી.
- ✓ એલએસી પર ચીની વિસ્તારમાં આવેલા મિટિંગ પોઇન્ટ માલ્દો ખાતે હાથ ધરાયેલી મંત્રણામાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ લે. જનરલ હરિન્દર સિંહે કર્યું હતું.
- ✓ ૩ કલાક લાંબી બેઠકમાં પેંગોંગ લેક, ફિંગર ફોર અને ફિંગર એઇટ ખાતે ચીની સેનાના જમાવડા અને ટેન્ટ તથા કેમ્પ સાથેના પરમેનેન્ટ સ્ટ્રક્ચર સામે ભારતે ઉગ્ર વાંધો ઉઠાવીને ચીનને સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે પૂર્વ લદાખમાં ચીની સેના એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિ પર ખસી જાય.
- ✓ ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકો ઘટાડવામાં આવે અને તેમને તેમના સ્થાને પાછા ખસેડવામાં આવે.
- ✓ ચીની સેનાએ જણાવ્યું હતું કે, ભારત આ વિસ્તારમાં કોઇ સડક નિર્માણ કરી શકે નહીં પરંતુ ભારતે જવાબમાં જણાવ્યું હતું કે, ભારત તેના વિસ્તારમાં સડક નિર્માણ કરી રહ્યો છે તેથી ચીન તેમાં હસ્તક્ષેપ કરી શકે નહીં.
- ✓ વિસ્તાર : પૂર્વ લદ્દાખના પેંગોગ લેક ફિંગર એઈટ ખાતે ચીની સેનાની ઘુષણખોરી

## 3. ઈન્ટર પાર્લામેન્ટરી અલાયન્સ ઓન ચાઈના - IPAC (વૈશ્વિક બાબતો)

હેતુ: વેપાર, સુરક્ષા, માનવ અધિકાર, વિસ્તારવાદી નીતિ સામે ખતરો બનેલા ચીન સામે લડવા આઠ દેશોના સાંસદોનું ગઠબંધન

**ચીનને સંગઠિત રીતે જવાબ આપવાની રણનીતિ**

- ✓ ૮ દેશનાં સાંસદો દ્વારા IPACની રચના કરાઈ છે. જેમાં અમેરિકા, જર્મની, બ્રિટન, જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, સ્વીડન, નોર્વે અને યુરોપની સંસદનાં સભ્યો સામેલ છે.
- ✓ ચીન સાથે જોડાયેલા તમામ પ્રશ્નો અને મુદ્દાઓનો સંગઠિત રીતે જવાબ આપવાની આ અલાયન્સની રણનીતિ છે.


**કારણ :**

- ✓ કોરોના વાઇરસનો ગુપ્ત રીતે ફેલાવો, સાઉથ ચાઈના સી માં ઘૂસણખોરી અને હોંગકોંગમાં અત્યાચારનાં મામલે ચીન આખા વિશ્વ માટે ટાર્ગેટ બન્યું છે.
- ✓ બીજી તરફ ભારત સાથે લદ્દાખ સીમા પર તંગદિલી મામલે આખી દુનિયાની નજર ચીન પર છે ત્યારે ચીન સામે લડવા વિશ્વનાં ૮ દેશનાં સાંસદોએ અલાયન્સ રચ્યું છે.

**૪. નિર્ણય : ગુજરાત સરકાર**

**ગુજરાતમાં SEBC-OBCના જાતિ-આવકના પ્રમાણપત્રના દાખલાની મુદ્દત ૧ વર્ષ વધારાઈ**

- ✓ નોન ક્રિમિલિયર પ્રમાણપત્રની નવી મુદ્દત : તા.૩૧-૦૩-૨૦૨૧ સુધી માન્ય
- ✓ એસઈબીસી માટેના નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ આવક દાખલાની સમયમર્યાદા ૩ વર્ષની હોય છે, એટલે જે સર્ટી.માં સમયમર્યાદા તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ પૂર્ણ થતી હોય તેમાં મુદત આપોઆપ તા.૩૧-૩-૨૦૨૧ સુધી એટલે કે ૧ વર્ષ માટે વધી જશે.




- ✓ રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને જે જાતિના પ્રમાણપત્ર અપાય છે તે તો આજીવન માન્ય રહે છે.

**૫. USA : રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ડેમોક્રેટ પક્ષના જો બિડેનનું નોમિનેશન (વૈશ્વિક રાજકારણ)**

- ✓ ચૂંટણી : આગામી ૩ નવેમ્બર-૨૦૨૦
- ✓ જો બિડેનને જરૂરી ૧૯૯૩ પ્રતિનિધિઓનું સમર્થન

**૬. WHO : કોરોના સામે રક્ષણ માટે નવી ગાઈડલાઈન મુજબ માસ્ક પહેરવું અનિવાર્ય**

- ✓ અગાઉની સૂચના એવી હતી કે જાહેરમાં બધાએ માસ્કની જરૂર નથી, કોરોના જેવા લક્ષણો જણાતા હોય કે પછી બિમાર હોય તેમણે પહેરવું જરૂરી છે.
- ✓ હવે નવી ગાઈડલાઈન પ્રમાણે જાહેરમાં નીકળતા દરેક વ્યક્તિએ માસ્ક પહેરવું જોઈએ.
- ✓ અલબત્ત, આસપાસમાં કોઈ ન હોય એ વખતે માસ્ક ન પહેર્યું હોય તો ચાલે પરંતુ કોઈની નજીક આવતી વખતે માસ્ક પહેરવું અનિવાર્ય છે.
- ✓ સામાન્ય વ્યક્તિ ઘરે બનેલું કે બજારમાં મળતું સાદું માસ્ક પહેરે તો ચાલે. પરંતુ માસ્ક ૩ પડ (થ્રી-લેયર્સ) ધરાવતું હોય તો બેસ્ટ.
- ✓ ઘરમાં માસ્કની જરૂર નથી, પરંતુ દરેક ભીડભાડવાળી જગ્યાએ લોકો માસ્ક પહેરે એ જરૂરી છે.
- ✓ માત્ર માસ્ક પહેરવાથી સુરક્ષિત થઈ જવાશે એવું ન માની લેવું, હાથ ધોવા જેવી અન્ય સાવધાનીઓ રાખવાની તો છે જ.
- ✓ કપડાંનુ બનેલું માસ્ક રોજે રોજ ધોવાય એ જરૂરી છે.
- ✓ મેડિકલ સ્ટાફ દ્વારા વાપરવામાં આવતા એન-૯૫ પ્રકારના માસ્ક પહેરવાની બધાને જરૂર નથી, એ માસ્ક સારવાર કરનારા કે પછી ફ્રન્ટલાઈન વોરિયરો પહેરે એ જરૂરી.

**૭. બોલીવૂડના દિગ્દર્શક અનિલ સૂરીનું ૭૭ વર્ષે કોરોનાના કારણે મૃત્યુ**

- ✓ સ્થાન : મુંબઈ
- ✓ ફિલ્મો : રાજ તિલક અને કર્મયોગી વગેરે

**૮. અવકાશી સંશોધન : બે આકાશગંગા વચ્ચે પદાર્થનો પુલ રચાતો હોવાનું સંશોધન (અવકાશ)**

**ટીમના વડા : આફ્રિકામાં રહેતા મૂળ ભારતીય એવા બિલીમોરાના ડૉ. વિરલ પારેખ**

- ✓ માન્યતા : નાસા (NASA)
- ✓ આ સંશોધનમાં નાસા સંચાલિત અવકાશ સ્થિત 'ચંન્દ્રા એકસ-રે ટેલિસ્કોપ'નો ઉપયોગ કરાયો હતો
- ✓ દક્ષિણ આફ્રિકન રેડીયો એસ્ટ્રોનોમી ઓબ્ઝર્વેટીરીમાં કાર્યરત ડો.વિરલ પારેખની ટીમનાં આ સંશોધનને MNRS જનરલે પ્રકાશિત કર્યા બાદ અમેરિકાની નાસાએ તેની વેબસાઈટ ઉપર પ્રકાશિત કરી માન્યતા આપી છે.
- ✓ વિરલ પારેખ અને તેમની ટીમે દક્ષિણ આફ્રિકાનાં કેપટાઉન ખાતે બ્રહ્માંડમાં આવેલી કેટલીક આકાશગંગાઓ વચ્ચે એકબીજાની સાથે ટકરાયા બાદ સંબંધોનો સેતુ બંધાયો હોય એમ એકબીજા વચ્ચે પુલ બંધાતો હોવાના કરેલા સંશોધનથી આકાશ ગંગા અંગેના ખ્યાલને અલગ જ દિશા આપી છે.

**વિરલ પારેખનો પરિચય :**

- ✓ દક્ષિણ આફ્રિકા ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ દ્વારા રૂ. ૩ અબજ ડોલરનાં ખર્ચે દક્ષિણ આફ્રિકામાં ધ સ્કેવર કિલોમીટર એરે પ્રોજેક્ટમાં આઠ વર્ષ અગાઉ બિલીમોરા (નવસારી)નાં ડો. વિરલ જયસુખભાઈ પારેખે દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટી ઓફ કેપટાઉનમાંથી સ્કોલરશીપ મેળવી એસ્ટ્રોનોમી વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી હાંસલ કરી છે.
- ✓ જેમાં તેમનો વિષય "મલ્ટીવેવલેન્થ સ્ટડી ઓફ ગેલેક્સી કલસ્ટર' હતો.

- ✓ ડો.વિરલ પારેખની ટીમે હાલમાં એક ખાસ અને દુર્લભ પ્રકારનું ગેલેક્સી કલ્સટર અને તેમાં થતી પ્રક્રિયા ઉપર સંશોધન કર્યુ હતું.
- ✓ જેમાં તેમના રિસર્ચ મુજબ અબજો વર્ષ અગાઉ બે ગેલેક્સી કલસ્ટરો, જેના નામ Abell-૨૩૮૪ નોર્થ અને Abell ૨૩૮૪ સાઉથ બન્ને એકબીજા સાથે પ્રચંડ રીતે અથડાયા હતા.
- ✓ જેના કારણે બંને કલ્ટરોમાંથી ઉંચા તાપમાન ધરાવતો ગેસ અને ગેલેક્સીઓ બહાર ફંગોળાયા હતા.
- ✓ તેના લીધે બે ઝુમખાઓ વચ્ચે ગેસનો બનેલો પુલ રચાયો.

**આકાશગંગા વિશે:**

- ✓ બ્રહ્માંડમાં મોટી સંખ્યામાં આકાશગંગાનાં જટિલ નેટવર્કને લાર્જ સ્કેલ સ્ટ્રક્ચર પણ કહેવામાં આવે છે.
- ✓ અબજો આકાશગંગાઓ જુદા જુદા ઝુમખામાં વણાયેલી હોય છે. જેને ‘ગેલેક્સી કલસ્ટર’ કહેવામાં આવે છે. જે ૧00 થી ૧000 ગેલેકસીથી બનેલું માળખુ છે.
- ✓ ગુરૂત્વાકર્ષણનાં કારણે તે માળખા બહાર છટકતી નથી. જો કે ક્યારેક અન્ય ઝુમખાઓ સાથે પ્રચંડ અથડામણ થાય છે.
- ✓ ગેલેકસી કલસ્ટર એ યુનિવર્સની સૌથી વધારે વજન-પ્રકાશ અને તાપમાન ધરાવે છે.
- ✓ આવા ગેલેકસી કલસ્ટરો આપણી આકાશગંગા કરતા ૩૦ થી ૪૦ ગણા મોટા હોય છે.
- ✓ યુનિવર્સમાં આવા સેંકડો ઝુમખાઓ અબજો કિલોમીટરનાં જુદા જુદા અંતરે આવેલા છે.
- ✓ તે દરેકને ઓપ્ટીકલ ટેલિસ્કોપથી નિહાળી શકાય છે.
- ✓ જો આપણે ગેલેક્સી કલસ્ટરને ઓપ્ટીકલ ફોટામાં જોઈએ તો જાણે રાત્રે આકાશમાં તારા નિહાળતા હોય તેમ લાગે છે.
- ✓ કારણ કે દરેક ઝુમખાની ગેલેક્સી સ્વયંપ્રકાશિત હોય છે.
- ✓ આ ઝુમખાને એકસ-રે ટેલિસ્કોપ અર્થાત હાઈફ્રિક્વન્સીમાં જોઈએ તો તે ઉંચા તાપમાન ધરાવતા ગેસના બનેલા ગોળાઓ જેવા દેખાશે.

૯. જન્મ દિન વિશેષ : ૬ જૂન ભારત વીર : એ.ઓ. હ્યુમ

જન્મ : ૬ જૂન ૧૮૨૯

અવસાન : ૧૮ જુલાઈ ૧૯૧૨

- ✓ ‘હિન્દના દીકરાઓ હાથ ધરીને કેમ બેઠા છો, શું કોઈ દેવતાની મદદ મળવાની રાહ જુઓ છો ? 'ભારતની આઝાદીની લડત માટે યુવાઓને પોરસાવતી પ્રસ્તુત કાવ્ય પંક્તિ કોઈ ભારતીય કવિએ નહીં પણ એક બ્રિટીશ વહીવટી અધિકારી એલન ઓક્ટોવિયન હ્યુમે લખી છે. આજના દિવસે તેમનો જન્મ થયો હતો.
- ✓ 1849માં આઈસીએસની પરીક્ષા પસાર કરી ઉત્તર પ્રાન્તના ઈટાવામાં કલેક્ટર તરીકે નિયુક્ત થયા હતા.
- ✓ ઇટાવામાં પ્રજા કલ્યાણની ભાવના સાથે સ્વખર્ચે હોસ્પિટલ અને 32 શાળાઓનું નિર્માણ કરાવ્યું હતું છતા 1857ના સંગ્રામ વખતે “અંગ્રેજ માત્ર શત્રુની ભાવનાથી કામ કરતા વિપ્લવકારીઓથી બચવા હ્યુમને ઇટાવાથી સ્ત્રી વેશે ભાગવુ પડ્યું હતું.
- ✓ 28 ડિસેમ્બર 1885ના રોજ મુંબઈમાં સ્થપાયેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભા (આજની કોંગ્રેસ)ના પ્રેરક અને સંસ્થાપક તરીકે પણ હ્યુમ પ્રસિદ્ધ છે.
- ✓ તેની સ્થાપના પછી તરત કોંગ્રેસને બ્રિટીશ શાસન માટે શંકાની નજરે જોવાઈ હતી. પરિણામે હ્યુમને ભારત છોડવું પડ્યું.
- ✓ 31 જુલાઈ 1912ના રોજ ત્યાં તેમનું અવસાન થયું હતું.
- ✓ ગીતા અને બાઈબલના નિયમિત અભ્યાસી એલન લોકમાન્ય તિલક જ ભારતને આઝાદી અપાવશે તેવું તેઓ દ્રઢપણે માનતા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૬-૨૦૨૦)

1. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા શહેરી વનીકરણ માટે કઈ નવી યોજના શરૂ કરાઈ- **"નગર વન"**
2. કેન્દ્રની શહેરી વનીકરણ યોજના અંતર્ગત આગામી કેટલાક વર્ષમાં કેટલા "નગર વન"નું નિર્માણ કરાશે- **5 વર્ષ અને 200 વન**
3. ભારતના વર્તમાન પર્યાવરણ અને વન મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**
4. કેન્દ્ર સરકાર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ-2020 નિમિત્તે વર્ચ્યુઅલ ઉજવણી કરવામાં આવી હતી જેમાં કઈ થીમને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી - **નગર વન/ શહેરી વનીકરણ**
5. સમગ્ર વિશ્વમાં જૈવ વિવિધતામાં ભારત કેટલા ટકા હિસ્સો ધરાવે છે - 8%

6. તાજેતર જૂન 2020માં ચીની સેનાના કયા પ્રદેશોમાં ઘૂસણખોરી અંગે ભારત સાથે વિવાદ ચાલી રહ્યો છે- પૂર્વ લદાખના પેંગોંગ લેક, ફિંગર ફોર અને ફિંગર એઈટ
7. વૈશ્વિક સ્તરે વેપાર, સુરક્ષા, માનવ અધિકાર, વિસ્તારવાદી નીતિ સામે ખતરો બનેલા ચીન સામે લડવા કેટલા કયા કયા 08 દેશોના સાંસદોએ નવું ગઠબંધન બનાવ્યું - **અમેરિકા, જર્મની, બ્રિટન, જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા,સ્વીડન, નોર્વે અને યુરોપના દેશો**
8. વૈશ્વિક સ્તરે વેપાર, સુરક્ષા, માનવ અધિકાર, વિસ્તારવાદી નીતિ સામે ખતરો બનેલા ચીન સામે લડવા 08 દેશોના સાંસદોએ કયું નવું ગઠબંધન બનાવ્યું - IPAC
9. IPACનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટર પાર્લામેન્ટરી અલાયન્સ ઓન ચાઈના**
10. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે જાતિ-આવક પ્રમાણપત્રના દાખલાની મુદત કયાં સુધી વધારવામાં આવી - **31 માર્ચ 2021**
11. આગામી નવેમ્બર 2020માં અમેરિકાના રાષ્ટ્રપતિ પદની યોજાનાર ચૂંટણીમાં ડેમોક્રેટ પક્ષના કયા ઉમેદવારનું તાજેતરમાં નોમિનેશન કરાયું -**જો બિડેન**
12. તાજેતરમાં બોલિવૂડના દિગ્દર્શક અનિલ સુરીનું 77 વર્ષે કોરોનાના કારણે કયા શહેરમાં અવસાન થયું - **મુંબઈ**
13. બે આકાશ ગંગા વચ્ચે પદાર્થોનો પુલ રચાતો હોવાનું સંશોધન કયા મૂળ ભારતીય અવકાશ વિજ્ઞાની દ્વારા આવ્યું જેને નાસાએ સમર્થન આપ્યું – **ડોક્ટર વિરલ પારેખ**
14. અવકાશ વિજ્ઞાની ડોક્ટર વિરલ પારેખ કઈ સંસ્થા સાથે જોડાયેલા છે -**દક્ષિણ આફ્રિકન રેડિયો એસ્ટ્રોનોમિ ઓબ્ઝર્વેટ્રી**
15. અવકાશ વિજ્ઞાની ડોક્ટર વિરલ પારેખનું મૂળ વતન જણાવો - **બીલીમોરા, નવસારી**
16. ભારતવીર તરીકે ઓળખાતા એ.ઓ.હ્યુમનો જન્મદિવસ જણાવો - **6 જૂન**

## DATE : 07-06-2020

### ૧. BS-VI(6) : BS-VI(6) વાહનોમાં આગામી તા.1 ઓક્ટોબર 2020થી ઈંધણની માહિતી આપતી 'યુનિક ગ્રીન સ્ટ્રીપ' ફરજિયાત (પર્યાવરણ-પ્રદૂષણ)

હેતુ: નવા વાહનોમાં ઇંધણની માહિતી આપતી ત્રીજી નંબર પ્લેટ વિન્ડશિલ્ડમાં ફીટ કરાશે.

- ✓ કેન્દ્ર સરકારે તમામ BS-VI કમ્પ્લેઇન્ટ વાહનો માટે રજિસ્ટ્રેશનની વિગતો ધરાવતું એક સેમીનું ગ્રીન સ્ટિકર ફરજિયાત બનાવ્યું.
- ✓ માર્ગ અને પરિવહન મંત્રાલય અનુસાર BS-VI વાહનોમાં ત્રીજી રજિસ્ટ્રેશન પ્લેટમાં ૧ સેમીની ગ્રીન સ્ટ્રીપ લગાવવાની રહેશે.
- ✓ અગાઉ ૧ એપ્રિલ ૨૦૧૯થી તમામ વાહનોમાં ટેમ્પર પ્રૂફ હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) ફરજિયાત કરાશે.
- ✓ તમામ નવા વાહનોમાં આ ત્રીજી નંબર પ્લેટ ફિટ કરાશે.

**યુનિક ગ્રીન સ્ટ્રીપની વિશેષતા :**

- ✓ એચએસઆરપી અંતર્ગત વાહનની આગળ અને પાછળની નંબર પ્લેટમાં ડાબા ખૂણે ટોપ પર હોટ સ્ટેમ્પિંગ દ્વારા ક્રોમિયમ બેઝ્ડ હોલોગ્રામ લગાવવામાં આવે છે. તેમં ડાબા ખૂણે નીચે ૧૦ ડિજિટનો પરમેનેન્ટ આઈડેન્ટિફિકેશન નંબર પણ સામેલ હોય છે.
- ✓ નવા વાહનોમાં મૂકાનારી ત્રીજી નંબર પ્લેટમાં કલર કોડિંગ દ્વારા વાહન કયા ઇંધણથી ચાલી રહ્યું છે તેનો ઉલ્લેખ કરાશે.
- ✓ પ્રદૂષણ ફેલાવી રહેલા વાહનોને અલગ તારવવા માટે આ કલર કોડિંગ કરાશે.
- ✓ આ માટે એક સેમી પહોળી યુનિક ગ્રીન સ્ટ્રીપમાં પેટ્રોલ અને સીએનજી માટે આછા ભૂરા રંગનું સ્ટિકર મરાશે જ્યારે ડીઝલથી ચાલતા વાહનો માટે નારંગી રંગની સ્ટ્રીપ મૂકાશે.
- ✓ મંત્રાલય : માર્ગ અને પરિવહન
- ✓ મંત્રી : શ્રી નીતિન ગડકરી

### ૨. અનલૉક ૧.૦ : તા. ૮ મી જૂનથી વિવિધ સ્થાનો ખોલવા કેન્દ્રની નવી માર્ગદર્શિકા (વહીવટ)

- ✓ ૮ મી જૂનથી દેશમાં અનલૉક ૧.૦ ના સમયગાળામાં ધાર્મિક સ્થળો, રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ ખોલવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વિસ્તૃત ગાઇડલાઇન જારી કરાઇ હતી.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા તમામ નોન કન્ટેનમેન્ટ ઝોનમાં શોપિંગ મોલ, ધાર્મિક સ્થળો, રેસ્ટોરન્ટ, હોસ્પિટાલિટી સેવાઓ શરૂ

કરવાની પરવાનગી અપાઇ છે પરંતુ અંતિમ નિર્ણય રાજય સરકારો પર છોડવામાં આવ્યો છે.

- ✓ કેન્દ્ર સરકારે ધાર્મિક સ્થળો, મોલ અને રેસ્ટોરન્ટમાં મર્યાદિત સંખ્યામાં મુલાકાતીઓ જેવાં પગલાં જાહેર કર્યા છે.
- ✓ સરકારે જણાવ્યું હતું કે, ૬ ફૂટના સોશિયલ ડિસ્ટન્સિગનું દરેક સ્થળે પાલન કરવાનું રહેશે.
- ✓ ફેસમાસ્ક ફરજિયાત પહેરવું પડશે.
- ✓ હાથ ગંદા ન હોય તો પણ સાબુ વડે ધોવાની પ્રેક્ટિસ ચાલુ રાખવી.
- ✓ ઉપલબ્ધ હોય ત્યાં સેનિટાઇઝરનો ઉપયોગ કરવો.
- ✓ દરેક નાગરિકો જાતે પોતાની કાળજી લેવાની રહેશે અને જો માંદગીના લક્ષણ જણાય તો તેમણે રાજ્ય, જિલ્લા હેલ્પલાઇન પર જાણ કરવાની રહેશે.
- ✓ લોકડાઉનના અઢી મહિના બાદ દેશના મોટાભાગનાં રાજ્યોમાં ધાર્મિક સ્થળો ખુલ્લો મુકાઇ રહ્યાં છે.
- ✓ દિલ્હી, મધ્યપ્રદેશ, હરિયાણા, પંજાબ, ચંડીગઢ, ગુજરાત સહિતનાં રાજ્યોમાં નોન કન્ટેનમેન્ટ ઝોનમાં ધાર્મિક સ્થળો, શોપિંગ મોલ, રેસ્ટોરન્ટ, હોટલને શરતો સાથે ખુલ્લો મૂકવાની પરવાનગી અપાઈ છે.

### ૩. રિચર્ડ ડૉકિન્સ એવોર્ડ-૨૦૨૦ (કલા)

**વિજેતા:** બોલીવૂડ ગીતકાર અને પટકથા લેખક જાવેદ અખ્તર

**પ્રદાન અને શ્રી જાવેદ અખ્તરનો પરિચય :**

- ✓ આ એવોર્ડ પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ સ્તરીય કામ અને તાર્કિક નિવેદનો માટે અપાયો.
- ✓ જાવેદ અખ્તર એકમાત્ર ભારતીય છે, જેમને આ એવોર્ડથી સન્માનિત કરાયા છે.
- ✓ તેમના પહેલા અમેરિકન કોમેડિયન બિલ માહેર અને ફલોસોફર ક્રિસ્ટોફર હિચેન્સને આ સન્માન મળ્યું હતું.
- ✓ જાવેદ ઘણી વાર સામાજિક-રાજકીય નિવેદનો કરે છે. તેઓ સીએએ, તબલીગી જમાત, ઈસ્લામોફોબિયા વગેરે વિષયો પર ટ્રિવટ કરી ચૂક્યા છે.
- ✓ એવોર્ડ વિશે : વિશ્વ પ્રસિદ્ધ વિજ્ઞાની રિચર્ડ ડૉકિન્સની યાદમાં
- ✓ ડૉકિન્સ ધર્મ નિરપેક્ષતા અને તર્કવાદના સમર્થક

### ૪. અવસાન : જાણીતા ગુજરાતી નાટ્ય લેખક ઉતમ ગડ્ડાનું ૭૧ વર્ષે નિધન

- ✓ સ્થાન : USA

**પ્રદાન :**

- ✓ પ્રથમ નાટક : 'મહારથી'
- ✓ અભિનય: પરેશ રાવલ
- ✓ આ સિવાય ગડ્ડાએ હિન્દી નાટકો તેમજ ફિલ્મો, કથા, પટકથા તેમજ ડાયલોગ પણ લખ્યા

### ૫. કોરોના વાઈરસ (આરોગ્ય)

**ચીન દ્વારા કોરોના વાઈરસ અંગે 'શ્વેતપત્ર' જાહેર કરાયું**

**'શ્વેતપત્ર'માં સામેલ મુખ્ય બાબતો :**

- ✓ દુનિયામાં કોરોના વાઈરસનો પ્રસાર કરવાના આરોપોથી ઘેરાયેલા ચીને આ મહામારી સંબંધિત એક શ્વેતપત્ર જાહેર કર્યું.
- ✓ તેમાં કહેવાયું છે કે ચીનમાં પહેલી વખત ૨૭મી ડિસેમ્બરે વાયરલ ન્યુમોનિયા તરીકે કોરોના વાઈરસ અંગે જાણ થઈ હતી અને સરકારને માણસથી માણસમાં ચેપ ફેલાવાની જાણ ૧૯ મી જાન્યુઆરીએ થઈ હતી.
- ✓ ત્યાર પછી કોરોના વાઈરસનો પ્રસાર અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવાયા હતા.
- ✓ ચીને કોરોના વાઈરસ અંગે વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અમેરિકા સહિત વિવિધ દેશોને ૪ થી જાન્યુઆરીએ જ માહિતી આપી દીધી હતી.

### ૬. દિન વિશેષ : ૭ જૂન: વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે

થીમ-૨૦૨૦: Food Safety, everyone`s business

- ✓ પ્રથમ પ્રારંભ : વર્ષ-૨૦૧૯થી

### ૭. ફૂડ સેફ્ટી ઈન્ડેક્સ - આરોગ્ય મંત્રાલય (આરોગ્ય)

ગુજરાતનું ગૌરવ : FSSAI દ્વારા જાહેર કરાયેલા ફૂડ સેફ્ટી ઈન્ડેક્સમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે

- ✓ વર્લ્ડ ફુડ સેફ્ટી દિવસની વર્ચ્યૂઅલ ઉજવણી પ્રસંગે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા કેન્દ્રિય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનની ઉપસ્થિતિમાં ગુજરાતને એવાર્ડ એનાયત
- ✓ હેતુ: રાજ્યોની ફુડ સેફ્ટી એક્ટની કામગીરી અને ફુડના કાયદાના અસરકારક અમલીકરણ-કામગીરીના મુલ્યાંકન માટે
- ✓ દેશના ૨૦ મોટા રાજ્યો પૈકી ગુજરાત રાજ્યનો પ્રથમ ક્રમ આવ્યો છે. જે રાજ્ય માટે અને રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર માટે ગૌરવની બાબત છે. તો બીજી તરફ આ મૂલ્યાંકનમાં તમિલનાડુ બીજા ક્રમે, મહારાષ્ટ્ર

ત્રીજા ક્રમે અને કેરળ રાજ્યનો ચોથા ક્રમે સમાવેશ કરવામાં આવ્યો છે.

- ✓ **માપદંડ:** આ એવોર્ડની પસંદગીમાં મુખ્ય પાંચ બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

1. ફૂડ સેફ્ટી અંગે કાયદા-નિયમોનું પાલન
2. ખોરાકના નમુનાનું પૃથ્થકરણ-ક્ષમતા અને સર્વેલન્સ
3. કન્ઝ્યુમર એમ્પાવરમેન્ટ
4. સ્ટાફ-ખાદ્ય ઉત્પાદકો અને વેપારીની ટ્રેનિંગ
5. તંત્ર પાસે ઉપલબ્ધ માનવબળ અને બેસ્ટ પ્રેક્ટિસીસનો સમાવેશ થાય છે.

- ✓ બળી ગયેલા ખાદ્ય તેલમાંથી બાયોડીઝલ બનાવવા શરૂ થયેલી અનોખી પહેલ અંતર્ગત ૫,૧૧,૩૪૧ કિગ્રા તેલનો જથ્થો જમા કરાવી ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યુ
- ✓ BHOG (Blissful Hygienic Offering to God)એ FSSAIની એક એવી પહેલ છે. જેના અંતર્ગત ધાર્મિક સ્થળો ઉપર પિરસવામાં આવતો પ્રસાદ તેમજ અન્ય ખોરાક અંગેની ગુણવત્તાની તપાસ કરી ઓડીટ દ્વારા યોગ્ય ગુણ અપાઈ છે.

**ફૂડ સેફ્ટીમાં ગુજરાત :**

- ✓ દેશની સૌ પ્રથમ "ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ" તરીકેનું સન્માન કાંકરીયાને મળ્યું
- ✓ રાજ્યની કુલ ૯ સ્ટ્રીટ "ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ"નાં એવોર્ડથી સન્માનિત

## ૮. જન્મ દિન વિશેષ : 7 જૂન

## વિદ્યાનગરના વિશ્વકર્મા : ભાઈકાકા

જન્મ – 7 જૂન – 1888 અવસાન – 31 માર્ચ 1970

- ✓ ભાઈકાકા તરીકે પસિદ્ધ થયેલા ભાઈલાલભાઈ પટેલનો આજે જન્મદિવસ.
- ✓ મોસાળ સારસામાં જન્મેલા ભાઈલાલભાઈ માતા-પિતાના ચાર સંતાનોમાં બીજા સંતાન હતા.
- ✓ પિતાનો મહેનતકશ સ્વભાવ વારસામાં મળ્યો હતો.
- ✓ બાળપણમાં ખેતરમાં વર્ષાડોડીનું ફૂલ તોડવા જતા તેનું ઝેરી દૂધ આંખમાં પાડતા કાયમ માટે એક આંખ ગુમાવવી પડી હતી.
- ✓ ભાઈલાલભાઈને ભાઈકાકા કહેતા હતા તે પછી તેમના બાળકો પણ ભાઈકાકા કહેવા લાગ્યા અને પછી તો આખું ગુજરાત તેમને ભાઈકાકા કહેવા લાગ્યું.
- ✓ ભણીગણી ભાઈલાલભાઈ ઇજનેર થયા.
- ✓ ગાયકવાડી વડોદરા, પુના, ધૂલિયા અંગ્રેજ સરકાર અને સિંધમાં ઈજનેરી પોતાની વ્યવસાયી કુશળતાનો પરિચય આપતા રહ્યા.
- ✓ તેઓના કૌશલ્યની તારીફ તો સરદાર પટેલ જેવા મહાનુભાવે કરી હતી.
- ✓ કાંકરિયા તળાવને રમણીય બનાવી તથા પ્રાણીબાગનો વિચાર તેમના જ ફળદ્રુપ દિમાગની નીપજ હતી.
- ✓ ભાઈકાકાના જીવનનું વિશેષ પાસુ તે તેમની રાજનીતિ.
- ✓ <u>સ્વતંત્ર પક્ષ તરફથી ચૂંટણી લડી તેઓ 1962માં ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા થયા હતા.</u>
- ✓ <u>સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના પહેલા ઉપકુલપતિ પણ બન્યા હતા.</u>
- ✓ મોટા શિક્ષણશાસ્ત્રી ભાઈકાકાનું 31 માર્ચ 1970 ના રોજ 81 વર્ષની વયે અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૬-૨૦૨૦)

1. ભારતમાં BS-VI વાહનોમાં ઈંધણની માહિતી માટે આગામી સમયમાં કઈ નવી સિસ્ટમ ફરજિયાત કરાશે- **"યુનિક ગ્રીન સ્ટ્રિપ"**
2. ભારતમાં BS-VI વાહનોમાં ઈંધણની માહિતી માટે આગામી સમયમાં ક્યારે "યુનિક ગ્રીન સ્ટ્રિપ" નવી સિસ્ટમ ફરજિયાત કરાશે- **01 ઓક્ટોબર 2020**
3. BS-VI વાહનમાં ઈંધણની માહિતી આપતી "યુનિક ગ્રીન ટ્રીપ"માં પેટ્રોલ અને સી.એન.જી માટે કયા રંગનું સ્ટીકર લગાવવામાં આવશે - **આછો ભૂરા રંગ**
4. BS-VI વાહનમાં ઈંધણની માહિતી આપતી "યુનિક ગ્રીન ટ્રીપ"માં ડીઝલ માટે કયા રંગનું સ્ટીકર લગાવવામાં આવશે - **નારંગી રંગ**
5. કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રીનું નામ જણાવો - **નિતીન ગડકરી**
6. તાજેતરમાં "રિચર્ડ ડૉકિન્સ એવોર્ડ-2020" વિજેતા એકમાત્ર અને પ્રથમ ભારતીય – **બોલીવુડ ગીતકાર-પટકથા લેખક જાવેદ અખતર**
7. જૂન 2020માં કયા જાણીતા ગુજરાતી નાટ્ય લેખકનું અમેરિકામાં 71 વર્ષે અવસાન થયું - **ઉત્તમ ગડ્ડા**
8. ગુજરાતી નાટ્ય લેખક ઉત્તમ ગડ્ડાનું પ્રથમ નાટક જેમાં પરેશ રાવલ અભિનય કર્યો હતો - **મહારથી**

9. જૂન 2020માં કયા દેશ દ્વારા સૌપ્રથમ કોરોના વાયરસ - મહામારી અંગે 'શ્વેતપત્ર' જાહેર કરાયું - **ચીન**

10. શ્વેતપત્રમાં જણાવ્યા મુજબ ચીનમાં સૌપ્રથમ કઈ તારીખે વાયરલ ન્યુમોનિયા તરીકે કોરોના વાયરસની જાણ થઇ હતી- **27 ડિસેમ્બર 2019**

11. "World food safety day" ક્યારે ઉજવવામાં આવે છે- **7 જૂન**

12. "World food safety day" સૌપ્રથમ ઉજવવાનો પ્રારંભ કયા વર્ષે થયો- **2019**

13. "World food safety day"2020ની થીમ જણાવો -**"food safety, everyone's business"**

14. "World food safety day" **કોના દ્વારા ઉજવવામાં આવે છે- WHO**

15. FSSAI દ્વારા "World food safety day" 2020 નિમિત્તે જાહેર કરાયેલા "ફૂડ સેફ્ટી ઇન્ડેક્સ"માં ગુજરાતનો ક્રમ જણાવો - **પ્રથમ**

16. FSSAI દ્વારા "World food safety day" 2020 નિમિત્તે જાહેર કરાયેલા "ફૂડ સેફ્ટી ઇન્ડેક્સ"માં તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કેરલનો ક્રમ જણાવો - **અનુક્રમે બીજો, ત્રીજો અને ચોથો**

17. ઉપયોગ કરાયેલા ખાદ્યતેલમાંથી બાયોડીઝલ બનાવવા ભારતમાં શરૂ થયેલી અનોખી પહેલ અંતર્ગત ગુજરાતે 5 લાખથી વધુ કિલોગ્રામ તેલનો જથ્થો જમા કરાવી દેશમાં કયો ક્રમ મેળવ્યો છે - **પ્રથમ**

18. દેશમાં FSSAIની "BHOG" પહેલ શું છે - **ધાર્મિક સ્થળો ઉપર પિરસવામાં આવતો પ્રસાદ તેમજ અન્ય ખોરાક અંગેની ગુણવત્તાની તપાસ કરી ઓડીટ દ્વારા યોગ્ય ગુણ અપાઈ છે**

19. BHOGનું વિસ્તૃત નામ જણાવો - **Blissful Hygienic Offering to God**

20. કેન્દ્રીય આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **ડૉક્ટર હર્ષવર્ધન**

21. વિદ્યાનગરના વિશ્વકર્મા તરીકે ઓળખાતા ભાઈકાકાનો જન્મદિવસ જણાવો - **7 જૂન 1888**

22. સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના પ્રથમ ઉપકુલપતિનું નામ જણાવો - **ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)**

## DATE : 08-06-2020

### ૧. નિર્ણય : મહેસુલ વિભાગ - ગુજરાત સરકાર (વહીવટ)

1. રૂપિયા ૧૫ કરોડ સુધીની પ્રતિબંધિત સત્તા પ્રકાર(પ્રસપ)ની જમીનને હવે જિલ્લા કલેકટર સ્તરે જ NAના નિર્ણયની સત્તા
2. ગણોત, નવી અવિભાજ્ય શરત માટે રૂ.૫ કરોડથી વધુની જમીનોની પણ કલેકટરને મંજૂરીની સત્તા

- ✓ ગુજરાતમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર (પ્રસપ)ની જમીનને બિનખેતીમાં રૂપાંતરણ કરવામાં આવે ત્યારે આવી જમીનને જૂની શરતમાં ફેરવવી પડે છે.
- ✓ અત્યાર સુધી આવી જમીનનું જંત્રી અનુસાર મૂલ્ય રુપિયા પાંચ કરોડ સુધી હોય તો પ્રીમિયમ સંદર્ભે નિર્ણય કરવાનો અધિકાર કલેક્ટર પાસે રહેતો હતો.
- ✓ મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવેલા એક ઠરાવથી આ પ્રક્રિયામાં **કલેક્ટરોની સત્તા રૂ. ૫ કરોડથી વધારીને રૂ.૧૫ કરોડ કરવામાં આવી** છે.
- ✓ ઠરાવમાં જણાવ્યા મુજબ ગણોતધારા સહિતની નવી અને અવિભાજ્ય શરતની જમીન ખેતી તેમજ બિનખેતી હેતુ માટે જૂની શરતમાં ફેરવતી વખતે પ્રીમિયમ લેવા માટે અગાઉના ઠરાવની જોગવાઈ મુજબ જંત્રી પ્રમાણે રૂ. ૫ કરોડથી વધારે મૂલ્યાંકનના કેસોના પ્રકરણોમાં સરકારની પૂર્વ મંજૂરી અનિવાર્ય હતી.
- ✓ પ્રીમિયમ અંગેના કેસોનો સમય મર્યાદામાં નિકાલ થાય તે માટે કલેક્ટરોને મૂલ્યાંકનની પ્રવર્તમાન રૂ. ૫ કરોડની સત્તામાં વધારો કરવાની બાબત સરકારમાં વિચારા હેઠળ હતી.
- ✓ જે અન્વયે હવેથી જંત્રી મુજબ થતા મૂલ્યાંકન પ્રમાણે રૂ.૧૫ કરોડ સુધીના મૂલ્યાંકન અંગેની સત્તા જિલ્લા કલેકટરને રહેશે.
- ✓ **રૂ.૧૫ કરોડથી વધારે મૂલ્યાંકન થતું હોય તેવા પ્રકરણો સરકારની પૂર્વમંજૂરી અર્થે ગાંધીનગર, મોકલવા પડશે.**
- ✓ આ નિર્ણયથી હવે રૂ.૧૫ કરોડ સુધીની કેસમાં કલેક્ટર સ્તરે જ નિર્ણય થશે.
- ✓ **અગાઉ રૂ. ૫ કરોડથી વધુ મૂલ્યની જમીનના બિનખેતીના કિસ્સામાં હિતધારકોને ગાંધીનગર આવવું પડતું હતું**
- ✓ રૂ.૧૫ કરોડ સુધીના અધિકાર પ્રાપ્ત થતા જિલ્લા કક્ષાએ જ બિનખેતીના કેસોના નિકાલ પણ ઝડપી થશે.
- ✓ NA : નોન એગ્રીકલ્ચર (બિનખેતી)

## ૨. કોરોના મહામારી (આરોગ્ય)

**ન્યૂઝીલેન્ડ કોરોના મુકત : તમામ નિયંત્રણો હટાવાયા લૉકડાઉન ખોલનારો વિશ્વનો પ્રથમ દેશ**

- ✓ લોકડાઉન તા. 25 માર્ચથી
- ✓ કુલ 75 દિવસ લૉકડાઉન
- ✓ કુલ વસતી - 50 લાખ
- ✓ વડાપ્રધાન : જેસિન્ડા આર્ડન
- ✓ રાજધાની : વેલિંગ્ટન

## 3. વર્લ્ડ બેંક : ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ (આર્થિક)

**અનુમાન:** નાણાકીય વર્ષ 2020-21 ભારતના GDPમાં 3.2 ટકાનો ઘટાડો થવાનો અનુમાન

- ✓ વર્ષ 2019-20માં ભારતનો GDP 4.2 ટકા

**અન્ય આંકડાકીય વિગતો વિગતો :**

- ✓ વર્લ્ડ બેંકે પોતાના તાજેતરના ગ્લોબલ-ઇકોનોમિક પ્રોસ્પેક્ટમાં ચાલુ નાણાકીય-વર્ષમાં ભારતના આર્થિક વિકાસના અંદાજમાં મોટા પાયે ઘટાડો કર્યો છે.
- ✓ જો કે ૨૦૨૧માં ભારતીય અર્થતંત્ર ફરીથી બેઠું થઇ જશે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો વિકાસ દર ૪.૨ ટકા રહ્યો હતો.
- ✓ જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતના વિકાસ દરમાં ૩.૨ ટકાનો ઘટાડો જોવા મળશે.
- ✓ વર્લ્ડ બેંકે વધુમાં જણાવ્યું છે કે ભારતને મંદીમાંથી બહાર લાવવા માટે ભારત સરકાર દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા.
- ✓ જો કે આ પગલા લેવામાં આવ્યા પછી પણ ચાલુ નાણાકીય વર્ષ આર્થિક રીતે પડકારજનક બની રહેશે.

**ભારતનો જીડીપી :**

- ✓ **નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ - ૪.૨ ટકા**
- ✓ **૨૦૧૮-૧૯ - ૬.૧ ટકા        ૨૦૧૭-૧૮ - ૭.૦ ટકા.**

## ૪. ભારત-નેપાળ સંબંધો વિદેશ નીતિ

નેપાળમાં વર્ષ 2015ના ભૂકંપમાં તૂટી ગયેલી શાળાઓ ભારતે 184 કરોડના ખર્ચે નવી બનાવી આપશે

**વર્ષ 2015માં કરાર થયો હતો**

- ✓ ભારતની સેન્ટ્રલ બિલ્ડિંગ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટની ડિઝાઈનના આધારે ૧૮૪ કરોડ રૂપિયાના ખર્ચે સાત જિલ્લા - ગોરખા, નવાકોટ, ધડિંગ, દોલાખા, રામીચીપ, કવરીપેલેનચોક અને સિંધપેલેચોકમાં ૫૬ ઉચ્ચ માધ્યમિક શાળાઓની બિલ્ડિંગ બાંધી આપશે.

## ૫. ભારતીય વાયુ સેના (સેવા)

**કોરોનાના દર્દીઓ માટે IAF વિશિષ્ટ 'એરબોર્ન રેસ્ક્યુ પૉડ' તૈયાર કરાયું**

- ✓ હેતુ: દેશના દુર્ગમ પ્રદેશો તેમજ દૂર સુદૂરના વિસ્તારોમાં રહેતા કોરોના સહિતના ચેપી રોગો સામે લડતાં તેમજ ગંભીર બિમારી ધરાવતા દર્દીઓને એર લિફ્ટ કરી હોસ્પિટલમાં પહોંચાડવાના હેતુથી

## ૬. જન્મ દિન વિશેષ : 8 જૂન

**તું તારો દીવો થા : જયભિખ્ખુ**

જન્મ – 8 જૂન-1908    અવસાન – 24 ડિસેમ્બર-1969

ગુજરાતી સાહિત્ય જગતમાં "જયભિખ્ખુ"ના નામે પસિદ્ધ થયેલા બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈનો આજે જન્મદિવસ.

- ✓ રાજકોટ જિલ્લાના વીંછિયામાં મોસાળમાં તેમનો જન્મ થયો હતો.
- ✓ બાલાભાઈએ વરસોડા, બોટાદ, વિજાપુર અને અમદાવાદમાં શિક્ષણ લીધું હતું.
- ✓ તેમનું બાળપણનું નામ ભીખાલાલ હતું અને પત્નીનું નામ વિજયાબેન.
- ✓ તેમાંથી પત્ની વિજયાબેનમાંથી "જય" અને પોતાના નામમાંથી "ભિખ્ખુ" લઇ ઉપનામ જયભિખ્ખુ રાખ્યું.
- ✓ જૈન ધર્મના વિદ્યાધામ શિવપુરીમાંથી તર્કભૂષણ અને ન્યાયતીર્થની પદવીઓ હાંસલ કરી હતી.
- ✓ જયભિખ્ખુએ ૩૫ વર્ષની લેખન કારકિર્દીમાં વાર્તા, નવલકથા, ચરિત્રો, બાળસાહિત્ય, રેડીયો નાટક વગેરેને લગતા 300 કરતા વધુ પુસ્તકો લખ્યા છે.
- ✓ તેમાં મંત્રીશ્વર વિમલ, ભાગ્યવિધાતા, કામવિજેતા, પ્રેમભક્ત કવિ વિજય, ભારત બાહુબલિ, દિલ્હીશ્વર, નરકેસરી, સંસારસેતુ, કંચન અને કામિની, માદરે વતન, યાદવાસ્થળી, કાજળ અને અરીસો, મનઝરૂખો, કન્યાદાન, પગનું ઝાંઝર, રસિયો વાલમ, વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ પુરાણ અને ઇતિહાસમાં પડેલા વિરલ અને વિશિષ્ઠ ચરિત્રોનો મહિમા એ જયભિખ્ખુના સાહિત્યસર્જનની વિશેષતા છે.
- ✓ જયભિખ્ખુને 1948ના વર્ષે કુમારચંદ્રક પ્રાપ્ત થયો હતો.
- ✓ વર્તમાન ગુજરાતી સાહિત્યકાર-લેખક ડૉ. કુમારપાળ દેસાઈના પિતા એટલે જયભિખ્ખુ
- ✓ જયભિખ્ખુનું 24 ડિસે.1969ના રોજ અવસાન થયું હતું.

1. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા કેટલા કરોડ સુધીની પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનને બિનખેતી કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રીને આપી- <u>રૂ.15 કરોડ</u>
2. ગુજરાતમાં અગાઉ કેટલા કરોડ સુધીની પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનને બિનખેતી કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રી પાસે હતી- <u>રૂ. 5 કરોડ</u>
3. ગણોત, નવી અવિભાજ્ય શરતમા કેટલા કરોડથી વધુની જમીનોની પણ જિલ્લા કલેકટરશ્રીને સતા અપાવામાં આવી- <u>રૂ.5 કરોડ</u>
4. મહેસૂલી ભાષામાં NA એટલે શું - **<u>નોન એગ્રીકલ્ચર (બિનખેતી)</u>**
5. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો- **<u>શ્રી કૌશિકભાઈ પટેલ</u>**
6. તા. 8 જૂન 2020ની સ્થિતિએ કોરોના મુક્ત જાહેર કરનાર વિશ્વનો પહેલો દેશ જણાવો- **<u>ન્યુઝીલેન્ડ</u>**
7. ન્યુઝીલેન્ડના વડાપ્રધાન અને રાજધાનીનું નામ જણાવો - **<u>જેસિન્ડા આર્ડન અને વેલિંગ્ટન</u>**
8. વર્લ્ડ બેંકના જૂન 2020ના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ મુજબ નાણાકીય વર્ષ 2020-21માં ભારતના જીડીપીમાં કેટલા ટકાનો ઘટાડો થવાનો અનુમાન છે- <u>3.2%</u>
9. વર્ષ 2019-20માં ભારતનો GDP કેટલા ટકા હતો - <u>4.2</u>
10. વર્ષ 2017-18નો ભારતનો GDP જણાવો- <u>7 ટકા</u>
11. વર્ષ 2018-19નો ભારતનો GDP જણાવો- <u>6.1 ટકા</u>
12. તાજેતરમાં ભારતે વર્ષ 2015માં કયા દેશમાં ભૂકંપ વખતે તૂટી ગયેલી 56 શાળાઓને રૂપિયા 184 કરોડના ખર્ચે તૈયાર કરવાના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે - **<u>નેપાળ</u>**
13. દૂર-સુદૂરના ગંભીર અને કોરોનાના દર્દીઓને ભારતીય વાયુ સેના દ્વારા એરલિફ્ટ કરવા કયું એક ખાસ વિમાન તૈયાર કરાયું છે- **<u>'એરબોર્ન રેસ્ક્યુ પોડ'</u>**
14. ગુજરાતી સાહિત્ય જગતમાં "જયભિખ્ખુ"ના નામે પસિદ્ધ થયેલા લેખકનું પુરૂ નામ જણાવો - **<u>બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈ</u>**
15. ગુજરાતી સાહિત્યના લેખક બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈએ "જયભિખ્ખુ" ઉપનામ શાના પરથી રાખ્યું હતુ - **<u>પત્ની વિજયાબેનમાંથી "જય" અને પોતાના નામમાંથી "ભિખ્ખુ" લઇ ઉપનામ જયભિખ્ખુ રાખ્યું</u>**
16. ગુજરાતી લેખક "જયભિખ્ખુ"નો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - **<u>8 જૂન-1908 તથા રાજકોટ જિલ્લાના વિંછિયામાં</u>**
17. સાહિત્યકાર જયભિખ્ખુને કયા વર્ષે કુમારચંદ્રક પ્રાપ્ત થયો હતો – <u>વર્ષ-1948</u>
18. વર્તમાન ગુજરાતી સાહિત્યકાર-લેખક ડૉ. કુમારપાળ દેસાઈના પિતાનું નામ જણાવો – **<u>"જયભિખ્ખુ"</u>**

**DATE : 09-06-2020**

## <u>૧. ભારત – ચીન સરહદી વિવાદ (વિદેશ નીતિ)</u>




- ✓ વિસ્તાર : ગાલવાન ઘાટી, પૂર્વ લદ્દાખ
- ✓ <u>પરિણામ:</u> ભારતના કડક વલણ બાદ ચીને પૂર્વ લદ્દાખના ત્રણ સ્થળેથી સેનાને ૨.૫ કિ.મી. પાછળ ખસેડી
- ✓ ચીનના સૈનિકોએ ગાલવાન વેલી, પેટ્રોલિંગ પોઈન્ટ-૧૫ અને હોટ સ્પ્રિંગ એરિયામાંથી પીછેહઠ કરી છે અને ૨ થી ૨.૫ કિમી પાછા હટ્યાં છે.
- ✓ ૬ જૂને બંને દેશના લેફ્ટનન્ટ જનરલ કક્ષાના અધિકારીઓ વચ્ચેની વાતચીતનું આ પરિણામ છે.
- ✓ આ અઠવાડિયે પણ આ ત્રણ સ્થળો સહિત લદાખના જુદાજુદા પોઈન્ટ ખાતે મિટિંગ યોજાવાની છે.

## <u>૨. કોરોના મહામારી : વૈશ્વિક અસરો (આરોગ્ય)</u>

**<u>(૧) રેમન મેગ્સેસે એવોર્ડ ૬૦ વર્ષમાં ત્રીજી વખત રદ કરાયો</u>**

- ✓ એશિયામાં જેની નોબલ પ્રાઈસ તરીકે ગણના થાય છે તે રેમન મેગ્સેસે એવોર્ડ આ વખતે ૬૦ વર્ષ પછી ત્રીજીવાર રદ કરવામાં આવ્યો છે.
- ✓ ફિલિપાઈન્સનાં મનિલામાં આ કાર્યક્રમ યોજાઈ છે.

**<u>(૨) UNGA - ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત વિશ્વનાં નેતાઓ UNGAની બેઠકમાં હાજર રહેશે નહીં.</u>**

- ✓ ન્યૂયોર્કમાં ૧૫ મી સપ્ટેમ્બરથી જનરલ એસેમ્બલીની મિટિંગ યોજાવાની છે.
- ✓ <u>UNGA:</u> યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી

## <u>૩. ઈનર વર્લ્ડ મ્યુઝિક આલબમ (કલા-સંગીત)</u>

- ✓ બૌદ્ધ ધર્મના આધ્યાત્મિક ધર્મગુરૂ દલાઈ લામા(તિબેટ)નું પ્રથમ મ્યુઝિક આલ્બમ 'ઈનર વર્લ્ડ' ૬ જૂલાઈએ લોન્ચ

**<u>આલ્બમ વિષયવસ્તુ :</u>**

- ✓ તેમના મંત્રો અને પ્રાર્થનાઓને સંગીત સાથે રાગબદ્ધ કરાયા
- ✓ **વિશેષતા:** ૬ જૂલાઈ દલાઈ લામાનો ૮૫મો જન્મ દિવસ

૪. વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સ(પર્યાવરણ)

**ક્રમ અને દેશ**

- ✓ 01 – ડેન્માર્ક 12 – જાપાન
- ✓ 24 – USA 120 – ચીન
- ✓ 168 – ભારત

કુલ દેશ : 180 કુલ માપદંડ : 32

- ✓ **સંસ્થા:** યેલ અને કોલમ્બિયા યુનિવર્સિટી USA

૫. IISC - બેંગ્લુરૂ : કોરોના સંક્રમણ અંગે અહેવાલ (આરોગ્ય)

- ✓ ભારતમાં કોરોનાનો ચેપ યુરોપ, મધ્ય પૂર્વ એશિયા અને દક્ષિણ એશિયાઈ વિસ્તારમાંથી આવ્યો હતો
- ✓ ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના લેટેસ્ટ સ્ટડીમાં જણાવ્યા મુજબ ભારતમાં કોરોના ચીનથી નહીં પણ યુરોપ, મધ્ય પૂર્વ, ઓશિનિયા તથા દક્ષિણ એશિયાઈ વિસ્તારોમાંથી આવ્યો છે.
- ✓ આ દેશોમાંથી સૌથી વધુ લોકો ભારત આવ્યા. વિજ્ઞાનીઓએ જીનોમિક્સ સ્ટડીના આધારે આ દાવો કર્યો છે.

**ભારતમાં કોરોના ક્યારે આવ્યો :**

- ✓ જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૦

૬. દિન વિશેષ : ૯ જૂન

(૧) મહાન અંગ્રેજી નવલકથાકાર-સાહિત્યકાર ચાર્લ્સ ડિકન્સની ૧૫૦મી પૂણ્યતિથિ

જન્મ – ૭ ફેબ્રુઆરી-૧૮૧૨ અવસાન – ૯ જૂન-૧૮૭૦

- ✓ UKમાં મધ્યમવર્ગની સમસ્યાઓ નવલકથામાં રજૂ કરનાર સર્જક
- ✓ ખાસ :૧૯મી સદીનો સમયગાળો UKમાં વિક્ટોરિયન યુગ તરીકે ઓળખાય છે.

(૨) દિન વિશેષ : ૯ જૂન

રાજવી કવિ કલાપીની પૂણતિથિ

- ✓ ગોહિલ સુરસિંહજી તખ્તસિંહજી, ઉપનામ - 'કલાપી'
- ✓ જન્મ : ૨૬-૧-૧૮૭૪ અવસાન : ૯-૬-૧૯૦૦
- ✓ કવિ, પ્રવાસ લેખક.
- ✓ જન્મ લાઠી (જિ.અમરેલી)ના રાજકુટુંબમાં.
- ✓ ૧૮૮૨ થી ૧૮૯૦ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાથમિક શિક્ષણ, જે આંખોની તકલીફ, રાજ્કીય ખટપટોને કૌટુંબિક કલશોને કારણે એ વખતના અંગ્રેજી પાંચમા ધોરણ આગળ અટક્યું.
- ✓ દરમિયાન ૧૮૮૯માં રોહા (કચ્છ)નાં રાજબા (રમા) તથા કોટડા સાંગાણીનાં આનંદીબા સાથે લગ્ન.
- ✓ પિતા અને મોટાભાઈના અવસાનથી સગીર વયે જ ગાદીવારસ ઠરેલા એમને ૧૮૯૫માં લાઠી સંસ્થાનનું રાજપદ સોંપાયું.
- ✓ રમા સાથે આવેલી ખવાસ જાતિની દાસી મોંઘી (પછીથી શોભના) પર ઢળેલી વત્સલતા એને કેળવવા જતાં સધાયેલી નિકટતાને કારણે ગાઢ પ્રીતિમાં પરિણમી અને એમના આંતરબાહ્ય જીવનમાં ખળભળાટ મચી ગયો.
- ✓ ઘણા સાંસારિક, માનસિક, વૈચારિક સંઘર્ષોને અંતે એમણે ૧૯૮૯માં શોભના સાથે લગ્ન કર્યું.
- ✓ ઋજુ અને સંવેદનશીલ પ્રકૃતિના આ કવિ પ્રાપ્ત રાજધર્મ બજાવવા છતાં રાજસત્તા અને રાજકાર્યમાં પોતાની જાતને ગોઠવી ન શક્યા. છેવટે ગાદીત્યાગનો દ્રઢ નિર્ધાર કરી ચૂકેલા કલાપીનું છપ્પનિયા દુકાળ વખતે લાઠીમાં અવસાન થયું.

**નોંધપાત્ર સર્જનો :**

- ✓ ૧૮૯૨ થી ૧૯૦૦ સુધીની એમની સર્વ કાવ્યરચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે ૧૯03માં મરણોત્તર પ્રકાશન થયું.
- ✓ કલાપીનો કાવ્યકલાપ , હમીરજી ગોહિલ (દીર્ઘકાવ્ય), કાશ્મીરનો પ્રવાસ, સ્વીડનબોર્ગનો ધર્મ વિચાર,હ્રદયત્રીપૂટી
- ✓ 'રાજવી કવિ કલાપી' નામનું એમનાં જીવન વિશેનું પુસ્તક.
- ✓ એમના નામથી આઈ.એન.ટી નો 'કલાપી એવોર્ડ' - ગઝલ માટે આપવામાં આવે છે.
- ✓ 1997થી કલાપી એવોર્ડ આપવાની શરૂઆત કરવામાં આવી છે.
- ✓ ૧૯૬૬માં ગુજરાતી ચલચિત્ર 'કલાપી' બનાવાયું જેમાં અભિનેતા સંજીવ કુમારે કલાપીની ભૂમિકા ભજવેલી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૬-૨૦૨૦)

1. ભારતના કડક વલણ બાદ કયા સરહદી પ્રદેશમાંથી ચીની સેનાને 2.5 કિમી પરત ખસવું પડ્યું- **ગાલવાન ઘાટી**

2. ભારતમાં ગાલવાન ઘાટી સરહદી વિસ્તાર ક્યાં આવેલો છે - **પૂર્વ લદાખ**
3. આગામી સમયમાં યોજાનાર UNGAની બેઠકમાં વૈશ્વિક કોરોના મહામારીને કારણે કેટલા વર્ષના ઇતિહાસમાં પ્રથમ વાર કોઇ નેતા હાજર રહેશે નહિ- **75 વર્ષે**
4. UNGAની બેઠક આગામી સમયમાં ક્યારે યોજાશે- **15 સપ્ટેમ્બર 2020**
5. UNGAનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી**
6. UNGA-2020ની આગામી બેઠક યોજાશે - **ન્યૂયોર્ક**
7. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યાર સુધી 60 વર્ષના ઇતિહાસમાં "રેમન મેગ્સેસે એવોર્ડ" આ વર્ષે પણ કેટલામી વખત રદ કરાયો - **ત્રીજી વખત**
8. "રેમન મેગ્સેસે એવોર્ડ" કયા દેશ દ્વારા આપવામાં આવે છે - **ફિલીપાઇન્સ**
9. એશિયાના નોબલ પ્રાઈઝ તરીકે કયો પુરસ્કાર ઓળખાય છે- **"રેમન મેગ્સેસે એવોર્ડ"**
10. "ઈનર વર્લ્ડ"મ્યુઝિક આલ્બમ કોના દ્વારા તૈયાર કરાયો છે - **બૌદ્ધ ધર્મ ગુરૂ દલાઈ લામા**
11. "ઈનર વર્લ્ડ" મ્યુઝિક આલ્બમનું વિષયવસ્તુ જણાવો- **દલાઈ લામાના મંત્રો અને પ્રાર્થનાઓને સંગીત સાથે રાગ બદ્ધ કરાયા**
12. બૌદ્ધ ધર્મ ગુરૂ દલાઈ લામાનો જન્મ દિવસ જણાવો - **6 જુલાઈ**
13. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સ મુજબ પ્રથમ ક્રમનો દેશ જણાવો – **ડેન્માર્ક**
14. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો – **૧૬૮**
15. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સમાં જાપાન, USA અને ચીનનો ક્રમ જણાવો – **અનુક્રમે ૧૨, ૨૪ અને ૧૨૦**
16. જૂન-૨૦૨૦ વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સમાં કેટલા દેશનો સમાવેશ કરાયો છે – **૧૮૦**
17. વૈશ્વિક પર્યાવરણ ઈન્ડેક્સ કોના દ્વારા તૈયાર કરાયો છે - **યેલ અને કોલમ્બિયા યુનિવર્સિટી USA**
18. કોના અહેવાલમાં ભારતમાં કોરોનાનો ચેપ યુરોપ, મધ્ય પૂર્વ એશિયા અને દક્ષિણ એશિયાઈ વિસ્તારમાંથી આવ્યો હોવાનું તારણ નીકળ્યુ છે - **IISC – બેંગ્લુરૂ**
19. IISCનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ**
20. ભારતમાં કોરોનાનો પ્રવેશ ક્યારે થયો હતો - **જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૦**
21. કયા અંગ્રેજી નવલકથાકાર-સાહિત્યકારની ૧૫૦મી પૂણ્યતિથિ ઉજવાઈ રહી છે - **ચાર્લ્સ ડિકન્સ**
22. અંગ્રેજી નવલકથાકાર-સાહિત્યકાર ચાર્લ્સ ડિકન્સનો જન્મ તથા અવસાન દિવસ જણાવો - **૭ ફેબ્રુઆરી-૧૮૧૨ તથા ૯ જૂન-૧૮૭૦**
23. UKમાં ૧૯મી સદીનો સમયગાળો કયા યુગ તરીકે ઓળખાય છે - **વિક્ટોરિયન યુગ**
24. પંડિતયુગના જાણીતા રાજવી કવિનું નામ જણાવો – **કલાપી**
25. કવિ કલાપીનું મૂળનામ જણાવો - **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ**
26. કવિ કલાપીનો જન્મ કયાં અને ક્યારે થયો હતો – **તા.૨૬-૧-૧૮૭૪ તથા લાઠી(અમરેલી)**
27. કવિ કલાપીના સર્વ કાવ્યસંગ્રહનું નામ જણાવો – **'કલાપીનો કેકારવ'**
28. કલાપીનો કેકારવ કાવ્યસંગ્રહનું કોણે પ્રકાશિત કર્યો હતો – **કવિ કાન્ત**
29. કવિ કાન્તે ક્યા વર્ષમાં કલાપીનો કેકારવ કાવ્યસંગ્રહ પ્રકાશિત કર્યો હતો – **૧૯૦૩માં મરણોત્તર**
30. કવિ કલાપીના જીવન વિશેના પુસ્તકનું નામ જણાવો – **'રાજવી કવિ કલાપી'**
31. ગુજરાતી સાહિત્યમાં કલાપી એવોર્ડ કોના દ્વારા આપવામાં આવે છે – **આઈ.એન.ટી. સંસ્થા દ્વારા**
32. ગુજરાતી સાહિત્યમાં ક્યા ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન બદલ કલાપી એવોર્ડ આપવામાં આવે છે – **ગઝલ**
33. ગુજરાતી સાહિત્યમાં ગઝલ ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન બદલ અપાતો કલાપી એવોર્ડની શરૂઆત કયારથી થયો – **વર્ષ-૧૯૯૭**
34. ગુજરાતી ચલચિત્ર 'કલાપી' કયારે બન્યુ હતુ કે જેમાં અભિનેતા સંજીવ કુમારે કલાપીની ભૂમિકા ભજવેલી – **વર્ષ-૧૯૬૬**

१. કોરોના મહામારી : વૈશ્વિક અસરો (આર્થિક)

✓ **UNનો અહેવાલ:** કોરોનાને કારણે આ વર્ષે-૨૦૨૦માં વધુ ૪.૯ કરોડ લોકો અતિ ગરીબીનો ભોગ બનશે

**અન્ય તારણો :**

UN મહામંત્રી એન્ટોનિયો ગુટરેસના નિવેદનો

✓ વૈશ્વિક GDPમાં ૧ ટકાના ઘટાડા સાથે ૭ લાખ બાળકોનો વિકાસ રૂંધાશે

✓ ખાદ્ય સુરક્ષા પર એક નીતિ જાહેર કરતાં તેમણે કહ્યું કે, દુનિયાની ૭.૮ અબજ વસ્તીને ભોજન માટે પૂરતાથી વધુ આહાર ઉપલબ્ધ છે.

✓ પરંતુ વર્તમાનમાં ૮૨ કરોડથી વધુ લોકો ભૂખમરાનો શિકાર બન્યા છે અને પાંચ વર્ષથી ઓછી વયના લગભગ ૧૪.૪ કરોડ બાળકોનો પણ વિકાસ થતો નથી.

✓ એન્ટોનિયો ગુટરેસે વિશ્વના દેશોને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તત્કાળ પગલાં ભરવા જણાવ્યું હતું.


✓ તેમણે ચેતવણી આપી હતી કે, જો તત્કાળ પગલાં ભરવામાં નહીં આવે તો સ્પષ્ટ છે કે ભીષણ વૈશ્વિક ખાદ્યાન્ન કટોકટી પેદા થવાનું જોખમ વધી રહ્યું છે.

✓ UN મહામંત્રી : એન્ટોનિયો ગુટરેસ

૨. એશિયાઈ સિંહ : 'પૂનમ અવલોકન' આધારિત વસતી ગણતરી ૨૦૨૦ – ગીર અભ્યારણ (વન્ય જીવ)

**ખાસ :** આ સત્તાવાર ગણતરી નહીં ગણાય

✓ વૈજ્ઞાનિક પરંપરાગત ગણતરી શકય ન હોવાથી પૂનમે તા. ૫ અને ૬ જૂને પૂનમ અવલોકન પદ્ધતિનો ઉપયોગ કરી ગણતરી કરી




**આંકડાકીય માહિતી :**

✓ વર્ષ-૨૦૨૦માં ગીરમાં સિંહોની સંખ્યા ૨૮.૮૭ ટકા એટલે અંદાજે ૨૯ ટકા વધીને કુલ-૬૭૪ થઈ

વિસ્તાર:

✓ સૌરાષ્ટ્રના ૯ જિલ્લાઓમાં ૩૦ હજાર ચોરસ કિલોમીટરમાં સિંહોના અવલોકનના આંકડા જાહેર

✓ છેલ્લાં ૩૦ વર્ષમાં સિંહોના રહેઠાણ વિસ્તારમાં ૨૩,૪૦૦ ચોરસ કિલોમીટરનો વધારો

✓ કુલ ૬૭૪માં ૧૬૧ નર, ૨૬૦ માદા, ૪૫ નર પાઠડા, ૪૯ માદા પાઠડા, ૨૨ વણ ઓળખાયેલા પાઠડા અને ૧૩૭ સિંહ બાળ

✓ છેલ્લાં પાચ વર્ષમાં સિંહનો વિસ્તાર ૩૬ ટકા વધી ગયો એટલે કે ૮ હજાર ચો.કિ.મી.નો વધારો થયો

**સિંહોની વસતી અને વિસ્તરણનું અવલોકન**

| વર્ષ | વસ્તી | વિસ્તરણ |
|---|---|---|
| ૧૯૯૦ | ૨૮૪ | ૬૬૦૦ ચો.કિલોમીટર |
| ૧૯૯૫ | ૩૦૪ | ૧૦૦૦૦ ચો.કિલોમીટર |
| ૨૦૦૧ | ૩૨૭ | ૧૨૦૦૦ ચો.કિલોમીટર |
| ૨૦૦૫ | ૩૫૯ | ૧૩૦૦૦ ચો.કિલોમીટર |
| ૨૦૧૦ | ૪૧૧ | ૨૦૦૦૦ ચો.કિલોમીટર |
| ૨૦૧૫ | ૫૨૩ | ૨૨૦૦૦ ચો.કિલોમીટર |
| ૨૦૨૦ | ૬૭૪ | ૩૦૦૦૦ ચો.કિલોમીટર |

કેવી રીતે થયું પૂનમ અવલોકન ?

✓ 5 જૂને બપોરે બે વાગ્યાથી 6 જૂન બપોરે બે વાગ્યા સુધી સિંહોનું પૂનમ અવલોકન કરવામાં આવ્યું હતું.

✓ આ કવાયતમાં 1400 કર્મચારીઓ જોડાયા હતા.

✓ 13 વિવિધ વિભાગ પાડવામાં આવ્યા.

✓ જીપીએસ સ્થાન, સમય, સિંહોની સંખ્યા, વ્યક્તિગત ઓળખ, ગુણ, રેડિયો કોર્સ નંબર, છબીઓ અને ઈ-ગુજ ફોરેસ્ટ ડેટા રેકોર્ડ કરવામાં આવ્યો હતો.

✓ જીઆઈએસ અને આંકડાકીય સોફ્ટવેરનો ઉપયોગ કરીને ડેટા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ પધ્ધતિને બીટ ચકાસણી (બ્લોક કાઉન્ટ મેથડ) તરીકે પણ ઓળખાય છે.

✓ દર પાંચ વર્ષે સિંહોની વસતી ગણતરી યોજાય છે

3. ભારત-નેપાળ સંબંધો (વિદેશ નીતિ)

ભારતના વિસ્તારને નેપાળે નવા નકશામાં પોતાનો ગણાવ્યો :

નવા નકશાને નેપાળની સંસદની મંજૂરી




- ✓ નેપાળની સંસદ પ્રતિનિધિ સભાએ નવા રાજકીય નક્શા માટે લવાયેલા બંધારણીય સુધારાને સર્વાનુમતે મંજૂરી આપી દીધી છે.
- ✓ નેપાળના વડાપ્રધાન કે.પી. ઓલીની સરકાર રાજકીય નક્શા અને એક નવા રાષ્ટ્રીય પ્રતીક ચિતને માન્યતા આપવાનો પ્રસ્તાવ પ્રતિનિધિ સભા સમક્ષ રજૂ કર્યો હતો.
- ✓ નેપાળની સંસદના નીચલા ગૃહ ચર્ચા વિચારણાં પછી તેને મંજૂરી આપી દીધી.
- ✓ નેપાળની સંસદે જે રાજકીય નશાને મંજૂરી આપી છે તેમાં ભારતના હિસ્સાના લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળનો હિસ્સો ગણાવાયો છે.

**ભારતનો વિરોધ :**

- ✓ ભારત સરકાર આ રાજકીય નક્શાને ફગાવી ચૂકી છે અને તેને નેપાળનું એકતરફી પગલું ગણાવતા તેનો અસ્વિકાર કર્યો હતો.

### ૪. સુજલામ સુફલામ જળ અભિયાન ત્રીજો તબક્કો પૂર્ણ : ગુજરાત સરકાર (જળ વ્યવસ્થાપન)

- ✓ ત્રીજો તબક્કો : તા. ૨૦ એપ્રિલ થી ૧૦ જૂન-૨૦૨૦




**ફલશ્રુતિ અને કામો :**

- ✓ કુલ ૧૦,૭૦૩ કામો દ્વારા ૨૯ લાખ શ્રમિકોને રોજગારી અપાઈ
- ✓ અભિયાનના પગલે છેલ્લા ત્રણ વર્ષમાં ૪૦,૬૨૮ લાખ ઘનફૂટ જળ સંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે.
- ✓ આ વર્ષે વિપરિત સંજોગોમાં પણ ૧૭,૦૭૫ લાખ ઘન ફુટ જળસંગ્રહ ક્ષમતા વધી છે.

**જળ અભિયાનનો સૌપ્રથમ પ્રારંભ અને સ્થળ :**

- ✓ તા. ૧લી મે-૨૦૧૮
- ✓ સ્થળ : કોસમડી, ભરૂચ

### ૫. બોયકોટ ચાઈના પ્રોડ્કટ (આત્મનિર્ભર ભારત)

**ભારતીય ગ્રાહકોને ગેરમાર્ગે દોરવા ચીને પ્રોડ્કટમાં મેઈડ ઈન PRC લખવાનું શરૂ કર્યું**

- ✓ ચીનનું સત્તાવાર નામ - પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના (PRC)
- ✓ **ષડયંત્ર:** ભારતમાં ચાલતી ચીની પ્રોડ્કટના બહિષ્કારની જનજાગૃતિની ઝુંબેશમાંથી આબાદ બચીને હલકી ગુણવત્તાનો સામાન પધરાવી દેવાનો ચીનનો નવો પેંતરો એટલે કે PRC

### ૬. દિન વિશેષ : ૮ જૂન

### વર્લ્ડ ઓશન ડે (વિશ્વ મહાસાગર દિવસ)

**થીમ-૨૦૨૦:** 'ઈનોવેશન ફોર અ સસ્ટેઈનેબલ ઓશન'

- ✓ **સંસ્થા :** યુનાઈટેડ નેશન્સ
- ✓ **ખાસ :** આ વર્ષની થીમ ખાસ કરીને UN ડિકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ જે વર્ષ-૨૦૨૧ થી ૨૦૩૦ સુધી ઉજવવામાં આવશે.
- ✓ **હેતુ:** માનવીય પ્રવૃત્તિને કારણે સમુદ્રમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધતું જાય છે. હિમશીલાઓ ઓગળતી જાય છે અને સમુદ્રની સપાટી સતત ઊંચી આવી રહી છે. આ વિશે જાગરુકતા લાવવા

### ૭. જન્મ દિન વિશેષ : ૧૦ જૂન

### ગોપાલક કેસરી : સુરાભાઈ પુનાભાઈ ભરવાડ

**જન્મ – ૧૦ જૂન-૧૯૧૭ અવસાન – ૩૦ ઓગસ્ટ-૨૦૦૮**

- ✓ આજે ગાંધીવાદી વિચારક મ. જો. પટેલ અને ગાંધીવાદી રચનાત્મક કાર્યકર સુરાભાઈ પુનાભાઈ ભરવાડનો જન્મદિવસ.
- ✓ અમદાવાદમાં ભરવાડ જ્ઞાતિમાં જન્મેલા સુરાભાઈ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ગાંધી પ્રભાવમાં આવ્યા અને જીવન આઝાદીના આંદોલન અને રચનાત્મક કાર્યો માટે સમર્પિત કર્યું હતું.
- ✓ સુરાભાઈના જીવનનું વિશેષ કાર્યક્ષેત્ર ભરવાડ સમાજમાં સુધારણા તથા ગાંધીવાદી રચનાત્મક કાર્યક્રમોમાં રહ્યું હતું.
- ✓ ગોપાલક સમાજ કુરિવાજોમાંથી મુક્ત થાય તે તેઓની પ્રાથમિકતા રહી હતી. તે દિશામાં વિદ્યાલયો અને છાત્રાલયો સ્થાપી સુરાભાઈએ ભગીરથ પ્રયાસો કર્યા હતા.
- ✓ ગુજરાત ગોપાલ શિક્ષણ સમિતિ, ભારત ગોપ જ્ઞાતિ મંડળ, શ્રી ગુજરાત ગોપાલક મંડળ, ગુજરાત ગોપાલક સેવા સંઘ, શ્રી ભાલ નળકાંઠા ગોપાલક મંડળ, શ્રી ગુજરાત સામાજિક સુધારા સમિતિ, ગુજરાત ગોપાલક વિકાસ મંડળ જેવી અનેક સંસ્થાની સ્થાપના અને સંવર્ધનમાં પણ સુરાભાઇનું યોગદાન રહ્યું હતું.

✓ ગુજરાતના ગોપાલક સમાજ વિષે સમાજમાં શાસ્ત્રીય સમજ ઉભી થાય તે માટે તેઓએ અનેક સંખ્યામાં પુસ્તકો અને સામયિકો પણ પ્રકાશિત કર્યા હતા.

✓ ગુજરાતના વંચિતોના વાણોતર સમા સુરાભાઈ ભરવાડનું 30 ઓગસ્ટ 2008ના રોજ અવસાન થયું હતું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૬-૨૦૨૦)

1. જૂન 2020ના યુનાઈટેડ નેશન્સના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે વર્ષ 2020માં વિશ્વમાં કેટલા લોકો અતિ ગરીબીનો ભોગ બનશે- **4.9 કરોડ**
2. યુનાઈટેડ નેશન્સના વર્તમાન મહામંત્રીનું નામ જણાવો- **એન્ટોનિયો ગુટરેસ**
3. યુનાઈટેડ નેશન્સના તાજેતરના અહેવાલ મુજબ વૈશ્વિક જીડીપીમાં એક ટકાનો ઘટાડો થાય તો કેટલા બાળકોના વિકાસ ઉપર ગંભીર અસર પડે - **7 લાખ**
4. તાજેતરમાં જૂન -2020માં એશિયાઇ સિંહોની ગણતરી કયા આધાર-પદ્ધતિથી કરવામાં આવી - **"પૂનમ અવલોકન"**
5. ગુજરાતમાં વનવિભાગ દ્વારા "પૂનમ અવલોકન" આધાર યોજાયેલી ગણતરીમાં ગીરના સિંહોની સંખ્યા કેટલા ટકા વધીને કુલ કેટલી થઈ છે - **28.87(29%) અને 674**
6. ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલ બિન સત્તાવાર સિંહોની વસતિ ગણતરીમાં કેટલા જિલ્લા અને કેટલા વિસ્તારને આવરી લેવાયો છે - **09 જિલ્લા અને 30 હજાર ચોરસ કિલોમીટર**
7. ગુજરાતમાં છેલ્લા 30 વર્ષમાં સિંહોના રહેઠાણ વિસ્તારમાં કેટલા ચોરસ કિલોમીટરનો વધારો થયો - **23,400**
8. ગુજરાતમાં છેલ્લા 05 વર્ષમાં સિંહોના રહેઠાણ વિસ્તારમાં કેટલા ચોરસ કિલોમીટરનો વધારો થયો - **8,000 (36%)**
9. ગુજરાતમાં દર કેટલા વર્ષે સિંહોની ગણતરી યોજાય છે – **5 વર્ષ**
10. ગુજરાતમાં વર્ષ 2015માં સત્તાવાર રીતે કેટલા સિંહ નોંધાયા હતા - **523**
11. તાજેતરમાં કયા દેશની સંસદે ભારતના અમુક વિસ્તારોને તેનામાં દર્શાવતા નવા નકશાને મંજૂરી આપી છે જેનો ભારતે સખત વિરોધ નોંધાવીને અસ્વીકાર કર્યો છે - **નેપાળ**
12. નેપાળની સંસદે તેના નકશામાં ભારતના કયા વિસ્તારને નેપાળનો હિસ્સો ગણાવ્યો છે - **લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા**
13. તાજેતરમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો કયો તબક્કો તા.10 જૂન 2020ના રોજ પૂર્ણ થયો - **ત્રીજો**
14. સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કાનો સમયગાળો જણાવો - **તા.20 એપ્રિલથી 10 જૂન 2020**
15. સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં લૉકડાઉન દરમિયાન કેટલાક કામો થકી કેટલા માનવદિન રોજગારીનું નિર્માણ થયું - **10,703 અને 29 લાખ માનવદિન**
16. સુજલામ સુફલામ જળ અભિયાનના કુલ ત્રણ તબક્કાથી ગુજરાતની જળસંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો - **40,628 લાખ ઘન ફુટ**
17. સુજલામ સુફલામ જળ અભિયાનનો સૌપ્રથમ પ્રારંભ ગુજરાતમાં ક્યારે અને ક્યાં થયો - **01 મે 2018 અને કોસમડી, ભરૂચ**
18. ચાઇના દ્વારા ભારતીય ગ્રાહકોને ગેર માર્ગે દોરવા તેની પ્રોડક્ટ ઉપર કયા નામનો ઉલ્લેખ કરે છે - **મેઈડ ઈન PRC**
19. ચાઇનાનું સત્તાવાર નામ PRCનો વિસ્તૃતનો અર્થ જણાવો - **પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના**
20. "વિશ્વ મહાસાગર દિવસ" ક્યારે ઉજવાય છે - **8 જૂન**
21. "વિશ્વ મહાસાગર દિવસ"-2020ની થીમ જણાવો - **"ઇનોવેશન ફોર અ સસ્ટેનેબલ ઓશન"**
22. UN ડીકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઉજવણી માટેનો દસકો જણાવો - **વર્ષ 2021થી 2030**
23. ગોપાલ કેસરી સુરાભાઈ પુનાભાઈ ભરવાડનો જન્મદિવસ જણાવો - **10 જૂન 1917**

DATE : 11-06-2020

## ૧.ભારતીય સુપ્રીમ કોર્ટ-નવી દિલ્હી (બંધારણ):

**અનામત અંગે મહત્વની સુનાવણી**

✓ બેન્ચ : જજ- એલ. નાગેશ્વર રાવ

**અનામત માત્ર કાયદો છે મૂળભૂત અધિકાર નથી**

વિગતવાર સુનાવણી :

✓ તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટેના ક્વૉટા પર અરજીઓનો નિકાલ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, અનામત માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર નથી.

✓ <u>જસ્ટિસ એલ નાગેશ્વર રાવના નેતૃત્વ હેઠળની બેન્ચે</u> જણાવ્યું હતું કે, કોઈ ભારતીય નાગરિક અનામતને મૂળભૂત અધિકાર હોવાનો દાવો કરી શકે નહીં.

✓ જો કોઈ નાગરિકને અનામતનો લાભ આપવામાં ન આવે તો તેના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન થાય છે તેમ ગણી શકાય નહીં.

✓ તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી વિદ્યાર્થીઓ માટે બેઠકો અનામત નહીં રાખીને તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરાતું હોવાનો દાવો કરતી અરજીઓની સુનાવણી કરતાં જસ્ટિસ એલ નાગેશ્વર રાવે જણાવ્યું હતું.

**<u>અનામત મૂળભૂત અધિકાર નથી તેથી આર્ટિકલ ૩૨ અંતર્ગત અરજી કરી શકાય નહીં : સુપ્રીમ</u>**

✓ સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે, અનામતના લાભ મૂળભૂત અધિકાર નથી ત્યારે આર્ટિકલ ૩૨ અંતર્ગત કરાયેલી અરજી કેવી રીતે ટકી શકે ?

✓ કોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે ?

✓ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોય ત્યારે જ આર્ટિકલ ૩૨ અંતર્ગત પડકાર આપી શકાય .'

**<u>શું છે સમગ્ર કેસ :</u>**

✓ સીપીઆઇ, ડીએમકે દ્વારા ૨૦૨૦-૨૧માં અંડર ગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટે ઓલ ઇન્ડિયા ક્વૉટામાં તામિલનાડુ દ્વારા સરન્ડર કરાયેલી બેઠકોમાં ૫૦ ટકા ઓબીસી અનામતની માગ કરતી પિટિશન દાખલ કરાઈ હતી.

✓ અરજકર્તાઓએ જણાવ્યું હતું કે, તામિલનાડુમાં ઓબીસી અનામત ૫૦ ટકા થવા જાય છે. તેથી તામિલનાડુ દ્વારા સરન્ડર કરાયેલી બેઠકોમાં મેડિકલ કોલેજમાં પ્રવેશ સમયે ઓબીસી ઉમેદવારોને ૫૦ ટકા અનામતનો લાભ મળવો જોઈએ.

✓ ઓબીસી ઉમેદવારોને અનામત અંતર્ગત પ્રવેશનો ઇનકાર તેમના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. તેથી NEET અંતર્ગતના કાઉન્સેલિંગ પર મનાઇહુકમ આપવામાં આવે.

## <u>૨. NIRF-૨૦૨૦: ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું રેન્કિંગ જાહેર (શિક્ષણ)</u>

**<u>કેટેગરી મુજબ દેશની પ્રથમ ક્રમની શિક્ષણ સંસ્થાઓ (કુલ-૧૦ કેટગરી)</u>**

ઓવરઓલ રેન્કિંગ : IIT-મદ્રાસ

✓ યુનિવર્સિટી : IISC-બેંગલુરૂ

✓ મેનેજમેન્ટ : આઇ.આઇ.એમ અમદાવાદ

✓ મેડીકલ : AIIMS-નવી દિલ્હી

✓ લૉ : નેશનલ લો સ્કૂલ ઇન્ડિયા યુનિવર્સિટી - બેંગ્લુરૂ

✓ શ્રેષ્ઠ કોલેજ : મિરિન્ડા હાઉસ-દિલ્હી

✓ પ્રથમવાર ડેન્ટલ કેટેગરીનો સમાવેશ : મૌલાના આઝાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેન્ટલ સાયન્સિસ-દિલ્હી

✓ આર્કિટેક્ચર : ખડકપુર (પશ્ચિમ બંગાળ)

✓ ઇજનેરી : IIT-મદ્રાસ

✓ ફાર્મસી : જામિયા હમદર્દ-નવી દિલ્હી

✓ રેન્કિંગ આપવાનો પ્રારંભ : વર્ષ ૨૦૧૬થી

**<u>ગુજરાતની સંસ્થાઓનું રેન્કિંગ કોષ્ટક</u>**

| ૨૦૨૦ રેન્ક | કોલેજ-યુનિવર્સિટી | શહેર | કેટેગરી | ૨૦૧૯ની રેન્ક |
|---|---|---|---|---|
| 35 | આઈઆઈટી | ગાંધીનગર | ઓવરઓલ | 51 |
| 60 | ગુજરાત યુનિવર્સિટી | અમદાવાદ | ઓવરઓલ | 0 |
| 44 | ગુજરાત યુનિવર્સિટી | અમદાવાદ | યુનિવર્સિટી | 0 |
| 24 | આઈઆઈટી | ગાંધીનગર | એન્જિનિયરિંગ | 24 |
| 54 | SVNIT | સુરત | એન્જિનિયરિંગ | 58 |
| 111 | DAIICT | ગાંધીનગર | એન્જિનિયરિંગ | 91 |
| 116 | એમ.એસ.યુનિવર્સિટી | વડોદરા | એન્જિનિયરિંગ | 137 |
| 131 | નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | એન્જિનિયરિંગ | 136 |
| 177 | પીડીપીયુ | ગાંધીનગર | એન્જિનિયરિંગ | 0 |
| 193 | ધર્મસિંહ દેસાઈ યુનિ. | નડિયાદ | એન્જિનિયરિંગ | 0 |
| 1 | આઈઆઈએમ | અમદાવાદ | મેનેજમેન્ટ | 2 |
| 44 | નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | મેનેજમેન્ટ | 40 |
| 72 | ઈરમા | આણંદ | મેનેજમેન્ટ | 51 |
| 74 | પીડીપીયુ | ગાંધીનગર | મેનેજમેન્ટ | 0 |
| 8 | નાઈપર | ગાંધીનગર | ફાર્મસી | 9 |
| 14 | એમ.એસ. યુનિવર્સિટી | વડોદરા | ફાર્મસી | 17 |
| 17 | નિરમા યુનિવર્સિટી | અમદાવાદ | ફાર્મસી | 21 |
| 45 | એલ.એમ. કોલેજ ઓફ ફાર્મસી | અમદાવાદ | ફાર્મસી | 31 |
| 24 | પી.ડી.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ | ચાંગા | કોલેજ | 26 |
| 59 | સેન્ટ ઝેવિયર્સ કોલેજ | અમદાવાદ | કોલેજ | 56 |
| 7 | ગુજરાત નેશનલ લો યુનિ. | ગાંધીનગર | લો | 9 |
| 4 | સેપ્ટ યુનિવર્સિટી | અમદાવાદ | આર્કિટેક્ચર | 0 |

**<u>માપદંડ :</u>**

✓ ટીચિંગ, લર્નિંગ એન્ડ રિસોર્સિસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસિસ, રિઝલ્ટ અને પ્લેસમેન્ટ, વૈશ્વિક સ્તરે સંસ્થાની ભાગીદારી અને સંસ્થા અંગે લોકોની માન્યતા સામેલ.

✓ <u>NIRF :</u> નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક

✓ <u>**મંત્રાલય**</u> : માનવ સંસાધન વિકાસ

## <u>૩.પહેલ : રિવર્સ ક્વોરન્ટાઈન પદ્ધતિ (આરોગ્ય)</u>

**<u>આ પદ્ધતિનો અમલ કરનાર કેરળ રાજ્ય બાદ અમદાવાદ જિલ્લો બીજો</u>**

**<u>શું છે રિવર્સ ક્વોરન્ટાઈન પદ્ધતિ</u>**

- ✓ રીવર્સ ક્વોરન્ટાઈન સમાજના ચોક્કસ વય જુથના લોકોને અલિપ્ત કરવાની પ્રક્રિયા છે.
- ✓ સંક્રમણનો ખતરો વધુ હોય તેમને રીવર્સ ક્વોરન્ટાઈન કરવામાં આવે છે.
- ✓ વયોવૃદ્ધ લોકોને સંક્રમણનો સૌથી વધુ ખતરો હોય છે.
- ✓ આમ, વધુ વયના લોકો, કેન્સર, હાર્ટ, ઈમ્યુન સિસ્ટમ નબળી હોય, નાના બાળકો, સગર્ભા મહિલાઓના આ જુથમાં સમાવેશ થાય છે.
- ✓ આગોતરા આયોજનરૂપે રીવર્સ ક્વોરન્ટાઈન કરવામાં આવે છે.
- ✓ રિવર્સ ક્વોરન્ટાઈનની પદ્ધતિ અમલમાં મૂકનાર કેરળ રાજ્ય બાદ અમદાવાદ જિલ્લો દ્વિતીય બન્યો છે અને અમદાવાદ જિલ્લાની પહેલની કેન્દ્ર સરકારે નોધ લીધી છે.

## ૪. દિન વિશેષ : ૧૧ જૂન

## આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ

**થીમ-૨૦૨૦ : Dia Internacional De Sensibilizacion En Los Pasos a Nivel**

## ૫. જન્મ દિન વિશેષ : ૧૧ જૂન

## ક્રાંતિવીર : રામપ્રસાદ બિસ્મીલ

જન્મ : ૧૧ જૂન-૧૮૯૭ અવસાન : ૧૯ ડિસેમ્બર-૧૯૨૭

- ✓ **'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મૈ હૈ'** પ્રસ્તુત પ્રસિદ્ધ કાવ્ય પંક્તિના લેખક અને જાણીતા ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મીલનો આજે જન્મદિવસ.
- ✓ યુપીના શાહજહાંપુરમાં જન્મેલા રામપ્રસાદ ઘરમાં જ ઉચ્ચ દરજ્જાનું શિક્ષણ પામ્યા હતા.
- ✓ પિતા ઉર્દૂ શીખવા માટે મૌલવી પાસે મોકલતા.
- ✓ ભણવામાં અને ખાસ તો ભાષા શીખતી વખતે લાપરવાહી બદલ રામપ્રસાદ પિતાના હાથનો પુષ્કળ માર પણ ખાતા.
- ✓ યુવાવસ્થામાં જીવન આર્ય સમાજ માટે સમર્પિત કરવાનું નક્કી કર્યું ત્યારે પિતાએ ઘર અથવા આર્ય સમાજ એવા બે વિકલ્પો આપ્યા અને બિસ્મિલે આર્ય સમાજનો વિકલ્પ પસંદ કર્યો હતો.
- ✓ ભાઈ પરમાનંદની જન્મટીપની સજા વખતે રામપ્રસાદે 'મેરા જીવન' નામથી કવિતા લખી અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે ભણતર છોડી દીધું.
- ✓ રાજકીય વિચારસરણીમાં તેઓ લોકમાન્ય તિલકના ગાઢ અનુયાયી હતા.
- ✓ માતૃદેવી, શિવાજી સમિતિ જેવા ક્રાંતિકારી સંગઠનો પણ બનાવ્યા હતા.
- ✓ મૈનપૂરી અને કાકોરી હત્યાકાંડ બદલ રામપ્રસાદ બિસ્મીલને ગોરખપુર જેલમાં ફાંસીની સજા થઈ હતી.
- ✓ તેમના મૃત્યુનો આઘાત સહન ન થતા તેમના બહેને વિષ પી આત્મહત્યા કરી હતી.
- ✓ દેશવાસીઓના નામ સંદેશ અને આત્મકથા જેવા પુસ્તકો લખ્યા છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૬-૨૦૨૦)

1. જૂન-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટેના ક્વૉટા પર અરજીઓનો નિકાલ કરતાં અનામત અંગે કઈ મહત્વની ટીપ્પણી કરી - **અનામત માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર નથી**
2. તાજેતર જૂન 2020માં અનામત માત્ર કાયદો છે, મૂળભૂત અધિકાર નથી તેવી સુનાવણી સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચ દ્વારા કરવામાં આવી - **જજ એલ.નાગેશ્વર રાવ**
3. તામિલનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટેના ક્વૉટા પર અનામત અંગે ચૂકાદો આપતા સુપ્રીમ કોર્ટે કોઈ ભારતીય નાગરિક અનામતને કયો અધિકાર હોવાનો દાવો કરી શકે નહીં તેમ જણાવ્યું - **મૂળભૂત**
4. કોના દ્વારા વર્ષ:૨૦૨૦માં અંડર ગ્રેજ્યુએટ૨૧-, પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટે ઓલ ઇન્ડિયા ક્વૉટામાં તામિલનાડુ દ્વારા સરન્ડર કરાયેલી બેઠકોમાં ૫૦ ટકા ઓબીસી અનામતની માગ કરતી પિટિશન દાખલ કરાઈ હતી – **CPI, DMK**
5. મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઇ રહ્યું હોય તો જ બંધારણની કઈ કલમ અંતર્ગત કોર્ટમાં પડકારી શકાય- **32**
6. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું વર્ષે 2020નું રેન્કિંગ કયા નામથી જાહેર કરાયું- **NIRF**
7. NIRF-૨૦૨૦ ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં કુલ કેટલી કેટેગરીમાં રેન્કિંગ જાહેર કરાયા - **૧૦ કેટગરી**
8. ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાના NIRF-૨૦૨૦ ઓવરઓલ રેન્કિંગમાં પ્રથમ ક્રમે આવનાર સંસ્થાનું નામ જણાવો - **IIT-મદ્રાસ**

9. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં પ્રથમ ક્રમની યુનિવર્સિટીનું નામ જણાવો - IISC-બેંગલુરૂ
10. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં પ્રથમ ક્રમની મેનેજમેન્ટ સંસ્થાનું નામ જણાવો – IIM, અમદાવાદ
11. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં પ્રથમ ક્રમની મેડીકલનું નામ જણાવો - AIIMS-નવી દિલ્હી
12. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં પ્રથમ ક્રમની લૉ સ્કૂલનું નામ જણાવો- નેશનલ લો સ્કૂલ ઇન્ડિયા યુનિવર્સિટી-બેંગ્લુરૂ
13. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં શ્રેષ્ઠ કોલેજનું નામ જણાવો – મિરિન્ડા હાઉસ-નવી દિલ્હી
14. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં પ્રથમવાર કઈ કેટેગરીનો સમાવેશ કરાયો – ડેન્ટલ
15. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં ડેન્ટલ કેટેગરીમાં પ્રથમ ક્રમની સંસ્થાનું નામ જણાવો - મૌલાના આઝાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેન્ટલ સાયન્સિસ દિલ્હી-
16. ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં NIRF રેન્કિંગ આપવાનું કયારથી શરૂ કરવામાં આવ્યું - વર્ષ ૨૦૧૬
17. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં આર્કિટેક્ચર કેટેગરીમાં પ્રથમ ક્રમની સંસ્થાનું નામ જણાવો- ખડકપુર, પ.બંગાળ
18. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં ઈજનેરી કેટેગરીમાં પ્રથમ ક્રમની સંસ્થાનું નામ જણાવો - IIT-મદ્રાસ
19. NIRF-૨૦૨૦ રેન્કિંગમાં ફાર્મસી કેટેગરીમાં પ્રથમ ક્રમની સંસ્થાનું નામ જણાવો-જામિયા હમદર્દ–નવી દિલ્હી
20. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને આર્કિટેક્ચર કેટેગરીમાં ચોથો ક્રમ અપાયો છે - CEPT-અમદાવાદ
21. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને લૉ કેટેગરીમાં સાતમો ક્રમ અપાયો છે- ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર
22. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ફાર્મસી કેટેગરીમાં આઠમો ક્રમ અપાયો છે-NIPER, ગાંધીનગર
23. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ફાર્મસી કેટેગરીમાં 14મો ક્રમ અપાયો છે - એમએસ યુનિવર્સિટી, વડોદરા
24. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ફાર્મસી કેટેગરીમાં 17મો ક્રમ અપાયો છે - નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
25. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ઇજનેરી કેટેગરીમાં 24મો ક્રમ અપાયો છે - IIT, ગાંધીનગર
26. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને કોલેજ કેટેગરીમાં 24મો ક્રમ અપાયો છે - પી.ડી.પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ અપ્લાઈડ સાયન્સીસ-ચાંગા
27. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ઓવરઓલ કેટેગરીમાં 35મો ક્રમ અપાયો છે- IIT, ગાંધીનગર
28. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને યુનિવર્સિટી કેટેગરીમાં 44મો ક્રમ અપાયો છે - ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
29. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને મેનેજમેન્ટ કેટેગરીમાં 44મો ક્રમ અપાયો છે - નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
30. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ફાર્મસી કેટેગરીમાં 45મો ક્રમ અપાયો છે - એલ એમ કોલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
31. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ઇજનેરી કેટેગરીમાં 54મો ક્રમ અપાયો છે - SVNIT, સુરત
32. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને કોલેજ કેટેગરીમાં 59મો ક્રમ અપાયો છે - સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
33. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ NIRF-2020માં ગુજરાતમાં આવેલી કઈ સંસ્થાને ઓવરઓલ કેટેગરીમાં 60મો ક્રમ અપાયો છે- ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

34. ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં NIRF રેન્કિંગ કયા માપદંડના આધારે જાહેર કરવામાં આવે છે - **ટીચિંગ, લર્નિંગ એન્ડ રિસોર્સિસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસિસ, રિઝલ્ટ અને પ્લેસમેન્ટ, વૈશ્વિક સ્તરે સંસ્થાની ભાગીદારી અને સંસ્થા અંગે લોકોની માન્યતા**

35. NIRFનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ઇન્સ્ટિટયૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક**

36. ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં NIRF રેન્કિંગ આપવાનું કાર્ય કયા મંત્રાલય દ્વારા કરવામાં આવે છે - **માનવ વિકાસ સંસાધન મંત્રાલય(MHRD)**

37. રિવર્સ કવોરન્ટાઈન પદ્ધતિનો અમલ કરનાર દેશનું પ્રથમ રાજ્યનું નામ જણાવો - **કેરળ**

38. રિવર્સ કવોરન્ટાઈન પદ્ધતિનો અમલ કરનાર ગુજરાતના પ્રથમ જિલ્લાનું નામ જણાવો - **અમદાવાદ**

39. આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે - **૧૧ જૂન**

40. આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ૨૦૨૦-ની થીમ જણાવો - **Dia Internacional De Sensibilizacion En Los Pasos a Nivel**

41. ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલનો જન્મ દિવસ જણાવો - **૧૧ જૂન, ૧૮૯૭**

42. 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મૈ હૈ' કાવ્ય પંક્તિના લેખકનું નામ જણાવો – **ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલ**

43. ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલ રાજકીય વિચારસરણીમાં કોના ગાઢ અનુયાયી હતા- **લોકમાન્ય તિલક**

44. ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલે કયા ક્રાંતિકારી સંગઠનો બનાવ્યા હતા - **માતૃદેવી, શિવાજી સમિતિ**

45. કયા હત્યાકાંડ બદલ રામપ્રસાદ બિસ્મીલને ગોરખપુર જેલમાં ફાંસીની સજા થઈ હતી - **મૈનપૂરી અને કાકોરી**

DATE : 12-06-2020

## ૧. કેન્દ્ર સરકાર : GST કાઉન્સિલની ૪૦મી બેઠક યોજાઇ (આર્થિક)

✓ સ્થળ : નવી દિલ્હી

✓ અધ્યક્ષ : કેન્દ્રીય નાણામંત્રી શ્રી નિર્મલા સીતારમણ

**GST કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો :**

✓ જુલાઈ ૨૦૧૭થી જાન્યુઆરી ૨૦૨૦ સુધી જે વેપારીઓ ટેક્સની NIL જવાબદારી ધરાવતા હોય તેમની લેટ ફી માફ કરાઈ.

✓ મે, જૂન અને જુલાઈ માટે રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા વધારીને સપ્ટેમ્બર કરાઈ, વ્યાજ કે લેટ ફી લેવાશે નહીં.

✓ જુલાઈ ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૨૦ સુધી માસિક સેલ્સ રિટર્ન નહીં ભરવા માટે GSTR-3B માટે લેટ ફી મહિને મહત્તમ રૂ. ૫૦૦ નક્કી કરાઈ. જુલાઈથી સપ્ટેમ્બર સુધીનાં રિટર્નને આ જોગવાઈ લાગુ પડશે.

✓ GSTR-3B માટે સિંગલ વિન્ડો સુવિધા શરૂ કરાઈ. આ વિન્ડો ૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

✓ રૂ. ૫ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવનાર વેપારીએ હવે ચૂકવવાના બાકી ટેક્સ પર ૧૮ ટકાને બદલે ૯ ટકા એટલે કે ૫૦ ટકા ઓછું વ્યાજ ચૂકવવાનું રહેશે.

✓ GST : ગુડસ્ એન્ડ સર્વિસ ટેક્સ

✓ દરેક રાજ્યોના નાણામંત્રીઓની વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિતિ

## ૨.UN : જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડસ્ સ્ટડી-2020 :મહિલાઓની સ્થિતિ અંગેનો અહેવાલ (મહિલા સશક્તિકરણ)

**અહેવાલના અગત્યના તારણો :**

✓ ૯૩ ટકા પુરુષોના મતે વિકાસ-પ્રગતિ માટે મહિલાઓને પણ ઉચ્ચ શિક્ષણ આપવું જરૂરી

✓ ૬૦ ટકા ભારતીયોએ કહ્યું કે મહિલાઓ વ્યક્તિગત નિર્ણય લેવા સ્વતંત્ર

✓ વિશ્વના ૫૬ ટકા લોકોએ કહ્યું કે મહિલાઓ તેમના જીવન પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે

**મહિલાઓના ઉચ્ચ શિક્ષણના પક્ષમાં રહેલા દેશોની ટકાવારી :**

| દેશ | ટકાવારી |
|---|---|
| કોલંબિયા | 96 |
| તુર્કી | 93 |
| યુએઈ | 93 |
| નાઈજિરિયા | 93 |
| ફિલિપાઇન્સ | 92 |
| કેન્યા | 91 |
| ભારત | 90 |
| અમેરિકા | 84 |
| જાપાન | 79 |
| સ્વિડન | 77 |

**સ્ટડીમાં કયા ક્ષેત્રો સમાવી લેવાયા:**

રાજનીતિ, શિક્ષણ, રોજગાર, ન્યાય વગેરે..

## ૩. દિન વિશેષ : ૧૨ જૂન - World Day Against Child Labour - વિશ્વ બાલ મજૂરી વિરોધી દિવસ

ઉજવણી: **ILO - International Labour Organisation**

- ✓ **થીમ-૨૦૨૦ : 'COVID-19-Protect children from child labour now, more than ever'**
- ✓ સંયુક્ત રાષ્ટ્રની વેબસાઇટ પર ઉપલબ્ધ આંકડા અનુસાર, આશરે 152 મિલિયન બાળકોને બાળ મજૂરીમાં ધકેલી દેવામાં આવ્યા છે. 152 મિલિયનમાંથી 72 મિલિયન જોખમી કામમાં સામેલ છે.
- ✓ આ ઉપરાંત ડેટા પણ દર્શાવે છે કે બાળમજૂરીનો ભોગ બનેલા 48 ટકા લોકો 11 વર્ષની વયના છે, 2 ટકા લોકો 12 થી 14 વર્ષની વયના છે અને બાકીના 24 ટકા લોકો 15 થી 17 વર્ષના કૌંસમાં આવે છે.
- ✓ આ વર્ષે, કોવિડ -19 રોગચાળાને લીધે વર્લ્ડ ડે અગેસ્ટ ચાઇલ્ડ લેબર વર્ચુઅલ અભિયાન તરીકે યોજવામાં આવશે.
- ✓ Global March Against Child Labour અને International Partnership for Cooperation on Child Labour in Agriculture(IPCCLA) દ્વારા સંયુક્ત રીતે આ અભિયાન યોજવામાં આવી રહ્યું છે.
- ✓ ઉત્તર પ્રદેશના CM યોગી આદિત્યનાથે આજે 'બાલ શ્રમિક વિદ્યા યોજના' નામના સગીર મજૂરોના શિક્ષણ માટેની એક સરકારી યોજના શરૂ કરી, આ યોજનામાં 2,000 થી વધુ બાળકોને લાભ થશે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૬-૨૦૨૦)

1. તાજેતર જૂન 2020માં નવી દિલ્હી ખાતે જીએસટી કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઈ- **40મી**
2. જૂન 2020માં યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ રૂપિયા કેટલા કરોડથી ઓછું ટન ઓવર ધરાવતા વેપારીએ હવે ચૂકવવાના બાકી ટેક્સ પર 18 ટકાને બદલે કેટલા ટકા ઓછું વ્યાજ ચૂકવવું પડશે - **રૂ. 5 કરોડ અને 9%**
3. GSTનું વિસ્તૃત નામ જણાવો- **ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ**
4. તાજેતર જૂન 2020માં નવી દિલ્હી ખાતે જીએસટી કાઉન્સિલની 40મી બેઠક કોના અધ્યક્ષ સ્થાને યોજાઈ - **કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ**
5. જીએસટી કાઉન્સિલની 40મી બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ કયા સમયગાળા સુધીના વેપારીઓ ટેક્સની NIL જવાબદારી ધરાવતા હોય તેમની લેટ ફી માફ કરવામાં આવી- **જુલાઈ 2017થી જાન્યુઆરી 2020 સુધી**
6. જૂન 2020માં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી-2020 રજૂ કરાયો - **UN WOMEN**
7. જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી -2020" મુજબ વિશ્વમાં કેટલા ટકા પુરુષોના મતે વિકાસ- પ્રગતિ માટે મહિલાઓને ઉચ્ચ શિક્ષણ આપવું જરૂરી છે - **93%**
8. "જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી -2020" ના અહેવાલ મુજબ કેટલા ટકા ભારતીયોએ કહ્યું કે ભારતમાં મહિલાઓ વ્યક્તિગત નિર્ણય લેવા સ્વતંત્ર છે - **60%**
9. "જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી-2020"ના અહેવાલ મુજબ વિશ્વમાં કેટલા ટકા લોકોએ કહ્યું કે મહિલાઓ તેમના જીવન પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે - **56%**
10. "જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી-2020"ના સરવે માટે મહિલાઓની સ્થિતિમાં કયા કયા ક્ષેત્રોનો અભ્યાસ કરાયો છે - **રાજનીતિ, શિક્ષણ, રોજગારી અને ન્યાયક્ષેત્ર**
11. "જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી -2020"ના સરવે મુજબ ભારતમાં કેટલા ટકા લોકો મહિલાઓને ઉચ્ચ શિક્ષણ આપવાના પક્ષમાં છે - **90%**

12. "જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી-2020"ના સરવે મુજબ વિશ્વમાં સૌથી વધુ કોલંબિયામાં કેટલા ટકા લોકો મહિલાઓને ઉચ્ચ શિક્ષણ આપવાના પક્ષમાં છે - 96%

13. "જેન્ડર ઇક્વાલિટી એટીટ્યુડ્સ સ્ટડી-2020"ના સરવે મુજબ વિશ્વમાં સૌથી વધુ સમૃદ્ધ-શિક્ષિત એવા અમેરિકામાં કેટલા ટકા લોકો મહિલાઓને ઉચ્ચ શિક્ષણ આપવાના પક્ષમાં છે - 84%

14. વિશ્વમાં "બાળ મજુરી વિરોધી દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - 12 જૂન

15. "બાળ મજુરી વિરોધી દિવસ"-2020ની થીમ જણાવો - 'COVID-19-Protect children from child labour now, more than ever'

16. વિશ્વમાં "બાળ મજુરી વિરોધી દિવસ" કઈ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન(ILO)

**DATE : 13-06-2020**

## ૧. ભારત-નેપાળ સરહદી વિવાદ (વિદેશ નીતિ)

**ભારતના ત્રણ વિસ્તારોને સમાવતા નકશાને નેપાળી સંસદની મંજૂરી**

- ✓ નેપાળી સંસદના નીચલા ગૃહે તેના વિશેષ સત્રમાં ભારતના લિમ્પિયાધુરા, કાલાપાની અને લિપુલેખ વિસ્તારોને નેપાળના રાજકીય નકશામાં સમાવતા બંધારણીય સુધારા ખરડાને નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં કુલ ૨૭૫ સાંસદોમાંથી હાજર રહેલા તમામ ૨૫૮ સાંસદોએ સર્વસંમતિથી પસાર કરી દેતાં ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો વધુ વણસ્યા છે.
- ✓ નેપાળી સંસદના નીચલા ગૃહમાં ખરડો પસાર થઈ ગયા પછી હવે ઉપલા ગૃહ નેશનલ એસેમ્બ્લીમાં મોકલી અપાશે.
- ✓ નેશનલ એસેમ્બ્લીમાં ખરડાને સમાન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.
- ✓ નેશનલ એસેમ્બ્લી ખરડાની જોગવાઈઓમાં સુધારા કરી શકે છે અને તે માટે સાંસદોને ૭૨ કલાકનો સમય આપવો પડશે.
- ✓ નેશનલ એસેમ્બ્લીમાં ખરડાને મંજૂરી બાદ રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીની મંજૂરી માટે મોકલી અપાશે.
- ✓ રાષ્ટ્રપતિની મંજૂરી બાદ તેનો નેપાળના બંધારણમાં સમાવેશ કરાશે.

**સમગ્ર વિવિદ શું છે ? :**

- ✓ ૮ મેના રોજ ભારતે લિપુલેખ પાસ – ધારચૂલા ૮૦ કિ.મી. સડકનું ઉદ્ઘાટન કર્યું
- ✓ ૧૮ મેના રોજ નેપાળે ભારતના ૩ પ્રદેશને પોતાના ગણાવ્યા
- ✓ ૧૮૧૬માં નેપાળ અને બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની વચ્ચે યુદ્ધ થયું હતું. યુદ્ધ બાદ સુગૌલી સમજૂતી પર હસ્તાક્ષર કરાયાં હતાં
- ✓ સમજૂતીમાં કાલી નદીને ભારત અને નેપાળની પશ્ચિમી સરહદ ઠરાવવામાં આવી હતી
- ✓ આ સમજૂતીના આધારે નેપાળ હવે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા પર દાવો કર્યો છે

**ભારતે આ મુદ્દે પહેલેથી જ સ્થિતિ સ્પષ્ટ કરી છે**

- ✓ ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે નેપાળની સંસદે ભારતનાં વિસ્તારોને પોતાનાં દર્શાવતો નકશો બદલવા બંધારણીય સુધારા ખરડો પસાર કર્યો છે જેની ભારતે ગંભીર નોંધ લીધી છે.
- ✓ આ મુદ્દે ભારતે પહેલાથી જ તેની સ્થિતિ સ્પષ્ટ કરી છે.
- ✓ નકશામાં જે વિસ્તારો પર દાવો કર્યો છે તેમાં કોઈ ઐતિહાસિક તથ્યો નથી કે નક્કર પુરાવા નથી. આથી તેનો કોઈ અર્થ સરતો નથી.
- ✓ નેપાળની આ હરકત બંને દેશ વચ્ચે ચાલી રહેલી વાતચીતનાં ભંગ સમાન છે.

## ૨. અવસાન : ખેલકૂદ

**વિશ્વના સૌથી વધુ વયના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર વસંત રાયજીનું મુંબઈ ખાતે નિધન**

- ✓ ચાલુ વર્ષે ૧૦૦ વર્ષ પૂરા કર્યા હતા

**શ્રી રાયજીનો પરિચય અને કારકિર્દી :**

- ✓ રાયજીએ ૧૯૪૦ના દશકામાં નવ પ્રથમ કક્ષાની મેચો રમી હતી જેમાં તેમણે ૨૭૭ રન બનાવ્યા હતા અને હાઇએસ્ટ સ્કોર ૬૮ રનનો રહ્યો હતો.
- ✓ ઇતિહાસકાર તરીકે તેમણે ઘણા પુસ્તકો લખ્યા છે.
- ✓ શ્રી રાયજી ૧૩ વર્ષનાં હતા ત્યારે ભારતે સાઉથ મુંબઇના બોમ્બે જિમખાના ખાતે પ્રથમ ટેસ્ટ મેચ રમી હતી.

- ✓ તેઓ ભારતીય ક્રિકેટની સંપૂર્ણ સફરના સાક્ષી પણ રહ્યા છે.
- ✓ તેઓ બંબઇ (અત્યારે મુંબઇ) અને બરોડા માટે રમ્યા હતા.
- ✓ રાયજીએ લાલા અમરનાથ, વિજય મર્ચન્ટ, સીકે નાયડુ તથા વિજય હજારે સાથે ડ્રેસિંગરૂમનો હિસ્સો બનવાનું પણ ગૌરવ હાંસલ કર્યું હતું.

## 3. હોમ લર્નિંગ કાર્યક્રમ – ગુજરાત સરકાર (શિક્ષણ)

**પ્રારંભ:** તા. ૧૫મી જૂન થી ૧૫મી ઓગસ્ટ-૨૦૨૦ સુધી

**હોમ લર્નિંગ કાર્યક્રમ વિશે :**

- ✓ ડિજિટલ માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.
- ✓ ડીડી ગિરનાર અને બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ દ્વારા ધો. 3 થી 12ના વિદ્યાર્થીઓને શિક્ષણ અપાશે.
- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણ દ્વારા 15 જૂને સવારે 8 કલાકે ડીડી ગિરનાર પર 'હોમ લર્નીગ કાર્યક્રમ'ની શરૂઆત.
- ✓ જે વિદ્યાર્થીઓ પાસે ડિજિટલની સુવિધા નથી તેમને સાહિત્ય ઘરે પહોંચાડાશે.
- ✓ દરેક સ્કૂલમાં 35 વિદ્યાર્થીના કલ્સ્ટર બનાવ્યા છે, જેને શિક્ષકો દરરોજ ફોન કરીને પૂછશે
- ✓ MHRD દ્વારા જાહેર કરાયેલા વન નેશનલ – વન પ્લેટફોર્મ –DIKSHA પરથી પણ સમગ્ર સાહિત્ય ઉપલબ્ધ થઇ શકશે.
- ✓ શિક્ષણ મંત્રી : શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

## ૪. ઝુંબેશ : ચીની સામાન બહિષ્કાર (આત્મનિર્ભર ભારત)

**CAIT દ્વારા ચીનની શાન ઠેકાણે લાવવા માટે ચીની સામાનના બહિષ્કારષ્કાર માટે ઝુંબેશ**

**વ્યૂહ રચના :**

**કઈ 3,000 હજાર ચીજોનો બહિષ્કાર ?**

- ✓ વ્યાપારીઓનો રાષ્ટ્રીય કક્ષાના સંઘ એવા કોન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ (CAIT) ચીનની શાન ઠેકાણે લાવવા માટે ચીની સામાનનો બહિષ્કાર કરવાની ઝુંબેશ હાથ ધરી છે.
- ✓ આ ઝુંબેશ હેઠળ ૨૦૨૦ સુધીમાં ચીનના ૧ લાખ કરોડ રૂપિયાના સામાનનો ફટકો પડશે.
- ✓ કોન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સે એ માટે પૂરતો અભ્યાસ કરીને 3 હજાર ચીજોની યાદી બનાવી દીધી છે.
- ✓ ચીની ઉત્પાદનના રમકડાં, ગિફ્ટ આર્ટિકલ્સ, રોજિંદા જીવનમાં વધુ વપરાશમાં આવતી ચીજો (FMCG), કેન્ડી–ચોકલેટ ઉત્પાદન, કપડાં અને ઘડિયાળ જેવી ચીજોનો આ યાદીમાં સમાવેશ થાય છે.

**૨૦ વર્ષમાં ચીની આયાતમાં 3,૫૦૦ ટકાનો અધધ... વધારો થઈ ગયો ! :**

- ✓ CAITના જનરલ સેક્રેટરી પ્રવીણ ખાંડેલવાલે જણાવ્યું હતું કે ૨૦૦૧માં ચીની ચીજોની ભારતમાં આયાત ૨ અબજ ડોલરની હતી, જે હવે વધીને ૭૦ અબજ ડોલર ઉપર પહોંચી છે.
- ✓ મતલબ કે આ ૨૦ વર્ષમાં ચીનથી આયાતી ચીજોમાં ધરખમ 3,૫૦૦ ટકાનો વધારો થયો છે.
- ✓ એ જ દર્શાવે છે કે ચીને ભારતના છૂટક બજાર ઉપર પોતાનું પ્રભુત્વ જમાવવાનો પ્રયાસ એ એક સમજી વિચારીને ઘડેલી રણનીતિ છે.
- ✓ ચીન ભારતના છૂટક બજાર ઉપર નિયંત્રણ જમાવવા માટે પ્રયાસ કરી રહ્યું છે, જેને કોઈ પણ ભોગે ભારતીય વ્યાપારીઓ અને નાગરિકોએ સફળ થવા દેવો નહીં જોઈએ.

**આ દિવાળીમાં ભારતીય પ્રકાશ હશે :**

- ✓ શું આ વખતે પણ કોરોનાની મહામારી ખતમ થઈ જાય બાદ આ બહિષ્કારનું સુરસુરિયું થઈ જશે કે કેમ એમ પૂછતાં CAITએ સ્પષ્ટ કર્યું હતું કે આ વખતે સ્થિતિ કંઈક જુદી છે.
- ✓ દર વર્ષે દિવાળીમાં ઘર સજાવવા માટે આપણે જે રોશની કરીએ છીએ એ ચીનમાં બનેલી હોય છે.
- ✓ આ વખતે તમામ રોશની-લાઇટ ભારતમાં બનશે કારણ કે અમે સરહદપારથી તેનો જથ્થો અહીં કરવાના નથી.
- ✓ આ વખતની દિવાળી ચીની દિવાળી નહીં જ હોય.

**ચીનનું નુકસાન એ આત્મનિર્ભર ભારતને ફાયદો**

- ✓ ૨૦૨૦ સુધીમાં ૧૩ અબજ ડોલરના ચીની સામાનનો બહિષ્કાર કરીશું.
- ✓ જો એ સફળ થશે તો આપણી વેપાર ખાધમાં ૪૮ અબજ ડોલરનો ઘટાડો કરી શકીશું.
- ✓ ચીનના સામાનનો બહિષ્કાર કરવા સાથે તેનું સ્થાન ભારતીય ઉત્પાદકોની ચીજ લેશે અને તેથી આત્મનિર્ભર બનવાનો માર્ગ પણ મોકળો થશે.

✓ ચીનના સામાનનો બહિષ્કાર કરવાના વ્યાપારીઓ, ભારત સરકારના સહિયારા પ્રયાસને પગલે ભારતીય ઉત્પાદકોને ફાયદો થશે, ચીનની ઇકોનોમીને ફટકો પડશે.

✓ ચીનની ઇકોનોમી નિકાસ પર જ નિર્ભર છે, ત્યારે ભારત આટલો મોટો ફટકો પાડી શકે તેનાથી ચીનના આર્થિક મોરચે દાંત ખાટા કરી શકાશે.

✓ તેનું સ્થાન ભારતીય ઉત્પાદકો લેશે, તેથી આત્મનિર્ભર થવાની મોદી સરકારની હાકલ પણ સફળ થઈ શકશે.

CAIT વિશે :

✓ CAIT એ દેશભરના સાત કરોડ વ્યાપારીને સમાવતા ૪૦૦૦ વ્યાપાર સંઘોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા

**CAIT : કોન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ**

**૫. દિન વિશેષ : ૧૩ જૂન**

**આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ**

✓ **થીમ-2020 : Made to Shine**

✓ આલ્બિનિઝમ રંજક દ્રવ્યોની ખામીને કારણે થતો રોગ છે.

✓ આલ્બિનિઝમ એક ડિસોર્ડર છે જેમાં મેલનિનની સંપૂર્ણ અથવા આંશિક ગેરહાજરી હોય છે, જે સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોથી ચામડીને રક્ષણ આપે છે.

✓ આલ્બિનિઝમ આનુવંશિક ડીસઓર્ડર છે. જે આંખોને પણ અસર કરે છે.

✓ 26 જૂન 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગના પ્રસ્તાવના માધ્યમથી 13 જૂનને આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસના રૂપે મનાવવાની ઘોષણા કરવામાં આવી હતી.

**૬. જન્મ દિન વિશેષ : 13 જૂન ગણેશ દામોદર સાવરકર**

**જન્મ : 13 જૂન 1879 અવસાન : 16 માર્ચ 1945**

✓ ગણેશ સાવરકર વીર સાવરકરના મોટાભાઈ હતા.

✓ તેઓ પોતે સ્વાતંત્ર સેનાની અને અભિનવ ભારત સોસાયટીના સ્થાપક હતા.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૬-૨૦૨૦)**

1. જૂન 2020માં ભારતના વિસ્તારોને સમાવતા નવા નકશાને નેપાળી સંસદના નીચલા ગૃહ દ્વારા મંજૂરી અપાઈ- **લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા**
2. નેપાળ અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે આ વિસ્તારના ઉકેલ માટે સંધિ-સમજૂતી થઈ હતી - **સુગૌલી સમજૂતી**
3. "સુગૌલી સમજૂતી" કયા વર્ષે થઈ હતી - **1816**
4. કઈ સમજૂતી અંતર્ગત કાલી નદીને ભારત અને નેપાળની પશ્ચિમી સરહદ ઠરાવવામાં આવી હતી -**"સુગૌલી સમજૂતી"**
5. જૂન 2020માં વિશ્વના સૌથી વધુ વયના કયા ફર્સ્ટ ક્લાસ ક્રિકેટરનું મુંબઈ ખાતે અવસાન થયું - **વસંત રાયજી**
6. પૂર્વ ક્રિકેટર વસંત રાયજીનું તાજેતરમાં કેટલી વર્ષેની ઉંમરે અવસાન થયું - **100**
7. પૂર્વ ક્રિકેટર વસંત રાયજીએ કયા દશકામાં પ્રથમ કક્ષાની ક્રિકેટ રમવાનો પ્રારંભ કર્યો હતો - **1940**
8. પૂર્વ ક્રિકેટર વસંત રાયજી કઈ ટીમો માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમ્યા હતા - **મુંબઈ અને બરોડા**
9. કોરોના મહામારીના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે તે હેતુથી ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા કયો ડિજિટલ કાર્યક્રમ લોન્ચ કરાયો - **"હોમ લર્નિંગ કાર્યક્રમ"**
10. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલ" હોમ લર્નિંગ કાર્યક્રમ" અંતર્ગત કયા ધોરણના બાળકોને આવરી લેવાશે - **ધોરણ-3 થી 12**
11. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલ "હોમ લર્નિંગ કાર્યક્રમ" અંતર્ગતનો સમયગાળો જણાવો - **તા.15 જૂનથી 15 ઓગસ્ટ 2020**
12. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલ"હોમ લર્નિંગ કાર્યક્રમ" અંતર્ગત કઈ ચેનલ દ્વારા વિદ્યાર્થીઓને ઘરે બેઠા ઈ-શિક્ષણ અપાશે - **ડીડી ગિરનાર અને બાયસેગના માધ્યમથી "વંદે ગુજરાત ચેનલ"**
13. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલ"હોમ લર્નિંગ કાર્યક્રમ" ઉપરાંત અન્ય કયા 'વન નેશન, વન પ્લેટફોર્મ' ઉપરથી સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ થશે-**DIKSHA**
14. 'વન નેશન,વન પ્લેટફોર્મ' - DIKSHA ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે - **MHRD**
15. ઓનલાઇન પોર્ટલ 'DIKSHA' શું છે - **નેશનલ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર અવર ટીચર્સ**
16. ભારતને આત્મનિર્ભર બનાવવા અને ચીનને પાઠ ભણાવવાના મિશન સાથે "ચીની સામાન બહિષ્કાર"ની ઝુંબેશ કયા વેપારી સંગઠન દ્વારા શરૂ કરાઇ છે - **CAIT**
17. CAITનું વિસ્તૃત નામ જણાવો - **કન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ**

18. ભારતને આત્મનિર્ભર બનાવવાના મિશન સાથે "ચીની સામાન બહિષ્કાર"ની ઝુંબેશ CAIT દ્વારા શરૂ કરાઇ છે તેમાં પ્રથમ તબક્કે કેટલી ચાઈનીઝ વસ્તુઓનો બહિષ્કાર કરવામાં આવશે - 3,000
19. CAIT દ્વારા ચાલુ વર્ષે 2020 સુધીમાં કેટલા ડોલરની ચીની સામાનનો બહિષ્કાર કરવાનો લક્ષાંક નક્કી કરાયો છે - 13 અબજ ડોલર (રૂ.1 લાખ કરોડ)
20. CAIT અંદાજે ભારતભરના કેટલા વેપાર સંઘોનું નેતૃત્વ કરે છે - 4,000
21. આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ કયારે મનાવવામાં આવે છે - 13 જૂન
22. આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ-2020ની થીમ જણાવો - Made to Shine
23. આલ્બિનિઝમ કયા દ્રવ્યોની ખામીને કારણે થતો રોગ છે - રંજક
24. કયા દિવસે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગના પ્રસ્તાવના માધ્યમથી 13 જૂનને આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસના રૂપે મનાવવાની ઘોષણા કરવામાં આવી - 26 જૂન 2014
25. ગણેશ દામોદર સાવરકરનો જન્મ દિવસ જણાવો - 13 જૂન 1879
26. કયા સ્વાતંત્ર સેનાનીએ અભિનવ ભારત સોસાયટીના સ્થાપના કરી હતી - ગણેશ દામોદર સાવરકર

DATE : 14-06-2020

## ૧. ગુજરાતમાં ભૂકંપના આંચકા (કુદરતી આપત્તિ)

**ભૂકંપ વિષે હાઈલાઈટ:**

- ✓ **ભૂકંપની તીવ્રતા :** 5.3 **સમય :-** રાત્રે 8:13 કલાકે
- ✓ **કેટલા સમય માટે :** 5 થી 10 સેકન્ડ સુધી ધ્રુજારી
- ✓ **એપી સેન્ટર :** વોંધ, હલરા અને વામકા ગામ નજીક તાલુકો-ભચાઉ, જિ.કચ્છ
- ✓ છેલ્લા ૧૯ વર્ષનો સૌથી મોટો આંચકો-ભૂકંપ
- ✓ **ભૌગોલિક :** 23.39 અને 70.41 અક્ષાંશ-રેખાંશ
- ✓ 2001ના ભૂકંપ આવ્યો એ જ ઝોનમાં ફરી ભૂકંપ
- ✓ એપિસેન્ટર 2001ના ભૂકંપથી 15 કિમી દૂર
- ✓ જમીનમાં 10 કિમી ઊંડે ભૂકંપનું કેન્દ્રબિંદુ
- ✓ આંચકાની અસરો કચ્છ, સૌરાષ્ટ્ર, અમદાવાદ, ઉત્તર-દક્ષિણ ગુજરાત સુધી
- ✓ રાજ્યના 12 જિલ્લામાં આંચકા, ભૂકંપ પછી 2.2ની તીવ્રતાના આફ્ટરશોક

**ISR ગાંધીનગરના મતે :**

- ✓ હાલ આ સક્રિય ફોલ્ટલાઈન છે અને તે તકનીકી દૃષ્ટિએ ઝોન-5માં આવે છે.
- ✓ આ વિસ્તારમાં દર પાંચથી છ વર્ષે 5ની તીવ્રતાના આંચકા અનુભવાય છે, પરંતુ આ ભૂકંપ લગભગ 8 વર્ષે અનુભવાયો.
- ✓ 2012ની સાલમાં આ જ વિસ્તારમાં 5.1ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.
- ✓ જ્યારે દર વર્ષે 4ની તીવ્રતા ધરાવતા ભૂકંપ નોંધાતા રહે છે.
- ✓ **ISR :** ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ, રાયસણ-ગાંધીનગર

## ૨. અવસાન : બોલિવૂડ અભિનેતા સુશાંતસિંહ રાજપૂતનું અવસાન

- ✓ **સ્થાન :** મુંબઈ

**પરિચય :**

- ✓ **જન્મ :** 21 જાન્યુઆરી 1986 **અવસાન :** 14 જૂન 2020
- ✓ **ઉપનામ :** બોલિવૂડનો ધોની **મૂળ વતન :** બિહાર
- ✓ **ફિલ્મો :** ધ અનટોલ્ડ સ્ટોરી એમ. એસ. ધોની, છીછોરે
- ✓ **પ્રથમ ફિલ્મ :** કાઈપો છે (2013)

## 3. જાહેરાત : કેન્દ્ર સરકાર (શિક્ષણ)

**દેશમાં ચાર નવી કેન્દ્રીય વિદ્યાલયો શરૂ કરાશે**

- ✓ ઉતરાખંડ – ૦૨ ઉત્તરપ્રદેશ - ૦૨
- ✓ દેશમાં કેન્દ્રીય વિદ્યાલયોની સંખ્યા : ૧૨૩૯
- ✓ MHRD – મંત્રી શ્રી રમેશ પોખરિયાલ (નિશંક)

## ૪. દેશની પ્રથમ વેસ્ટ એક્સચેન્જ : મદ્રાસ વેસ્ટ એક્સચેન્જ (સ્વચ્છતા)

- ✓ મદ્રાસ વેસ્ટ એક્સચેન્જ દેશનું પ્રથમ એવું પ્લેટફોર્મ છે જે કચરા અને કબાડના વેપાર માટે શરૂ કરાયું છે.
- ✓ 6 મહિના પહેલાં બનેલા મદ્રાસ વેસ્ટ એક્સચેન્જ (એમડબ્લ્યુઈ)એ અત્યાર સુધી 700 ટન કચરાનો વેપાર કર્યો છે.
- ✓ તાજેતરમાં ચેન્નઈ નગર નિગમે આ એક્સચેન્જથી શહેરનો કચરો વેચીને ત્રણ લાખ રૂપિયાની કમાણી કરી હતી.
- ✓ હવે આ મોડલ પર ઈન્ડિયા વેસ્ટ એક્સ્ચેન્જ લોન્ચ કરાશે

✓ આયોજક : ચેન્નાઈ નગર નિગમ

**૫. દિન વિશેષ : ૧૪ જૂન વિશ્વ રક્તદાન દિવસ**

**થીમ-૨૦૨૦: "Safe blood saves lives"**

✓ **ખાસ:** ૧૮થી ૬૫ વર્ષની દરેક સ્વસ્થ વ્યક્તિ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે

✓ વિશ્વ રક્તદાન દિવસ દુનિયાભરના સ્વૈચ્છિક રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે ઉજવવામાં આવે છે.

✓ આ દિવસ દર વર્ષે જૂન ૧૪ના રોજ ઉજવવામાં આવે છે.

✓ આની શરૂઆત સને ૨૦૦૭ના વર્ષથી કરવામાં આવેલ છે. જે એબીઓ રક્તસમુહ પ્રણાલી (ABO blood group system)ના શોધક,જે માટે તેમને ઇ. સ. ૧૯૩૦ના વર્ષનું નોબેલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું.

✓ કાર્લ લેન્ડસ્ટેઇનર(Karl Landsteiner)નો જન્મ દિવસ ૧૪મી જૂન, ૧૮૬૮ હોવાથી તેમની યાદમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ પહેલ કરી વિશ્વને રક્તદાનનું મહત્વ સમજાવવા આ દિન મનાવી પ્રયાસ આદર્યો છે.

✓ વિશ્વ રક્તદાન દિવસ ઉજવવાનો એક મહત્વનો હેતુ, રક્તાધાન (blood transfusion) માટે સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા ચાલુ રાખવાનો પણ છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૬-૨૦૨૦)

1. ગુજરાતમાં તા.14 જૂન 2020ના રોજ રાત્રે 8.13 કલાકે કેટલી તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો- 5.3
2. ગુજરાતમાં તા.14 જૂન 2020ના રોજ આવેલા ભૂકંપનું કેન્દ્ર બિંદુ-એપી ન્ટર જણાવો - **ગામ-વોંધ, હલરા અને વામકા**
3. ગુજરાતમાં તા.14 જૂન 2020ના રોજ આવેલા ભૂકંપનું કેન્દ્ર બિંદુ-એપી સેન્ટર કયા તાલુકામાં આવેલું છે- **ભચાઉ, કચ્છ**
4. ગુજરાતમાં તા.14 જૂન 2020ના રોજ આવેલા ભૂકંપનું કેન્દ્ર બિંદુ-એપી સેન્ટર કેટલા કી.મી જમીનમાં હતું - 10 કિમી
5. ગુજરાતમાં તા.14 જૂન 2020ના રોજ આવેલા ભૂકંપની અસરો કેટલા જિલ્લામાં થઈ હતી- 12
6. ગુજરાતમાં તા.14 જૂન 2020ના રોજ આવેલા ભૂકંપની હાલની સક્રિય ફોલ્ટ લાઇન છે ટેકનિકલી તે કયા ઝોનમાં આવે છે - ઝોન-05
7. ભૂકંપના સંશોધન માટે ગુજરાતમાં આવેલી રાષ્ટ્રીય કક્ષાની એકમાત્ર સંસ્થાનું નામ અને સ્થળ જણાવો – **ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ(ISR) રાયસણ, ગાંધીનગર**
8. તા.14 જૂનના રોજ બોલિવૂડના કયા નવોદિત અભિનેતાનું મુંબઈ ખાતે અવસાન થયું - **સુશાંત સિંહ રાજપૂત**
9. બોલિવૂડના અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનું મૂળ વતન કયું હતું - **પટના, બિહાર**
10. સુશાંત સિંહ રાજપૂતની વર્ષે 2013માં પ્રથમ કઈ ફિલ્મ રજૂ થઈ હતી - **કાઈપો છે**
11. સુશાંત સિંહ રાજપૂત બોલિવૂડમાં કયા ઉપનામથી ઓળખાતો હતો - **બોલિવૂડનો ધોની**
12. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી નવી કેન્દ્રીય વિદ્યાલય જાહેર કરવામાં આવી - 04
13. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા કયા રાજ્યમાં નવી કેન્દ્રીય વિદ્યાલય જાહેર કરવામાં આવી - **ઉત્તરાખંડ-02 અને ઉત્તર પ્રદેશ-02**
14. કેન્દ્ર સરકારના વર્તમાન MHRD મંત્રીનું નામ જણાવો- **શ્રી રમેશ પોખરીયાલ(નિશંક)**
15. ભારતના પ્રથમ વેસ્ટ એક્સચેન્જ પ્લેટફોર્મનો સૌપ્રથમ કયા શહેરમાં પ્રારંભ થયો - **ચેન્નાઈ**
16. ભારતના પ્રથમ વેસ્ટ એક્સચેન્જ પ્લેટફોર્મનું નામ જણાવો - **મદ્રાસ વેસ્ટ એક્સચેન્જ**
17. વિશ્વ રક્તદાન દિવસ ક્યારે મનાવાય છે – 14 જૂન
18. "વિશ્વ રક્તદાન દિવસ"-2020ની થીમ જણાવો - **"સેફ બ્લડ સેવ્સ લાઈવ્સ"**
19. કેટલી ઉંમરના વ્યક્તિ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે - 18 થી 65 વર્ષે
20. "વિશ્વ રક્તદાન દિવસ" ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી થયો - 2007

## DATE : 15-06-2020

**૧. ગુજરાત સરકાર : પેટ્રોલ-ડીઝલના ભાવમાં રૂ. 2નો વધારો (આર્થિક)**

✓ અમલ : તા. 16 જૂનથી

✓ રાજ્ય સરકારને વર્ષે રૂ. 1800 કરોડની વધુ આવક થશે

## સરકારની આવકમાં કેટલો ઘટાડો?

| આવકનો સ્ત્રોત | આવકનો અંદાજ | ઘટાડાનો અંદાજ |
|---|---|---|
| જીએસટી | 55,000 કરોડ | 10,000 કરોડ |
| વેટ | 23,230 કરોડ | 8500 કરોડ |
| સ્ટેમ્પ ડ્યૂટી | 8700 કરોડ | 4300 કરોડ |
| મોટર વાહન વેરો | 4558 કરોડ | 2000 કરોડ |
| ઇલેક્ટ્રિક ડ્યૂટી | 8700 કરોડ | 1300 કરોડ |

૨. ઉજવણી : છઠ્ઠો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : તા. ૨૧ જૂન-૨૦૨૦ (આરોગ્ય)

**ગુજરાત સરકારના જન અભિયાનનો "યોગ કરીશું કોરોનાને હરાવીશું"ના મંત્ર સાથે પ્રારંભ**

- ✓ ઉજવણી : તા. 14 થી 20 જૂન

**થીમ-2020 :** 'યોગા એટ હોમ યોગા વિથ ફેમેલી'

- ✓ #DoYogaBeatCorona

૩. અવસાન : સુરત અને મુંબઈના હીરા ઉદ્યોગના ભીષ્મપિતામહ તરીકે ઓળખાતા અરુણ કુમાર મહેતાનું 80 વર્ષે નિધન

- ✓ સ્થળ : મુંબઈ
- ✓ સુરતને ડાયમંડ હબ બનાવવામા તેમનુ મહત્વનું પ્રદાન
- ✓ તેમના માનમાં સુરત અને મુંબઈનો હીરા ઉદ્યોગ એક દિવસ બંધ

૪. ગૌરવ : વૈશ્વિક રોકાણ (આર્થિક)

**ભારતીય રોકાણકારોને આકર્ષવા મેલબોર્નમાં રોડને 'તેંડુલકર ડ્રાઈવ' અને 'કોહલી ક્રેસન્ટ' નામ અપાયા**

- ✓ ઓસ્ટ્રેલિયામાં ભારતીય રોકાણકારોને આકર્ષવા માટે મેલબોર્નમાં સચિન અને કોહલીના નામે રોડનું નામ રાખવામાં આવ્યું
- ✓ રોડના નામ "તેંડુલકર ડ્રાઈવર" અને "કોહલી ક્રિસેન્ટ" રાખવામાં આવ્યું છે.
- ✓ આ ઉપરાંત કપિલ દેવ (દેવ ટેરેસ), ગેરી સોબર્સ (સોબર્સ ડ્રાઈવ)ના નામ પર પણ રોડના નામ રાખ્યા છે.

૫. પરમાણુ શસ્ત્રો અંગે વૈશ્વિક અહેવાલ-2020 : યર બુક (સંરક્ષણ)

**નવા પરમાણુ સંખ્યાબળ :**

એક વર્ષમાં ક્યા દેશે પરમાણુ હથિયારોની સંખ્યામાં વધારો-ઘટાડો કર્યો તેની વિગત

| દેશ | વર્ષ-૨૦૧૯ | વર્ષ-૨૦૨૦ |
|---|---|---|
| અમેરિકા | ૬૧૮૫ | ૫૮૦૦ |
| રશિયા | ૬૫૦૦ | ૬૩૭૫ |
| યુ.કે. | ૨૦૦ | ૨૧૫ |
| ફ્રાન્સ | ૩૦૦ | ૨૯૦ |
| ચીન | ૨૯૦ | ૩૨૦ |
| પાકિસ્તાન | ૧૫૦ | ૧૬૦ |
| ભારત | ૧૩૦-૧૪૦ | ૧૫૦ |
| ઈઝરાયેલ | ૮૦-૯૦ | ૯૦ |
| ઉત્તર કોરિયા | ૨૦-૩૦ | ૩૦-૪૦ |
| કુલ | ૧૩૮૬૫ | ૧૩૪૦૦ |

**ચાર દેશો પાસે હથિયારો તૈનાત છે**

- ✓ પરમાણુ હથિયારો હોવા અને તેને તૈનાત રાખવા એ બન્નેમાં ફરક છે.
- ✓ કોઈ દેશ પાસે પરમાણુ હથિયારોનો સ્ટોક હોય એટલે બધા તુરંત વાપરી શકાય એવી હાલતમાં નથી હોતા.
- ✓ પરમાણુ બોમ્બને મિસાઈલ, વિમાન વગેરેમાં ફીટ કરવા એ પણ લાંબી અને ખાસ આવડત માંગી લેતી પ્રક્રિયા છે.
- ✓ સુરક્ષાની દૃષ્ટિએ પણ પરમાણુ શસ્ત્રોને મિસાઈલમાં ગોઠવી રાખવા હિતાવહ નથી.
- ✓ એટલે ૯ પૈકી ચાર દેશ અમેરિકા, રશિયા, યુ.કે. અને ફ્રાન્સે તેના અમુક બોમ્બ તૈનાત રાખ્યા છે.
- ✓ તૈનાત થયેલા હોય એવા પરમાણુ હથિયારોની સંખ્યા ૩૭૨૦ છે અને તેમાંથી હાઈ-એલર્ટ કહી શકાય એવી સ્થિતિમાં ૧૮૦૦ હથિયારો છે.
- ✓ સંસ્થા : ધ સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ (SIPRI)
- ✓ સ્થળ : સ્ટોકહોમ(રાજધાની)
- ✓ દેશ : સ્વીડન

૬. નેશનલ ક્લાઈમેટ ચેન્જ એસેસમેન્ટ અહેવાલ - 2020 : ભારત સરકાર (પર્યાવરણ)

**અગત્યના તારણ**

- ✓ અહેવાલ મુજબ 21મી સદીના અંતે દેશમાં તાપમાન સ્ટેરાશ ૪.૪ ડિગ્રી જેટલું વધી જશે.
- ✓ આજની તુલનાએ હિટવેવમાં પણ ત્રણ ચાર ગણો વધારો થાય એવી શક્યતા છે.

- ✓ <u>૧૯૮૬ થી ૨૦૧૫ દરમિયાન સૌથી ગરમ રાતના તાપમાનમાં ૦.૬૩ ડિગ્રીનો વધારો થયો હતો અને સૌથી ઠંડી રાતમાં પણ ૦.૪ ડિગ્રીનો વધારો નોંધાયો હતો.</u>
- ✓ હિંદ મહાસાગરના પાણીની સપાટી ૧૯૫૧ થી ૨૦૧૫ સુધીમાં એક ડિગ્રી ગરમ થઈ ગઈ હતી. તેના કારણે દેશના તાપમાનમાં નોંધપાત્ર અસર થઈ હતી ત્યારે દુનિયામાં સમૃદ્ર સપાટીનું સરેરાશ તાપમાન ૦.૭ ડિગ્રી વધ્યું હતું.
- ✓ ભારતમાં એ સરેરાશ વધારો દુનિયાના વધારો કરતા નોંધપાત્ર રીતે ઘણો વધારે હતો.

**<u>વાતાવરણ ઉપર અસરો :</u>**

- ✓ જો ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવામાં નહીં આવે તો સદીના અંતે વરસાદ પણ ઓછો થશે.
- ✓ સદીના અંતિમ દશકામાં વારંવાર દેશ પર દુકાળ ત્રાટકશે
- ✓ અત્યારે એપ્રિલ-જૂનમાં હિટવેવ જેટલી તીવ્રતાથી ત્રાટકે છે એનાથી ચાર ગણી તીવ્રતા સદીના અંત સુધીમાં થઈ જશે.
- ✓ લૂથી દેશવાસીઓ બેહાલ થઈ જશે.
- ✓ <u>૧૯૫૧ની સરખામણીએ ૨૦૧૫માં જૂનથી સપ્ટેમ્બર દરમિયાન આવતા વરસાદમાં છ ટકાનો ઘટાડો થયો હતો.</u>
- ✓ <u>સંસ્થા : સેન્ટર ફોર ક્લાઈમેટ ચેન્જ રિસર્ચ, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી</u>

## <u>૭. દિન વિશેષ : ૧૫ જૂન :</u>

## <u>વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતિ દિવસ (World Elder Abuse Awareness Day)</u>

- ✓ દર વર્ષે 15 જૂનના રોજ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસની ઉજવણી.
- ✓ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા ડિસેમ્બર, 2011માં ઠરાવ પસાર કરીને આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.
- ✓ આ દિવસ ઉજવવાની ભલામણ International Network for the Prevention of Elder Abuse ( INPEA ) દ્વારા કરવામાં આવી હતી. તે વૃદ્ધો સાથેના દુર્વ્યવહાર તેમજ પીડાના વિરુદ્ધમાં અવાજ ઉઠાવતી વિશ્વની અગ્રણી સંસ્થા છે.
- ✓ <u>સૌપ્રથમ આ દિવસ 15 જૂન, 2012ના રોજ ઉજવવામાં આવ્યો હતો.</u>
- ✓ <u>ઉદ્દેશ્ય:</u> આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય અસહાય વૃદ્ધ લોકો સાથે શારીરિક, ભાવનાત્મક તેમજ નાણાકીય દુર્થવ્યહારની સમસ્યા પર વૈશ્વિક સમુદાયોનું ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- ✓ <u>વિશ્વ સ્વાથ્ય સંગઠન (WHO)ના અનુમાન મુજબ 6 માંથી 1 વૃદ્ધ વ્યકિત કોઈને કોઈ રૂપમાં દુવ્યવહારનો શિકાર બને છે.</u>
- ✓ વર્ષ 2019 થી 2030 દરમિયાન 60 વર્ષ કે તેથી વધુ આયુષ્યના વ્યકિતની સંખ્યા 38% વધાવાનું અનુમાન છે, જે 1 બિલિયન થી 1.4 બિલિયન થશે.
- ✓ વૃદ્ધ વ્યકિતઓની વધતી વૈશ્વિક જનસંખ્યા અને આયુષ્યમાં વૃદ્ધિની સાથે વૃદ્ધોનો દૂરપયોગ વધી રહ્યો છે. જે એક ગંભીર સામાજિક સમસ્યા છે.
- ✓ <u>વૃદ્ધોની સ્થિતિ અંગે જાગૃતિ લાવવા દર વર્ષે 21 ઓગસ્ટના રોજ વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (World senior Citizen Day) ઉજવવામાં આવે છે.</u>
- ✓ વૃદ્ધ વ્યકિતઓના યોગદાન તેમજ તેમના જીવનને પ્રભાવિત કરતાં મુદ્દાઓને ઓળખવા માટે <u>દર વર્ષે 1 ઓકટોબરના રોજ વૃદ્ધ વ્યકિતઓનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.</u>

### <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૬-૨૦૨૦)</u>

1. કોવિડ-19ના કારણે આર્થિક ભારણ ઘટાડવાના હેતુથી ગુજરાતમાં તા.16 જૂનથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કેટલા રૂપિયાનો વધારો કરાયો- <u>રૂ. 2</u>
2. ગુજરાતમાં જૂનમાં કરેલા પેટ્રોલ-ડીઝલના ભાવવધારાથી રાજ્ય સરકારની આવકમાં અંદાજે વાર્ષિક કેટલો વધારો થશે- <u>રૂ.1800 કરોડ</u>
3. ગુજરાત સરકારે "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણીના ભાગરૂપે કયું જન અભિયાન શરૂ કરાવ્યું છે - **<u>"યોગ કરીશું કોરોનાને હરાવીશું"</u>**
4. ગુજરાત સરકારના "યોગ કરીશું, કોરોનાને હરાવીશું" જન અભિયાનનો સમયગાળો દર્શાવો - **<u>તા.15થી 20 જૂન</u>**
5. "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" 2020ની વૈશ્વિક થીમ જણાવો - **<u>"યોગા એટ હોમ, યોગા વીથ ફેમિલી"</u>**
6. આ વર્ષે 2020માં કેટલામો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે - **<u>6th</u>**

7. સુરત અને મુંબઈના હીરા ઉદ્યોગના ભીષ્મ પિતામહ તરીકે ઓળખાતા કયા મહાનુભાવનનું 80 વર્ષે મુંબઈ ખાતે અવસાન થયું - **અરુણકુમાર મહેતા**
8. કયા ભારતીય ખેલાડીઓના નામ ઉપરથી ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ભારતીય રોકાણકારોને આકર્ષવા વિવિધ માર્ગના નામ અપાયા - **તેંડુલકર ડ્રાઈવ, કોહલી ક્રિસેન્ટ અને કપિલ દેવ (દેવ ટેરેસ)**
9. તાજેતરમાં પરમાણુ શસ્ત્રો અંગે લેટેસ્ટ વૈશ્વિક અહેવાલ-2020 યરબુક કોના દ્વારા જાહેર કરાયો - **SIPRI**
10. SIPRIનું વિસ્તૃત નામ જણાવો - **ધ સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**
11. પરમાણુ શસ્ત્રો અંગે લેટેસ્ટ વૈશ્વિક અહેવાલ-2020 યરબુક મુજબ સૌથી વધુ પરમાણુ હથિયાર કયા દેશ પાસે કેટલા છે - **અમેરિકા અને 5,800**
12. પરમાણુ શસ્ત્રો અંગે લેટેસ્ટ વૈશ્વિક અહેવાલ-2020 યરબુક મુજબ રશિયા પાસે કેટલા પરમાણુ હથિયાર છે - **6,375**
13. પરમાણુ શસ્ત્રો અંગે લેટેસ્ટ વૈશ્વિક અહેવાલ-2020 યરબુક મુજબ ભારત પાસે કેટલા પરમાણુ હથિયાર છે - **150**
14. SIPRIનું વડું મથક કયાં આવેલું છે - **સ્ટોકહોમ**
15. સ્ટોકહોમ કયા દેશની રાજધાની છે - **સ્વીડન**
16. નેશનલ કલાઈમેટ ચેન્જ એસેસમેન્ટ-2020 મુજબ 21મી સદીના અંતે ભારતમાં તાપમાન સરેરાશ કેટલું વધી જશે - **4.4 ડિગ્રી**
17. નેશનલ કલાઈમેટ ચેન્જ એસેસમેન્ટ-2020 મુજબ 1951ની સરખામણીએ જૂનથી સપ્ટેમ્બર દરમિયાન આવતા વરસાદમાં ભારત કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - **6 ટકા**
18. સેન્ટર ફોર કલાઈમેટ ચેન્જ રિસર્ચ ભારત સરકારના કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે - **પૃથ્વી વિજ્ઞાન**
19. પ્રતિ વર્ષ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે - **15 જૂન**
20. સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા કયારે ઠરાવ પસાર કરીને આ દિવસ ઉજવવાની શરૂઆત કરી - **ડિસેમ્બર, 2011**
21. વૃદ્ધો સાથેના દુર્વ્યવહાર તેમજ પીડાના વિરુદ્ધમાં અવાજ ઉઠાવતી વિશ્વની અગ્રણી સંસ્થાનું નામ જણાવો - **INPEA**
22. INPEAનું વિસ્તૃત નામ જણાવો - **International Network for the Prevention of Elder Abuse**
23. સૌપ્રથમ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસની ઉજવણી કયારે કરવામાં આવી હતી - **15 જૂન, 2012**
24. વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય જણાવો - **અસહાય વૃદ્ધ લોકો સાથે શારીરિક, ભાવનાત્મક તેમજ નાણાકીય દુર્થવ્યહારની સમસ્યા પર વૈશ્વિક સમુદાયોનું ધ્યાન કેન્દ્રિત કરવાનો**
25. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના અનુમાન મુજબ કેટલી વૃદ્ધ વ્યકિત કોઈને કોઈ રૂપમાં દુવ્યવહારનો શિકાર બને છે - **6 માંથી 1**
26. વૃદ્ધોની સ્થિતિ અંગે જાગૃતિ લાવવા દર વર્ષે 21 ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે - **વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (World senior Citizen Day)**
27. વૃદ્ધ વ્યકિતઓના યોગદાન તેમજ તેમના જીવનને પ્રભાવિત કરતાં મુદ્દાઓને ઓળખવા માટે દર વર્ષે 1 ઓકટોબરના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે - **વૃદ્ધ વ્યકિતઓનો આંતરરાષ્ટ્રીય દિવસ**

DATE : 16-06-2020

## ૧.ભારત-ચીન સરહદી વિવાદ(વિદેશ નીતિ)

**"સર હિમાલય કા હમને ન ઝુકને દિયા" - ભારતીય સેનાના શહીદ જવાનો**




**પૂર્વ લદાખના ગાલવાન ઘાટી વિસ્તારમાં ચીન સાથેની અથડામણમાં ભારતના અંદાજે 20 જવાન શહીદ : જેમાં સામા પક્ષે 43 ચીની સૈનિકોના મોત**

✓ ખાસ : બંને દેશ તરફથી સત્તાવાર આંકડા જાહેર કર્યા નથી

વિવાદનું કારણ :

**ગાલવાન ઘાટીમાં પોઇન્ટ ૧૪ ખાતેનો ચીની સેનાનો તંબુ ભારતીય જવાનોની વીરગતિનું કારણ બન્યો**

**ભારત-ચીન વચ્ચે 41 દિવસમાં આ રીતે વધ્યો વિવાદ**



- ✓ ૧૫મી જૂને રાત્રે ચીની સેનાએ ઊભો કરેલો તંબુ ખસેડવા ભારતીય સૈનિકોની ટુકડી પહોંચી હતી. પરંતુ ચીની સૈનિકોએ હુમલો કરી દીધો હતો.
- ✓ બંને તરફના મોટી સંખ્યામાં સૈનિકોને ઇજા પહોંચી છે અને તેમને સારવાર માટે મિલિટરી હોસ્પિટલોમાં ખસેડાયાં છે.
- ✓ ચીની સેનાની અથડામણમાં ૧૬ બિહાર રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર કર્નલ સંતોષ બાબુ વીરગતિ પામ્યા હતા.


<u>**વિવાદનું કારણ 255 કિમી લાંબો રસ્તો**</u>

- ✓ <u>વર્ષ-1962નું યુદ્ધ ગલવાન ઘાટીથી જ શરૂ થયું હતું. તેની નજીકના અકસાઈ ચીન વિસ્તાર પર ચીનનો કબજો છે.</u>
- ✓ ભારતીય સૈનિકો ગલવાન નદીમાં બોટમાં પેટ્રોલિંગ કરે છે.
- ✓ ચીનની હતાશાનું કારણ 255 કિમી લાંબો રસ્તો છે. આ માર્ગ પૂર્વ લદાખમાં ભારતીય સૈનિકોને માટે મહત્વનો છે.
- ✓ સીમાના અંતિમ ગામ શ્યોકથી દૌલત બેગ ઓલ્ડી સુધીનો રસ્તો બનાવવા માટે 15 વર્ષ પહેલા કામ શરૂ હતું. હવે આ કામ પૂર્ણ થવાને આરે છે. તેના નાના હિસ્સાઓ સામે ચીને વાંધો લીધો છે. આ રસ્તાના 200 કિમી ભાગ પર સરફેસિંગ છે.
- ✓ ચીનના વિરોધ છતાં ભારતે કામ ચાલુ રાખ્યું.
- ✓ વિવાદ ઉકેલવા માટે બન્ને દેશોના અધિકારીઓ વચ્ચે 2 મહિનામાં 10 થી વધારે બેઠકો થઈ ચૂકી છે.
- ✓ 6 જૂને લેફ્ટનન્ટ જનરલ સ્તરે થયેલી વાતચીતમાં બન્ને સૈન્ય પીછેહઠ કરશે એવો નિર્ણય લેવાયો હતો. તેના અમલ દરમ્યાન હિંસા થઈ હતી.

<u>**એકપણ ગોળી ન ચાલી: પરમાણુ શસ્ત્ર સજ્જ સેવાઓ વચ્ચે પથ્થર, લાઠી દંડાથી અથડામણ શા માટે ?**</u>

- ✓ <u>વર્ષ-૧૯૯૬માં ભારત અને ચીન વચ્ચે થયેલા કરાર અનુસાર બંને દેશની સેના એલએસીથી બે કિલોમીટરના અંતરમાં એકબીજા પર ગોળીબાર નહીં કરે. હાનિકારક ઉપયોગ નહીં કરે, બ્લાસ્ટ ઓપરેશન હાથ નહીં ધરે, બંદૂક અથવા તો વિસ્ફોટકો વડે શિકાર નહીં કરે.</u>
- ✓ આ કરારને કારણે એલએસી પર જ્યારે પણ બને દેશની સેના સામસામે આવી જાય છે ત્યારે સૈનિકો વચ્ચે ધક્કામુક્કી કે છૂટા હાથની મારામારી જેવી ઘટનાઓ બનતી રહે છે.

<u>**ગલવાન ખીણ વિશે:**</u>




- ✓ <u>સ્થાનિક પ્રવાસી અને હિમાલયના ભોમિયા ગુલામ રસૂલ ગલવાનના નામે અહીંની નદી ગલવાન નદી નામે ઓળખાય છે.</u> એ નદી પરની ખીણ ગલવાન ખીણ તરીકે છેલ્લા થોડા સમયથી ચર્ચામાં આવી છે.
- ✓ <u>80 કિલોમીટર લાંબી ગલવાન નદી ચીની કબજાના કાશ્મીર (અક્સાઈ ચીન)માંથી નીકળીને શ્યોક નદીને મળે છે.</u>
- ✓ <u>શ્યોક નદીનું બીજુ નામ- રિવર ઓફ ડેથ</u>
- ✓ <u>બ્રિટિશરો જ્યારે 19મી સદીમાં આ વિસ્તારનું ખેડાણ કરી રહ્યાં હતા ત્યારે 1899માં તેની સાથે સ્થાનિક જાણકાર તરીકે ગુલામ રસૂલ જોડાયા હતા.</u>
- ✓ બ્રિટિશરો મૂળ તો આ વિસ્તારમાંથી ચીન સુધીનો રસ્તો પસાર થઈ શકે એમ છે કે કેમ તેની તપાસ કરવા માંગતા હતા. એ માટે તેમણે ગલવાનને કાફલા સાથે અહીં મોકલ્યા હતા.
- ✓ 1878માં જન્મેલા ગુલામ ગલવાને પંદર-વીસ હજાર ફીટ ઊંચા તિબેટના અનેક અજાણ્યા વિસ્તારો પગતળે કર્યા હતા.

<u>૨.પેંગોગ લેકનું ભારત અને ચીન માટે વ્યૂહાત્મક મહત્વ</u>

**ભૌગલિક વિશેષતા :**

- ✓ ભારત અને ચીન વચ્ચેના વિવાદમાં પેંગોંગ સરોવર ફરી ચર્ચામાં છવાયું છે.
- ✓ ચીન દ્વારા આ સરોવરમાં પેટ્રોલિંગની સશસ્ત્ર નૌકાઓની સંખ્યા વધારી દીધી છે, જેના જવાબમાં ભારતે ક્વિક રિસ્પોન્સ ટીમની નૌકાઓ ખડકી દીધી છે.
- ✓ <u>લદાખમાં ૧૪ હજાર ફૂટ ઉપર આવેલ અને ચારેય તરફથી જમીનથી ઘેરાયેલું આ સરોવર વ્યૂહાત્મક દૃષ્ટિની રીતે</u>

ખૂબ મહત્ત્વપૂર્ણ છે, જેથી ભારત અને ચીન બંને આ સરોવરમાં પેટ્રોલિંગ કરતા રહ્યાં છે.

**લદ્દાખના પેંગોંગ લેકમાં ચીન હંમેશાં અડપલાં કરતો રહ્યો છે**

- ✓ પેંગોંગ સરોવર ચુશુલ અપ્રોચની વચ્ચે આવે છે.
- ✓ ચીન જો ભવિષ્યમાં ભારતીય ક્ષેત્ર પર હુમલો કરવાની હિમ્મત કરશે તો તે ચુશુલ અપ્રોચનો ઉપયોગ કરશે.
- ✓ પેંગોંગ સરોવરની આસપાસ ચીને મજબૂત સૈન્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી લીધું છે.

## ૩. લદ્દાખ વિવાદ

**લદ્દાખ વિવાદ : ચીને ભારત સાથેના ૩ દ્વિપક્ષીય કરારનું ઉલ્લંઘન કર્યું**

1. **૧૯૯૩નો કરાર:** બંને દેશના સૈનિકમાંથી કોઇ એલએસી ક્રોસ કરે તો તેને બીજા પક્ષ દ્વારા ચેતવણી આપવામાં આવે અને તે સૈનિક તરત પરત ચાલ્યો જાય
2. **૧૯૯૬નો કરાર :** જો બંને દેશના સૈનિક સામસામે આવી જાય તો સંયમ જાળવી તણાવ ઘટાડવાનાં પગલાં લે અને તાત્કાલિક મંત્રણા શરૂ કરાય
3. **૨૦૧૩નો કરાર:** એલએસી ખાતે વિવાદાસ્પદ વિસ્તારોમાં બંને સેના એકબીજાની પેટ્રોલિંગ ટુકડીઓનો પીછો નહીં કરે.

## ૪. ચીનની ચાલ : ભારતને ચારેય દિશામાંથી ઘેરવાની નીતિ (વિદેશ નીતિ)

**ભારતના પાડોશી દેશો ચીનની ધિરાણ નીતિમાં ફસાતા ગયા**

**વિગત અને વિવિધ દેશો :**

- ✓ ભારતના પાડોશી દેશોને ચીન દેવાની જાળમાં ફસાવી રહ્યું છે. તેનો ઇરાદો ભારતને ઘેરવાનો છે. ચીનની આ નીતિનો ઘણા દેશો વિરોધ કરી રહ્યા છે.

**શ્રીલંકા:**

- ✓ ચીને શ્રીલંકામાં હંબનટોટા પોર્ટ, એરપોર્ટ, કોલ પાવર પ્લાન્ટ, માર્ગ નિર્માણમાં 36,480 કરોડનું રોકાણ કર્યું.
- ✓ 2016માં દેવું રૂ. 45,600 કરોડ થઇ ગયું. શ્રીલંકા દેવું ન ચૂકવી શક્યું, તેણે હંબનટોટા પોર્ટ ચીનને 99 વર્ષના ભાડાપટ્ટે આપ્યો.

**પાકિસ્તાન:**

- ✓ પાકિસ્તાને ચીનના સીપીઇસી પ્રોજેક્ટમાં રૂ. 4.56 લાખ કરોડનું રોકાણ કર્યું છે પણ તેમાંથી મોટા ભાગની રકમ ધિરાણ તરીકે.
- ✓ તેનો વ્યાજદર 7 ટકા છે. ચીન પાક.ના ગ્વાદર પોર્ટ નજીક નેવી બેઝ બનાવવા માગે છે.

**બાંગ્લાદેશ:**

- ✓ બાંગ્લાદેશે ચીન પાસેથી બીઆરઆઇ પ્રોજેક્ટમાં સમજૂતી કરી હતી. ચીને બાંગ્લાદેશમાં તેમાં રૂ. 2.89 લાખ કરોડ રોક્યા છે.

**નેપાળ:**

- ✓ ચીને નેપાળના રસુવામાં હાઇડ્રો પાવર પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તે તિબેટથી 32 કિ.મી. દૂર છે. તેમાં ચીને 950 કરોડ રૂ. રોક્યા છે.

**માલદીવ:**

- ✓ માલદીવે 2016માં ચીનની કંપનીઓને 16 ટાપુ લીઝ પર આપ્યા હતા. હવે ચીન આ ટાપુઓ પર બાંધકામો કરી રહ્યું છે.
- ✓ CPEC : ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિટોર

## ૫. સંશોધન : કરોળિયાની નવી પ્રજાતિનું નામકરણ (જીવસૃષ્ટિ)

**નવી પ્રજાતિને પર્યાવરણીય ચળવળકાર ગ્રેટા થનબર્ગનું નામ અપાયું**




- ✓ સ્વીડિશ પર્યાવરણ ચળવળકાર ગ્રેટા થનબર્ગના નામ પર નવી શોધાયેલી કરોળિયાની પ્રજાતિનું નામકરણ કરવામાં આવ્યું.
- ✓ **શોધક :** જર્મન પુરાતત્વવિદ્ પીટર જેગર
- ✓ **પ્રદાન:** જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે ગ્રેટાની કટિબદ્ધતાના માનમાં આ કરિયાળાની પ્રજાતિને ગ્રેટાનું નામ અપાયું.
- ✓ વધતું તાપમાન પર્યાવરણના તમામ હિસ્સાને અસર કરે છે. તેમાં એંડેમિક વિવિધતા અને મેડાગાસ્કરના કરોળિયાની પ્રજાતિ સામેલ છે.
- ✓ કરોળિયાની આ પ્રજાતિને થનબર્ગનું નામ આપી તે મેડાગાસ્કરમાં જૈવિક વિવિધતાને થતા નુકસાન મુદ્દે લોકોનું ધ્યાન આકર્ષવામાં સફળ થશે.
- ✓ નવા કરોળિયાની પ્રજાતિની આંખો અને પીઠ પર બિંદીકાર પેટર્ન હોવાથી તે ઘણી અલગ પડે છે.

## ૬. સફળતા: ભારતીય હવાઈદળ (સંરક્ષણ)

**બ્રહ્મોસ મિસાઈલને કોમ્બેક્ટ ક્લિયરન્સ : હવે સુખોઈ-30માંથી ફાયર કરી શકાશે**




- ✓ બહ્મોસ કોર્પોરેશને જણાવ્યું હતું કે બ્રહ્મોસ મિસાઈલને ફ્લિટ રીલિઝ કોમ્બેટ ક્લિયન્સ મળી ગયું છે.
- ✓ હવે આ બ્રહ્મોસ મિસાઈલ ગમે ત્યારે સુખોઈ-30માંથી ફાયર કરી શકાશે.
- ✓ બ્રહ્મોસ મિસાઈલ અગાઉ પણ ઘણા પરીક્ષણોમાંથી પસાર થઈ ચૂકી છે, પરંતુ સુખોઈમાંથી ફાયર થાય તે માટેના પરીક્ષણો જાન્યુઆરીમાં હાથ ધરાયા હતા.
- ✓ પરીક્ષણોમાં બ્રહ્મોસ મિસાઈલ પાર ઉતરી જતાં હવે ઈન્ડિયન એરફોર્સમાં જોડાવાનો તેનો માર્ગ મોકળો બન્યો છે.
- ✓ સુખોઈ-30 અને બ્રહ્મોસ મિસાઈલનું રેર કોમ્બિનેશન દુશ્મનો પર ભારે પડી શકે છે.
- ✓ અત્યારે ચીન-ભારત વચ્ચે સરહદી સંઘર્ષ ચાલી રહ્યો છે ત્યારે જ બ્રહ્મોસ મિસાઈલને કોમ્બેટ ક્લિયન્સ મળી જતાં ભારતીય વાયુસેનાની શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે.
- ✓ કોઈ પણ હથિયાર કે મિસાઈલ માટે ફ્લિટ રીલિઝ ક્લિયન્સ છેલ્લું મહત્વનું સર્ટિફિકેટ હોય છે. તેનો અર્થ એ કે એ હથિયાર કે મિસાઈલનો યુદ્ધમાં સમાવેશ કરી શકાય.
- ✓ બ્રહ્મોસ-એ સુપરસોનિક લેન્ડ એટેક ક્રૂઝ મિસાઈલ 300 કિમી સુધીની રેન્જ સુધી ટાર્ગેટ કરી શકે છે. તેનું સુધારેલું વર્જન 20 કિ.મી. પહેલાં રસ્તો બદલીને નિશાન ભેદી શકે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૬-૨૦૨૦)

1. તા.15 જૂનના રોજ ભારત અને ચીન વચ્ચે કઈ ઘાટીમાં અથડામણ દરમિયાન ભારતના અંદાજે 20 જેટલા સૈનિકો સરહદની રક્ષા કરતા શહીદ થયા હતા- **ગાલવાન ઘાટી**
2. તા.15 જૂનના રોજ ભારત અને ચીન વચ્ચે ગાલવાન ઘાટીમાં અથડામણ દરમિયાન ભારતના સેના દ્વારા અંદાજે કેટલા ચીની સૈનિકોનો ખાત્મો બોલાવ્યો હતો- **43**
3. ચીન સરહદે ગાલવાન ઘાટી ભારતના કયા વિસ્તારમાં આવેલી છે - **પૂર્વ લદાખ**
4. ભારત અને ચીન વચ્ચે 1962નું યુદ્ધ કયા વિસ્તારમાંથી શરૂ થયું હતું - **ગાલવાન ઘાટી**
5. પૂર્વ લદાખમાં ભારતીય સેના માટે કેટલા કિલોમીટર લાંબો મહત્વનો માર્ગ બનાવવામાં આવ્યો છે - **255 કિલોમીટર**
6. ભારત અને ચીન વચ્ચે કયા વર્ષમાં થયેલા કરાર મુજબ LAC થી કેટલા કિલોમીટરના અંતરમાં એક બીજા સૈનિકો પર એક પણ ગોળી છોડી શકાતી નથી- **વર્ષ 1996 અને બે કિલોમીટર**
7. LACનું વિસ્તૃત નામ આપો - **લાઈન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલ**
8. ગલવાન ખીણનું નામ કયા સ્થાનિક પ્રવાસી ઉપરથી પડ્યું છે - **હિમાલયના ભોમિયા ગુલામ રસુલ ગલવાન**
9. ગલવાન ઘાટીમાં કઈ નદી આવેલી છે- **ગલવાન નદી**
10. 80 કિલોમીટર લાંબી ગલવાન નદી કયા વિસ્તારમાંથી નીકળી કઈ નદીને મળે છે- **અક્સાઇ ચીન અને શ્યોક નદી**
11. શ્યોક નદીનું ઉપનામ જણાવો- **રિવર ઑફ ડેથ**
12. પેંગોંગ લેક ક્યાં આવેલું છે અને દરિયાઈ સપાટીથી કેટલા ફુટ ઉંચે છે - **પૂર્વ લદાખ અને 14,000**
13. પૂર્વ લદાખમાં ભારત અને ચીન માટે કયું સરોવર મહત્વની ભૂમિકા ભજવે છે - **પેંગોંગ લેક**
14. ચીને ભારત સાથેના કયા દ્વિપક્ષીય કરારનું ઉલ્લંઘન કર્યું છે - **1). વર્ષે 1993 2) વર્ષે 1996 અને 3) વર્ષે 2013**
15. ભારતના કયા પાડોશી દેશો ચીનની ધિરાણ નીતિમાં ફસાયા છે જેના કારણે ચીને ભારતની ઘેરાબંધી કરી છે - **શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ અને માલદીવ**
16. તાજેતરમાં નવી શોધાયેલ કરોળિયાની પ્રજાતિને કયું નામકરણ કરાયું - **ગ્રેટા થનબર્ગ**
17. કરોળિયાની નવી પ્રજાતિના શોધક અને દેશનું નામ જણાવો - **જર્મન પુરાતત્વવિદ પીટર જેગર**
18. ગ્રેટા થનબર્ગનો પરિચય અને વતન જણાવો- **પર્યાવરણ ચળવળકાર અને સ્વીડન**
19. ભારતીય હવાઈદળને તાજેતરમાં પ્રથમવાર કયા મિસાઇલને ફ્લિટ રીલિઝ કોમ્બેક્ટ ક્લિયરન્સ મળ્યું- **બ્રહ્મોસ મિસાઈલ**
20. બ્રહ્મોસ મિસાઈલને મંજૂરી મળતા હવે તેને કયા ફાઈટરમાંથી છોડી શકાશે - **સુખોઈ -30**

21. સંરક્ષણની ભાષામાં ફ્લિટ રીલિઝ કોમ્બેક્ટ ક્લિયરન્સ એટલે શું - **હથિયાર કે મિસાઈલનો યુદ્ધમાં સમાવેશ કરવો**

22. સુપર સોનિક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોસ કેટલા કિલોમીટરની રેન્જ ધરાવે છે - **290-300 કિમી**

DATE : 17-06-2020

## ૧. ભારત-ચીન આયાત-નિકાસ સંબંધો (વિદેશ વેપાર)

**આંકડાકીય વિગતો : મૂલ્યાંકન :**

**૧) રૂ. બે લાખ કરોડના ભારતના સ્માર્ટ ફોન બજારના ૭૩ ટકા હિસ્સો ચીન પાસે**

- ✓ સ્માર્ટફોન બજાર આશરે બે લાખ કરોડ રૂપિયાનું છે. તેમાં ચીનની ભાગીદારી 73% છે. એટલે કે 1.46 લાખ કરોડના બજાર પર ચીનનો કબજો છે.
- ✓ તેમાં ચીનની 4 મોબાઇલ બ્રાન્ડ શાઓમી (30%), વીવો (17%), ઓપ્પો (12%) અને રિયલમી (14%) છે.
- ✓ વીવો, ઓપ્પો, રિયલમી એક જ કંપની બીબીકે ઈલેક્ટ્રોનિક્સની બ્રાન્ડ છે.
- ✓ તેની ચોથી બ્રાન્ડ વનપ્લસ પણ છે જે ઝડપથી આગળ વધી રહી છે.

**૨) ૭૫ ટકા એન્ટિબાયોટિક્સની આયાત ચીનથી**

૩) ભારતમાં ટીવીનું બજાર 25,000 કરોડનું.

- ✓ તેમાં સ્માર્ટ ટીવી બજારમાં ચીનની કંપનીઓની ભાગીદારી 42-45% છે
- ✓ આશરે 12 હજાર કરોડનું બજાર ચીન પાસે.

૪) દેશમાં ઓટોમોબાઇલ સ્પેરપાર્ટ્સનું બજાર 4.27 લાખ કરોડનું છે.

- ✓ ચીનની કંપનીઓની ભાગીદારી 26 % છે. ચીન દર વર્ષે 1 લાખ કરોડ કમાય છે.

## ૨. નર્મદા ડેમ : પાવર હાઉસ શરૂ થતા દૈનિક ૧૧૦૦ મેગા વૉટ વીજ ઉત્પાદન (જળ ઊર્જા)

- ✓ રિવર બેડ પાવર હાઉસના ૨૦૦ મેગાવોટના એક એવા પાંચ યુનિટ કાર્યરત
- ✓ જેમાંથી ૧ હજાર મેગાવોટ વીજળી હાલ પેદા થઈ રહી છે.
- ✓ કેનાલ હેડ પાવર હાઉસના પાંચમાંથી બે યુનિટ ચાલુ છે અને તેમાંથી ૧૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થઈ રહી છે.
- ✓ ગુજરાતના ભાગે જે હિસ્સો આવે એ હિસ્સા પ્રમાણે મધ્યપ્રદેશના ડેમમાંથી અત્યારે પાણી છોડવામાં આવી રહ્યું છે. જેનો સંગ્રહ નર્મદા ડેમમાં થઈ રહ્યો છે
- ✓ તેની મુખ્ય નહેર દ્વારા લગભગ ૮,૬૦૦ ક્યુસેક પાણી ગુજરાતના અલગ અલગ પ્રદેશમાં પહોંચાડવામાં આવી રહ્યું છે.

## ૩. ખેલ કૂદ : લા લીગા ફૂટબોલ-૨૦૨૦

**જર્મન ફૂટબોલ ક્લબ બાયર્ન મ્યુનિચ સતત આઠમી વાર ટાઈટલ વિજેતા**

- ✓ ઉપવિજેતા : વેર્ડર બ્રેમેન યજમાન : બ્રેમેન (જર્મની)

## ૪. ગલવાન ખીણ (ભૂગોળ)

ગલવાન : ૧૪ હજાર ફીટ ઊંચાઈ, -૨૦ ડીગ્રી તાપમાન




- ✓ આખા જગતમાં ભારત જેટલી વૈવિધ્યપૂર્ણ અને કઠીન સરહદ બીજે ક્યાંય નથી.
- ✓ ગલવાન ખીણ અત્યંત કઠીન સ્થળે આવેલી છે. એ ખીણ ૧૪,000 ફીટની ઊંચાઈએ છે. એટલે ત્યાં ચોકી-પહેરો ભરનારા તમામ ભારતીય સૈનિકોને પાતળી હવા અને ઓક્સિજનની કમીની મુશ્કેલી નડે.
- ✓ સામાન્ય પેટ્રોલિંગ કરવામાં તો વાંધો ન આવે કેમ કે તેઓ ટેવાઈ ગયા હોય. પરંતુ શ્રમ કરવાનો આવે કે લડવાનું આવે ત્યારે સૈનિકોને આ વાતાવરણે ભારે મુશ્કેલી પડે.
- ✓ બીજી સમસ્યા અહીંના ઠંડાગાર તાપમાનની છે.
- ✓ શિયાળામાં આ ખીણ વિસ્તારનું તાપમાન માઈનસ ૨૦ ડીગ્રી સુધી પહોંચે છે. અત્યારે આટલું નીચું તાપમાન નથી, તો પણ શુન્ય આસપાસ તો છે જ.
- ✓ એટલે કે આપણે ત્યાં આકરા શિયાળામાં હોય તેનાથી અનેકગણી વધારે ઠંડીમાં ભારતીય સૈનિકો કામ કરે છે. એવા વાતાવરણમાં ટકી રહેવું મુશ્કેલ જ છે.
- ✓ બર્ફિલા પવનો અને તોફાન પણ અહીં સતત અડચણ ઉભી કરતાં રહે છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. LAC : ભારતે તૈયાર કરેલ ઑલ વેધર રોડ (સંરક્ષણ)

- ✓ ભારત માટે અતિ મહત્વનો સરહદી રોડ
- ✓ ચીનને મૂળ વાંધો ભારત લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલના કાંઠે કાંઠે રોડ બનાવી રહ્યું છે તેનો છે.
- ✓ દ્રબુકથી દોલત બેગ ઑલ્ડી સુધીનો આ રસ્તો ઓલ વેધર પ્રકારનો છે, એટલે કે બરફવર્ષા વખતે પણ ચાલે અને ભારે પૂર આવે તો પણ ટકી રહે. એ રસ્તામાં જ વચ્ચે ગલવાન નદી અને થોડે દૂર ગલવાન ખીણ આવે છે.
- ✓ આ વિસ્તાર ચીન કબજે કરે તો રસ્તાનું કામ અટકાવી શકે અથવા તો તેને બુરી રીતે અસર કરી શકે. માટે ચીને ગલવાન પોઈન્ટ પસંદ કર્યો છે.
- ✓ આ રસ્તો ભારત માટે મહત્વનો છે કેમ કે અત્યારે આ રસ્તા વગર લેહથી ઓલ્ડી સુધી પહોંચતા બે દિવસ થાય છે. રસ્તો બની જાય તો પછી એ કામ ૬ કલાકમાં થઈ શકે.
- ✓ ભારતીય સૈન્ય હેરાફેરીમાં પણ એ પછી ઝડપ આવી શકે.

## ૬. સંશોધન: COVID-19 રસી (આરોગ્ય)

સૌથી પહેલાં જાન્યુઆરીમાં સાર્સ-કોવ-૨ના જેનોમને ઓળખીને તેના ઉપર પ્રયોગો શરૂ કરવામાં આવ્યા હતા.

- ✓ માર્ચના પહેલાં અઠવાડિયામાં માણસો ઉપર તેના સેફ્ટિ ટ્રાયલ શરૂ કરાયા.
- ✓ સંશોધકોના મતે કેટલાક પ્રયોગો સાચી દિશામાં આગળ વધી રહ્યા હોય તેમ જણાઈ રહ્યું છે અને તેના કારણે જ તેઓ રોગપ્રતિકારક શક્તિને વધારે પ્રબળ બનાવવાની દિશામાં અગ્રેસર છે. તેના થકી વધુ પ્રમાણમાં એન્ટિબોડિ વિકસાવવામાં આવી શકે છે.

**રસીના સંશોધનની પ્રક્રિયા**

**પ્રિક્લિનિકલ ટેસ્ટિંગ:**

- ✓ સંશોધકો દ્વારા પહેલાં ઉંદરો અને ત્યારબાદ વાનરો ઉપર દવાનું પરીક્ષણ કરાય છે, જેથી તેમની રોગપ્રતિકારક શક્તિની પ્રતિક્રિયાનો અંદાજ આવે.
- ✓ પહેલો તબક્કો સેફ્ટિ ટ્રાયલ સંશોધકો દ્વારા ખૂબ જ ઓછા લોકો ધરાવતા એક જૂથને સેફ્ટિ ડોઝ આપવામાં આવે છે જેથી તેમની રોગપ્રતિકારક શક્તિ પ્રવૃત્ત થઈ કે નહીં તે જાણી શકાય.
- ✓ બીજો તબક્કો એક્સપાન્ડેડ ટ્રાયલ : સંશોધકો દ્વારા મોટી સંખ્યામાં અને બાળકો, યુવાનો અને વૃદ્ધોની કેટેગરીમાં દવા આપવામાં આવે છે. તેના થકી તેઓ ચકાસે છે કે, મોટી સંખ્યામાં દવાની અસર કેવી રીતે થાય છે અને તે રોગપ્રતિકારક શક્તિને કેટલા પ્રમાણમાં અસર કરે છે.
- ✓ **ત્રીજો તબક્કો એફિકસી ટ્રાયલ :**
- ✓ સંશોધકો દ્વારા હજારોની સંખ્યામાં લોકોને દવા આપવામાં આવે છે જેથી ખ્યાલ આવે કે ઈન્ફેક્શન કેટલા પ્રમાણમાં અને કેટલી ઝડપથી ઓછું કરી શકાય. આ તબક્કા દ્વારા તેને બજારમાં મૂકવાનો અંદાજ મળે છે.

**એપ્રૂવલ:**

- ✓ દરેક દેશમાં રહેલી રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા ટ્રાયલના દરેક તબક્કાનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીને માન્યતા આપવામાં આવે છે.

**રેપ સ્પીડ:**

- ✓ અમેરિકન સરકારના ઓપરેશન રેપ સ્પીડ પ્રોગ્રામ દ્વારા અબજો ડોલર આપીને પાંચ રસીઓના પ્રોજેક્ટની પસંદગી કરવામાં આવી છે.

**કમ્બાઈન્ડ ફેઝ:**

- ✓ રસીને ઝડપથી લોકો સુધી પહોંચાડવાની હોય ત્યારે પહેલા અને બીજા તબક્કાને સાથે રાખી સંયુક્ત ફેઝમાં અમલી કરવી પડે છે

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૬-૨૦૨૦)

1. ભારતે વર્ષ 2018-19માં ચીન પાસેથી કેટલા અબજ ડોલરના માલ સામાનની આયાત કરી હતી - **70.03 અબજ ડોલર**
2. ભારતે વર્ષ 2018-19માં ચીનને કેટલા અબજ ડોલરના માલ સામાનની નિકાસ કરી હતી- **16.07 અબજ ડોલર**
3. અંદાજે 2 લાખ કરોડના ભારતના સ્માર્ટફોન બજારમાં ચીન કેટલા ટકા હિસ્સો ધરાવે છે - **73%**
4. ભારતમાં જૂન 2020ની સ્થિતિએ કેટલા ટકા એન્ટિબાયોટિક ચીનથી આયાત કરવી પડે છે - **75%**
5. ભારતમાં ઓટોમોબાઇલ પાર્ટ્સમાં ચીની કંપનીઓની ભાગીદારી કેટલા ટકા છે - **26%**
6. જૂન 2020ની સ્થિતિએ સરદાર સરોવર ડેમ ખાતે આવેલા પાવર હાઉસમાંથી દૈનિક કેટલા મેગાવોટ વીજ ઉત્પાદન થાય છે - **1100**
7. સરદાર સરોવર ડેમ ખાતે 200 મેગા વોટના કેટલા ટર્બોઈનર આવેલા છે - **5-(200×5)**
8. તાજેતરમાં લા લીગા ફૂટબોલ-2020 ટાઈટલ વિજેતા ટીમ જણાવો - **જર્મન ફૂટબોલ ક્લબ બાયર્ન મ્યૂનિચ આઠમી વાર**

9. તાજેતરમાં લા લીગા ફૂટબોલ-2020 ટ્રનૉમેન્ટ કયા દેશમાં યોજાઈ- **બ્રેમેન જર્મની**

10. ભારત અને ચીન સરહદે હવેલી ગલવાન ખીણ કેટલા હજાર ફીટની ઊંચાઈ પર આવેલી છે - **14,000**

11. ભારતીય સરહદ ઉપર સેના LAC ખાતે કયો નવો રોડ બનાવી રહી છે જેનો ચીન દ્વારા વિરોધ થઈ રહ્યો છે - **ઑલ વેધર રોડ**

12. કોરોના વાઇરસની રસી બનાવવા સૌ પહેલા જાન્યુઆરી-2020માં કયા જેનોમને ઓળખીને તેમના ઉપર પ્રયોગો શરૂ કર્યા હતા - **સાર્સ-કોવ-2**

13. વિશ્વમાં કોરોનાને હરાવવા ભારત સહિત અંદાજે કેટલા દેશોમાં વેકસીન-રસી ઉપર કામ ચાલી રહ્યું છે - **145**

14. વૈશ્વિકકક્ષાએ નવી રસી સંશોધનની પ્રક્રિયાના વિવિધ તબક્કા જણાવો - **1. પ્રિક્લિનિકલ ટેસ્ટિંગ 2. પ્રથમ તબક્કો- સેફટી ટ્રાયલ,3. બીજો તબક્કો એક્સપાન્ડેડ ટ્રાયલ 4. ત્રીજો તબક્કો એફિક્સી ટ્રાયલ 5. મંજૂરી 6. રેપ સ્પિડ 7. કમ્બાઈન્ડ ફેઝ**

15. LACનું વિસ્તૃત નામ જણાવો- **લાઈન ઓફ એકચ્યૂઅલ કંટ્રોલ**

## DATE : 18-06-2020

### ૧. વૈશ્વિક ગૌરવ : ભારતની આઠમીવાર UNSCના અસ્થાયી સભ્યપદે પસંદગી

✓ **કાર્યકાળ:જાન્યુઆરી-૨૦૨૧થી બે વર્ષ માટે**

ભારતે ચીન અને પાકિસ્તાનની હાજરીવાળા 55 સભ્ય સમૂહમાં એશિયા પેસિફિક સીટ જીતી હતી જે સંયુક્ત રાષ્ટ્રનું સર્વોચ્ચ નિર્ણય લેનાર એકમ છે.

✓ 193 સભ્યોવાળી મહાસભામાં ભારતને 184 દેશોએ સમર્થન કર્યું

✓ એશિયામાં ભારત નિર્વિરોધ રહ્યું. જોકે ગુપ્ત મતદાનમાં 8 દેશ ભારતના પક્ષમાં નહોતા.

**ચૂંટણીમાં કોને કેટલા મત :**

✓ **અન્ય દેશ** : ભારતની સાથે આયરલેન્ડ (128 વોટ), મેક્સિકો (187 વોટ) અને નોર્વે (130 વોટ) પણ પરિષદમાં સામેલ થયા હતા, જોકે કેનેડા બહાર થઈ ગયું

**ભારત : એટ એ ગ્લાન્સ**

✓ ભારત 8મી વખત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય ચૂંટાયું

✓ તા.૧૭મી જૂન-૨૦૨૦ના રોજ થયેલા વોટિંગમાં મહાસભાના 193 સભ્યોવાળી મહાસભામાં ભારતને 184 દેશોએ સમર્થન કર્યું

✓ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના જણાવ્યા પ્રમાણે, ભારત બે વર્ષ માટે અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાયુ છે. ભારતની સાથે આયરલેન્ડ, મેક્સિકો અને નોર્વે પણ અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાયા છે.

**અસ્થાઈ સભ્યોને ચૂંટવાનો હેતું**

✓ અસ્થાઈ સભ્ય દેશોને પસંદ કરવાનો હેતું સુરક્ષા પરિષદમાં ક્ષેત્રીય સંતુલન બનાવી રાખવાનો છે.

✓ તેમા એશિયા કે આફ્રિકાના દેશોમાંથી 5, દક્ષિણ અમેરિકાના દેશોમાંથી 2, પૂર્વ યુરોપમાંથી 1, પશ્ચિમ યુરોપમાંથી 2 અથવા બીજા ક્ષેત્રમાંથી ચૂંટાશે. આફ્રિકા અને એશિયા-પ્રશાંત દેશો માટે નક્કી કરાયેલી બે સીટ ઉપર ત્રણ ઉમેદવાર જિબુતી, ભારત અને કેન્યા છે.

**ભારત કયા કયા વર્ષે અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાયું**

✓ 1950-51 1967-68 1972-73

✓ 1977-78 1984-85 1991-92

✓ 2011-12માં ચૂંટાયું હતું.

**સુરક્ષા પરિષદમાં કુલ 15 દેશ**

✓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કુલ 15 દેશ.

✓ સ્થાઈ સભ્ય : અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન અને ચીન દેશ છે.

અસ્થાઈ સભ્ય : 10 દેશ

1. **બેલ્જીયમ(2020)**
2. **કોટ ડી-આઈવરી ડોમિનિકન રિપબ્લિક (2020)**
3. **ઈસ્ટોનિયા(2021)**
4. **જર્મની(2020)**
5. **ઈન્ડોનેશિયા(2020)**
6. **નાઈજર(2021)**
7. **દક્ષિણ આફ્રિકા(2020)**
8. **ટ્યુનેશિયા(2021)**
9. **વિયેતનામ(2021)**
10. **સેઈન્ટ વિન્સેટ એન્ડ ધ ગ્રીનાડિનીસ (2021)**

✓ અસ્થાઈ સભ્યનો કાર્યકાળ બે વર્ષ હોય છે. તેના માટે UNSC પાંચ સ્થાઈ સભ્યોની સીટ છોડીને દરેક પાંચ વર્ષે અસ્થાઈ સભ્યોની ચૂંટણી કરાવે છે.

- ✓ સંયુક્ત રાષ્ટ્રના મહાસભાના ૭૫માં સત્ર માટે અધ્યક્ષ અસ્થાયી સભ્યો અને ચૂંટાયા
- ✓ UN કુલ સભ્ય દેશ – ૧૯૩

**ભારતનો મૂળ સિદ્ધાંત :**

- ✓ આતંકવાદ સામે લડવા અને વસુધૈવ કુટુંબકમનો સિદ્ધાંત અપનાવ્યો

**ભારતના એજન્ડામાં કયા પાંચ એસ :**

- ✓ S – સંવાદ
- ✓ S – સહયોગ
- ✓ S – શાંતિ
- ✓ S – સમૃદ્ધિ
- ✓ S – સન્માન
- ✓ UNSC – યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ

## ૨. કોપા ઈટાલિયન કપ-૨૦૨૦(ખેલકૂદ)

- ✓ રમત : ફૂટબોલ વિજેતા : નેપોલી
- ✓ ઉપવિજેતા : જુવેન્ટસ્ યજમાન : બર્લિન (જર્મની)
- ✓ અત્યાર સુધીમાં કોપા કપમાં નેપોલી અને જુવેન્ટસ્ બંને 5-5 વાર વિજેતા

## ૩. આત્મનિર્ભર ભારત અભિયાન (આર્થિક)

**ભારતમાં કોલસાની ખાણોની કોમર્શિયલ હરાજીનો વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે પ્રારંભ**

કોલ માઈનિંગ / વડાપ્રધાન મોદીએ કહ્યું- 2030 સુધીમાં 100 મિલિયન ટન કોલસાને ગેસમાં રૂપાંતરિત કરવાનું લક્ષ્ય, 20 હજાર કરોડનું રોકાણ કરશે




- ✓ કોરોનાની મહામારી વચ્ચે પીએમ મોદીએ તા.૧૮મી જૂને ખાનગી ક્ષેત્રને કોલસાની ખાણનાં કોમર્શિયલ ખાણકામ કરવાની છૂટ આપીને કોલસાની ૪૧ ખાણોની હરાજીનો પ્રારંભ કર્યો હતો.
- ✓ આને કારણે ઊર્જાક્ષેત્રે ભારત આત્મનિર્ભર અને સ્વાવલંબી બની શકશે.

**કોલસા ભંડારમાં ભારતની સ્થિતિ :**

- ✓ સરકારે કોલ માઇનિંગ સેક્ટરને હરીફાઈ, ભાગીદારી, ટેક્નોલોજી માટે ખુલ્લું મૂક્યું જે દેશ કોલસાના ભંડારમાં વિશ્વનો સૌથી મોટો ચોથો દેશ છે અને દુનિયામાં કોલસાનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે તે દેશ કોલસાની નિકાસ કરવાને બદલે કોલસાની આયાત કરતો બીજો સૌથી મોટો દેશ છે તે આપણી નિષ્ફળતા દર્શાવે છે.
- ✓ સરકારે ૨૦૧૪ પછી કોલ લિન્કેજનાં પગલાં લીધા છે. કોલ સેક્ટર મજબૂત થયું.
- ✓ કોલસાનાં પરિવહન માટે ઇન્ફ્રાસ્ટ્રકચર આધુનિક બનાવાથી નવી રોજગારીનું સર્જન થશે.
- ✓ સરકારે કોલ માઇનિંગ સેક્ટરને હરીફાઈ, ભાગીદારી અને ટેકનોલોજી માટે ખુલ્લું મૂક્યું છે.
- ✓ કોલસાનું ઉત્પાદન વધવાથી વીજળીનું ઉત્પાદન વધશે તેમ જ સ્ટીલ, એલ્યુમિનિયમ ફર્ટિલાઇઝર અને સિમેન્ટ જેવા ક્ષેત્રોમાં ઉત્પાદન અને પ્રોસેસિંગને વેગ મળશે.

**લક્ષ્યાંક :**

- ✓ ૨030 સુધીમાં આશરે ૧૦ કરોડ ટન કોલસાનું ગેસમાં રૂપાંતર કરાશે. આ માટે રૂ. ૨૦,000 કરોડનું રોકાણ કરાશે.
- ✓ આયાત ઘટાડાશે. દેશમાં જ સંશાધન વિકસાવાશે. આથી કરોડોનું વિદેશી હૂંડિયામણ વધશે.
- ✓ મિનરલ્સ અને માઈનિંગ આપણી ઇકોનોમીનાં મહત્ત્વનાં પિલર્સ છે પણ હવે કોલસા સેક્ટર સંપૂર્ણ આત્મનિર્ભર બનાવાશે.
- ✓ કોરોના લૉકડાઉન પછી ઇકોનોમીને ખુલ્લી મુકાઈ છે. વેપાર ધંધા અને ઉદ્યોગો ફરી ધમધમતા થયા છે.
- ✓ ઈકોનોમી ઝડપથી મંદીમાંથી બહાર આવી રહી છે. વેપારી પ્રવૃતિ ઝડપથી નોર્મલ થઈ રહી છે.

## ૪. જગન્નાથ રથયાત્રા : પુરી-ઓડિશા (ધર્મ)

**ચૂકાદો :** કોરોનાના કારણે સુપ્રિમ કોર્ટ દ્વારા રથયાત્રા યોજવા પર પ્રતિબંધ

- ✓ 285 વર્ષમાં પ્રથમવાર પુરીમાં રથયાત્રા નહીં યોજાય
- ✓ સુપ્રીમ કોર્ટે ઓડિશાના પુરી ખાતે ૨૩મી જૂનથી ૯ દિવસ માટે શરૂ થનારી જગન્નાથ મંદિરની વિશ્વવિખ્યાત રથયાત્રાના આયોજન પર રોક લગાવી દીધી હતી.
- ✓ ઓડિશાના પુરી ખાતે આવેલા જગન્નાથ મંદિર ખાતે ૯ દિવસ વાર્ષિક રથયાત્રાનું આયોજન થાય છે.
- ✓ જેમાં ભગવાન જગન્નાથ, ભગવાન બાલભદ્ર અને દેવી સુભદ્રાના રથને ગ્રાન્ડ રોડ પર આવેલા જગન્નાથ મંદિરથી અઢી કિલોમીટર જેટલા અંતરે આવેલા ગુંદેચા મંદિર ખાતે લઇ જવામાં આવે છે. રથયાત્રામાં લાખો શ્રદ્ધાળુ ઊમટી પડે છે.

**છેલ્લે ૧૭૩૫માં મોગલો દ્વારા રથયાત્રા અટકાવવામાં આવી હતી**

- ✓ ૨૮૫ વર્ષ પછી પહેલીવાર પુરીમાં રથયાત્રાનું આયોજન નહીં થાય. છેલ્લે ૧૭૩૫માં મોગલો દ્વારા રથયાત્રા અટકાવવામાં આવી હતી.
- ✓ મંદિર મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ અને પુરીના ગજપતિ મહારાજ દિવ્યસિંહ દેબે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશથી ભક્તો નિરાશ થયાં છે પરંતુ આદેશ માનવો જરૂરી છે. સમિતિના સભ્યો પુરીના શંકરાચાર્ય સાથે ચર્ચા કરશે.
- ✓ સુપ્રીમના આદેશ પછી દૈતાપતિ સેવાયત જગન્નાથ સ્વાઇન મહાપાત્રાએ જણાવ્યું હતું કે, મંદિરની પરંપરા પ્રમાણે આગામી ૧૨ વર્ષ સુધી રથયાત્રાનું આયોજન નહીં થાય.
- ✓ જો આ વર્ષે રથયાત્રા રદ કરાશે તો તે સમગ્ર રાજ્ય માટે દુર્ભાગ્યની વાત ગણાશે.
- ✓ ચૂકાદો : SCના CJI શ્રી એસ.એ. બોબડે

## ૫. ભારત-નેપાળ સરહદી વિવાદ (વિદેશનીતિ)

**નેપાળ દ્વારા ભારતના ત્રણ વિસ્તારો પોતાનામાં દર્શાવતા નવા નકશાને અંતિમ મંજૂરી**




- ✓ નેપાળની સંસદના ઉપલા ગૃહમાં 3 ભારતીય વિસ્તારોને પોતાના દર્શાવતા વિવાદિત નકશાને મંજૂરી આપવામાં આવી
- ✓ આ નકશામાં નેપાળે ૩૯૫ ચોરસ કિ.મી.માં આવેલા ભારતના ત્રણે વિસ્તારો લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીને પોતાની માલિકીનાં અને પોતાના કબજાના હોવાનું દર્શાવ્યું છે.
- ✓ સંસદના નીચલા ગૃહમાં નકશાને બહાલી આપવામાં આવી હતી. તે વખતે ૨૭૫ માંથી ૨૫૮ સાંસદોએ તેને સમર્થન આપ્યું હતું.
- ✓ ૧૮મી જૂન-૨૦૨૦ના રોજ સંસદના ઉપલા ગૃહમાં ૫૯ માંથી ૫૭ સભ્યોએ સંવિધાન સંશોધન બિલની તરફેણમાં મત આપ્યા હતા.
- ✓ એકપણ મત વિરોધમાં પડ્યો ન હતો. આને કારણે નેપાળના રાષ્ટ્રીય પ્રતીકમાં હવે નવો સુધારેલો નકશો દર્શાવવાનું નેપાળ માટે આસાન બનશે.
- ✓ આ બિલ પર નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ હસ્તાક્ષર કરતા હવે નવા નકશાએ કાનૂની સ્વરૂપ લઈ લીધું છે.
- ✓ નેપાળની આ હરકતને કારણે ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો વણસ્યા છે.
- ✓ નેપાળ સરકારે બનાવટી દાવા પર પૂરાવા એકઠાં કરવા માટે ૯ સભ્યોની નિષ્ણાંતોની સમિતિ બનાવી છે.

**ભારત અને નેપાળ વચ્ચે કાયમી સીમા વિવાદ સર્જાયો**

- ✓ ભારત અને નેપાળ વચ્ચે હવે કાયમી ધોરણે સીમા વિવાદ સર્જાયો છે.
- ✓ પાકિસ્તાન સાથે વર્ષોથી કાશ્મીર વિવાદ ચાલી રહ્યો છે.
- ✓ મેકમોહન રેખા અને અક્સાઈ ચીન મુદ્દે તેમજ સિક્કિમ અને લદાખ સરહદે ચીન સાથે તેનો સીમા વિવાદ વકરી રહ્યો છે.
- ✓ હવે નેપાળ સાથે સીમા વિવાદ સર્જાયો.

## ૬. ગુજરાતની ૬ મહાનગરપાલિકાઓની હદમાં વધારો કર્યો (વહીવટ)

**મહાનગરપાલિકાઓ**

**1. અમદાવાદ 2. ગાંધીનગર 3. વડોદરા**

**4. સુરત 5. ભાવનગર 6. રાજકોટ**

**શું ફાયદો થશે ?**

- ✓ મહાનગરપાલિકાઓની હદમાં ભળેલા વિસ્તારોને રોડ, પાણી, ગટર જેવી પાયાની સુવિધા સાથે ગાર્ડન, જીમ, સ્પોર્ટસ સંકુલ, સ્વીમીંગ પુલ, હેલ્થ સેન્ટર જેવી સગવડો ઉપલબ્ધ બનશે.
- ✓ પાલિકા અને ગ્રામપંચાયતની સરખામણીએ કોર્પોરેશનની આર્થિક સદ્ધરતાં, મજબુત વહીવટી માળખુ અને વધુ સરકારી સહાયના કારણે વિકાસના કામોને વેગ મળશે
- ✓ રાજ્યમાં કુલ - ૮ નગરપાલિકા

## ૬. દિન વિશેષ : ૧૮મી જૂન

**ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની પૂણ્યતિથિ**

- ✓ જન્મ : ૧૯ નવેમ્બર ૧૮૨૮ અવસાન : ૧૮ જૂન ૧૮૫૮

ઝાંસી રાજ્યની રાણી હતા. તેઓ સનઃ ૧૮૫૭ના ભારતીય સ્વતંત્રતા સંગ્રામની નાયિકા હતા

✓ તેમનો જન્મ કાશી (વારાણસી)માં તથા મૃત્યુ ગ્વાલિયરમાં થયું હતું.
✓ તેમનું નાનપણનું નામ મનિકર્ણિકા હતું પણ લાડમાં તેમને મનુ કહેતા.
✓ તેમના પિતાનું નામ મોરોપંત તાંબે હતું અને તેઓ એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમની માતા ભાગીરથીબાઈ એક સુસંસ્કૃત, બુદ્ધિમાન અને ધાર્મિક મહિલા હતી.
✓ મનુ જ્યારે ચાર વર્ષની હતી ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું. તેમનું પાલન પિતાએ કર્યું હતું.
✓ મનુને નાનપણમાં શાસ્ત્રોની શિક્ષા ની સાથે શસ્ત્રોની શિક્ષા પણ મળી.
✓ તેમનો વિવાહ સન ૧૮૪૨માં ઝાંસીના રાજા ગંગાધર રાવ નિવાલકરની સાથે થયો, અને તે રીતે તેઓ ઝાંસીની રાણી બન્યાં.
✓ વિવાહ પછી તેમનું નામ લક્ષ્મીબાઈ રાખવામાં આવ્યું.
✓ સન ૧૮૫૧માં રાણી લક્ષ્મીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો પણ ચાર મહીનાની ઉંમરમાં જ તેનું મૃત્યુ થયું.
✓ સન ૧૮૫૩માં રાજા ગંગાધર રાવનું સ્વાસ્થ્ય ખૂબ બગડ્યુ એટલે તેમને દત્તક પુત્ર લેવાની સલાહ આપવામાં આવી.
✓ પુત્ર દત્તક લીધા પછી રાજા ગંગાધર રાવનું મૃત્યુ ૨૧ નવેમ્બર ૧૮૫૩ માં થયું. દત્તક પુત્રનું નામ દામોદર રાવ રાખવામાં આવ્યું.

**ઝાંસીનું યુદ્ધ :**

✓ ઝાંસી ૧૮૫૭ના વિપ્લવનું એક પ્રમુખ કેન્દ્ર બની ગયું હતુ, જ્યાં હિંસા ફાટી નીકળી હતી.
✓ રાણી લક્ષ્મીબાઈએ ઝાંસીની સુરક્ષાને સુદ્દઢ કરવાનું શરૂ કરી દીધુ અને એક સ્વયંસેવક સેનાને સંગઠન કરવાનું પ્રારંભ કર્યુ.
✓ આ સેનામાં મહિલાઓની ભરતી પણ કરવામાં આવી અને તેમને યુદ્ધ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યુ.
✓ સાધારણ જનતાએ પણ આ વિદ્રોહમાં સહકાર આપ્યો.
✓ ૧૮૫૭ના સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં પડોસી રાજ્યો ઓરછા તથા દતિયાના રાજાઓએ ઝાંસી ઉપર આક્રમણ કર્યુ. રાણીએ સફળતાપૂર્વક તેમને હરાવ્યા.
✓ ૧૮૫૮ના જાન્યુઆરી મહિનામાં અંગ્રેજ સેનાએ ઝાંસી તરફ આગળ વધવાનું ચાલું કર્યુ અને માર્ચ મહીનામાં શહેરને ઘેરી લીધુ.
✓ બે અઠવાડીયાની લડાઈ પછી અંગ્રેજ સેનાએ શહેર ઉપર કબ્જો કરી લીધો. પરંતુ રાણી, દામોદર રાવની સાથે અંગ્રેજોથી બચીને ભાગી જવામાં સફળ થઇ.
✓ રાણી ઝાંસીથી ભાગીને કાલપી પહોંચી અને ત્યાં તાત્યા ટોપેને મળી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૬-૨૦૨૦)

1. તાજેતરમાં 18 જૂન 2020ના રોજ ભારત UNSCના અસ્થાયી સભ્ય તરીકે પુનઃ કેટલામી વાર ચૂંટાયુ છે - **8મી વખત**
2. ભારત UNSCના અસ્થાયી સભ્ય તરીકે કેટલા વર્ષે માટે ચૂંટાયું છે - **2 વર્ષે**
3. ભારતની UNSCના અસ્થાયી સભ્ય તરીકેની મુદત ક્યારથી શરૂ થાય છે - **જાન્યુઆરી -2021થી**
4. ભારતે UNSCમાં 55 સભ્ય સમૂહવાળી કઈ બેઠક જીતી લીધી છે - **એશિયા પેસિફિક**
5. UNSCમાં વિશ્વના કેટલા સભ્ય દેશો પ્રતિનિધિત્વ ધરાવે છે - **193 દેશ**
6. ભારતને UNSCના અસ્થાયી સભ્ય તરીકે પસંદ કરવા માટે કેટલા સભ્ય દેશોએ સમર્થન કર્યું - **184**
7. તાજેતરમાં ભારતની સાથે UNSCના અસ્થાયી સભ્ય તરીકે અન્ય કયા કયા દેશો ચૂંટાયા - **આયર્લેન્ડ, મેક્સિકો અને નોર્વે**
8. ભારત સૌપ્રથમ કયા વર્ષે UNSCના અસ્થાયી સભ્ય પદે ચૂંટાયું હતું - **વર્ષે 1950-51**
9. UNSCમાં સ્થાયી સભ્ય દેશોના નામ જણાવો - **અમેરિકા, રશિયા, ફ્રાંસ, ઇંગ્લેન્ડ અને ચીન**
10. UNSCમાં જૂન-2020ની સ્થિતિએ અસ્થાયી સભ્ય દેશોના નામ જણાવો - **બેલ્જીયમ(2020), કોટ ડી-આઈવરી ડોમિનિકન રિપબ્લિક (2020), ઈસ્ટોનિયા (2021), જર્મની(2020), ઈન્ડોનેશિયા (2020), નાઈજર (2021), દક્ષિણ આફ્રિકા(2020), ટ્યુનેશિયા (2021), વિયેતનામ (2021) અને સેઈન્ટ વિન્સેટ એન્ડ ધ ગ્રીનાડિનીસ (2021)**
11. તાજેતરમાં ભારતની UNSCના અસ્થાયી સભ્ય તરીકેની પસંદગી UN મહાસભાના કેટલામાં સત્ર દરમિયાન કરાઈ - **75મા**
12. ભારત UNSCના અસ્થાયી સભ્ય પદે ચૂંટાયા બાદ કયા પાંચ એજન્ડા ઉપર કામ કરશે - **સંવાદ, સહયોગ, શાંતિ, સમૃદ્ધિ અને સન્માન**

13. UNSCનું વિસ્તૃત નામ જણાવો - **યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (સુરક્ષા પરિષદ)**

14. ભારત અત્યાર સુધીમાં કયા કયા વર્ષે UNSCના અસ્થાયી સભ્ય પદે ચૂંટાયું છે - **1950-51, 1967-68, 1972-73, 1977-78, 1984-85, 1991-92, 2011-12 અને 2021-22**

15. તાજેતરમાં કોપા ઇટાલિયન કપ-2020 ટાઈટલ વિજેતા ટીમનું નામ જણાવો - **નેપોલી**

16. તાજેતરમાં કોપા ઇટાલિયન કપ-2020 ટાઈટલ ઉપ વિજેતા ટીમનું નામ જણાવો - **જુવેન્ટસ**

17. તાજેતરમાં કોપા ઇટાલિયન કપ-2020 કયાં યોજાયો- **બર્લિન (જર્મની)**

18. આત્મનિર્ભર ભારત અંતર્ગત જૂન 2020માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સૌપ્રથમ ખાનગી ક્ષેત્ર માટે કેટલા કોલસાની ખાણોની કોમર્શિયલ હરાજીનો પ્રારંભ કરાવ્યો - **41**

19. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આગામી વર્ષ 2030 સુધીમાં કેટલા કરોડ ટન કોલસાનું ગેસમાં રૂપાંતર કરાશે - **10 કરોડ ટન**

20. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આગામી વર્ષ 2030 સુધીમાં 10 કરોડ ટન કોલસાનું ગેસમાં રૂપાંતર કરવા કેટલા કરોડના રોકાણનું લક્ષ્યાંક નક્કી કરાયું છે - **રૂ.20,000 કરોડ**

21. તાજેતરમાં કોરોના મહામારીના કારણે દેશની સૌથી મોટી કઈ રથયાત્રાના આયોજનનો ઉપર આ વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે - **ભગવાન જગન્નાથની રથયાત્રા, પુરી**

22. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથ રથયાત્રા (પુરી) છેલ્લા કેટલાક વર્ષથી નિયમિત યોજાય છે -**285 વર્ષે**

23. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા (પુરી) કેટલા દિવસ માટે યોજાય છે - **9 દિવસ**

24. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા (પુરી)માં કોના કોના રથ જોડાય છે - **1. ભગવાન જગન્નાથ 2. ભગવાન બાલભદ્ર અને 3. દેવી સુભદ્રા**

25. ભારતની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા (પુરી) અગાઉ કયા વર્ષે મોગલો દ્વારા અટકાવવામાં આવી હતી - **વર્ષે 1735**

26. તાજેતરમાં 18 જૂન 2020માં કયા પાડોશી દેશ દ્વારા ભારતના ત્રણ વિસ્તારોને ખોટી રીતે પોતાનામાં દર્શાવતા નવા નકશાને અંતિમ મંજૂરી અપાઈ- **નેપાળ**

27. તાજેતરમાં 18 જૂન 2020માં પાડોશી દેશ નેપાળ દ્વારા ભારતના કેટલા ચોરસ કિલોમીટરના ત્રણ વિસ્તારોને ખોટી રીતે પોતાનામાં દર્શાવતા નવા નકશાને અંતિમ મંજૂરી અપાઈ- **395**

28. તાજેતરમાં 18 જૂન 2020ના રોજ ગુજરાત સરકાર દ્વારા કઈ છ મહાનગરપાલિકાની હદમાં વધારો કરાયો- **અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ**

29. ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઈની પુણ્યતિથિ જણાવો – **18મી જૂન-1858**

30. ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઈનું બાળપણનું નામ જણાવો - **મણિકર્ણિકા**

**DATE : 19-06-2020**

**૧. રાજયસભા ચૂંટણી પરિણામો (રાજ્ય શાસ્ત્ર)**

**ભારતમાં રાજ્યસભાની ૧૯ બેઠકના પરિણામ જાહેર**

- ✓ રાજ્યસભાની કુલ : ૧૯ બેઠક
- ✓ ભાજપ પક્ષ : ૦૮ બેઠક ઉપર વિજેતા
- ✓ કોંગ્રેસ પક્ષ : ૦૪ બેઠક ઉપર વિજેતા
- ✓ અન્ય પક્ષો : ૦૭ બેઠક ઉપર વિજેતા
- ✓ કુલ રાજ્ય : ૦૮ કાર્યકાળ : છ વર્ષ

**ગુજરાતની સ્થિતિ :**

**વિજેતા ઉમેદવાર અને પક્ષ**

- ✓ અજય ભારદ્વાજ : ભાજપ
- ✓ રમિલાબેન બારા : ભાજપ
- ✓ નરહરી અમીન : ભાજપ
- ✓ શક્તિસિંહ ગોહિલ : કોંગ્રેસ

**ગુજરાતમાંથી રાજ્યસભા માટે ચૂંટાયેલા ચારેય ઉમેદવારનો પરિચય :**

**(૧) અભય ભારદ્વાજ : કાયદા પંચના સભ્ય પદે રહ્યા હતા**

- ✓ કોણ છે : મૂળ રાજકોટના વ્યવસાયે વકીલ એવા અભય ભારદ્વાજની કાયદાપંચના સભ્ય તરીકે નિમણૂક થઈ હતી.

**(૨) રમીલા બારા: ભાજપના સંગઠનમાં ભૂમિકા ભજવી હતી**

- ✓ કોણ છે : રમીલા બારા ત્રણ ટર્મથી ગુજરાત ભાજપના પ્રદેશ માળખામાં ઉપાધ્યક્ષ છે. 2004 માં જીત્યાં હતાં.

**(3) નરહરિ અમીન : મૂળ કોંગ્રેસના પણ હવે ભાજપમાં**

✓ **કોણ છે :** કોંગ્રેસના દિગ્ગજ નેતા અને કોંગ્રેસ શાસનમાં ગુજરાતમાં નાયબ મુખ્યમંત્રીની જવાબદારી.

✓ ભાજપમાં જોડાયા. આયોજનપંચના ઉપાધ્યક્ષપદે હતા.

**(૪) શક્તિસિંહ ગોહિલ : ગુજરાતના હવે કોંગ્રેસનો રાષ્ટ્રીય ચહેરો**

✓ **કોણ છે :** કોંગ્રેસના સિનિયર નેતા. ગુજરાત સરકારમાં મંત્રી તથા ચાર ટર્મ સુધી ધારાસભ્ય પદે રહી ચૂક્યાં છે.

✓ ગુજરાતમાં રાજ્યસભાની કુલ : ૧૧ બેઠક

✓ હાલમાં કુલ : ૧૧માંથી ૦૭ બીજેપી અને ૦૪ કોંગ્રેસ પાસે

**રાજ્યવાર પરિણામ ગુજરાત**

| કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ |

| આંધ્ર પ્રદેશ | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | YSR |
|---|---|---|---|---|
| | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૪ |

| રાજસ્થાન | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ |

| મધ્ય પ્રદેશ | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ |

| ઝારખંડ | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | JMM |
|---|---|---|---|---|
| | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ |

| મણીપુર | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |

| મેઘાલય | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | NPP |
|---|---|---|---|---|
| | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

| મિઝોરમ | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | MNF |
|---|---|---|---|---|
| | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

✓ રાજ્યસભાની કુલ ૨૪ સીટ પર ચૂંટણી યોજાવાની હતી પણ ૨ રાજ્યોની ૫ સીટ પર ઉભેલા ઉમેદવારો બિનહરીફ ચૂંટાતા ત્યાં ચૂંટણી યોજાઈ ન હતી.

## ૨. નિમણૂક : પૂર્વ RBI ગવર્નર શ્રી ઊર્જિત પટેલ NIPFPના ચેરમેન તરીકે નિમાયા

✓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)નાં પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલને નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલીસી (NIPFP)ના ચેરમેન પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

**કાર્યકાળ:**ઉર્જિત પટેલ પહેલા આ પદ પર વિજય કેલકર હતા. કેલકરે ૨૦૧૪માં આ પદ સાંભળ્યું હતું. ઉર્જિત પટેલ ૨૨ જૂનના રોજ NIPFPનાં ચેરમેનનું પદ સંભાળશે.

✓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ ૨૨ જૂન,2020થી ચાર વર્ષ માટે સંસ્થાના ચેરમેન પદે જોડાઈ રહ્યા છે.

**NIPFPનો મુખ્ય ઉદેશ :**

✓ સાર્વજનિક અર્થશાસ્ત્ર સાથે સંબંધિત ક્ષેત્રોમાં નીતિ નિર્માણમાં યોગદાન આપવાનું છે.

✓ આ સંસ્થાને નાણા મંત્રાલય. ભારત સરકાર ઉપરાંત વિવિધ રાજ્ય સરકારોની વાર્ષિક નાણાંકીય સહાય મળે છે.

✓ **NIPFP : નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલીસી**

## ૩. આત્મનિર્ભર ભારત અંતર્ગત : નવી ઈ કોમર્સ નીતિ : મહત્વની જોગવાઈ ઉમેરાશે (વેપાર)

**સૂચિત મહત્વની જોગવાઈ :**

✓ ઈ-કોમર્સ કંપનીઓએ પ્રોડ્કટ ભારતીય છે કે નહીં તે જણાવવું પડશે :

✓ આ એક પ્રકારનો ચેકમાર્ક હશે, ગ્રાહક પાસે મેડ ઇન ઇન્ડિયા પ્રોડક્ટ ખરીદવાનો વિકલ્પ હશે.

**પ્રોડક્ટ ભારતીય છે કે નહીં તે 'મેડ ઇન ઇન્ડિયા' એપથી જાણો**

✓ બજારમાં વેચાતી દરેક પેક્ડ પ્રોડક્ટ પર એક બારકોડ હોય છે. તેનાથી સરળતાથી જાણી શકાય છે કે તે પ્રોડક્ટ ભારતમાં બની છે કે વિદેશમાં? પ્લે સ્ટોર પર 'મેડ ઇન ઇન્ડિયા' એપ ઉપલબ્ધ છે. તેના દ્વારા કોઇ પણ પ્રોડક્ટનો બારકોડ સ્કેન કરીને તે કયા દેશમાં બની છે એ જાણી શકાય છે.

**ચીનની 35થી વધુ કંપનીઓનું રોકાણ**

✓ અમેરિકન એન્ટરપ્રાઇઝ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ ધ હેરિટેજ ફાઉન્ડેશનના રિપોર્ટ મુજબ ચીનની 35થી વધુ કંપનીઓ એવી છે કે જેમણે ભારતમાં 2008થી 2019 દરમિયાન 10 કરોડ ડોલર (અંદાજે 760 કરોડ રૂ.)થી વધુ રોકાણ કર્યું છે.

✓ તેમાંથી અલીબાબાએ આ 12 વર્ષમાં 11,252 કરોડ રૂ.થી વધુ રોકાણ કર્યું છે. માર્ચ, 2020માં બ્રૂકિંગ્સ રિસર્ચ ગ્રૂપે આકલન કર્યું હતું કે ચીનની ભારતમાં 1.97 લાખ કરોડ રૂ.ના રોકાણની યોજના છે.

**ચીન સાથે ભારતનો વેપાર :**

✓ છેલ્લાં ૧૧ માસમાં ચીન સાથે ૩.૫૭ લાખ કરોડ રૂપિયાનો વેપાર

**12 વર્ષમાં ભારતમાં રોકાણ વધતું ગયું**

| કંપની | રોકાણ કરોડ રૂ. |
|---|---|

| | |
|---|---|
| અલીબાબા | 11,252 |
| મિનમેટલ્સ | 9120 |
| સિંગશાન સ્ટીલ | 8816 |
| સીટ્રિપ | 8284 |
| કુસાન | 8208 |
| બીબીકે ઇલે | 0.4256 |
| શાંઘાઇ ઓટો | 2660 |

- ✓ 31 માર્ચ, 2020ના રોજ પૂરા થયેલા નાણાવર્ષના શરૂના 11 મહિનામાં ચીનનો ભારત સાથે વ્યાપાર 3.57 લાખ કરોડ રૂ. (47 અબજ ડોલર) સુધી પહોંચી ગયો હતો.
- ✓ મંત્રાલય : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

### ૪. નિર્ણય : કોરોના વાયરસ (આરોગ્ય)

**કોરોનોમાં તત્કાલીન ઉપયોગ માટે ભારતીય કંપનીની દવા ફેવિપિરાવિરને સારવારમાં લેવા CDSCOની મંજૂરી**

- ✓ કોરોના દર્દીઓની સારવાર માટે ભારતીય કંપની ગ્લેનમાર્કની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ.
- ✓ પહેલી વખત દેશની કંપનીની દવાને આવી મંજૂરી મળી છે.
- ✓ અગાઉ રશિયાએ પણ આ દવાને મંજૂરી આપી હતી.
- ✓ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)ની સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ ફેવિપિરાવિરની 200 એમજીની ટેબલેટ ડોક્ટરોના નિરીક્ષણ હેઠળ કોરોનાના દર્દીઓને આપવાની મંજૂરી અપાઈ છે.
- ✓ અગાઉ 2014માં આ દવાનો ઉપયોગ જાપાનમાં ઈન્ફ્લૂએન્ઝા બીમારીની સારવારમાં થયો હતો.
- ✓ CDSCO : સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન

### ૫. જન્મ દિન વિશેષ : ૧૯ જૂન

### ગુજરાતી ચાર્લી ચેપ્લીન : પી.ખરસાણી

જન્મ : ૧૯મી જૂન – ૧૯૨૬ અવસાન : ૨૦ મેં ૨૦૧૬

- ✓ આજે ૧૯ જુને ગુજરાતી ચલચિત્રોના ચાર્લી ચેપ્લીન તરીકે જાણીતા થયેલા પી.ખરસાણીનો જન્મદીન.
- ✓ આજના દિવસે જ ૧૮૬૨ના વર્ષે અમેરિકી સેનેટે ગુલામી પ્રથાને કાયદા થકી તિલાંજલિ આપી હતી.
- ✓ પી.ખરસાણીનું આખું નામ પ્રાણલાલ દેવજીભાઈ ખરસાણી અને જન્મ કલોલ પાસેના ભાટવાડા ગામે થયો હતો.
- ✓ ૬ દાયકાથી વધુની તેમની અભિનેતા તરીકેની કારકિર્દીમાં ૧૦૦થી વધુ ફિલ્મો અને ટેલિવિઝન શ્રેણીઓ તથા ૭૫થી વધુ નાટકોમાં અભિનયના અજવાળા પાથર્યા હતા.

**પ્રદાન :**

- ✓ પત્તાની જોડ, પરણ્યા છતાં કુંવારા, હું કઈક કરી બેસીસ, માફ કરજો આ નાટક નહિ થાય, રણછોડે રણ છોડ્યું, રાજાને ગમી તે રાણી જેવા નાટકો અને માંડી જાયાનું મામેરૂં, નારી તું નારાયણી, લાખો ફુલાણી, ગોરલ ગરાસણી, ભાથીજી મહારાજ, મેના ગુર્જરી અને ભવની ભવાઈ જેવી ફિલ્મો તેઓની અભિનયક્ષમતાના ઉદાહરણો છે.
- ✓ ગુજરાતી સમાજમાં ચાર્લી ચેપ્લીન અને હરતી ફરતી યુનિ.તરીકે પસિદ્ધ થયેલા પી.ખરસાણીનું ૨૦ મેં ૨૦૧૬ના રોજ ૯૦ વર્ષની પૌઢ વયે અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૬-૨૦૨૦)

1. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં રાજ્યસભાની કેટલી કુલ બેઠકો માટે ચૂંટણી યોજાઈ- 19
2. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં કેટલા રાજ્યોમાં રાજ્યસભાની 19 બેઠકો માટે ચૂંટણી યોજાઈ - 08
3. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની 19 બેઠકો માટે ચૂંટણીમાં કયા પક્ષની કેટલી બેઠક મળી - ભાજપ-08, કોંગ્રેસ-04, YSR કોંગ્રેસ-04,JMM-01,NPP-01 અને MNF-01
4. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કેટલી બેઠક ઉપર ચૂંટણી યોજાઈ - 04
5. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કયા પક્ષનો કેટલી બેઠક ઉપર વિજય થયો - ભાજપ-03 અને કોંગ્રેસ-01
6. તા.19 જૂન 2020ના રોજ ભારતમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કયા કયા ઉમેદવારોનો વિજય થયો અને તેમનો પક્ષ જણાવો - ભાજપ- અજય ભારદ્વાજ, રમીલાબેન બારા અને નરહરિ અમીન, કોંગ્રેસ- શક્તિસિંહ ગોહિલ
7. રાજ્યસભાની મુદત કેટલા વર્ષની હોય છે - 06
8. ગુજરાતમાં રાજ્યસભાની કુલ કેટલી બેઠકો છે - 11

9. જૂન 2020ની સ્થિતિએ ગુજરાતમાં રાજ્યસભાની કુલ 11 બેઠકોમાંથી કયા પક્ષ પાસે કેટલી બેઠકો છે - **ભાજપ-07 અને કોંગ્રેસ- 04**
10. તાજેતરમાં NIPFPના ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ - **પૂર્વ આરબીઆઇ ગવર્નર શ્રી ઉર્જિત પટેલ**
11. તાજેતરમાં NIPFPના ચેરમેન તરીકે પૂર્વ આરબીઆઇ ગવર્નર શ્રી ઉર્જિત પટેલની કેટલા વર્ષ માટે નિમણૂક કરાઈ – **04 (22 જૂન 2020થી)**
12. NIPFPનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી**
13. કોઈપણ પ્રોડક્ટ ભારતીય છે કે નહીં તે કહી એપના માધ્યમથી જાણી શકાય છે - **મેડ ઇન ઇન્ડિયા**
14. કઈ નવી નીતિ મુજબ કંપનીઓએ આ પ્રોડક્ટ ભારતીય છે કે નહીં તે જણાવવું પડશે - **નવી ઈ-કોમર્સ નીતિ**
15. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડા મુજબ 31 માર્ચ 2020ના રોજ પૂર્ણ થતાં નાણાકીય વર્ષના શરૂઆતના 11 માસમાં ચીનનો ભારત સાથે વેપાર કેટલા અબજ ડોલર સુધી પહોંચ્યો હતો- **47 અબજ ડૉલર(3.57લાખ કરોડ)**
16. કોરોના દર્દીઓની સારવાર માટે કઈ ભારતીય કંપનીની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ - **ગ્લેનમાર્ક**
17. કોરોના દર્દીઓની સારવાર માટે પહેલી વખત ભારતીય કંપની ગ્લેનમાર્કની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે કોના દ્વારા મંજૂરી અપાઈ - **CDSCO**
18. કોરોના દર્દીઓની સારવાર માટે પહેલી વખત ભારતીય કંપની ગ્લેનમાર્કની દવા ફેવિપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ અગાઉ કયા દેશે પણ આ દવાને મંજૂરી આપી હતી - **રશિયા**
19. CDSCOનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન**
20. અગાઉ 2014માં કયા દેશ દ્વારા ફેવિપિરાવિર દવાનો ઉપયોગ ઈન્ફ્લૂએન્ઝા બીમારીની સારવારમાં થયો હતો – **જાપાન**
21. કયા ગુજરાતી અભિનેતાને ગુજરાતી ચાર્લી ચેપ્લીન તરીકે કોને ઓળખવામાં આવે છે - **પી.ખરસાણી**
22. ગુજરાતી ચાર્લી ચેપ્લીન તરીકે ઓળખાતા પી. ખરસાણીનો જન્મ દિવસ જણાવો - **૧૯મી જૂન, ૧૯૨૬**
23. ગુજરાતી અભિનેતા પી.ખરસાણીનું આખું નામ જણાવો - પ્રાણલાલ દેવજીભાઈ ખરસાણી અ
24. ગુજરાતી અભિનેતા પી.ખરસાણીનો જન્મ ક્યાં થયો હતો - **કલોલ પાસેના ભાટવાડા ગામે**
25. ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે અભિનેતા પી.ખરસાણીનું પ્રદાન જણાવો - **પત્તાની જોડ, પરણ્યા છતાં કુંવારા, હું કઈંક કરી બેસીસ, માફ કરજો આ નાટક નહિ થાય, રણછોડે રણ છોડ્યું, રાજાને ગમી તે રાણી જેવા નાટકો અને માંડી જાયાનું મામેરું, નારી તું નારાયણી, લાખો ફુલાણી, ગોરલ ગરાસણી, ભાથીજી મહારાજ, મેના ગુર્જરી અને ભવની ભવાઈ**

DATE : 20-06-2020

## ૧.ગરીબ કલ્યાણ રોજગાર યોજના –અભિયાન (રોજગારી)

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્હી ખાતેથી આ યોજનાનો ઈ-લોન્ચિંગના માધ્યમથી બિહારમાંથી પ્રારંભ કરાવ્યો**


**સ્થળ-તેલિહાર, જિ. ખગડિયા, રાજ્ય-બિહાર**

**હેતુ :**

✓ કોરોના સંકટને કારણે પોતાના વતન અને ગામ પરત ફરેલા હજારો પ્રવાસી મજૂરોને કામ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ કલ્યાણ રોજગાર અભિયાનની શરૂઆત કરવામાં આવશે.

✓ આ યોજનાનો આશય ગ્રામીણ ભારતમાં ઈન્ફ્રા અને રોજગાર ઊભો કરવાનો છે. કોરોના સંકટમાં જે જિલ્લાઓમાં સૌથી વધારે શ્રમિકો પરત ફર્યા છે તેની ઓળખ કરી દેવાઈ છે.

**યોજના વિશે :**




✓ **આ ૧૧૬ જિલ્લાઓમાં સરકાર દ્વારા ૨૫ જેટલા વિવિધ પ્રોજેક્ટમાં ૨૫,૦૦૦ મજૂરોને ૧૨૫ દિવસનો રોજગાર પૂરો પાડવામાં આવશે. તેના માટે સરકાર દ્વારા ૫૦,૦૦૦ કરોડના ખર્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે.**

**આ યોજના આત્મનિર્ભર ભારતનો જ હિસ્સો હશે**

- ✓ નાણામંત્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા ૫૦,૦૦૦ કરોડના રકમ ખર્ચવામાં આવશે તે આત્મનિર્ભર ભારતનો જ ભાગ હશે.
- ✓ આ યોજના હેઠળ આગામી સમયમાં અન્ય જિલ્લાઓને પણ જોડવામાં આવશે.
- ✓ જે શ્રમિકો શહેરમાંથી વતન પરત ફર્યા છે તેમને આ યોજના હેઠળ કામ આપવામાં આવશે.

**પસંદ કરાયેલા 116 જિલ્લાઓ**

- ✓ રાજ્ય : જિલ્લાઓની સંખ્યા
- ✓ બિહાર : 32 ઉત્તર પ્રદેશ : 31
- ✓ મધ્યપ્રદેશ : 24 રાજસ્થાન : 22
- ✓ ઓડીશા : 04 ઝારખંડ : 03

**કેટલા દિવસ રોજગારી અપાશે ?**

- ✓ સરકાર દ્વારા દરેક મજૂરને વર્ષમાં ૧૨૫ દિવસ રોજગારી અપાશે જે માટે રૂ. ૫૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું
- ✓ જ્યાં ૨૫,૦૦૦થી વધુ મજૂર પાછા આવ્યા હોય તેવા જિલ્લામાં સ્કીમનો અમલ કરાશે.
- ✓ કામદારોને તેમની કુશળતાને આધારે જુદી જુદી ૨૫ સરકારી સ્કીમોમાં કામ અપાશે.
- ✓ દેશના ૬ રાજ્યોમાં માઇગ્રન્ટ મજૂરોની સંખ્યા સૌથી વધારે છે તેથી તેમને કુશળતાને આધારે રોજીરોટી મળી રહે તે માટે ૬ રાજ્યોનાં ૧૧૬ જિલ્લાઓને તેમાં આવરી લેવાયા છે.
- ✓ આ જિલ્લાઓમાં ૬૭ લાખ માઇગ્રન્ટ મજૂરો પાછા ફર્યા છે.

**કયા કયા કામ કરાવાશે ?**

- ✓ આ અભિયાનમાં કોમ્યુનિટી સેનિટાઇઝેશન કોપ્લેક્સ, ગ્રામપંચાયત ભવન, નાણાપંચ હેઠળના કામો, નેશનલ હાઇવેને લગતા કામ, જળ સંરક્ષણ અને સિંચાઈ, કૂવાનું ખોદકામ, વૃક્ષારોપણ, હોર્ટિકલ્ચર, આંગણવાડી કેન્દ્ર, પીએમ આવાસ યોજના, પીએમ ગ્રામ સડક યોજના, રેલવે, શ્યામાં પ્રસાદ મુખરજી RURBAN મિશન, પીએમ KUSUM ભારત નેટ હેઠળ ફાઇબર ઓપ્ટિક બિછાવવી, જળ જીવન મિશન જેવા કામ કરાવાશે.

**કોનો સંપર્ક સાધવો ?** જે મજૂરો શ્રમિક સ્પેશિયલ ટ્રેન દ્વારા કે બસ દ્વારા ગામ ગયા છે તેમની યાદી અગાઉથી જ સરકાર પાસે છે. જેના આધારે તેમને કામ અપાશે.

- ✓ જે લોકો પગપાળા કે ખાનગી વાહનમાં ગામ ગયા છે તેમની યાદી જિલ્લા અધિકારીઓએ બનાવી છે.
- ✓ મજૂરોએ યોજનાની માહિતી માટે ગ્રામપંચાયત કે વિકાસ ખંડ કાર્યાલયનો સંપર્ક સાધવાનો રહેશે.
- ✓ બ્લોક કે તાલુકા અધિકારીનો સંપર્ક પણ કરી શકાશે.

**અન્ય :**

- ✓ મનરેગાનું બજેટ ૧ લાખ કરોડ કરાયું
- ✓ સરકારે મનરેગાનું બજેટ પણ વધાર્યું હતું. તેમાં ૪૦ હજાર કરોડનો ઉમેરો કરીને કુલ બજેટ ૧ લાખ કરોડ સુધી પહોંચાડ્યું છે.

## ૨. ગાલવાન વેલી : સરહદી વિવાદ (વિદેશનીતિ)

- ✓ વર્ષ-૧૯૫૦ બાદ પુન: ચીનનો ગાલવાન વેલી પર ઉપજાવી કાઢેલો દાવો




- ✓ ગાલવાન વેલી પર ચીનના ક્રમશ : આઠ જુઠ્ઠાણા

1. જુઠ્ઠાણો : ગાલવાન વેલી ચીન-ભારત સરહદ પર એલએસી ખાતે ચીન તરફ આવેલી છે, ચીની દળો ઘણા વર્ષોથી આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરતાં રહ્યાં છે.
2. જુઠ્ઠાણો : એપ્રિલ મહિનાથી ભારત એલએસી પર સડકો, બ્રિજનું નિર્માણ કરી રહ્યાં છે, ભારતીય ટુકડીઓ એલએસી ક્રોસ કરીને ઉશ્કેરણી કરી રહી છે.
3. જુઠ્ઠાણો : ૬ મેના રોજ ભારતીય ટુકડીઓએ ચીની વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો, ભારતીયોએ યથાસ્થિતિમાં બદલાવ, ઉશ્કેરણી કરી હતી
4. જુઠ્ઠાણો : તેથી સરહદ પર સર્જાયેલી સ્થિતિનો જવાબ આપવા ચીની સેનાની ટુકડીઓને જરૂરી પગલાં લેવાની ફરજ પડી હતી. તણાવ ઘટાડવા માટે ચીન અને ભારત મિલિટરી અને રાજદ્વારી ચેનલો દ્વારા મંત્રણા કરી રહ્યાં હતાં
5. જુઠ્ઠાણો : ચીનના આકરા વિરોધના પગલે ભારત એલએસી પાર કરનારા સૈનિકોને પાછા ખેંચવા અને તેમના દ્વારા ઊભા કરાયેલા માળખાઓનો નાશ કરવા સહમત થયો હતો

6. જુઠ્ઠાણો : ૬ જૂને બંને દેશની સેનાના કમાન્ડરો વચ્ચે મંત્રણા થઈ હતી અને તણાવ ઘટાડવા સહમતી સધાઈ હતી. ભારતે વચન આપ્યું હતું કે, તેની સેના ગાલવાન નદી ક્રોસ કરીને પેટ્રોલિંગ નહીં કરે અને માળખા ઊભા નહીં કરે

7. જુઠ્ઠાણો : ભારતના સૈનિકોએ સમજાવટ માટે ગયેલા ચીની અધિકારીઓ અને સૈનિકો પર હિંસક હુમલો કર્યો હતો જેના કારણે બંને સેનાના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી.

8. જુઠ્ઠાણો : ૧૫મી જૂનના રોજ આઘાતજનક રીતે ભારતીય સૈનિક ટુકડીઓએ કમાન્ડર લેવલની મિટિંગમાં થયેલી સમજૂતીનો ભંગ કરીને એલએસી પાર કરી હતી. ગાલવાન વેલીમાં તણાવ ઘટી રહ્યો હતો ત્યારે જ ભારતીય સેનાએ જાણીજોઈને ઉશ્કેરણી કરી હતી

## ૩. નિર્ણય : ગુજરાત હાઈકોર્ટ

**કોરોના મહામારીને કારણે ગુજરાતમાં ૧૪૩ વર્ષમાં પ્રથમવાર અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નહીં યોજાય**

✓ ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો

✓ અષાઢી બીજે રાજ્યમાં કુલ-૧૩૫ રથયાત્રા યોજાય છે.

## ૪. સિદ્ધિ : સોલાર રૂફટોપમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને (સૌરઊર્જા)




**સોલર રૂફટોપ યોજનાનો લાભ મેળવવા શું કરશો ?**

| | |
|---|---|
| કોણ અરજી કરી શકે ? | વીજ કંપનીઓના રહેણાંક ક્ષેત્રના તમામ ગ્રાહકો |
| અરજીફોર્મ ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડાની કચેરી, વેબસાઈટ તથા જેડા અધિકૃત એજન્સીઓ* પાસેથી |
| અરજી સાથે શું વિગતો આપવાની છે ? | છેલ્લું વીજબીલ, ઓળખપત્ર, રહેઠાણની માલિકીનો પુરાવો અને વીજ કંપની સાથે કરવાના થતા અરજદારની સહી સાથેનો કરાર |
| અરજી ક્યાં આપવાની છે ? | જેડાની કચેરી અથવા જેડા અધિકૃત એજન્સીને* |
| અરજી સાથે કોઈ ફી ભરવાની છે ? | ના, માત્ર સરળ ભાષામાં એક જ પેઈજમાં નિયત પ્રોફોર્મામાં અરજી કરવાની રહેશે |
| અન્ય કોઈ ફી કે રકમ ભરવાની થાય છે? | વીજ કંપનીને જોડાણ ખર્ચના આશરે રૂા. ૧૫૦૦/- |
| મુંઝવણમાં કોને સંપર્ક કરવો ? | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર - ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩ |

| | |
|---|---|
| રૂફટોપ સિસ્ટમ માટે કેટલી જગ્યા જોઈએ ? | અગાસી પર ૧ કિલોવોટ દીઠ આશરે ૧૦૦ ચો.ફૂટ જેટલી છાયા રહિત જગ્યા |
| કેટલી ક્ષમતાની સિસ્ટમ ગોઠવી શકાશે? | ૧ કિલોવોટ કે તેથી વધુ કોઈપણ ક્ષમતાની સોલર રૂફટોપ ગોઠવી શકાશે |
| રૂફટોપ સિસ્ટમની કિંમત કેટલી છે? | પ્રતિ કિલોવોટ રૂા. ૬૯,૦૦૦/- પાંચ વર્ષના મેઈન્ટેનન્સ સાથે |
| આ અંગે કેટલી સહાય મળવા પાત્ર છે ? | (અ) રાજ્ય સરકાર તરફથી પ્રતિ કિલોવોટ રૂા. ૧૦,૦૦૦/- મહત્તમ રૂા. ૨૦,૦૦૦/-ની મર્યાદામાં (બ) કેન્દ્ર સરકાર તરફથી પ્રતિ કિલોવોટ રૂા. ૨૦,૭૦૦/- |
| સોલર રૂફટોપ સિસ્ટમ લગાવવાની કામગીરી કોણ કરી આપશે | લાભાર્થી દ્વારા પસંદ કરેલ અધિકૃત એજન્સી કરી આપશે. સરકારી સહાય બાદ કરતાં સિસ્ટમની કિંમત લાભાર્થીએ અધિકૃત એજન્સીને ચૂકવવાની રહેશે. |
| કેટલી ઊર્જા/વીજ ઉત્પન્ન થાય છે ? | પ્રતિ કિલોવોટ વાર્ષિક ધોરણે આશરે ૧૪૫૦ યુનિટ |
| વધારાની વીજ ઉત્પન્ન થાય તેનું શું વળતર મળશે ? | સરેરાશ ખરીદ કિંમત પ્રમાણે ત્યાર પછીના માસના વીજબીલમાં ક્રેડીટ તરીકે આપવામાં આવે છે. (હાલ રૂા. ૩.૨૨ પ્રતિ યુનિટ) |

**આંકડાકીય વિગતો અને લક્ષ્યાંક :**

✓ 19મી જૂન સુધીમાં રાજ્યના કુલ 1,10,029 રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફટોપ પ્લાન્ટ ઇન્સ્ટોલ કરવાની સાથે ગુજરાત દેશમાં પ્રથમ નંબરે આવ્યું છે.

✓ છેલ્લા 9 મહિનામાં જ રાજ્યમાં 55,630 ઘરો ઉપર કુલ 208 મેગાવોટના સોલાર રૂફટોપ પ્લાન્ટ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા.

✓ મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જીના રીપોર્ટ મુજબ 31 મે 2020 સુધીમાં ગુજરાતમાં કુલ 558.17 મેગાવોટ કેપેસિટીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થપાયા


✓ વર્ષ-2022 સુધીમાં રાજ્યના 8 લાખ ઘરોને સૂર્ય ગુજરાત સોલાર રૂફટોપ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક છે.

✓ આ યોજનાની સબસિડીમાં વધારો કરીને 3 કિલોવોટ સુધી 40 ટકા અને 10 કિલોવોટ સુધીના પ્લાન્ટમાં 20 ટકા સબસિડી આપવામાં આવે છે.




### સોલાર રૂફટોપ શું છે ?

સોલાર રૂફટોપ એક સિસ્ટમ છે જે સૂર્ય ઉર્જાથી વીજળી ઉત્પન્ન કરે છે. તે લગાવવાથી વીજળીની બચત થાય છે જે સારૂ ૧૦૦ ચો.ફુટ જેટલી શેડો ફ્રી છત પર જગ્યાની જરૂર હોય છે. જે અંદાજીત પ્રતિ માસ ૧૨૦ યુનિટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરે છે.




### ગુજરાત સરકારની સોલાર રૂફટોપ યોજના

૧) વીજ વીતરણ કંપની (DISCOM) નો કોઈ પણ રહેણાંક ક્ષેત્રનો ગ્રાહક પોતાની છત પર સોલાર રૂફ ટોપ સીસ્ટમ ગોઠવાવી શકશે.

૨) મીનીમમ સોલાર પાવર પ્લાન્ટની ક્ષમતા ૧ કિલો વોટની હોવી જોઈએ

૩) સોલાર પાવર પ્લાન્ટની જુદી જુદી ક્ષમતાની કિંમત, મળવા પાત્ર સબસીડીની વિગતો તેમજ લાભાર્થીએ સોલાર પાવર પ્લાન્ટ માટે ચુકવવાની રકમ વિગેરે વિગતો નીચેના ટેબલ માં દર્શાવેલ છે.

| સોલર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા (કિલોવોટ) | ૧ કિલોવોટ | ૨ કિલોવોટ | ૩ કિલોવોટ | ૪ કિલોવોટ | ૫ કિલોવોટ | ૬ કિલોવોટ | ૭ કિલોવોટ | ૮ કિલોવોટ | ૯ કિલોવોટ | ૧૦ કિલોવોટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિયત કુલ કિંમત રૂા. | રૂા.૪૮,૩૦૦ | રૂા.૯૬,૬૦૦ | રૂા.૧,૪૪,૯૦૦ | રૂા.૧,૯૩,૨૦૦ | રૂા.૨,૪૧,૫૦૦ | રૂા.૨,૮૯,૮૦૦ | રૂા.૩,૩૬,૦૦૦ | રૂા.૩,૮૪,૦૦૦ | રૂા.૪,૩૨,૦૦૦ | રૂા.૪,૮૦,૦૦૦ |
| રાજ્ય સરકારની સહાય રૂા. | રૂા.૧૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ | રૂા.૨૦,૦૦૦ |
| ભારત સરકારની ૩૦ લેખે સહાય રૂા. | રૂા.૧૪,૪૯૦ | રૂા.૨૮,૯૮૦ | રૂા.૪૩,૪૭૦ | રૂા.૫૭,૯૬૦ | રૂા.૭૨,૪૫૦ | રૂા.૮૬,૯૪૦ | રૂા.૧,૦૦,૮૦૦ | રૂા.૧,૧૫,૨૦૦ | રૂા.૧,૨૯,૬૦૦ | રૂા.૧,૪૪,૦૦૦ |
| લાભાર્થીએ ચુકવવાની રકમ રૂા. | રૂા.૨૩,૮૧૦ | રૂા.૪૭,૬૨૦ | રૂા.૮૧,૪૩૦ | રૂા.૧,૧૫,૨૪૦ | રૂા.૧,૪૯,૦૫૦ | રૂા.૧,૮૨,૮૬૦ | રૂા.૨,૧૫,૨૦૦ | રૂા.૨,૪૮,૮૦૦ | રૂા.૨,૮૨,૪૦૦ | રૂા.૩,૧૬,૦૦૦ |

૪) ઉપરોકત ટેબલમાં દર્શાવેલ પ્રતિ કિલોવોટની નિયત કિંમતમાં સોલાર રૂફટોપ સિસ્ટમ અને તેનું ઈન્સ્ટોલેશન, કમીશનીંગ, ટ્રાન્સપોર્ટેશન ચાર્જ, પાંચ વર્ષ સી.એમ.સી (કોમ્પ્રેહેન્સીવ મેઈનટેનન્સ ચાર્જ) DISCOM કનેકિટવીટી ચાર્જ, બાયડાયરેકશન મીટર, મીટર ટેસ્ટીંગ, એસ.એમ.સી. બોકસ તેમજ માઉન્ટીંગ સ્ટ્રકચર સહિતનાં તમામ ખર્ચનો સમાવેશ થયેલ છે.

૫) DISCOMનું વીજળી કનેકશન સિંગલ ફેઝમાંથી થ્રી ફેઝ કરવાનું થાય તથા DISCOM નાં વિતરણ નેટવર્કમાં સુધારો કરવાનો થાય તો તે અંગેનો ખર્ચ લાભાર્થીએ અલગથી ચુકવવાનો રહેશે, જેનો સમાવેશ ઉપર દર્શાવેલ નિયત કુલ કિંમતમાં થતો નથી.

૫) કિ.વો. દીઠ માસિક આશરે ૧૨૦ યુનિટ વીજ ઉત્પાદન થશે. જેથી લાભાર્થીનું વીજ બિલ ઘટશે.

૬) વપરાશ ઉપરાંતની ગ્રીડમાં આપેલ વધારાની વીજળીનું વળતર વીજ કંપની દ્વારા સરેરાશ દરે લાભાર્થીને બીજા મહિનાના વીજ બિલમાં ક્રેડીટ આપવામાં આવશે.

૭) આ માટે GEDA ની વેબસાઈટ પરથી માન્ય એજન્સીઓની વિગતો મેળવી શકાશે.

### આવી હરિયાળી ઊર્જાની લહેર, સોલાર રૂફટોપ ઘેર ઘેર...

✓ તાજેતરના બજેટમાં 912 કરોડ રૂપિયાની જોગવાઇ આ યોજના માટે કરવામાં આવી.

✓ લોકો પોતાના ઘર ઉપર સોલાર રૂફટોપ મારફતે ઉત્પન્ન થયેલી વીજળીમાંથી ઘરવપરાશ બાદની વધારાની વીજળી વીજ વિતરણ કંપનીને રૂ. 2.25 પ્રતિ યુનિટના ભાવે વેચી શકે છે.

✓ 19 જૂન સુધીમાં આ યોજના હેઠળ 1.28 લાખ અરજીઓ મળી છે.

**સોલર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવામાં અગ્રેસર રાજ્યો અને ક્રમ**

1. ગુજરાત ૫૫૮.૧૭ મેગાવોટ
2. રાજસ્થાન ૨૬૬.૮૨ મેગાવોટ
3. મહારાષ્ટ્ર ૨૪૫.૫૦ મેગાવોટ
4. કર્ણાટક ૨૩૨.૭૭ મેગાવોટ
5. દિલ્હી ૧૫૬.૨૦ મેગાવોટ
6. તમિલનાડું ૧૫૬.00 મેગાવોટ
7. ઉત્તરપ્રદેશ ૧૪૬.૧૦ મેગાવોટ
8. હરિયાણા ૧૨૧.૩૪ મેગાવોટ

9. પંજાબ ૧૧૮.૫૨ મેગા વોટ

10. તેલંગણા ૧૧૮.૨૨ મેગાવોટ

- ✓ અહેવાલ : મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી– ભારત સરકાર

## ૫.ગુજરાત પોસ્ટલ વિભાગ (જનજાગૃતિ)

**ભારતનું પ્રથમ ક્યૂઆર કોડેડ ચેરિટી કવર લોન્ચ કરાયું**

- ✓ ચેરિટી કવરની થીમ- કોવિડ-૧૯ને કારણે મનુષ્ય જીવનમાં આવેલા બદલાવ અર્થે જનતામાં જાગૃતિ માટે

**વિગત અને નાણાનો ઉપયોગ :**

- ✓ આ ચેરિટી કવરનું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું.
- ✓ રૂા. ૧૦૦માં વેચવામાં આવનારા આ ચેરિટી કવર કિંમતના ૭૫ ટકા નાણાં મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવશે.
- ✓ આ નાણાંનો ઉપયોગ કોરોનાની મહામારી સામે લડવા માટે કરવામાં આવશે.
- ✓ આ ચેરિટી કવર ભારતનું સૌથી પહેલું ક્યુઆર કોડેડ ચેરિટી કવર છે.
- ✓ ગુજરાતના પોસ્ટલ વિભાગે ૨૫૦૦૦ જેટલા વિશિષ્ટ ચેરિટી કરવા લોન્ચ કર્યા છે.
- ✓ આ ચેરિટી કવરનું ઓનલાઈન વેચાણ પણ થઈ શકશે.

## ૬. રાજ્યસભા: સંસદમાં વર્તમાન સ્થિતિ (જૂન-૨૦૨૦)

**પક્ષવાર સ્થિતિ :**

- ✓ BJP : 86 (NDA-100ની નજીક) કોંગ્રેસ : 41
- ✓ ચાલુ વર્ષે 61 બેઠકો પૈકી 42 બેઠકો બિન હરિફ જયારે 19 બેઠકો માટે ચૂંટણી યોજાઈ
- ✓ કુલ બેઠકો : 245

## ૭. કંકણા કૃતિ સૂર્યગ્રહણ (ખગોળ)

- ✓ કંકણા કૃતિ સૂર્યગ્રહણ વર્ષ-૨૦૨૦નું પ્રથમ સૂર્યગ્રહણ

**આ સૂર્યગ્રહણ કંકણાકાર કેમ છે ?**

- ✓ આ સૂર્યગ્રહણને કંકણાકૃતિ કે કંકણાકાર કહેવાય છે તે પૃથ્વીથી વધારે અંતરે હશે.
- ✓ અંગ્રેજીમાં આ ગ્રહણને એન્યુલર સોલાર એલિસ કહે છે જેનો અર્થ વલયાકાર થાય છે, અર્થાત્ ગ્રહણ વખતે સૂર્યરિંગ ઓફ ફાયર એટલે કે સળગતી વિંટી જેવો નજારો દેખાય છે.
- ✓ ગ્રહણના અન્ય બે પ્રકારોમાં અંશતઃ કે પાર્શિયલમાં સૂર્યનો સમગ્ર રીતે અંશતઃ ભાગ ઢંકાય જાય છે, અને પૂર્ણ સૂર્યગ્રહણમાં ચંદ્ર નજીક હોય છે ત્યારે સૂર્ય પૂર્ણ રીતે ઢંકાયેલો નજરે પડે છે જે અમુક વિસ્તારો પુરતો જ દેખાય છે.

**પ્રથમ નજારો ભૂજમાં, અંતિમ દિબ્રુગઢમાં**

- ✓ વર્ષ ૨૦૨૦નું આ સૌપ્રથમ સૂર્યગ્રહણ છે. વર્ષનું બીજું સૂર્યગ્રહણ ૧૪ ડિસેમ્બરના છે.
- ✓ નેહરુ પ્લેનેટેરિયમના પ્રમાણે સૂર્ય ગ્રહણનો સૌપ્રથમ નજારો સવારે ૯:૫૮ના ભૂજમાં જોવા મળશે.
- ✓ તેની સમાપ્તિ થતી બપોરે ૨:૨૯ના દિબ્રુગઢમાં થશે.
- ✓ એશિયા, આફ્રિકા, પેસિફિક, હિંદ મહાસાગર, યુરોપ-ઓસ્ટ્રેલિયાના કેટલાક હિસ્સામાં જોવા મળશે.
- ✓ આ સૂર્યગ્રહણ "ધ રિંગ ઓફ ફાયર" છે.
- ✓ આ વર્ષે પૃથ્વીના સૌથી લાંબા દિવસને એટલે કે ૨૧ જૂને સૂર્યગ્રહણ યોજાશે.

## ૮. અસેસમેન્ટ ઓફ ક્લાઈમેટ ચેન્જ ઓવર ધ ઈન્ડિયન રિજન રિપોર્ટ-૨૦૨૦ (પર્યાવરણ)

**અહેવાલ વિશે :**

**૧૨૦ વર્ષના પર્યાવરણનું ચિત્ર રજૂ કરતો ભારત સરકારનો પ્રથમ અહેવાલ**

**પર્યાવરણીય અસરો :**

- ✓ ભારત સરકાર દ્વારા આ પ્રકારનો પહેલો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સદીના અંત સુધી ભારતના સરેરાશ તાપમાનમાં ૪.૪ ડિગ્રીનો વધારો થશે.
- ✓ જેની સીધી અસરથી હીટ વેવ અને વાવાઝોડાની સંખ્યા વધશે. એટલું જ નહીં, સમુદ્રના જળસ્તરમાં પણ વધારો થઇ શકે છે.
- ✓ આ રિપોર્ટ અનુસાર જો ક્લાયમેટ ચેન્જને રોકવાના પ્રયાસ ન કરવામાં આવ્યા તો હીટ વેવમાં ત્રણથી ચાર ગણો વધારો થશે અને સમુદ્રનું જળસ્તર ૩૦ સેન્ટીમીટર જેટલું વધી જશે.
- ✓ રિપોર્ટ અનુસાર છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી ગરમ દિવસના તાપમાનમાં ૦.૬૩ ડિગ્રી અને સૌથી ઠંડી રાતના તાપમાનમાં ૦.૪ ડિગ્રીનો વધારો થયો છે.
- ✓ આ સદીના અંત સુધીમાં આ તાપમાનમાં ક્રમશઃ ૪.૭ ડિગ્રી અને ૫.૫ ડિગ્રી જેટલો વધારો થશે.
- ✓ રિપોર્ટ અનુસાર ગરમ દિવસો અને ગરમ રાતોની ફ્રિકવન્સીમાં ૫૫થી ૭૦ ટકાનો વધારો થશે.

- ✓ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે પર્યાવરણમાં થઇ રહેલા આ ફેરફારના પરિણામે ભારતમાં બે પ્રકારના બદલાવ જોવા મળી રહ્યાં છે.
- ✓ એક છે તાપમાનમાં વધારો અને બીજો છે મોનસુનની પેટર્નમાં ફેરફાર.
- ✓ બંને પ્રકારના ફેરફાર દેશની અર્થવ્યવસ્થા માટે ઘાતક પુરવાર થઇ શકે છે.
- ✓ આ બંને પ્રકારના ફેરફારની દેશના અર્થતંત્રએ ભારે કીંમત ચૂકાવવી પડી શકે છે જે દેશની કુલ જીડીપીની ૨.૮ ટકા જેટલી હોઇ શકે છે.
- ✓ આટલા મોટા નુકસાનના કારણે ૨૦૫૦ સુધીમાં દેશની લગભગ અડધી વસતીની રહેણીકરણી પ્રભાવિત થઇ શકે છે.
- ✓ આમ તો ૨૦૫૦ સુધીમાં પૃથ્વીના તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થવાનું અનુમાન છે.
- ✓ આ અનુમાન ત્યારે જ સાચુ પડશે જ્યારે ભારત ક્લાઇમેટ ચેન્જના જોખમને પહોંચી વળવા પેરિસ સંધિ અને અન્ય સમજૂતિઓમાં ભલામણ કરવામાં આવેલા માપદંડોને અનુસરે.
- ✓ જો આ માપદંડોને અનુસરવામાં ન આવ્યાં તો તાપમાનમાં ૧.૫થી લઇને ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થઇ શકે છે.
- ✓ ક્લાઇમેટ ચેન્જના કારણે દેશભરમાં એક હજારથી વધારે હોટસ્પોટ બની ગયા છે. જે ક્ષેત્રોમાં ક્લાઇમેટ ચેન્જની સૌથી વધારે અસર થવાની શક્યતા છે તેમને હોટસ્પોટ કહેવામાં આવ્યાં છે.

**લોકોના જીવન ઉપર તેમજ આર્થિક અસરો :**

- ✓ આશરે ૧૫ કરોડ લોકો અત્યંત સંવેદનશીલ કહી શકય એવા વિસ્તારોમાં રહે છે તો ૪૪ કરોડની વસતી મધ્યમ કક્ષાના હોટસ્પોટમાં વસવાટ કરે છે.
- ✓ જો આ વિસ્તારોમાં પર્યાવરણની પરિસ્થિતિ હજુ વધારે બગડી તો દેશના સકલ ઘરેલુ ઉત્પાદન અર્થાત જીડીપીને ૧૧૭.૮ અબજ ડોલરનું નુક્સાન થઈ શકે છે.
- ✓ વધતી જતી વસતીના પ્રમાણમાં અનાજની ઉપજમાં ભયજનક ઘટાડો થશે અને કરોડો લોકો ભૂખમરાનો ભોગ બનશે.
- ✓ અનિશ્ચિત મોસમના કારણે લોકોનું સ્થળાંતર વધશે જેના પરિણામે સામાજિક અસ્થિરતા ઊભી થશે અને લોહિયાળ સંઘર્ષો થશે. રોગચાળાઓનું પ્રમાણ વધશે.
- ✓ હવામાન સંસ્થાઓ અને સંશોધકોના અહેવાલો નજર સામે છે, દુનિયાના તમામ દેશોએ આના ઉપર તાત્કાલિક પગલાં ભરવા પડશે.

**3. પ્રભાવિત શહેરો: મુંબઈ, ચેન્નઈ અને કોલકત્તા**

- ✓ એક રિપોર્ટ અનુસાર છેલ્લા ૧૫૦ વર્ષમાં દિલ્હીના તાપમાનમાં ૧ ડિગ્રી સેલ્શિયસ અને કોલકાતાના તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો થઇ ગયો છે.
- ✓ મુંબઇ અને ચેન્નાઇમાં પણ તાપમાન વધી ગયું છે.
- ✓ દરિયાકાંઠાના શહેરો માટે જોખમ વધારે એટલા માટે છે કે ગરમી વધવાના કારણે સમુદ્રનું જળસ્તર વધી રહ્યું છે અને આવા શહેરો સમુદ્રમાં સમાઇ જવાનું જોખમ વધ્યું છે.
- ✓ એવામાં જો ૧.૫ થી ૨ ડિગ્રી તાપમાન પણ વધી ગયું તો એ કરોડો લોકો માટે જીવલેણ સાબિત થશે.
- ✓ આજે પરિસ્થિતિ એવી આવીને ઊભી રહી છે કે તાપમાનની વધી રહેલી દરેક ડિગ્રી સાથે પૃથ્વી વિનાશ તરફ ધકેલાઇ રહી છે.

**૪. પીવાના પાણીનું જળસંકટ :**

- ✓ આકરી ગરમી પોતાની સાથે જળસંકટ પણ લાવે છે.
- ✓ નીતિ પંચના એક રિપોર્ટ અનુસાર જો તાત્કાલિક પગલાં ઉઠાવવામાં ન આવ્યાં તો ૨૦૩૦ સુધી દેશમાં સૌને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું શક્ય નહીં બને.
- ✓ આમાં દિલ્હી, બેંગાલુરૂ, ચેન્નાઇ અને હૈદરાબાદ જેવા મોટા શહેરોમાં વસતા લોકો મોટી સંખ્યામાં સામેલ હશે.
- ✓ વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના ૪૦ ટકા લોકો પીવાના પાણીની સમસ્યાનો સામનો કરતા હશે

**૫. કારણો :**

- ✓ તાપમાનમાં થયેલો અસહ્ય વધારો ક્લાયમેટ ચેન્જનું જ પરિણામ છે. પરંતુ એના મૂળ રાજકારણ અને કોર્પોરેટ જગતની સાંઠગાંઠ સાથે પણ જોડાયેલા છે.
- ✓ દેશના મોટા મોટા ઉદ્યોગગૃહો વેપાર વધારવાના ચક્કરમાં જંગલોનો આડેધડ સફાયો કરી રહ્યાં છે.
- ✓ આના કારણે આદિવાસીઓ તો વિસ્થાપિત થયા જ છે સાથે સાથે પર્યાવરણને મોટું નુકસાન થયું છે અને ગરમી વધી છે.

✓ આડેધડ થતા ખાણકામે પણ જંગલોને સારું એવું નુકસાન પહોંચાડયું છે.

✓ દેશમાં વધી રહેલી વસતી પણ જળસંકટ માટે કારણભૂત છે.

✓ દેશના લોકો અસમાન જળવિતરણની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે.

**૯. અવસાન : સ્વતંત્ર સેનાની ગાંધીવાદી અને પદ્મશ્રી વિદ્યા બહેન શાહનું ૯૮ વર્ષે નવી દિલ્હી ખાતે અવસાન**

**પરિચય :**

✓ જન્મ : ૭મી નવેમ્બર-૧૯૨૨ સ્થળ : રાજકોટ

✓ ચુસ્ત ગાંધી વાદી વિચારને વરેલા આ મહિલાએ સ્કૂલનું શિક્ષણ રાજકોટની વનિતા વિશ્રામ કે જે ત્યારબાદ બાર્ટન ટ્રેનિંગ સ્કૂલમાં પરિવર્તિત થઇ તેમાં લીધા બાદ ભાવનગરની શામળદાસ કોલેજમાંથી ગ્રેજ્યુએશન કરેલું.

✓ જે વખતે મહિલાઓને શિક્ષણ આપવામાં લોકો વિચાર કરતા હતા ત્યારે વિદ્યાબેને ડબલ ગ્રેજ્યુએશનની ડીગ્રી હાંસલ કરી.

✓ ૧૯૪૦માં વિદ્યાર્થીકાળ દરમ્યાન અલગ – અલગ ચળવળમાં ભાગ લીધો અને ત્યારબાદ મહાત્મા ગાંધી સાથે હિંદ છોડો આંદોલનમાં ખુબ સક્રિયભાગે લેતા તેઓને અનેક વાર અંગ્રેજ સરકારે જેલમાં મોકલ્યા હતા.

✓ તેમના લગ્ન ભારતના પૂર્વ વ્યાપાર પ્રધાન અને જામનગરના પૂર્વ સાંસદ મનુભાઇ શાહ સાથે થયા હતા.

✓ પદ્મશ્રી વિદ્યાબેન શાહ ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઇલ્ડ વેલ્ફરના બાર વર્ષ પ્રમુખ રહી ચુક્યા છે.

✓ બાલભવન રાજકોટના ચેરપર્સન તરીકે સેવારત

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૬-૨૦૨૦)

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભારતમાં "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"નો ઈ- લોન્ચિંગથી પ્રારંભ ક્યારે થયો- **20 જૂન 2020**
2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભારતમાં "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"નો ઈ- લોન્ચિંગથી પ્રારંભ ક્યાંથી થયો- **તેલિહાર, બિહાર**
3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ભારતમાં "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"નો ઈ- લોન્ચિંગથી પ્રારંભ કરાયો તેનો મુખ્ય હેતુ જણાવો થયો - **કોરોના સંકટને કારણે પોતાના વતન અને ગામ પરત ફરેલા પ્રવાસી મજૂરોને ઘર આંગણે રોજગારી આપવી**
4. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત સૌપ્રથમ કેટલા જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે - **116**
5. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત સૌપ્રથમ કેટલા દિવસની રોજગારી પૂરી પાડવામાં આવશે - **125 દિવસ**
6. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત સૌપ્રથમ કેટલા શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવશે - **25,000**
7. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત શ્રમિકોને રોજગારી પૂરી પાડવા કેટલા કરોડના ખર્ચે માળખાગત સુવિધાઓ ઉભી કરાશે- **રૂ.50,000/- કરોડ**
8. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત પ્રથમ તબક્કામાં કયા કયા રાજ્યના શ્રમિકોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે - **બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા અને ઝારખંડ**
9. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના" અંતર્ગત શ્રમિકોને કયા કયા કામો અંતર્ગત રોજગારી ઉપલબ્ધ કરાવાશે - **કોમ્યુનિટી સેનિટાઇઝેશન કોપ્લેક્સ, ગ્રામપંચાયત ભવન, નાણાપંચ હેઠળના કામો, નેશનલ હાઇવેને લગતા કામ, જળ સંરક્ષણ અને સિંચાઈ, કૂવાનું ખોદકામ, વૃક્ષારોપણ, હોર્ટિકલ્ચર, આંગણવાડી કેન્દ્ર, પીએમ આવાસ યોજના, પીએમ ગ્રામ સડક યોજના, રેલવે, શ્યામાં પ્રસાદ મુખરજી RURBAN મિશન, પીએમ KUSUM ભારત નેટ હેઠળ ફાઇબર ઓપ્ટિક બિછાવવી, જળ જીવન મિશન જેવા કામ**
10. "ગરીબ કલ્યાણ રોજગાર યોજના"ને વધુ બળ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગાનું બજેટ વધારીને કેટલું કરાયું - **રૂ. 40 હજાર કરોડ વધારીને રૂ. 1 લાખ કરોડ કરાયું**
11. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ તા.19 જૂન 2020ની સ્થિતિએ રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફ ટોપ પેનલ ઇન્સ્ટોલ કરવામાં ભારતનું પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
12. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ તા.31 મે 2020ની સ્થિતિએ રહેણાંક મકાનો ઉપર કેટલા મેગાવોટ કેપેસિટીના સોલાર રૂફ ટોપ પેનલ ઇન્સ્ટોલ કરાયા - **કુલ 558.17 મેગાવોટ**

13. આગામી વર્ષ 2022 સુધીમાં ગુજરાતમાં કેટલા ઘરોને "સૂર્ય ગુજરાત સોલાર રૂફ ટોપ યોજના" હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - <u>8 લાખ</u>
14. કેન્દ્ર સરકારના અહેવાલ મુજબ તા.19 જૂન 2020ની સ્થિતિએ રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફ ટોપ પેનલ ઇન્સ્ટોલ કરવામાં ભારતના પ્રથમ 5 રાજ્યોના નામ ક્રમશઃ જણાવો - <u>ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી</u>
15. તાજેતરમાં પોસ્ટલ વિભાગ દ્વારા ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવર ક્યાંથી લૉન્ચ કરાયું - <u>ગાંધીનગર-ગુજરાત</u>
16. તાજેતરમાં ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવર લૉન્ચ કરાયું તેની થીમ જણાવો - <u>કોવિડ-19ને કારણે મનુષ્ય જીવનમાં આવેલા બદલાવ અંગે જન જાગૃતિ માટે</u>
17. તાજેતરમાં પોસ્ટલ વિભાગ દ્વારા લૉન્ચ કરાયેલ ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવરની રકમ કેટલી નક્કી કરાઈ- <u>રૂ.100/-</u>
18. તાજેતરમાં પોસ્ટલ વિભાગ દ્વારા લૉન્ચ કરાયેલ ભારતનું પ્રથમ ક્યુઆર કોડેડ ચેરિટી કવરની કેટલા ટકા રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવશે - <u>75%</u>
19. તા.21 જૂને જોવા મળેલું સૂર્યગ્રહણ અન્ય કયા નામે ઓળખાય છે - <u>કંકણાકૃતિ/કંકણાકાર</u>
20. કંકણાકૃતિ/કંકણાકાર સૂર્યગ્રહણ અંગ્રેજીમાં કયા નામે ઓળખવામાં આવે છે - <u>**એન્યુલર સોલર એલિસ**</u>
21. કંકણાકૃતિ/કંકણાકાર સૂર્યગ્રહણનો નજારો કેવા આકારે દેખાતો હતો- <u>**ધ રિંગ ઓફ ફાયર**</u>
22. તાજેતરમાં ભારત સરકારે છેલ્લા 120 વર્ષના પર્યાવરણનું સમગ્ર ચિત્ર દર્શાવતો કયો પ્રથમ અહેવાલ રજૂ કર્યો - <u>**એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020**</u>
23. ભારત સરકારના એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020 મુજબ સદીના અંત સુધી ભારતના સરેરાશ તાપમાનમાં કેટલા ડિગ્રીનો વધારો થશે- <u>4.4</u>
24. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ ગરમ દિવસો અને ગરમ રાતોની ફ્રિકવન્સિમાં કેટલા ટકાનો વધારો થશે - <u>55 થી 70%</u>
25. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ છેલ્લા 30 વર્ષમાં સૌથી ગરમ દિવસના તાપમાન અને સૌથી ઠંડી રાતોના તાપમાનમાં કેટલા ડિગ્રીનો વધારો થયો છે - <u>0.63 અને 0.4</u>
26. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ પર્યાવરણની પરિસ્થિતિ હજુ વધુ બગડશે તો દેશના GDPને અંદાજે કેટલું નુકસાન થઈ શકે છે - <u>117.8 અબજ ડોલર</u>
27. ભારત સરકારના "એસેસમેન્ટ ઑફ ક્લાઈમેટ ચેન્જ ઑવર ધ ઇન્ડિયન રીજન રિપોર્ટ-2020" મુજબ ભારતમાં ક્લાઇમેટ ચેન્જની સૌથી વધુ અસર કયા શહેરોને થશે - <u>**મુંબઈ, ચેન્નાઈ અને કોલકત્તા**</u>
28. તાજેતરમાં સ્વાતંત્ર સેનાની, ગાંધીવાદી અને પદ્મશ્રી વિદ્યાબેન શાહનું 98 વર્ષે કયા શહેરમાં અવસાન થયું- <u>**નવી દિલ્હી**</u>
29. સ્વાતંત્ર સેનાની, ગાંધીવાદી અને પદ્મશ્રી વિદ્યાબેન શાહનું મૂળ વતન જણાવો - <u>**રાજકોટ**</u>

**DATE : 21-06-2020**

<u>૧. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 (રોજગારી)</u>

<u>**હેતુ :**</u>

✓ કોવિડ-૧૯ના લીધે સર્જાયેલી પરિસ્થિતિમાં આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા, ગુજરાત સરકારનું મોટું અને સંવેદનશીલ પગલું એટલે આત્મનિર્ભર સહાય યોજના.

<u>**સહાય :**</u>

✓ આ યોજનાના પ્રથમ તબક્કામાં ૧ લાખ સુધીના ધિરાણની મર્યાદા હતી

✓ <u>હવે યોજના-૦૨માં રૂ.૧ લાખથી વધુ અને રૂ.૨.૫૦ લાખ સુધીનું ધિરાણ મળશે</u>

✓ <u>લાભાર્થીએ માત્ર ૪% વાર્ષિક વ્યાજ, ચુકવવાનું રહેશે જયારે બાકીનું વાર્ષિક ૪% વ્યાજ રાજ્ય સરકાર ચૂકવશે.</u>

- ✓ લાભાર્થીએ પ્રથમ ૬ મહિના કોઈ હપ્તો ભરવાનો નથી, ત્યારબાદ 30 સરખા માસિક હપ્તામાં ધિરાણ તથા વાર્ષિક ૪ % વ્યાજ ભરવાનું રહેશે.
- ✓ નાના વેપારીઓ, મધ્યમ વર્ગના વ્યક્તિઓ અને વ્યક્તિગત કારીગરો માટે રૂ.૫૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરતી સંવેદનશીલ સરકાર

**અરજી કરવાની તારીખ તેમજ અન્ય બાબતો :**

- ✓ આ યોજનાના ફોર્મ તા . ૦૧-૦૭-૨૦૨૦ થી સહકારી બેંકોમાંથી મળી શકશે . તા . 30-૦૯-૨૦૨૦ સુધીમાં ફોર્મ ભરી જે તે સહકારી બેંકમાં પરત કરવાના રહેશે
- ✓ ગુજરાત રાજ્ય સહકારી બેંક લી., જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. તથા રાજ્યમાં આવેલ નાગરિક સહકારી બેંકોમાં અરજી કરનાર લાભાર્થીઓને તેમની પાત્રતાના આધારે સહકારી બેંકો દ્વારા નક્કી કરવામાં આવે તેટલું ધિરાણ મળી શકશે.
- ✓ વિભાગ : કૃષિ, ખેડૂત, કલ્યાણ અને સહકાર ગુજરાત સરકાર

## ૨. કંકણાકૃતિ સુર્યગ્રહણ : તા. ૨૧ જૂન (ખગોળ વિજ્ઞાન)

- ✓ **ઉત્તરાખંડમાં જોવા મળી સંપૂર્ણ 'રિંગ ઓફ ફાયર'**
- ✓ વર્ષ ૨૦૨૦નું અંતિમ કંકણાકૃતિ સૂર્યગ્રહણ
- ✓ ભારતમાં સૂર્ય ગ્રહણની શરૂઆત શરૂઆત ગ્રહણની શરૂઆત શરૂઆત સવારે : 9.16 કલાકે
- ✓ ઉત્તરાખંડ તથા કુરુક્ષેત્ર વિસ્તારમાં ગ્રહણ જ્યારે બરાબર મધ્યમાં હતું ત્યારે સૂર્યને 98.6 ટકા ઢાંકી દેતા 30 સેકન્ડ 'રિંગ ઓફ ફાયર' જોવા મળી હતી
- ✓ ભારતમાં ૩૧ મે ૨૦૩૧ એ વલયાકાર અને ૨૦ માર્ચ ૨૦૩૪ એ પુર્ણ સૂર્યગ્રહણ દેખાશે

## 3. નિર્ણય : JEE હિન્દીમાં આપી શકાશે (ઉચ્ચ શિક્ષણ)

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (એનટીએ)ના નેશનલ ટેસ્ટ અભ્યાસ એપનું હિન્દી વર્ઝન લોન્ચ કરાયું.

ફાયદો :

- ✓ તેનાથી વિદ્યાર્થીઓ નીટ, જેઈઈ અને જેઈઈ મેઈન્સની તૈયારી હિન્દીમાં કરી શકશે.
- ✓ કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી – શ્રી રમેશ પોખરિયાલ (નિશંક)

## ૪. વિક્ટરી ડે - પરેડ : ૭૫મી વર્ષગાંઠ - રશિયા (વૈશ્વિક સબંધો)

- ✓ રશિયાની વિક્ટરી ડે પરેડમાં ભાગ લેવા ભારતથી સૈન્યની ત્રણેય પાંખના 75 સભ્યની સંયુક્ત ટુકડી મોસ્કો ખાતે.
- ✓ **મહત્વ:** બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે સોવિયેત સંઘની જીતની 75મી વર્ષગાંઠ પ્રસંગે આ પરેડ યોજાઈ રહી છે.

## ૫. "નવી સવાર" - હોપ એન્થમ ઑફ ગુજરાત (કલા-સંગીત)

- ✓ વિશ્વ સંગીત દિવસ અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના શુભ અવસરે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઉત્સાહવર્ધક તેમજ પ્રેરણાદાયી ગીત "નવી સવાર"- હોપ એન્થમ ઑફ ગુજરાત ગુજરાતીઓને અર્પણ.

**ગીતના રચનાકાર :**

- ✓ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા "યુવાન" તેમજ "વોર્ડ વિઝાર્ડ કંપની"નાં સહયોગથી રચવામાં આવ્યું.

હેતુ-ઉદ્દેશ્ય :

- ✓ આ ગીત મહામારીના આ કપરા સમયમાં પ્રજાજનોમાં એક આશા અને વિશ્વાસનો સંચાર કરશે તેમજ રાજ્યની સમગ્ર જનતાને એકસુરે જોડશે.
- ✓ આ સમગ્ર ગીત ડબલ્યુએચઓ દ્વારા અપાયેલ કમ્યુનિટી અવેરનેસ ગાઈડલાઈન હેઠળ 'કમ્યુનિટી એંગેજમેન્ટ' માટે નું ખૂબ જ મહત્વનું પાસું બની રહેશે.

## ૫. દિન વિશેષ : ૨૧ જૂન

### (૧) ૬ઠ્ઠો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

- ✓ **પ્રથમવાર આ વર્ષે યોગ દિવસની ડિજિટલ ઊજવણી કરાઈ**
- ✓ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં યોગ કર્યા**
- ✓ **થીમ-૨૦૨૦ :** યોગ એટ હોમ યોગ વિથ ફેમિલી
- ✓ **પ્રથમ પ્રારંભ : ૨૧ જુન ૨૦૧૫**

### (૨) ૨૧ જૂન – વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ

### (3) વિશ્વ સેલ્ફી દિવસ

- ✓ **પ્રારંભ :** ૨૦૧૪થી

### (૪) ફાધર્સ ડે **મે માસનો ત્રીજો રવિવાર**

### (૫) વિશ્વ મ્યુઝિક દિવસ

- ✓ **પ્રારંભ :** ૧૯૮૧ **દેશ :** ફ્રાન્સ

### (૬) વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસ

ઈન્ટરનેશનલ હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન (IHO) અને તેના આંતરરાષ્ટ્રીય સભ્યો દ્વારા દર વર્ષે 21 જૂને વર્લ્ડ હાઇડ્રોગ્રાફી ડેની ઉજવણી કરાઈ છે.

વર્ષ-૨૦૨૦ થીમ : Hydrography enabling autonomous technologies

- ✓ નવી નવીનતાઓ પર ધ્યાન આપશે જે આપણા સમુદ્રતલ પર નવી માહિતીને ઉજાગર કરવામાં મદદ કરી રહી છે.
- ✓ હાઈડ્રોગ્રાફી દરિયાઇ મેપ અને ભરતીના વિતરણ, સલામત દરિયાઇ પરિવહન માટે વર્તમાન અને જળસ્તરની માહિતી, તેમજ દરિયાઇ સંરક્ષણ માટે

## ૧૦. જન્મ દિન વિશેષ : ૨૧ જૂન

## ડુંગળીચોર : મોહનલાલ પંડ્યા




## જન્મ – ૨૧ જૂન-૧૮૭૨ અવસાન – ૧૪ મે-૧૯૩૫

- ✓ આજે સ્વતંત્રતા સૈનિક, રચનાત્મક કાર્યકર મોહનલાલ કામેશ્વર પંડ્યાનો જન્મદિવસ.
- ✓ ખેડા જિલ્લાના કઠલાલમાં જન્મેલા મોહનલાલ પંડ્યા 1917માં ગોધરામાં ભરાયેલી પહેલી રાજકીય પરિષદ પછી જાહેર જીવનમાં સક્રિય થયા એ પહેલાં પણ ભૂગર્ભ પ્રવૃત્તિ અને જંગલમાં છાપખાનું ઉભું કરી બનાવતી નામે બોમ્બ બનાવવાનું સાહિત્ય પ્રકાશિત કરવું વગેરે પણ તેઓની પ્રવૃત્તિ રહી.
- ✓ ગુજરાત કક્ષાએ 1935 સુધી થયેલા મોટા સત્યાગ્રહો અને રચનાત્મક પ્રવૃત્તિમાં મોહનલાલ પંડ્યાનું યોગદાન રહ્યું પણ
- ✓ તેમને મુખ્યત્વે ખેડા સત્યાગ્રહ દરમિયાન કરેલી પ્રવૃત્તિ માટે વિશેષ સ્મરવામાં આવેછે.
- ✓ <u>ખેડા સત્યાગ્રહમાં જમીન મહેસુલ વધારા વિરુદ્ધના સત્યાગ્રહમાં અંગ્રેજ સરકારે ખેતરો ખાલસા કર્યા. તેની સામે મોહનલાલના નેતૃત્વમાં ખેડાના નવા ગામ ગામેથી 200 ખેડૂતોએ રાતોરાત ખેતરમાંથી ડુંગળીનો ઊભો પાક ઉપાડી ઘર ભેગો કર્યો તેની સામે મોહનલાલ પંડ્યા સામે કેસ ચલાવી તેઓને 20 દિવસની કેદની સજા કરાઈ હતી.</u>
- ✓ તેમના પર ચાલેલા કોર્ટ કેસ દરમિયાન ખુદ ગાંધીજી પણ કોર્ટમાં હાજર રહ્યા હતા.
- ✓ <u>મોહનલાલ પંડ્યાને ‘ડુંગળીચોર’નું બિરુદ આપી ગાંધીજીએ પોતાની આત્મકથા સત્યના પ્રયોગોમાં તેમના વિશે ડુંગળીચોર નામનું એક પ્રકરણ પણ લખ્યું.</u>
- ✓ મોહનલાલનું 1935માં અવસાન થયું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૬-૨૦૨૦)

1. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ સસ્તા વ્યાજે ધંધા-રોજગાર માટે કેટલી રકમ સુધીનું ધિરાણ આપવામાં આવશે- **<u>રૂ.1 લાખથી રૂ.2.50 લાખ સુધી</u>**
2. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ સસ્તા વ્યાજે ધંધા-રોજગાર માટે વાર્ષિક કેટલા ટકાના વ્યાજે ધિરાણ આપવામાં આવશે – **<u>4 %</u>**
3. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ સસ્તા વ્યાજે ધંધા-રોજગાર માટે અપાતા ધિરાણમાં વાર્ષિક કેટલા ટકાની વ્યાજ સહાય ગુજરાત સરકાર આપશે – **<u>4 %</u>**
4. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ લાભાર્થીએ પ્રથમ કેટલા માસ હપ્તા ભરવાના નથી-**<u>06</u>**
5. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 હેઠળ કેટલી રકમનું પેકેજ જાહેર કરાયું છે – **<u>રૂ. 5000 કરોડ</u>**
6. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-02 કયા વિભાગ દ્વારા આયોજિત છે - **<u>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ</u>**
7. તાજેતરમાં 21 જૂને 2020નું કયું અંતિમ સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું - **<u>કંકણાકૃતિ/કંકણાકાર</u>**
8. હવે આગામી કયા વર્ષે ભારતમાં વલયાકાર અને પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળશે - **<u>31 મે 2031અને 20 માર્ચે 2034</u>**
9. હવેથી JEE અને NEETની પરીક્ષા અંગ્રેજી સિવાય અન્ય કઈ ભાષામાં આપી શકશે - **<u>હિન્દી</u>**
10. તાજેતરમાં NTA દ્વારા કઈ એપ લૉન્ચ કરાઈ - **<u>નેશનલ ટેસ્ટ અભ્યાસ એપ</u>**
11. ભારતમાં JEE અને NEET કઈ એજન્સી દ્વારા યોજવામાં આવે છે - **<u>NTA</u>**
12. NTAનું વિસ્તૃત નામ જણાવો - **<u>નેશનલ ટેસ્ટ એજન્સી</u>**
13. જૂન 2020માં વિકટરી ડે કયા દેશમાં ઉજવાયો જેમાં ભારતના 75 સૈનિકોએ ભાગ લીધો - **<u>રશિયા</u>**
14. "વિકટરી ડે" કોની યાદમાં મનાવવામાં આવે છે - **<u>બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે સોવિયત સંઘની જીત</u>**
15. બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે સોવિયત સંઘની જીતના આ વર્ષે 2020માં કેટલા વર્ષે પૂર્ણ થયા - **<u>75</u>**
16. સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા તાજેતરમાં વિશ્વ સંગીત દિવસના રોજ ગુજરાત માટે કયું નવું ગીત મુખ્ય મંત્રીશ્રીના હસ્તે લૉન્ચ કરાયું - **<u>"નવી સવાર"- હોપ એન્થમ ઑફ ગુજરાત</u>**

17. તા. ૨૧મી જૂન-૨૦૨૦ના રોજ કેટલામો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો - **છઠ્ઠો**

18. કયા વર્ષે પ્રથમવાર યોગ દિવસની ડિજિટલ ઊજવણી કરાઈ – **વર્ષ-૨૦૨૦**

19. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **યોગ એટ હોમ યોગ વિથ ફેમિલી**

20. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **૨૧ જૂન ૨૦૧૫**

21. વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ જણાવો - **૨૧ જૂન**

22. વિશ્વ સેલ્ફી દિવસ કયારે ઉજવવામાં આવે છે – **૨૧ જૂન**

23. વિશ્વ સેલ્ફી દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **૨૧ જૂન-૨૦૧૪**

24. ફાધર્સ ડે કયારે ઉજવવામાં આવે છે - **મે માસના ત્રીજા રવિવારે**

25. વિશ્વ મ્યુઝિક દિવસ ક્યારે ઉજવવામાં આવે છે – **૨૧ જૂન**

26. વિશ્વ મ્યુઝિક દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો – **૨૧ જૂન-૧૯૮૧**

27. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસ કયારે ઉજવવામાં આવે છે – **૨૧ જૂન**

28. IHOનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ટરનેશનલ હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન**

29. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસની ઉજવણી કોના દ્વારા કરવામાં આવે છે - **આંતરરાષ્ટ્રીય હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન અને તેના આંતરરાષ્ટ્રીય સભ્યો દ્વારા**

30. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી ડે-૨૦૨૦ની થીમ જણાવો - **Hydrography enabling autonomous technologies**

31. કયા જાણીતા સ્વતંત્રતા સૈનિક-રચનાત્મક કાર્યકરને ડુંગળીચોર ઉપનામ મળેલું છે - **મોહનલાલ પંડ્યા**

32. મોહનલાલ પંડયાને ડુંગળીચોરનું ઉપનામ કોના દ્વારા આપવામાં આવ્યું હતુ – **મહાત્મા ગાંધીજી**

33. ડુંગળીચોરના ઉપનામથી જાણીતા મોહનલાલ પંડયાનો જન્મ દિવસ જણાવો - **૨૧ જૂન-૧૮૭૨**

34. જાણીતા સ્વતંત્રતા સૈનિક મોહનલાલ પંડયાનો જન્મ ક્યા થયો હતો - **ખેડા જિલ્લાના કઠલાલ**

35. ક્યા સત્યાગ્રહ વેળાએ જમીન મહેસુલ વધારા વિરુદ્ધના સત્યાગ્રહમાં અંગ્રેજ સરકારે ખેતરો ખાલસા કર્યા. તેની સામે મોહનલાલના નેતૃત્વમાં ખેડાના નવા ગામ ગામેથી 200 ખેડૂતોએ રાતોરાત ખેતરમાંથી ડુંગળીનો ઊભો પાક ઉપાડી ઘર ભેગો કર્યો તેની સામે મોહનલાલ પંડ્યા સામે કેસ ચલાવી તેઓને 20 દિવસની કેદની સજા કરાઈ હતી - **ખેડા સત્યાગ્રહ**

36. મહાત્મા ગાંધીજીની આત્મકથાનું નામ જણાવો - **સત્યના પ્રયોગો**

DATE : 22-06-2020

## ૧. જગન્નાથ રથયાત્રા પુરી-ઓડીસા (ધર્મ)

**રથયાત્રા યોજવા અંગે સુપ્રીમ કોર્ટની શરતી મંજૂરી**

- ✓ અગાઉ સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો હતો
- ✓ **શરતો:** સુપ્રિમ કોર્ટની ૧૧ શરતોને આધિન મંજૂરી
- ✓ પુરીમાં સોમવાર રાત્રે ૯.૦૦ થી બુધવારે બપોરે ૨.૦૦ સુધી લોકડાઉન-કરફ્યુ
- ✓ રથ ખેંચનારા સામાજિક અંતર જાળવશે
- ✓ ગણતરીના લોકો જ રથયાત્રામાં જોડાશે
- ✓ રથયાત્રા પુરી સિવાય અન્ય બીજે ક્યાંય નહીં ફરે

## ૨. ભારત-ચીન સરહદી વિવાદ (વિદેશ નીતિ)

**ભારત ચીન વચ્ચે ૩૪૮૮ કિ.મી. લાંબી લાઇન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (LAC) વર્તમાન સ્થિતિ (૨૨ જૂન-૨૦૨૦)**

- ✓ ગાલવાન વેલીમાં ૧૫ મી જૂને ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક ઘર્ષણ પછી ભારત અને ચીન દ્વારા ૩૪૮૮ કિ.મી. લાંબી લાઈન ઓફ એક્ચ્યૂઅલ કન્ટ્રોલ (LAC) ખાતે ફૂલ આર્મી ગોઠવવામાં આવી.
- ✓ બંને દેશનાં એરબેઝ પર જેટ ફાઈટર ગોઠવાઈ ગયાં છે અને નેવીને પણ હિન્દ મહાસાગર ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવતા ગમે ત્યારે ચિનગારી ભડકી ઊઠે તેવી સ્થિતિ સર્જાઈ છે.
- ✓ ચીને લદ્દાખમાં વધુ ઊંચાઈ પર ઊડી શકે તેવાં યુદ્ધવિમાનો જે-૧૧ અને જે-૧૬- એસને ગોઠવ્યાં છે.
- ✓ ચીનનાં શેયયાંગ જે-૧૧ રશિયાનાં સુખોઈ એસયુ-૨૭ નું ચાઈનીઝ વર્ઝન છે. જે દૂર સુધી પ્રહાર કરી શકે છે.
- ✓ ભારતે લેહ અને શ્રીનગર ખાતે ફ્રન્ટ એરબેઝ પર સુખોઈ-30 MKI તેમજ જગુઆર અને મિરાજ ૨૦૦૦ તથા અપાચેને તહેનાત કર્યા છે.

- ✓ ચીન સાથે સરહદે તંગદિલી ચાલી રહી છે ત્યારે ઉત્તરાખંડના પિથોરાગઢમાં આવેલો મહત્ત્વનો બેલી બ્રિજ તૂટી પડ્યો છે.
- ✓ મુનસ્યારી-મિલમ રોડ પર આવેલા આ બ્રિજ પરથી હેવી સાધનો અને મશીનરી લઈ જવાતી હતી ત્યારે જ તે તૂટી પડતા બે ને ઈજા થઈ હતી.
- ✓ બેલી બ્રિજ ઉત્તરાખંડના પિથોરાગઢને ચીનની બોર્ડર સાથે જોડે છે.

<u>૩. મોબાઈલ પશુ દવાખાના લોકાર્પણ સમારોહ - ગાંધીનગર : ગુજરાત સરકાર (પશુપાલન)</u>

**<u>ગુજરાત દેશભરમાં એવું પ્રથમ રાજ્ય છે જ્યાં પશુઓ માટે ઓન કોલ સેવા ૧૯૬૨ નંબર પર ફોન કરવાથી તત્કાલ મળી રહે છે.</u>**

- ✓ રાજ્યની સાડા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પડાશે
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરમાં રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારના પશુપાલકોને ઘરે બેઠા પશુ સારવારના અભિનવ પ્રયોગ એવા ૧૦૮ મોબાઇલ પશુ દવાખાનાનુ લોકાર્પણ કર્યુ
- ✓ ૧૦ ગામ દિઠ એક મોબાઇલ પ્રમાણે પ્રારંભિક તબક્કે ૧૦૮ મોબાઇલ પશુ દવાખાનાને પ્રસ્થાન કરાવ્યું
- ✓ રાજ્ય સરકારે આ ૧૦ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનાની યોજના GVK EMRI દ્વારા પી.પી.પી. મોડમાં કાર્યરત કરી છે.
- ✓ <u>આગામી આયોજન :</u> સમગ્રતયા રાજ્યમાં આવા ૪૬૦ જેટલા મોબાઇલ પશુ દવાખાના કાર્યરત કરીને ૪૬૦૦થી વધુ ગામોના પશુપાલકોને તેમના પશુઓની ઘેરબેઠા આરોગ્ય સંભાળ સુવિધા આવનારા દિવસોમાં મળતી થશે.
- ✓ <u>સુવિધા :</u> આ યોજના મારફતે નિઃશુલ્ક પશુ સારવાર સેવાઓ વર્ષના ૩૬૫ દિવસ સવારે ૭ થી રાત્રે ૭ દરમ્યાન પશુપાલકોને ગામ બેઠા ઉપલબ્ધ થશે.
- ✓ આ તમામ વાહનોમાં જીપીએસની સુવિધા હોવાથી મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ મારફતે યોજનાનું રીયલ ટાઈમ મોનિટરીંગ પણ થઇ શકશે અને સાથે-સાથે કુદરતી આફતના સમયમાં આ એકમો દ્વારા અવિરત સેવાઓ મળી રહેશે.
- ✓ ગુજરાત પશુપાલન મંત્રી - શ્રી કુવરજી બાવળિયા

<u>૪. નિમણૂક : ગુજરાતના લોકાયુક્ત પદે હાઇકોર્ટના નિવૃત્ત જજ શ્રી રાજેશ શુક્લાની નિમણૂક</u>

- ✓ શપથ : તા. ૨૩મી જૂન ૨૦૨૦
- ✓ રાજ્યપાલ દ્વારા રાજભવન ખાતે શપથ

**<u>અત્યાર સુધીના ગુજરાતના લોકાયુક્ત</u>**

- ✓ શ્રી આર.એ. મહેતા શ્રી ડી પી બૂચ
- ✓ શ્રી એસ.એમ સોની શ્રી રાજેશ શુક્લા

<u>૫. ખેલકૂદ - ડેડમેન તરીકે ઓળખાતા ૫૫ વર્ષના કુસ્તીબાજ અંડરટેકર ત્રણ દાયકા બાદ નિવૃત્ત</u>

**<u>પરિચય અને કારકિર્દી</u>**

- ✓ કારકિર્દીનો પ્રારંભ વર્ષ :૧૯૮૭થી
- ✓ મૂળ નામ : માર્ક કાલાવે
- ✓ મૂળ વતન – ઈંગ્લેન્ડ વર્તમાન ઉંમર : ૫૫ .
- ✓ વર્લ્ડ રેસલિંગ એન્ટટેઈનમેન્ટ (WWE)ના સુપરસ્ટાર રેસલર અંડરટેકરનો ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દી બાદ રિંગ છોડવાનો નિર્ણય.
- ✓ <u>બાયોપિક : ધ લાસ્ટ રાઈડ</u>
- ✓ મુંબઈ ઇન્ડિયન ફેંચાઈનીઝ સાથે પણ કરાર

<u>૬. કોરોના જંગ : ભારત અને AIIB એ KOVID-19 સામેના જંગમાં ભારતને ૭૫૦ મિલિયન ડોલરની મદદ માટે સમજૂતી કરાર</u>

<u>હેતુ :</u>

- ✓ ભારત સરકાર અને એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB)એ "કોવિડ-19 સક્રિય પ્રતિભાવ અને ખર્ચ સહાય કાર્યક્રમ" અંતર્ગત ભારતને કોવિડ-19 મહામારીના કારણે ગરીબ અને નિઃસહાય પરિવારો પર થતા વિપરિત પ્રભાવો સામે પ્રતિક્રિયા આપવા માટે વધુ મજબૂત બનાવવાના આશયથી 750 મિલિયન ડૉલરની મદદ માટે સમજૂતી કરાર કર્યો છે.
- ✓ <u>AIIB તરફથી ભારતને આ પ્રકારની પ્રથમ અંદાજપત્રીય સહકાર કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.</u>

<u>પરિણામ :</u>

- ✓ "કોરોના વાયરસ મહામારીના ફેલાવાના કારણે મહિલાઓ સહિત નિઃસહાય લોકોને થયેલા આર્થિક નુકસાનની ભરપાઇ કરીને તેમને સામાજિક સહકાર આપવા માટે ભારત સરકારની તાકીદની પ્રતિક્રિયા અને સંગઠિત તેમજ અનૌપચારિક બંને ક્ષેત્રોમાં અસરગ્રસ્ત કામદારોને સામાજિક સુરક્ષા આપવા માટેના પગલાંમાં વૃદ્ધિ થશે

✓ આ કાર્યક્રમ ભારત સરકારને કોવિડ-19ના કારણે ઉભી થયેલી ગંભીર સામાજિક અને આર્થિક વિપરિત અસરો ઓછી કરવામાં મદદરૂપ થશે.

**લાભાર્થી વર્ગ :**

✓ પ્રાથમિક કાર્યક્રમ લાભાર્થીઓ ગરીબી રેખા નીચે જીવતા પરિવારો, ખેડૂતો, આરોગ્ય સંભાળ કામદારો, મહિલાઓ, મહિલાઓના સ્વ સહાય સમૂહો, વિધવાઓ, દિવ્યાંગ લોકો, વરિષ્ઠ નાગરિકો, ઓછી આવક ધરાવતા વેતનદારો, બાંધકામના શ્રમિકો અને અન્ય નિઃસહાય સમૂહો રહેશે.

**ધિરાણની ફાળવણી :**

✓ પ્રોજેક્ટને એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) દ્વારા 2.250 અબજ ડોલરની રકમથી ધિરાણ કરવામાં આવી રહ્યું છે જેમાંથી 750 મિલિયન ડોલર AIIB દ્વારા અને 1.5 અબજ ડોલર ADB દ્વારા પૂરા પાડવામાં આવ્યા છે.

**AIIB વિશે :**

✓ એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) બહુપક્ષીય વિકાસ બેંક છે જેનું મિશન એશિયામાં સામાજિક અને આર્થિક પરિણામોમાં સુધારા લાવવાનું છે અને તેની કામગીરીની શરૂઆત જાન્યુઆરી 2016માં થઇ હતી.

✓ AIIBએ હવે સમગ્ર દુનિયામાં 102 માન્યતા પ્રાપ્ત સભ્યો સાથે વિસ્તરણ કર્યું છે.

**વડુમથક : બેઈજિંગ, ચીન**

**૭. જન્મ દિન વિશેષ : ૨૨ જૂન રમૂજના રાજા : રમેશ મહેતા**

**જન્મ – ૨૨ જૂન-૧૯૩૨ અવસાન – ૧૧ મે-૨૦૧૨**

✓ આજે 22 જૂનના રોજ ગુજરાતી સિને જગતમાં હાસ્યનું હુલ્લડ, રમૂજના રાજા તરીકે પંકાયેલા રમેશ ગિરધરભાઈ મહેતાનો જન્મદિવસ.

✓ ગુજરાતી ફિલ્મોમાં જેમની એન્ટ્રી માત્રથી દર્શકોના ચહેરા પર હાસ્ય આવી જાય તેવા રમેશ મહેતાનો જન્મ ગોંડલના નવા ગામ ખાતે થયો હતો.

✓ પિતાનો સાહિત્યિક વારસો પ્રાપ્ત કરનાર બાળક રમેશે માત્ર 6 વર્ષની નાની વયે નાટકોમાં અભિનય શરૂ કર્યો હતો.

✓ રમેશ મહેતા પોતાનો નાટકનો શોખ પોષવા માટે 1955માં મુંબઈમાં ઇન્ડિયન થિએટરમાં જોડાયા હતા.

✓ પ્રદાન: તેઓએ સૂડી વચ્ચે સોપારી અને હું તારો વર છું જેવા નાટકો અને 25 કરતા ફિલ્મોની પટકથા પણ લખી છે.

✓ જેસલ તોરલ, રેતીના રતન, હસ્ત મેળાપ, ઘૂંઘટે, રાજા ભરથરી, હોથલ પદમણી, વાલો નામોરી સોન કંસારી જેવી 190 કરતા વધુ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથર્યા હતા.

✓ ગુજરાતી ફિલ્મોના 1970-80ના સુવર્ણ દાયકામાં દર્શકો માટે ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલત્તા સાથે રમેશ મહેતા સિનેમા ઘરો સુધી આવવા માટેનું આકર્ષણ હતા.

✓ ગુજરાતી ચલચિત્ર જગતના આ દિગ્ગજ હાસ્યકારનું 11 મે 2012ના રોજ રાજકોટમાં અવસાન થયું ત્યારે ખરેખર ગુજરાતી ફિલ્મોના એક યુગનો અંત આવ્યો હતો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૬-૨૦૨૦)**

1. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતની સૌથી મોટી કઈ રથયાત્રાને શરતી મંજૂરી અપાઈ - **ભગવાન જગન્નાથપુરી ઓડીશા**
2. ભારત અને ચીન વચ્ચે કેટલા કિલોમીટર લાંબી LAC આવેલી છે - **3488 કિલોમીટર**
3. ગુજરાતમાં પશુઓની ચિંતા કરીને ગુજરાત સરકાર દ્વારા દેશમાં સૌપ્રથમ કેટલા ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું શરૂ કરવામાં આવ્યું – **10 ગામ**
4. તાજેતરમાં મુખ્યમંત્રીના હસ્તે ગાંધીનગર ખાતેથી પ્રથમ તબક્કામાં કેટલા વિનામૂલ્યે ફરતા પશુ દવાખાના રાજ્યના 33 જિલ્લાની અર્પણ કરાયા - **108**
5. આગામી સમયમાં ગુજરાતમાં કુલ કેટલા ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવશે - **460**
6. ગુજરાતમાં દેશભરમાં પ્રથમ પશુઓ માટે 24 કલાક કઈ ઑન કોલ તાત્કાલિક વિનામૂલ્યે સારવાર શરૂ કરવામાં આવી - **1962**
7. ગુજરાતના વર્તમાન પશુપાલન મંત્રીનું નામ જણાવો - **શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
8. તાજેતરમાં ગુજરાતના નવા લોકાયુક્ત તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **હાઇકોર્ટના નિવૃત્ત જજ શ્રી રાજેશ શુક્લા**
9. તાજેતરમાં WWEના કયા સુપરસ્ટાર રેસલરે ત્રણ દાયકા બાદ નિવૃત્તિ જાહેર કરી - **અંડરટેકર**
10. વિશ્વ પ્રસિદ્ધ રેસલર અંડરટેકરનું ઉપનામ જણાવો - **ડેડમેન**
11. વિશ્વ પ્રસિદ્ધ રેસલર અંડરટેકરનું મૂળ નામ જણાવો - **માર્ક કાલાવે**

12. WWEનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઇનમેન્ટ**

13. વિશ્વ પ્રસિદ્ધ રેસલર અંડરટેકરે ભારતમાં કઈ ફ્રેન્ચાઇઝ સાથે કરાર કર્યા હતા - **મુંબઇ ઇન્ડિયન્સ**

14. AIIBએ કોરોના સામેના જંગમાં ભારતને કેટલા મિલિયન ડોલરની મદદ માટે સમજૂતી કરાર કર્યા - **750**

15. AIIB દ્વારા ભારતની કયા કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં $750 મિલિયનની મદદ માટે સમજૂતી કરાર થયા છે - **કોવિડ-19 સક્રિય પ્રતિભાવ અને ખર્ચ સહાય કાર્યક્રમ**

16. AIIBનું વિસ્તૃત નામ જણાવો - **એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક**

17. AIIBનું વડુ મથક ક્યાં આવેલું છે - **બેઈજિંગ, ચીન**

18. ગુજરાતી ફિલ્મોમાં પ્રસિદ્ધ હાસ્ય કલાકાર રમેશ મહેતાનો જન્મદિવસ જણાવો - **22 જૂન 1932**

19. ગુજરાતી ફિલ્મોમાં પ્રસિદ્ધ હાસ્ય કલાકાર રમેશ મહેતાનું જન્મ સ્થળ જણાવો - **નવાગામ, રાજકોટ**

## DATE : 23-06-2020

### ૧. ભારત - US સંબંધો (વિદેશ નીતિ)

**H-1B, H-2B, J-1 અને L-1 વિઝા ધારકોને અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ**

✓ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય આઇટી પ્રોફેશનલ્સમાં લોકપ્રિય એવા એચ-વન બી વિઝા સહિત એચ-ટુબી, જે-વન અને એલ નોન ઇમિગ્રન્ટ વિઝા અને તેમના આશ્રિતોના અમેરિકા પ્રવેશ પર ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી સસ્પેન્ડ કરી દેવાની જાહેરાત.

✓ અમેરિકી પ્રમુખપદની ચૂંટણી પહેલાં બહાર પડાયેલું જાહેરનામું ૨૪ જૂનથી અમલમાં આવશે.

**કોણ અમેરિકામાં પ્રવેશ નહીં કરી શકે :**

✓ એચ-વન બી વિઝા ધારકો એચ-ટુબી વિઝાધારકો

✓ એલ વિઝાધારકો જે વિઝાની ચોક્કસ કેટેગરી

✓ ઇન્ટર્ન, ટ્રેઇની, ટીચર, કેમ્પ કાઉન્સેલર, સમર વર્કર્સ

**ટ્રમ્પની ઘોષણાની કોને અસર નહીં થાય**

૧. અમેરિકાના કાયદેસરના કાયમી રહેવાસી ૨. અમેરિકન નાગરિકના વિદેશી જીવનસાથી અને બાળકોને આ નિર્ણયની અસર નહીં થાય

3. ફૂડ સપ્લાય ચેઇન માટે હંગામી સેવાઓ આપતા અમેરિકા બહાર રહેલા વિદેશી નાગરિકો

૪. માન્ય વિઝા, એડવાન્સ પેરોલ અથવા અન્ય યુએસ ટ્રાવેલ ડોક્યુમેન્ટ ધરાવતા વિદેશી નાગરિકો

૫. પ્રાઇમરી વિઝા હોલ્ડર અથવા એચ-૪ વિઝાધારકો

૬. અમેરિકામાં હાલ રહેલા વિદેશી વિદ્યાર્થીઓ અને પોતાના સ્ટેટસમાં બદલાવની રાહ જોઇ રહેલા વિદેશીઓ.

### ૨. નિર્ણય : આત્મનિર્ભર ભારત (વહીવટ)

✓ સરકારના ઓનલાઈન ખરીદી પોર્ટલ GeMમાં પ્રોડ્કટ પર "કન્ટ્રી ઓફ ઓરિજિન" ફરજિયાત

✓ કેન્દ્ર સરકારે વેચાણકારો માટે હવે તમામ પ્રોડક્ટ પર કન્ટ્રી ઓફ ઓરિજિન એટલે કે માલસામાન મૂળ કયા દેશમાં બનેલો છે તે દર્શાવવાનું ફરજિયાત બનાવ્યું છે.

✓ આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાની દિશામાં આગળ વધવા તેમજ ચીન સાથે તંગદિલી પછી ચીનની પ્રોડક્ટનો બહિષ્કાર કરવાની દિશામાં સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે.

✓ કઈ પ્રોડક્ટમાં કેટલા ટકા ભારતીય માલસામગ્રીનો ઉપયોગ કરાયો છે તેની જાણ કરવાનું ફરજિયાત બનાવાયું છે તેથી મેક ઇન ઇન્ડિયાને પણ વેગ આપી શકાશે.

✓ પ્રોડક્ટમાં ૫૦ ટકા કે તેથી વધુ સામગ્રી ભારતીય હશે તો તેવી વસ્તુ ખરીદવાનું ખરીદનાર માટે આસાન બનશે

**પોર્ટલ વિશે :**

✓ હાલ જુદી જુદી ૧૮,૩૦,૬૮૮ પ્રોડક્ટ અને સર્વિસિસ માટે ૩,૯૪,૪૬૧ સેલર્સ અને સર્વિસ પ્રોવાઈડર્સ રજિસ્ટર થયેલા છે.

✓ GeMમાં નવા ફીચર્સ પહેલા જે વેચાણકારે તેમની પ્રોડક્ટ બજારમાં મૂકી છે તેમને પણ વહેલી તકે કન્ટ્રી ઓફ ઓરિજિન દર્શાવવા ચેતવણી આપવામાં આવી છે.

✓ આથી જે સેલર્સ તેમની પ્રોડક્ટ પર કન્ટ્રી ઓફ ઓરિજિન દર્શાવશે નહીં તેમની પ્રોડક્ટ વેચાણ માટેનાં પ્લેટફોર્મ પર મુકાશે નહીં.

**ભાવિ અસરો :**

✓ સરકારનું આ પગલું ચીનને સબક શીખવવાનું છે. ભારતની ચીન સાથેની વેપાર ખાદ્ય ગયા નાણાકીય વર્ષમાં ૪૮.૭ અબજ ડોલર એટલે કે પાંચ વર્ષની નીચી સપાટીએ રહી હતી.

- ✓ એક વર્ષ પહેલાં તેનું પ્રમાણ ૫૩.૬ અબજ ડૉલર હતું.
- ✓ ૨૦૧૯-૨૦માં આયાતમાં ૭ ટકાનો ઘટાડો થયો હતો અને તે ૬૫ અબજ ડૉલર રહી હતી.
- ✓ પોર્ટલનો પ્રારંભ : વર્ષ-૨૦૧૬થી
- ✓ GeM : ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ

### ૩. લોકાયુક્ત બિલ : ગુજરાત સરકાર (બંધારણ)

**ગુજરાતમાં લોકાયુક્ત આયોગ બિલ 2013માં પસાર અને રાષ્ટ્રપતિ દ્વારા વર્ષ 2014માં મંજૂરી**

- ✓ સપ્ટેમ્બર 2014માં ગુજરાત સરકારના ગેઝેટમાં પણ લોકાયુક્ત આયોગ કાયદો-2013 પ્રસિદ્ધ કરાયો હતો પરંતુ તેનું નોટિફિકેશન બહાર પાડી, નીતિ-નિયમો ઘડીને અમલમાં લાવવામાં આવ્યો નથી. જેથી હાલની સ્થિતિએ કાયદો અમલી નથી

બિલમાં જોગવાઈ :

- ✓ નવા કાયદામાં તલાટી સરપંચથી લઈને મુખ્યમંત્રી , અધિકારીઓ અને જાહેર સેવકો તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પણ લોકાયુક્તના દાયરામાં આવરી લેવાની જોગવાઈ કરાઈ છે
- ✓ લોકાયુક્ત ઉપરાંત ચાર ઉપલોકાયુક્તની નિમણૂકની જોગવાઈ કરવામાં આવી છે.

**જૂના કાયદા પ્રમાણે શું જોગવાઇ છે ?**

- ✓ લોકાયુક્ત એક્ટ-1986 પ્રમાણે મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ અને વિરોધપક્ષના નેતા સંકલનમાં રહીને હાઇકોર્ટના ચીફ જસ્ટિસ પાસેથી નિવૃત્ત જસ્ટિસના નામ મંગાવે છે.
- ✓ જે પેનલમાંથી એક નામ ઉપર સર્વસંમતિ સાધીને રાજ્યપાલને મોકલવામાં આવે છે અને રાજ્યપાલ લોકાયુક્તની નિમણૂક કરે છે.
- ✓ લોકાયુક્તના દાયરામાં મુખ્યમંત્રી અને મંત્રીમંડળ સામેની ફરિયાદો, ભ્રષ્ટાચાર અંગેની તપાસ સહિતની બાબતો સમાવિષ્ટ કરાઇ છે.

**નવા કાયદામાં શું જોગવાઈ છે ?**

- ✓ લોકાયુક્ત આયોગ એક્ટ-2013માં લોકાયુક્ત ઉપરાંત તેમના હસ્તક ચાર ઉપલોકાયુક્તની નિમણૂક કરવાની જોગવાઇ કરાઇ છે.
- ✓ લોકાયુક્તના દાયરામાં મુખ્યમંત્રી, મંત્રીમંડળ ઉપરાંત તલાટી-સરપંચથી લઈને સરકારી અધિકારીઓ, જાહેર સેવકો અને પંચાયત-પાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પણ સમાવી લેવાઈ છે.
- ✓ નવા કાયદામાં લોકાયુક્તની વય મર્યાદા પણ નક્કી કરાઈ છે. નિમણૂકના 5 વર્ષ અથવા 72 વર્ષની વય બેમાંથી જે વહેલું હોય તે નિવૃત્તિ ગણાશે.

### ૪. વિશ્વના ટોપ-500 ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યૂટર-2020 (કમ્પ્યૂટર વિજ્ઞાન)

**સૌથી ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યૂટર : "ફુગાકુ"-જાપાન**

- ✓ **વિશેષતા :** સેકન્ડમાં ચાર લાખ અબજથી વધુ ગણતરી કરવા સક્ષમ : હાલ "ફુગાકુ"નો ઉપયોગ કોરોના સામે લડવા માટે થઈ રહ્યો છે
- ✓ **ક્ષમતા :** 415.5 પેટા ફ્લોપ

**ટોપ-૧૦ ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યુટર**

| ક્રમ | કમ્પ્યુટર | દેશ | સેકન્ડમાં ગણતરી (અબજ) |
|---|---|---|---|
| ૧ | ફુકાગુ | જાપાન | ૪,૧૫,૫૩૦ |
| ૨. | સમિટ | અમેરિકા | ૧,૪૮,૬૦૦ |
| ૩. | સિએરા | અમેરિકા | ૯૪,૬૪૦ |
| ૪. | સનવે ટીહુલાઈટ | ચીન | ૯૩,૦૧૪ |
| ૫. | ટીઆન્હે-૨ | ચીન | ૬૧,૪૪૪ |
| ૬. | એચપીસી-૫ | ઈટાલી | ૩૫,૪૫૦ |
| ૭. | સેલેના | અમેરિકા | ૨૭,૫૮૦ |
| ૮. | ફ્રોન્ટેરા | અમેરિકા | ૨૩,૫૧૬ |
| ૯. | માર્કોની-૧૦૦ | ઈટાલી | ૨૧,૬૪૦ |
| ૧૦. | પિઝ ડાયન્ટ | સ્વિત્ઝરલેન્ડ | ૨૧,૨૩૦ |

- ✓ ભારતનું સ્થાન : ભારતના બે કમ્પ્યૂટર 1. પ્રત્યુશ 2. નોઇડા ખાતે સમાવેશ
- ✓ 500ના વૈશ્વિક લિસ્ટમાં ભારતના 2 કમ્પ્યુટરોનો સમાવેશ.
- ✓ ગયા વર્ષના લિસ્ટમાં ભારતના 9 કમ્પ્યુટર હતા.

**(૧) પ્રત્યુશ-૬૭મો ક્રમ**

- ✓ આ વખતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મિટિરિયોલોજી ખાતે આવેલું પ્રત્યુશ નામનું કમ્પ્યુટર 67મા ક્રમે છે.

**(૨) નોઈડા ખાતે – ક્રમ 120મો**

- ✓ જે નેશનલ સેન્ટર ફોર મિડિયમ રેન્જ વેધર ફોરકાસ્ટિંગના નોઈડા ખાતેના મુખ્યાલયમાં મુકાયું છે.

**૧. વિવિધ ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યૂટર ક્ષમતા :**

- ✓ ફુગાકુની ક્ષમતા 415.5 પેટાફ્લોપની છે. એટલે કે એક સેકન્ડમાં આ કમ્પ્યુટર 4.15 લાખ અબજ ગણતરી કરી શકે છે.

- ✓ આઈબીએમનું સમિટ 125 પેટાફ્લોપની ક્ષમતા ધરાવતું હતું. એટલે કે સેકન્ડમાં 1,25,000 અબજ ગણતરી કરી શકતું હતું.
- ✓ એટલે કે સમિટ કરતાં લગભગ પોણા ત્રણગણુ ઝડપી છે.
- ✓ આ પહેલા 2011માં જાપાની સુપર કમ્પ્યુટર લિસ્ટમાં પ્રથમ ક્રમે હતું.

**૨. બનાવનાર કંપની :**

- ✓ જાપાની કંપની ફુજિત્સુ અને સરકારી સંસ્થા રિકેને મળીને આ કમ્પ્યુટર તૈયાર કર્યું છે.
- ✓ હાલ તેને કોરોના સામે લડવા કામે લગાડાયું છે.
- ✓ કોરોનાના કેસમાં અબજો ગણતરી કરાવાની હોવાથી અનેક દેશો પોતાના સુપર કમ્પ્યુટરોની મદદ લઈ રહ્યા છે.
- ✓ 2021માં આ કમ્પ્યુટર તૈયાર થવાનું હતું પણ સમય કરતાં વહેલું તૈયાર થઈ જતાં જાપાને તેને કોબે શહેરમાં સક્રિય કર્યુ છે.
- ✓ અલબત્ત, એ પૂર્ણપણે તો આવતા વર્ષે જ કાર્યરત થશે.

**૩. ઉપયોગ :**

- ✓ સામાન્ય રીતે આપણે કામ કરતાં હોઈએ એ પર્સનલ કમ્પ્યૂટર કે લેપટોપની ઝડપ કરતાં હજારેકગણુ વધારે ઝડપી હોય એવા કમ્પ્યુટરને સુપર કમ્પ્યુટર ગણાય છે.
- ✓ જ્યાં કરોડો-અબજો ગણતરી કરવાની થતી હોય એવી સંસ્થાઓમાં આવા કમ્પ્યુટરો વપરાતાં હોય છે.

**૪. કયા દેશના કેટલા કમ્પ્યૂટર :**

- ✓ 500 સુપર કમ્પ્યુટરોમાં ચીનનો દબદબો.
- ✓ 500માં તેના કુલ 226 કમ્પ્યુટરો છે,
- ✓ અમેરિકાના 114 જાપાનના 30
- ✓ ફ્રાન્સના 18 અને જર્મનીના 16 છે.

**૫. ચીન બેઈડુ : નેવિગેશન પ્રોજેક્ટ (ટેકનોલોજી)**

- ✓ ચીને નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમનો સૌથી મહત્વનો છેલ્લો ઉપગ્રહ બેઈડુ-૩ લોંચ કર્યો હતો.
- ✓ અમેરિકાની જીપીએસને ટક્કર આપવા ચીને આ નેવિગેશનનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો
- ✓ આ પ્રોજેક્ટ અંતર્ગત ચીન ૨૦૦૦થી અત્યાર સુધીમાં ૫૫ સેટેલાઈટ લોંચ કરી ચૂક્યું છે.
- ✓ સામાન્ય રીતે આ નેવિગેશન સિસ્ટમ માટે ૩૦ સેટેલાઈટ કાર્યરત હોવા જરૂરી હોય છે.
- ✓ નેવિગેશનના બિઝનેસમાં અત્યારે અમેરિકા ઉપરાંત યુરોપિયન સંઘ અન રશિયા મુખ્ય સ્પર્ધકો. હવે ચીન પણ ભાગીદાર બનશે.
- ✓ ચીનની નજર અમેરિકન જીપીએસના વૈશ્વિક માર્કેટમાંથી હિસ્સો મેળવવાની છે.

**૬. PM CARES ફંડ : 50 હજાર નવા વેંન્ટિલેટર ખરીદાશે (આરોગ્ય)**

- ✓ દેશમાં કોરોના વાઈરસ મહામારીને પગલે રચાયેલા પીએમ કેર્સ ફંડમાંથી ૨,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે.
- ✓ આ ૨,૦૦૦ કરોડ રૂપિયામાંથી ૫૦,૦૦૦ મેડ ઈન ઈન્ડિયા વેન્ટિલેટર ખરીદવામાં આવશે, જેનો ઉપયોગ કોરોના વાઈરસ વિરુદ્ધ ચાલી રહેલી લડાઈમાં થશે.
- ✓ પીએમ કેર્સ તરફથી આ સિવાય ૧,૦૦૦ કરોડ રૂપિયા પ્રવાસી મજૂરો માટે પણ જાહેર કરાશે.
- ✓ કેન્દ્ર સરકાર ૫૦ હજાર વેન્ટિલેટર્સ સરકારી હોસ્પિટલોને ફાળવશે.
- ✓ ૩૦ હજાર વેન્ટિલેટર્સનું ઉત્પાદન ભારત ઈલેક્ટ્રોનિક્સ કરશે જ્યારે બાકીના ૨૦ હજાર વેન્ટિલેટર્સ એગ્વા હેલ્થકેર્સ, એએમટીઝેડ બેઝિક સહિતની અન્ય દેશી કંપનીઓ બનાવશે.
- ✓ ૫૦ હજારમાંથી ૨,૯૨૩ વેન્ટિલેટર્સ બનાવી લેવાયા છે
- ✓ જૂનના અંત સુધીમાં વધુ ૧૪ હજાર વેન્ટિલેટર રાજ્યોને અપાશે.

**૭. દિન વિશેષ : અષાઢી બીજ**

**(૧) અષાઢી બીજ – અમદાવાદમાં ૧૪૩મી રથયાત્રા**

**મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ચોથા વર્ષે પહિંદવિધિ**

- ✓ પહિંદવિધિ : રથમાં સોનાની સાવરણી મારી રથ પવિત્ર કરવો
- ✓ રથ : ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા
- ✓ અમદાવાદમાં ૧૪૩મી ભગવાન જગન્નાથજીની રથયાત્રા મંદિર પરિસરમાં યોજાઈ

**(૨) અષાઢી બીજ : કચ્છીઓનું નવું વર્ષ (નૂતન વર્ષ)**

**(3) અષાઢી બીજ : સંસ્કૃતના મહાકવિ કાલિદાસનો જન્મ દિવસ**

**(૪) અષાઢી બીજ : ગુજરાતમાં સંસ્કૃતોત્સવની ઉજવણી**

**૮. જન્મ દિન વિશેષ : ૨૩ જૂન**

**ઇલા આરબ મહેતા જન્મ : 23 જુન – 1938 ; મુંબઇ**

**જાણીતા લેખક ગુણવંતરાય આચાર્યના દિકરી...**

- ✓ મૂળ વતન – જામનગર પિતા – ગુણવંતરાય આચાર્ય ;
- ✓ નાની બહેન – વર્ષા અડાલજા (બન્ને જાણીતા લેખક)
- ✓ પતિ – ડો. આરબ મહેતા (લગ્ન–1964); પુત્ર – સલિલ ; પુત્રી – સોનાલી.

**અભ્યાસ :**

- ✓ 1958 – મુંબઇની રામનારાયણ રૂઇઆ કોલેજમાંથી બી.એ.
- ✓ 1960 – ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે એમ.એ.

**વ્યવસાય :**

- ✓ 1960-67 – રૂઇયા કોલેજમાં અધ્યાપક
- ✓ 1971થી મુંબાઇની સેંટ ઝેવીયર્સ કોલેજમાં પ્રાધ્યાપક

**રચનાઓ – 20 પુસ્તકો**

- ✓ પ્રથમ મૌલિક કૃતિ– ત્રિકોણની ત્રણ રેખાઓ
- ✓ નવલકથા - અને મૃત્યુ, રાધા, થીજેલો આકાર, એક હતા દિવાન બહાદુર, બત્રીસ પૂતળીની વેદના, એક સાંઝ, વારસદાર, પાંચ પગલાં પૃથ્વી પર, વિયેનાવૂડ્ઝ, નાગ પરીક્ષા,ત્રિકોણની ત્રણ રેખાઓ, આવતી કાલનો સૂરજ,
- ✓ વાર્તાસંગ્રહ – એક સિગરેટ એક ધૂપસળી
- ✓ પરિચય પુસ્તિકા – આના કેરેનિના

**સન્માન :**

- ✓ ગુજરાતી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર
- ✓ ગુજરાતી સાહિત્ય પરિષદના પુરસ્કારો
- ✓ નાટ્યપ્રયુક્તિમાં રહેલી નારી મનની અભિવ્યક્તિ-'બત્રીસ પૂતળીની વેદના'
- ✓ 'બત્રીસ પૂતળીની વેદના'(૧૯૮૨) –
- ✓ 'બત્રીસ પૂતળીની વેદના'એ આધુનિકયુગના આઠમા દાયકાની નોંધપાત્ર નવલકથા છે. ગુજરાતી સાહિત્યમાં ૧૯૮૨માં પ્રગટ થયેલી આ નવલકથા ઇલા આરબ મહેતાએ નારી સમસ્યાઓને અભિવ્યક્તિ કરતી ઐતિહાસિક કૃતિ છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૬-૨૦૨૦)**

1. તાજેતરમાં જૂન 2020માં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કયા વિઝા ધારકો માટે અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે - **H-1B, H-2B, J-1 અને L-1**
2. આત્મનિર્ભર ભારતને વધુ મજબૂત બનાવવા હવે સરકારી ખરીદી માટે GeM પ્રોડક્ટસ ઉપર શું દર્શાવવું ફરજિયાત છે - **કન્ટ્રી ઑફ ઓરિજિન**
3. ભારત સરકારનું ઓનલાઇન ખરીદી પોર્ટલનું નામ જણાવો - **GeM**
4. GeMનું વિસ્તૃત નામ જણાવો - **ગવર્મેન્ટ ઈ- માર્કેટપ્લેસ**
5. GeM પોર્ટલનો પ્રારંભ કયા વર્ષે થયો હતો - **વર્ષ 2016**
6. ગુજરાત વિધાનસભામાં લોકાયુક્ત આયોગ બિલ સૌપ્રથમ કયા વર્ષે પસાર કરવામાં આવ્યું હતું - **2013**
7. લોકાયુક્ત આયોગ એક્ટ-2013ના નવા કાયદા મુજબ લોકાયુક્તના દાયરામાં કોનો કોનો સમાવેશ થાય છે - **તલાટી સરપંચથી લઈને મુખ્યમંત્રી, અધિકારીઓ અને જાહેર સેવકો તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ**
8. નવા કાયદા મુજબ લોકાયુક્તનો કાર્યકાળ અથવા નિવૃત્તિ વય કેટલા વર્ષની નક્કી કરાઇ છે - **5 વર્ષ અથવા 72 વર્ષ**
9. જૂન 2020માં જાહેર કરાયેલ વિશ્વના ટોપ-500 ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યુટરમાં કયા કમ્પ્યુટરને પ્રથમ ક્રમ અપાયો છે - **ફુગાકુ**
10. જૂન 2020માં જાહેર કરાયેલ વિશ્વના ટોપ-500 ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યુટરમાં કયા દેશના કમ્પ્યુટરને પ્રથમ ક્રમ અપાયો છે - **જાપાન**
11. "ફુગાકુ" ફાસ્ટેટ સુપર કોમ્પ્યુટર એક સેકન્ડમાં કેટલી ગણતરી કરી શકવા સક્ષમ છે - **4.15 લાખ અબજ**
12. ફુગાકુ"ફાસ્ટેટ સુપર કોમ્પ્યુટરની ક્ષમતા જણાવો -**415.5 પેટાફ્લોપ**
13. જૂન 2020માં જાહેર કરાયેલ વિશ્વના ટોપ-500 ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યુટરમાં ભારતના કેટલા કમ્પ્યુટરનો સમાવેશ કરાયો છે અને તેનો ક્રમ જણાવો - **કુલ-02, ક્રમ-67 અને 120**
14. જૂન 2020માં જાહેર કરાયેલ વિશ્વના ટોપ-500 ફાસ્ટેસ્ટ સુપર કમ્પ્યુટરમાં ભારતના 67માં ક્રમના કમ્પ્યુટરનું નામ જણાવો અને તેને કયાં મુકવામાં આવ્યું છે - **પ્રત્યુશ અને ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટ્રોપિકલ મિટિરિયોલોજી**
15. વૈશ્વિક બજારમાં પોતાનો પ્રભાવ વધારવા ચીન દ્વારા તાજેતરમાં કયો નેવિગેશન પ્રોજેક્ટ પૂર્ણ કરાયો -**બેઈડુ**
16. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા PM CARES ફંડમાંથી કેટલા નવા મેડ ઇન ઇન્ડિયા વેન્ટિલેટર ખરીદવાનો નિર્ણય લેવાયો – **50 હજાર**
17. ભારતમાં PM CARES અંતર્ગત ફાળવવામાં આવેલી કુલ રૂ.2000 કરોડની રકમમાંથી સૌથી વધુ 30 હજાર

વેન્ટિલેટર ભારત સરકારની કઈ સંસ્થા બનાવશે- **<u>ભારત ઇલેક્ટ્રોનિક્સ</u>**

18. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં કોરોના વાઈરસ મહામારીને પગલે કયા મહત્વના ફંડની રચના કરવામાં આવી છે - **<u>પીએમ કેર્સ ફંડ</u>**
19. પીએમ કેર્સ ફંડમાં કેટલા રૂપિયાની ફાળવણી કરાઈ છે - **<u>૨,૦૦૦ કરોડ</u>**
20. પીએમ કેર્સ તરફથી પ્રવાસી મજૂરો માટે કેટલા રૂપિયા જાહેર કરાશે - **<u>૧,૦૦૦ કરોડ</u>**
21. ક્યા દિવસે સમગ્ર દેશ સહિત અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળે છે - **<u>અષાઢી બીજ</u>**
22. તાજેતરમાં અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની કેટલામી રથયાત્રા નીકળી - **<u>૧૪૩મી</u>**
23. અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિમિતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આ વખતે સતત કેટલામી વખત પહિંદવિધિ કરાઈ – **<u>ચાર</u>**
24. ભગવાન જગન્નાથજીની રથયાત્રા સંદર્ભે રથમાં સોનાની સાવરણી મારી રથ પવિત્ર કરવો તેને શા નામે ઓળખવામાં આવે છે - **<u>પહિંદવિધિ</u>**
25. અષાઢી બીજ નિમિતે નીકળતી રથયાત્રા દરમિયાન ભગવાન જગન્નાથજીની સાથે રથમા કોણ બિરાજમાન હોય છે - **<u>ભાઈ બલરામ અને બહેન સુભદ્રા</u>**
26. કચ્છી માડુઓ પોતાનું નવું વર્ષ કયારે ઉજવે છે – **<u>અષાઢી બીજ</u>**
27. સંસ્કૃતના મહાકવિ કાલિદાસનો જન્મ દિવસ જણાવો - **<u>અષાઢી બીજ</u>**
28. અષાઢી બીજના દિવસે ગુજરાતમાં સંસ્કૃતના કયા ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે - **<u>સંસ્કૃતોત્સવ</u>**
29. જાણીતા ગુજરાતી લેખિકા ઇલા આરબ મહેતાનો જન્મ દિવસ કયો છે - **<u>૨૩ જૂન, 1938</u>**
30. જાણીતા ગુજરાતી લેખિકા બહેનો ઇલા આરબ મહેતા તથા વર્ષા અડાલજાના પિતાનું નામ જણાવો - **<u>ગુણવંતરાય આચાર્ય</u>**
31. વાર્તાકાર ઇલા આરબ મહેતાના વાર્તાસંગ્રહનું નામ જણાવો – **<u>એક સિગરેટ એક ધૂપસળી</u>**
32. ગુજરાતી વાર્તાકાર-નવકલકથાકાર ઇલા આરબ મહેતાને સાહિત્ય ક્ષેત્રના કયા બે મહત્વના એવોર્ડ મળ્યા હતા - **<u>ગુજરાતી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર તથા ગુજરાતી સાહિત્ય પરિષદનો પુરસ્કાર</u>**
33. ૧૯૮૨માં પ્રગટ થયેલી નવલકથા 'બત્રીસ પૂતળીની વેદના'ની રચના કોણે કરી છે – **<u>ઇલા આરબ મહેતા</u>**
34. ઇલા આરબ મહેતાની જાણીતી નવલકથા 'બત્રીસ પૂતળીની વેદના'માં કોની સમસ્યાઓનું કુશળતાપૂર્વક આલેખન કરવામાં આવ્યું છે - **<u>નારી</u>**


**DATE : 24-06-2020**

## <u>૧. કેન્દ્રીય કેબિનેટના મહત્વના નિર્ણયો (વહીવટ)</u>

**<u>નિર્ણય :</u>**

**<u>(૧) ભારતની ૧૫૪૦ સહકારી બેંકો RBIના સીધા નિયંત્રણ હેઠળ આવશે : સરકાર વટહુકમ લાવશે</u>**

<u>હેતુ :</u> થાપણદારોના નાણા વધુ સુરક્ષિત રાખવા




<u>1. શું પરિવર્તન આવશે :</u>

- ✓ સહકારી બેન્કનું ઓડિટ RBIના નિયમ હેઠળ
- ✓ સંકટ સમયે બોર્ડની દેખરેખ પણ RBI કરશે
- ✓ સહકારી બેન્કોએ તેમનું માળખું બદલવું પડશે
- ✓ ચૂંટણી યોજવાની સત્તા જ સહકારી રજિસ્ટ્રાર પાસે રહે છે, બેંકો પરનું તમામ નિયંત્રણ RBI પાસે જશે, પ્રક્રિયા પારદર્શક થશે.
- ✓ બેંકો દ્વારા થતો ગેરવહીવટ અટકશે.
- ✓ અમુક લોકોને ગજા બહારનું ધિરાણ અપાતું અટકશે.

<u>2. કેમ પરિવર્તન કરવું પડ્યું :</u>

- ✓ કો-ઓપરેટિવ બેન્કોના કિસ્સામાં રિઝર્વ બેન્કની ભૂમિકા અત્યંત મર્યાદિત હતી.
- ✓ રિઝર્વ બેન્ક અનુસાર બેન્કોના બોર્ડમાં સ્વતંત્ર નિર્દેશકની સંખ્યા વધુ અને શેરધારકોની સંખ્યા ઓછી હોવી જોઈએ. સાથે જ બેન્કનું સંચાલન વ્યવસાયિક બેન્કર્સના હાથમાં હોવું જોઈએ.
- ✓ જેની બદલે કો-ઓપરેટિવ બેન્કોમાં શેરધારક ભેગા મળીને બોર્ડની પસંદગી કરે છે અને બોર્ડના તમામ સભ્યો શેરધારક હોય છે.

✓ મેનેજમેન્ટ પણ બોર્ડ પાસે હોય છે, જેમાં મોટા ભાગના રાજનેતા હોય છે.

**3. દેશમાં સહકારી બેંકોનું માળખું :**

✓ 1,482 - અર્બન કો.ઓપરેટિવ બેન્ક

✓ 58 - મલ્ટિ સ્ટેટ કો.ઓપરેટિવ બેન્ક

✓ 8.6 - કરોડ જેટલાં થાપણદારો

✓ 5 - લાખ કરોડ રૂપિયાની થાપણો

**(૨) ભારતમાં સ્પેસ X જેવી કંપનીઓ માટે માર્ગ મોકળો થયો નવું IN-SPACE બોર્ડ રચાશે :**

✓ કેન્દ્ર સરકારે દેશની અંતરિક્ષ સંપત્તિઓ તમામ માટે ખુલ્લી મૂકવાનો નિર્ણય કર્યો.

✓ હવે પ્રાઇવેટ કંપનીઓ પણ અંતરિક્ષ કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે.

✓ આ માટે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન (IN-SPACE) નામના નવા સ્પેસ બોર્ડની રચના કરવાને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપી દેવાઈ.

✓ મોદી સરકારે તમામ માટે સ્પેસ સેક્ટર ખુલ્લું મૂકવાનો નિર્ણય લીધો છે.

✓ IN-SPACE પ્રાઇવેટ કંપનીઓને ભારતની અંતરિક્ષ અંગેની માળખાકીય સુવિધાઓ ઉપયોગમાં લેવાની તક આપશે.

✓ ઉપરાંત પ્રાઇવેટ કંપનીઓને સ્પેસ એક્ટિવિટી માટે પ્રોત્સાહન અપાશે.

✓ ઇસરો તેની કામગીરી જારી રાખશે અને નવી રચાયેલ ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ કંપની તેની ભૂમિકાનું વિસ્તરણ કરશે.


✓ અંતરિક્ષ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી – શ્રી જિતેન્દ્ર પ્રસાદ

**(3) અન્ય નિર્ણયો :**

1. OBC કમિશનની મુદત વધારી 31 જાન્યુઆરી 2021 કરાઈ

✓ ઓબીસી કમિશન એ વાતનું ધ્યાન રાખશે કે સ્પેલિંગની ભૂલના કારણે કોઈપણ જાતિની વ્યક્તિને અનામતના લાભથી વંચિત રહેવું ન પડે

2. પશુધનના વિકાસ માટે રૂપિયા ૧૫,૦૦૦ કરોડના ભંડોળને મંજૂરી




3. મુદ્રા લોન અતર્ગત શિશુ લોનના વ્યાજમાં બે ટકાની છૂટછાટને મંજૂરી

4.ઉત્તરપ્રદેશના કુશીનગરમાં આંતરરાષ્ટ્રીય વિમાની મથકના નિર્માણને મંજૂરી

**૨. રશિયા :75માં વિજય દિવસની મોસ્કો ખાતે ઉજવણી (વૈશ્વિક સંબંધો)**

✓ હેતુ: બીજા વિશ્વયુદ્ધના પુર્ણાહુતીના ભાગરૂપે ઉજવણી

✓ કુલ ૧૯ દેશની સેના જોડાઈ

✓ ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહીત ત્રણેય સેનાના ૭૫ સૈનિકો પરેડમાં જોડાયા

✓ સ્થળ : ક્રેમલિન મોસ્કો, રશિયા

✓ પ્રતિ વર્ષ 9 મેના રોજ વિકટરી ડેની ઉજવણી થાય છે.

**3. UK : ટોપ-50 ઈજનેરમાં ભારતીય મૂળની પાંચ મહિલાઓનો સમાવેશ (મહિલા સશક્તિકરણ)**

✓ ઈંગ્લેન્ડમાં એન્જિનિયરિંગના ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કરનારી ટોચની 50 મહિલાઓમાં ભારતીય મૂળની પાંચ પર્યાવરણના ક્ષેત્રમાં કામ કરનારી મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમને એવોર્ડ આપી સન્માનિત કરાયા

**હેતુ અને એવોર્ડ આપનારી સંસ્થા :**

✓ મહિલા એન્જિયરિંગ સોસાયટી દ્વારા દર વર્ષે એન્જિનિયરિંગના ક્ષેત્ર સાથે જોડાયેલી મહિલાઓની પ્રતિભાના સન્માન માટે ટોચની 50 મહિલા એન્જિનિયર્સની યાદી બહાર પાડવામાં આવે છે.

**વિજેતા મહિલા ઈજનેરનો પરિચય**

**(૧) ચિત્રા શ્રીનિવાસન**

✓ યુકે એટોમિક એનર્જી ઓથોરિટીની ફ્યુસન રિસર્ચ લેબમાં કન્ટ્રોલ એન્ડ સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત છે.

✓ યુકે એટોમિક એનર્જી ઓથોરિટીએ શ્રીનિવાસનની સિદ્ધિને બિરદાવી હતી. શ્રીનિવાસન અને તેમની ટીમ ફ્યુસન એનર્જીને ડેવલપ કરી રહી છે, જેના થકી કાર્બન મુક્ત સ્રોતમાંથી વીજળીનું ઉત્પાદન કરી શકાય.

**(૨) રિતુ ગર્ગે**

✓ સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સની ફોર્મ્યુલા તૈયાર કરવામાં અને તેની ડિલવરીમાં મહત્વનું કામ કર્યું હતુ.

✓ તેઓ શૂન્ય-કાર્બન નિષ્કાસન ટેકનોલોજીથી ટકી શકે તેવા શહેરો-ઈકોનોમીને વિકાસિત કરવાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ થઈ રહ્યા છે.

(3) ડૉ. બરનાલી ઘોષ

✓ યુએનના ટકાઉ વિકાસ ધ્યેયોના આધારે એવી માળખાગત સુવિધા તૈયાર કરી રહ્યા છે કે, જે ભૂકંપની સામે પણ ટક્કર ઝીલી શકે.

(૪) અનુષા શાહ

✓ શૂન્ય કાર્બન નિષ્કાસનની સાથે પર્યાવરણની જાળવણી સાથે વિકાસના લક્ષ્ય પર કામ કરી રહ્યા છે.

(૫) કુસુમ ત્રિખા

✓ લાખો પાઉન્ડના નિમ્ન કાર્બન શક્તિના પ્રોજેક્ટ્સમાં કાર્યરત છે.

૪. ઈસ્લામાબાદ : પ્રથમ હિન્દુ મંદિરનો શિલાન્યાસ (ધર્મ)

✓ નામ – શ્રી ક્રિષ્ણા મંદિર

✓ સુવિધા :

✓ રૂ. ૧૦ કરોડનો ખર્ચ સરકાર ઉઠાવશે

✓ વિસ્તાર : ૨૦ હજાર ચોરસ ફૂટ

✓ મંદિર પરિસરમાં હિન્દુઓ અન્ય પાક. લઘુમતિઓ માટે સ્મશાનની સુવિધા

✓ ઇસ્લામાબાદમાં ૧૯૪૭ પહેલા અનેક -મંદિરોનું સ્ટ્રક્ચર જોવા મળ્યું હતું.

✓ ઇસ્લામાબાદમાં હિંદુઓની વસતીમાં છેલ્લા બે દસકામાં મોટો વધારો જોવા મળ્યો છે.

✓ હિંદુઓની વસતી વધી હોવાથી પણ આ મંદિર જરુરી હોવાનું સરકાર માની રહી છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૬-૨૦૨૦)

1. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતરમાં ભારતની સહકારી બેંકોને કોના સીધા નિયંત્રણમાં લાવવાનો નિર્ણય કર્યો છે - RBI
2. ભારતની કેટલી સહકારી બેંકોને હવેથી આરબીઆઈના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં આવી છે - 1,540
3. ભારતની સહકારી બેંકોનું ઑડિટ હવેથી કોના નિયમ હેઠળ કરવામાં આવશે - RBI
4. ભારતમાં ખાનગી કંપનીઓને પણ અંતરિક્ષ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કયા નવા સ્પેસ બોર્ડની રચના કરવામાં આવશે - IN-SPACE
5. IN-SPACEનું વિસ્તૃત નામ જણાવો -ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન
6. ભારતના વર્તમાન અંતરીક્ષ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીનું નામ જણાવો - શ્રી જીતેન્દ્ર પ્રસાદ
7. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતરમાં ઓબીસી કમિશનની મુદત વધારીને કેટલી કરવામાં આવી - 31 જાન્યુઆરી 2021
8. કેન્દ્રીય કેબિનેટ દ્વારા મુન્દ્રા લોન અંતર્ગત શિશુ લોનના વ્યાજમાં કેટલા ટકાની છૂટછાટ અપાઇ - 2%
9. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઉત્તર પ્રદેશના કયા નગરમાં આંતરરાષ્ટ્રીય વિમાન મથકની મંજૂરી અપાઈ - કુશીનગર
10. કયા દેશમાં બીજા વિશ્વયુદ્ધના પૂર્ણોહૂતિ-વિજયના 75 વર્ષ નિમિત્તે ભવ્ય ઉજવણી કરાઈ - મોસ્કો, રશિયા
11. તાજેતરમાં રશિયામાં બીજા વિશ્વયુદ્ધના વિજયના 75 વર્ષ નિમિત્તે ભવ્ય ઉજવણી કરાઈ તેમાં ભારત સહિત કેટલા દેશોએ ભાગ લીધો હતો - 119
12. તાજેતરમાં રશિયામાં બીજા વિશ્વયુદ્ધના વિજયના 75 વર્ષ નિમિત્તે ભવ્ય ઉજવણી કરાઈ તેમાં ભારતના કયા મંત્રી પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા - સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ
13. તાજેતરમાં રશિયામાં બીજા વિશ્વયુદ્ધના વિજયના 75 વર્ષ નિમિત્તે ભવ્ય ઉજવણી કરાઈ તેમાં ભારતના કેટલા સૈનિકોએ પરેડમાં ભાગ લીધો હતો હતા - 75
14. ઈંગ્લેન્ડમાં એન્જિનિયરિંગના ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કરનારી ટોચની 50 મહિલાઓમાં ભારતીય મૂળની કેટલી-કયા ક્ષેત્રમાં કામ કરનારી મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે - પાંચ તથા પર્યાવરણ
15. ઈંગ્લેન્ડમાં એન્જિનિયરિંગના ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કરનારી ટોચની 50 મહિલાઓમાં ભારતીય મૂળની કઈ પાંચ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે - (૧) ચિત્રા શ્રીનિવાસન, (૨) રિતુ ગર્ગે, (3) ડૉ. બરનાલી ઘોષ, (૪) અનુષા શાહ તથા (૫) કુસુમ ત્રિખા
16. કોના દ્વારા દર વર્ષે એન્જિનિયરિંગના ક્ષેત્ર સાથે જોડાયેલી મહિલાઓની પ્રતિભાના સન્માન માટે ટોચની 50 મહિલા એન્જિનિયર્સની યાદી બહાર પાડવામાં આવે છે - મહિલા એન્જિયરિંગ સોસાયટી
17. ઇસ્લામાબાદમાં પ્રથમવાર હિંદુઓ માટે કયુ મંદિર બનવા જઈ રહ્યું છે - ભગવાન શ્રી કૃષ્ણ
18. ઇસ્લામાબાદમાં પ્રથમવાર હિંદુઓ માટે મંદિર બનાવવા કેટલો ખર્ચ થશે જે પાકિસ્તાન સરકાર આપશે - રૂ.10 કરોડ


૧. નિર્ણય : ગુજરાત સરકાર (વહીવટ)

**સપ્તાહમાં દર મંગળવારે બપોરે ૨.૦૦ થી ૬.૦૦ મંત્રીશ્રીઓ-સચિવશ્રીઓ સચિવાલયમાં હાજર રહીને જન પ્રતિનિધિઓ ધારાસભ્યો-સાંસદોની રજુઆતો સાંભળશે**

- ✓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરાયો
- ✓ GAD : જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ

૨. કોરોના મહામારી : નિર્ણય - ગુજરાત સરકાર (આરોગ્ય)

- ✓ ખાનગી લેબમાં કોવિડ-19ના ટેસ્ટ માટે રૂ. 2500નો ચાર્જ લેવાશે
- ✓ અગાઉ રૂ. 4500નો ચાર્જ લેવાતો હતો.




- ✓ GST કોરોના વાઇરસના નિદાન માટે પ્રાઈવેટ લેબને RT-PCR ટેસ્ટિંગની મંજૂરી બાદ રોજના ૫૦૦ આસપાસ ટેસ્ટ થાય છે.
- ✓ પ્રાઇવેટ લેબ રૂ.૨,૫૦૦થી વધુ એક પૈસો લઈ શકશે નહીં.
- ✓ ઘરેથી કે હોસ્પિટલમાંથી દર્દીના સેમ્પલ લઈને ટેસ્ટ કરવાનો હોય તો તેવી સ્થિતિમાં વધુમાં વધુ રૂ. ૩,૦૦૦ ચાર્જ લઈ શકાશે.
- ✓ પ્રાઇવેટ લેબ રૂ.૪,૫૦૦નો ચાર્જ લઈ રહી હોવાની રજૂઆત અને હાઇકોર્ટના માર્ગદર્શન મુજબ ટેસ્ટિંગ ચાર્જિસ ઓછા કરવા મુખ્યમંત્રીના અધ્યક્ષપદે મળેલી કોર કમિટીમાં નિર્ણય લેવાયો.
- ✓ જેનો અમલ તા. ૨૫મી જૂન-૨૦૨૦થી જ શરૂ થઈ ગયો છે.
- ✓ જો કોઈ લેબ દ્વારા વધુ ચાર્જિસ વસૂલાતની રજૂઆતો કે ફરિયાદો મળશે તો માન્યતા પણ રદ થઈ જશે.

3. નિમણૂંક – ખેલકૂદ : MCCના નવા અધ્યક્ષ તરીકે પ્રથમવાર પૂર્વ મહિલા ક્રિકેટર ક્લેયર કોનોરની પસંદગી (નોમિનેટ)

- ✓ આગામી 01 ઓક્ટોબર-2020થી પદ સંભાળશે
- ✓ ઈંગ્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ કેપ્ટન ક્લેયર કોનોર મેરિલબોન ક્રિકેટ ક્લબ (એમસીસી)ની અધ્યક્ષ બનશે.
- ✓ એમસીસીના 233 વર્ષના ઈતિહાસમાં અધ્યક્ષ બનનાર પ્રથમ મહિલા રહેશે.
- ✓ 43 વર્ષીય ક્લેયર હાલ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડમાં મેનેજિંગ ડિરેક્ટર (એમડી) છે. તે આવતા વર્ષે 1 ઓક્ટોબરે પૂર્વ શ્રીલંકન કેપ્ટન કુમાર સંગાકારાનું સ્થાન લેશે.
- ✓ ક્લેયરનો કાર્યકાળ 2022 સુધી ચાલશે.
- ✓ ક્લેયરના નોમિનેશનની જાહેરાત સંગાકારાએ પોતે એજીએમમાં કરી હતી.
- ✓ એમસીસી ક્રિકેટના નિયમ બનાવનારી સંસ્થા છે.

૪. TRAI : ટ્રાઈ ચેનલ સિલેક્ટર એપ લોન્ચ (સંચાર-ટેકનોલોજી)

- ✓ હેતુ : TV ચેનલ પસંદ કરવા માટે TRAI દ્વારા એપ લોન્ચ કરાઈ
- ✓ આ એપના માધ્યમથી ગ્રાહક પસંદગીની ચેનલ પસંદ કરી શકશે અને નાપસંદ ચેનલ હટાવી શકશે.
- ✓ નવા દર લાગુ થયા પછી ગ્રાહકોને સેવા આપતા પોર્ટલ કે એપ પર ચેનલોની પસંદગી કે તેને હટાવવામાં આવતી મુશ્કેલીને દૂર કરવા માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે.
- ✓ TRAI : ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા

૫. FATF : પાકિસ્તાન FATFના ગ્રે લિસ્ટમાં યથાવત (વૈશ્વિક આતંકવાદ)

- ✓ FATFએ ફરીથી પાકિસ્તાનને ઓક્ટોબર સુધી ગ્રે લિસ્ટમાં મૂક્યું છે.
- ✓ પાકિસ્તાન વર્ષ-૨૦૧૮થી FATFના ગ્રે લિસ્ટમાં છે.
- ✓ દર વખતે પાકિસ્તાનને આતંકવાદી સંગઠનો સામે પગલાં ભરવાનો ટાર્ગેટ આપવામાં આવે છે, પરંતુ લક્ષ્યાંક પૂરો થતો ન હોવાથી દર વખતે તેને ગ્રે લિસ્ટમાં મૂકાય છે.

**અસરો :**

- ✓ આતંકવાદી સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તોયબાને ફંડ કોણ આપે છે એ તપાસ કરવામાં પણ પાક નિષ્ફળ રહે છે, તેના કારણે જ્યાં સુધી મજબૂત પગલાં નહીં ભરાય ત્યાં સુધી ગ્રે લિસ્ટમાં રખાયું.
- ✓ FATFના ગ્રે લિસ્ટમાં રહેનારા દેશને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમાંથી ફંડ મેળવવામાં પણ મુશ્કેલી પડે છે.
- ✓ ઓક્ટોબર સુધીનો સમય અપાયો છે. જો ઓક્ટોબર સુધીમાં પાક, યોગ્ય પગલાં નહીં ભરે તો યાદીમાં બ્લેકલિસ્ટ પણ થઈ શકે.

✓ FATF : ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ

## ૬. યુરોપા : ગુરૂના ઉપગ્રહ 'યુરોપા'ની સપાટી નીચેથી સમુદ્ર મળ્યો - જીવનની શક્યતા (અવકાશ વિજ્ઞાન)

- ✓ સંશોધન – NASA (USA)
- ✓ ગુરૂના ગ્રહના 'યુરોપા' નામના ચંદ્રમા પર વૈજ્ઞાનિકોને બરફ નીચે ઢંકાયેલો ખારો સમુદ્ર મળી આવ્યો છે.
- ✓ જીવનના વિકાસ માટે જરૂરી તમામ પરિબળોની હાજરી જોઈને વૈજ્ઞાનિકો હવે એવી સંભાવના પણ વ્યક્ત કરી રહ્યા છે કે, 'યુરોપા'માં બરફના મજબૂત પડની નીચે જીવન હોવાની શક્યતા છે.
- ✓ અમેરિકાની નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) સંસ્થાની કેલિફોર્નિયા સ્થિત જેટ પ્રોસ્પુલ્સિયન લેબોરેટરીના સંશોધકોએ યુરોપાની બર્ફિલી સપાટીની નીચે આવેલા ભૂસ્તરીય રસાયણોના જળાશયો અંગે ગહન સંશોધન કર્યું હતું.
- ✓ સૌરમંડળમાં આવેલા કેટલાક વિશાળ ચંદ્રમાં સ્થાન ધરાવતા યુરોપાની બર્ફિલી સપાટીની નીચે ખારો સમુદ્ર છે, જેમાં સંભવતઃ ઉપયોગી ખનીજ તત્વોની હાજરી પણ છે.
- ✓ સંશોધકોની ટીમે નાસાના ગેલિલીયો યાન અને હબલ સ્પેસ ટેલિકોસ્પ દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીનો ઉપયોગ કરીને આ સંશોધન કર્યું હતુ.
- ✓ ઈ.સ.૨૦૧૬માં હબલ ટેલિસ્કોપે યુરોપાની સપાટી પર ભેજની હાજરી નોંધી હતી.

## ૭. દિન વિશેષ - 25 જૂન :

## ભારતમાં રાષ્ટ્રીય કટોકટીના 45 વર્ષ પૂર્ણ

**આખા દેશમાં સેન્સરશિપ લાગુ કરાઈ હતી**

- ✓ આજથી ૪૫ વર્ષ પહેલાં કોંગ્રેસનાં તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ દેશભરમાં ઇમરજન્સી લાદીને હજારો વિપક્ષી નેતાઓને જેલમાં પૂર્યા હતા.
- ✓ આખા દેશમાં સેન્સરશિપ લાદી હતી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૬-૨૦૨૦)

1. તાજેતર જૂન-૨૦૨૦માં ગુજરાત સરકારે દર સપ્તાહે કયા વારે મંત્રીશ્રીઓ/સચિવશ્રીઓ સચિવાલયમાં હાજર રહીને જન પ્રતિનિધિઓ ધારાસભ્યો/સાંસદોની રજુઆતો સાંભળે એવો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો – **મંગળવાર (બપોરે ૨.૦૦ થી ૬.૦૦)**
2. GADનું વિસ્તૃત નામ જણાવો - **જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ**
3. વડાપ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા સમગ્ર દેશમાં ક્યારે સેન્સરશિપ લાગુ કરાઈ હતી – **25 જૂન 1975**
4. 25 જૂન-2020ના રોજ ભારતમાં રાષ્ટ્રીય કટોકટીના કેટલા વર્ષ પૂર્ણ થયા - **45**
5. જૂન-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા ખાનગી લેબમાં કોવિડ-19ના ટેસ્ટ માટે કેટલો ચાર્જ લેવાનો નિર્ણય કરાયો - **રૂ. 2500**
6. જૂન-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા ખાનગી લેબમાં કોવિડ-19ના ટેસ્ટ માટે રૂ. 2500નો ચાર્જ લેવાનો નિર્ણય કર્યો તે અગાઉ કેટલો ચાર્જ લેવાતો હતો - **રૂ. 4500**
7. જૂન-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા ખાનગી લેબમાં કોવિડ-19નો ટેસ્ટ ઘરેથી કે હોસ્પિટલમાંથી દર્દીના સેમ્પલ લઈને કરવાનો હોય તો તેવી સ્થિતિમાં વધુમાં વધુ કેટલો ચાર્જ લઈ શકાશે તેવો નિર્ણય કર્યો - **રૂ. 3000**
8. ગુજરાત સરકાર દ્વારા કોવિડ-19 ટેસ્ટ માટે જે ચાર્જિસ નક્કી કરાયો છે તેના કરતા જો કોઈ લેબ દ્વારા વધુ વસૂલાત કરશે તો તેમની સામે કઈ કાર્યવાહી કરાશે – **લેબની માન્યતા રદ કરાશે**
9. MCCના નવા અધ્યક્ષ તરીકે કઈ પૂર્વ મહિલા ક્રિકેટરની પસંદગી કરાઈ - **ક્લેયર કોનોર**
10. MCCના નવા અધ્યક્ષ ક્લેયર કોનોર કયારથી પદભાર સંભાળશે - **01 ઓક્ટોબર-2020થી**
11. એમસીસીના 233 વર્ષના ઈતિહાસમાં અધ્યક્ષ બનનાર પ્રથમ મહિલાનું નામ જણાવો - **ક્લેયર કોનોર**
12. પૂર્વ મહિલા ક્રિકેટર ક્લેયર કોનોર 01 ઓકટોબર-2020થી MCCના ક્યા વર્તમાન અધ્યક્ષનું સ્થાન લેશે - **શ્રીલંકન ક્રિકેટર કુમાર સંગાકારા**
13. એમસીસી સંસ્થાનું કાર્ય જણાવો - **ક્રિકેટના નિયમ બનાવવા**
14. MCCનું વિસ્તૃત નામ જણાવો - **મેરિલબોન ક્રિકેટ ક્લબ**
15. જૂન-૨૦૨૦માં ટ્રાઈ દ્વારા TV ચેનલ પસંદ કરવાના હેતુથી કઈ એપ લોન્ચ કરવામાં આવશે - **ચેનલ સિલેકટર એપ**
16. ટ્રાઈ દ્વારા TV ચેનલ પસંદ કરવાના હેતુથી જે ચેનલ સિલેકટર એપ લોન્ચ કરાશે તેનો ફાયદો જણાવો - **ગ્રાહક પસંદગીની ચેનલ પસંદ તથા નાપસંદ ચેનલ હટાવી શકશે**

17. TRAIનું વિસ્તૃત નામ જણાવો - **ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા**

18. જૂન-૨૦૨૦માં FATFએ પાકિસ્તાનને કયાં સુધી ગ્રે લિસ્ટમાં મૂક્યું – **ઓક્ટોબર-૨૦૨૦**

19. કયા વર્ષથી પાકિસ્તાન FATFના ગ્રે લિસ્ટમાં છે – **વર્ષ-૨૦૧૮થી**

20. FATF દ્વારા દર વખતે પાકિસ્તાનને કયા કારણે ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવે છે - **આતંકવાદી સંગઠનો સામે પગલાં ભરવાનો ટાર્ગેટ આપવામાં આવે છે, પરંતુ લક્ષ્યાંક પૂરો થતો ન હોવાથી**

21. FATFનું વિસ્તૃત નામ જણાવો - **ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**

22. જૂન-૨૦૨૦માં ગુરૂના કયા ઉપગ્રહની સપાટી નીચેથી સમુદ્ર મળ્યો જેમાં જીવનની શક્યતા છે - **'યુરોપા'**

23. જૂન-૨૦૨૦માં કઈ સંસ્થા દ્વારા ગુરૂના 'યુરોપા' ઉપગ્રહની સપાટી નીચેથી સમુદ્ર મળ્યો જેમાં જીવનની શક્યતા છે તેવું સંશોધન કરાયુ - **NASA (અમેરિકા)**

24. અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા NASAનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન**

25. અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા NASAની કઈ લેબોરેટરના સંશોધકોએ ગુરૂના 'યુરોપા' ઉપગ્રહની સપાટી નીચેથી સમુદ્ર હોવાનું સંશોધન કરાયુ - **કેલિફોર્નિયા સ્થિત જેટ પ્રોસ્પુલ્સિયન લેબોરેટરી**

26. અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા NASAના સંશોધકોની ટીમે કયા યાન તથા ટેલિકોસ્પ દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીનો ઉપયોગ કરીને 'યુરોપા' ઉપગ્રહની સપાટી નીચેથી સમુદ્ર હોવાનું સંશોધન કર્યું - **ગેલિલીયો યાન તથા હબલ સ્પેસ ટેલિકોસ્પ**

27. કયા વર્ષમાં હબલ ટેલિસ્કોપે યુરોપાની સપાટી પર ભેજની હાજરી નોંધી હતી – **વર્ષ-૨૦૧૬**

DATE : 26-06-2020

૧. વૈશ્વિક રણનીતિ :USA (વિદેશ નીતિ)

**વિશ્વમાં લશ્કરી સંતુલનનું કેન્દ્ર બદલાયું : USA સૈનિકો યુરોપથી એશિયામાં ખસેડશે**

- ✓ વિયેતનામ, ઇન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઇન્સ, દક્ષિણ કોરિયામાં 27,000 અમેરિકી સૈનિકો તહેનાત કરાશે.

કારણ :

- ✓ દક્ષિણ પૂર્વ એશિયા અને ભારત સામે ઊભી થયેલી ધમકીઓને પહોંચી વળવા માટે અમેરિકાએ યુરોપમાંથી સૈનિકદળો સાઉથ ઇસ્ટ એશિયામાં ખસેડવાનો નિર્ણય કર્યો.
- ✓ જર્મનીમાંથી અમેરિકી દળો ઘટાડવાનો નિર્ણય સારી રીતે વિચારેલી વ્યૂહરચનાનો ભાગ તેમને હવે અન્ય સ્થળોએ ખસેડવામાં આવી રહ્યાં છે.
- ✓ ચીનની સામ્યવાદી પાર્ટીનાં પગલાં ભારત ઉપરાંત સાઉથ ચાઇના સીમાં આવેલા વિયેટનામ, ઈન્ડોનેશિયા, મલેશિયા અને ફિલિપાઇન્સ જેવા દેશો માટે ધમકીરૂપ છે.
- ✓ ચીની સેનાનો સામનો કરવા માટે US તેની સ્થિતિ સુનિશ્ચિત કરી લેવા માગે છે.
- ✓ ચીની સેના દ્વારા લેવાઈ રહેલાં આક્રમક પગલાંનો ઉલ્લેખ કરતા પોમ્પિયોએ ભારતીય સેના સાથે ચીની સેનાની લોહિયાળ અથડામણ, દક્ષિણ ચીન સમુદ્રમાં ચીની સરકારની પ્રવૃત્તિઓ અને તેની આર્થિક નીતિઓનો પણ US વિદેશમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.
- ✓ US વિદેશ મંત્રી - શ્રી માઇક પોમ્પિયો

૨. NSSO : દેશભરમાં ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો માત્ર ૩.૪ ટકા (રોજગારી)

**રોજગારી આપવામાં ગુજરાત સતત બીજા વર્ષે દેશમાં પ્રથમ**

આંકડાકીય વિગતો :

- ✓ ગત વર્ષના ૪.૫ ટકાના બેરોજગારી દરનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો
- ✓ ગુજરાત સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગારી આપવામાં સતત બીજા વર્ષે પણ અગ્રેસર રહ્યું છે.
- ✓ ગુજરાતમાં આ વર્ષે બેરોજગારીનો દર દેશમાં સૌથી ઓછો 3.4 ટકા રહ્યો છે.
- ✓ આ દર ગત વર્ષે 4.5 ટકા હતો જે પણ દેશમાં સૌથી ઓછો છે.
- ✓ ગુજરાતે સૌથી ઓછો બેરોજગારી દરનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે.
- ✓ તાજેતરમાં થયેલા પીરિયોડિક લેબર ફોર્સ સરવે ડોક્યુમેન્ટમાં આ વિગતો સામે આવી

- ✓ આ સરવે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશનના નેનલ સ્ટેટેસ્ટિકલ ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવે છે.
- ✓ શહેરી વિસ્તારોમાં 15 થી 59 વર્ષની વય જૂથમાં ગુજરાત દેશમાં સૌથી ઓછા 3.4 ટકાના બેરોજગારી દર સાથે દેશમાં પ્રથમ ક્રમે હોવાનું આ સરવેમાં જણાવાયું છે.

**અન્ય રાજ્યોની ટકાવારી**

- ✓ કર્ણાટકમાં 5.3 ટકા, મહારાષ્ટ્રમાં 6.6
- ✓ તામિલનાડુમાં 7.2 આંધ પ્રદેશમાં 7.8
- ✓ હરિયાણામાં 9 કેરળમાં 11 અને
- ✓ તેલંગાણામાં 11.5 ટકાનો બેરોજગારી દર રહ્યો છે.
- ✓ રાજ્ય સરકારની નીતિઓને કારણે વધુ ઉદ્યોગો ગુજરાતમાં આવવાથી બેરોજગારીનો દર ગત વર્ષ કરતા 1.1 ટકા જેટલો ઘટ્યો છે.
- ✓ **સંસ્થા : નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન - NSSO- દિલ્હી**

## ૩. ડ્રાઇવિંગ લાઇસન્સના નિયમોમાં સુધારો (વહીવટ)

**નવી જોગવાઈ :**

- ✓ ભારતમાં હળવા કે મધ્યમ કક્ષાના કલર બ્લાઈન્ડ પણ હવે ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવી શકશે.
- ✓ કેન્દ્રીય પરિવહન મંત્રાલયે આ અંગે કાયદામાં સુધારો કર્યો છે.
- ✓ કલર બ્લાઇન્ડનેસ એ જેનેટિક બીમારી છે. તેઓ લીલા કે લાલ રંગ જોવામાં મુશ્કેલી અનુભવે છે.
- ✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય નવી દિલ્હી

## ૪. UN : WMO - બ્રાઝિલમાં ૭૦૦ કિ.મી. લાંબો આકાશી વીજળીનો શેરડો નોંધાયો - નવો વિશ્વ વિક્રમ (હવામાન)

- ✓ વીજળીની લંબાઈ અમદાવાદ-જયપુરના અંતર કરતાં પણ વધુ હતી
- ✓ આકાશમાં થતી વીજળી અંગે એક નવો રેકાર્ડ નોંધવામાં આવ્યો છે.
- ✓ ગયા વર્ષે બ્રાઝિલ અને આર્જેન્ટિનામાં સૌથી લાંબા સમય સુધી અને લાંબા અંતરના ફ્લેશ રેકોર્ડ કરવામાં આવ્યા હતાં.
- ✓ યુનાઇટેડ નેશન્સના હવામાન વિભાગે જાહેરાત કરી છે કે આ બે કેટગરીમાં ગયા વર્ષે રેકોર્ડ કરવામાં આવેલા આ ફ્લેશ વર્લ્ડ રેકોર્ડ છે.

અહેવાલ :

- ✓ વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઇઝેશન (ડબ્લ્યુએમઓ)ના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આ મેગાફ્લેશ અગાઉના રેકોર્ડથી વધુ મોટા અને વધુ અંતર પસાર કરનારા હતાં.
- ✓ દક્ષિણ બ્રાઝીલમાં ગયા વર્ષે 31 ઓક્ટોબરે આકાશમાં થયેલી વીજળીની લંબાઇ 700 કિમી હતી.
- ✓ 4 માર્ચ, 2019ના રોજ થયેલી વીજળીનો સમય 16.73 સેકન્ડ નોંધવામાં આવ્યો હતો.
- ✓ આ અગાઉ જૂન, 2017માં થયેલી વીજળીનો સમય 321 કિમી લાંબી વીજળી નોંધવામાં આવી હતી.
- ✓ ઓગસ્ટ, 2012માં દક્ષિણ ફ્રાન્સમાં 7.74 સેકન્ડ સુધીનું રેકોર્ડ અત્યાર સુધીનો સૌથી વધારે હતો.
- ✓ 28 જૂને ઇન્ટરનેશનલ લાઇટિંગ સેફ્ટી ડે મનાવવામાં આવે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૬-૨૦૨૦)

1. તાજેતરમાં અમેરિકાએ તેના સૈનિકોને યુરોપથી ખસેડીને કયા ખંડમાં તહેનાત કરવાની જાહેરાત કરી છે - **એશિયા**
2. અમેરિકા કયા કયા દેશોમાં 27,000થી વધુ સૈનિકો તેના કરશે - **વિયેતનામ, ઈન્ડોનેશિયા, મલેશિયા ફિલીપાઇન્સ અને દક્ષિણ કોરિયા**
3. અમેરિકા દ્વારા યુરોપ ખંડમાંથી તેના સૈનિકો એશિયા ખંડમાં તહેનાત કરવાનો નિર્ણય કેમ લેવાયો - **ચીન દ્વારા દક્ષિણ-પૂર્વ એશિયા અને ભારત સામે ઊભી થયેલી સ્થિતિને પહોંચી વળવા**
4. અમેરિકાના વર્તમાન વિદેશ મંત્રીનું નામ જણાવો-**માઈક પોમ્પિયો**
5. NSSOના જૂન 2020ના અહેવાલ મુજબ ભારતમાં સૌથી ઓછી બેરોજગારીનો દર કયું રાજ્ય ધરાવે છે - **ગુજરાત**
6. NSSOના જૂન 2020ના અહેવાલ મુજબ ભારતમાં ગુજરાત સૌથી ઓછો બેરોજગારીનો કેટલા ટકા દર ધરાવે છે - **3.4%**
7. NSSOના જૂન 2020ના અહેવાલ ગુજરાત સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગારી આપવામાં કયા વર્ષે પ્રથમ છે -**બીજા**
8. ગત વર્ષે ગુજરાતમાં બેરોજગારીનો દર કેટલા ટકા હતો - **4.5%**
9. ગુજરાત રાજ્ય ભારતમાં શહેરી વિસ્તારોમાં કેટલા વર્ષની વય જૂથમાં સૌથી ઓછો 3.4%નો બેરોજગારીનો દર ધરાવે છે - **15 થી 59 વર્ષ**
10. NSSOના જૂન 2020ના ભારતમાં બેરોજગારી અંગેના અહેવાલમાં અનુક્રમે કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિલનાડુ,

આંધ્રપ્રદેશ, હરિયાણા, કેરળ અને તેલંગાણા કેટલા ટકા બેરોજગારીનો દર ધરાવે છે - **અનુક્રમે 5.3 %, 6.6 %, 7.2 %, 7.8 %, 9 %, 11 % અને 11.5%**

11. NSSOનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન, દિલ્હી**
12. જૂન-૨૦૨૦માં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા ડ્રાઇવિંગ લાઇસન્સ સંદર્ભે નિયમોમાં ક્યો સુધારો કરાયો - **ભારતમાં હળવા કે મધ્યમ કક્ષાના કલર બ્લાઈન્ડ પણ હવે ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવી શકશે**
13. કલર બ્લાઇન્ડનેસ એ કઈ પ્રકારની બીમારી છે - **જેનેટિક**
14. કલર બ્લાઇન્ડનેસની બિમારીવાળા વ્યક્તિ કયો રંગ જોવામાં મુશ્કેલી અનુભવે છે - **લીલા કે લાલ**
15. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રીનું નામ જણાવો – **શ્રી નીતિન ગડકરી**
16. જૂન-૨૦૨૦માં કયા દેશમાં સૌથી લાંબો આકાશી વીજળીનો શેરડો નોંધાયો – **બ્રાઝિલ**
17. જૂન-૨૦૨૦માં બ્રાઝિલમાં કેટલા કિ.મી. સૌથી લાંબો આકાશી વીજળીનો શેરડો નોંધાવાનો નવો વિશ્વ વિક્રમ નોંધાયો - **૭૦૦ કિ.મી.**
18. જૂન-૨૦૨૦માં બ્રાઝિલમાં ૭૦૦ કિ.મી. સૌથી લાંબો આકાશી વીજળીનો શેરડો નોંધાયો આ પહેલા આ રેકોર્ડ કયા દેશમાં નોંધાયો હતો – **આર્જેન્ટિના**
19. WMOનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઇઝેશન**
20. ઇન્ટરનેશનલ લાઇટિંગ સેફ્ટી ડે કયારે મનાવવામાં આવે છે - **28 જૂન**

## DATE : 27-06-2020

### ૧. ગૌરવ : કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં નામાંકિત થનાર પહેલી ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' (ફિલ્મ ઉદ્યોગ)

**આ નામાંકનથી ગુજરાતી ભાષાને વૈશ્વિક સન્માન પ્રાપ્ત**

✓ **દિગ્દર્શક :** અભિષેક શાહ    **ગીતકાર :** સૌમ્ય જોશી

**વિગત : અને થીમ**

✓ માતૃભાષા ગુજરાતીના સંવર્ધન-સંરક્ષણની કામના સાથે ગુજરાતી સિનેજગતના ગૌરવપ્રદ યોગદાનની વાત છે.

✓ કચ્છની મરુભૂમિ પર ચિત્રાંકિત થયેલી 'હેલ્લારો' વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મનાતા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પસંદગી પામેલી પહેલી ગુજરાતી ફિલ્મ છે.

✓ આ ચલચિત્રમાં કચ્છની સરહદે વસેલા એક એવા ગામની વાત છે જ્યાં લોકશાહી પહોંચી નથી.

✓ મિથ્યા ભ્રમમાં રાચતા ગામના પુરુષો માટે સ્ત્રીઓ દિવસે વૈતરાં કરવા અને રાત્રે ઉપભોગ કરવાના સાધનથી વિશેષ કંઇ નથી.

**કાન્સ વિશે :**

✓ **૧૯૩૮માં શરૂ થયા બાદ બે વર્ષ યોજાઇને ૧૯૪૬માં નિયમિત થયેલો આ ઉત્સવ પ્રતિવર્ષ મે માસમાં યોજવાની પરંપરા છે.**

✓ સમગ્ર વિશ્વમાં બનતી ફિલ્મોમાંથી કથાવસ્તુ, તકનીકી આવિષ્કરણ, સંગીત અને અભિનય જેવા વિવિધ પાસાઓ પર સર્વશ્રેષ્ઠ જણાય તેવી ફિલ્મોને આ ફેસ્ટિવલમાં સ્થાન મળે છે.

✓ ટૂંકો દેશી હિસાબ કરીએ તો વિશ્વમાં ૧૦,૦૦૦ ફિલ્મ બનતી હશે તો તેમાંથી ૧૦૦ ફિલ્મને પ્રતિ વર્ષ આ ફેસ્ટિવલમાં જગ્યા મળતી હશે એવું કહી શકાય.

✓ **સ્થળ : કાન્સ (ફ્રાન્સ)**

### ૨. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા કેરળના માર થોમા ચર્ચના વડા રેવરન્ડ ડૉ.જોસેફ માર થોમા મેટ્રોપોલીટનની ૯૦માં જન્મ દિવસની શુભેચ્છાઓ

**પ્રદાન :**

✓ ડૉ.જોસેફ માર થોમા મેટ્રોપોલિટનનાં ૯૦માં જન્મદિવસે તેમને દીર્ઘાયુ અને તંદુરસ્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

✓ મોદીએ જોસેફ માર થોમા મેટ્રોપોલિટનને ગરીબી નાબૂદી માટેનાં લડવૈયા અને મહિલા સશક્તિકરણ માટેનાં પ્રહરી ગણાવ્યા હતા.

✓ માર થોમાએ આરોગ્ય સુરક્ષા અને શિક્ષણનાં ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપ્યું

✓ જોસેફ માર થોમાએ દેશ અને સમાજના ઉત્કર્ષ માટે પણ મહત્વની ભૂમિકા નિભાવી.

✓ સ્થાન : પથનમથિટ્ટા, કેરળ

### 3. નશામુક્ત ભારત યોજના : કેન્દ્ર સરકાર (આરોગ્ય)

**ગુજરાતના આઠ મળી દેશના વધુ બંધાણી 272 જિલ્લામાં નશા મુક્ત ભારત યોજના**

- ✓ <u>હેતુ</u> : દારૂ અને ડ્રગ્સનો દુરૂપયોગ તેમજ તેની ગેરકાયદે હેરાફેરી અટકાવવા

<u>જિલ્લાઓ</u> :

- ✓ મંત્રાલય દ્વારા દેશના આવા સૌથી વધુ અસરગ્રસ્ત 272 જિલ્લાઓની ઓળખ કરાઈ છે.
- ✓ <u>જેમાં ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભરૂચ, પોરબંદર, જામનગર અને મહેસાણા સહિત આઠ જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે.</u>
- ✓ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લા રાજસ્થાન (33), ઉત્તરપ્રદેશ (33), પંજાબ (18), મધ્યપ્રદેશ (15), ઝારખંડ(12), દિલ્હી (11) તેમજ જમ્મુ-કાશ્મીર, ઓડિસા, હરિયાણા અને ઉત્તરાખંડ (10-10) રાજ્યના છે.

<u>અન્ય વિગત</u> :

- ✓ <u>કેન્દ્રીય સામાજિક ન્યાય મંત્રાલય દ્વારા ૨૬ જૂન આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ પર આ 272 જિલ્લાઓ માટે નશામુક્ત ભારત વાર્ષિક યોજનાની શરૂઆત કરાઈ</u> છે.
- ✓ જેમાં ડ્રગ્સની હેરાફેરી રોકવા, લોકજાગૃતિ તેમજ સારવાર એમ ત્રિસ્તરીય કામ કરાશે.

<u>૪. વૈશ્વિક રાજકારણ : આયર્લૅન્ડના નવા વડાપ્રધાન તરીકે માઈકલ માર્ટિન ચૂંટાયા</u>

- ✓ <u>પક્ષ</u> : ફિયાના ફોલ પાર્ટી **<u>રાજધાની</u>** : ડબલિન

<u>૫. કોરોના મહામારી : દેશનું સૌથી મોટું ૧૦ હજાર બેડવાળુ કોવિડ સેન્ટરનો દિલ્હીમાં પ્રારંભ</u>

- ✓ <u>નામ</u> : સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર
- ✓ <u>સ્થળ</u>: રાધાસ્વામી સત્સંગ વ્યાસ છતરપુર, દિલ્હી
- ✓ દિલ્હીમાં ૧૦ હજાર બેડવાળું દેશનું સૌથી મોટું કોવિડ કેર સેન્ટર હાલ ૨ હજાર બેડ સાથે શરૂ થઇ ગયું છે.
- ✓ <u>ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ (આઇટીબીપી) ના ડૉક્ટર-નર્સ તથા અન્ય કર્મીઓ આ સેન્ટરની વ્યવસ્થા સંભાળશે.</u>
- ✓ સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર બે ભાગમાં
- ✓ એકમાં એસિમ્પ્ટોમેટિક (લક્ષણો વગરના) દર્દીઓની સારવાર થશે જ્યારે બીજામાં કોવિડ હેલ્થ કેર સેન્ટર હશે.
- ✓ દિલ્હીમાં સૈન્ય દ્વારા સંચાલિત થનારી ૧ હજાર બેડની હોસ્પિટલ પણ આવતા અઠવાડિયે શરૂ થઇ જશે.

<u>૬. દિન વિશેષ : ૨૬ જૂન</u>

<u>આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ</u>

- ✓ <u>થીમ-2020 : **Better knowledge for better care**</u>

<u>૭. સિદ્ધિ : ગુજરાત સરકાર (આરોગ્ય)</u>

<u>ટી.બી. રિપોર્ટ-૨૦૨૦</u>

**<u>ગુજરાત નેશનલ ટીબી નાબૂદી પ્રોગ્રામ હેઠળ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશમાં પ્રથમ ક્રમે</u>**




<u>૮. જન્મ દિન વિશેષ : ૨૭ જૂન</u>

<u>વિશ્વકોશના વિશ્વકર્મા : ધીરુભાઈ ઠાકર</u>

<u>જન્મ – ૨૭ જૂન-૧૯૧૮ અવસાન – ૨૪ જાન્યુઆરી-૨૦૧૪</u>

- ✓ આજે <u>સંગીતકાર રાહુલદેવ બર્મન, જગતભરના વિકલાંગોના પ્રેરણામૂર્તિ હેલન કેલર અને મૂર્ધન્ય સાહિત્યકાર ધીરુભાઈ પ્રેમશંકર ઠાકરનો જન્મદિવસ</u>
- ✓ મહિલા સાહસિક સુમતિ મોરારજી, મહારાજા રણજીતસિંહ અને આપણા પહેલા ફિલ્ડ માર્શલ સામ માણેકશાની પુણ્યતિથિ.
- ✓ <u>મૂળ વતન વિરમગામ અને કોડીનારમાં જન્મેલા ધીરુભાઈ ઠાકરે</u> કોડીનાર, ચાણસ્મા, સિદ્ધપુર અને મુંબઈ એમ અનેક ઠેકાણે અભ્યાસ કર્યો હતો.
- ✓ તેમનો અનુસ્નાતકનો શોધ નિબંધ મુંબઈ યુનિવર્સિટી દ્વારા પુરસ્કૃત થયો હતો.
- ✓ ગુજરાતની કોલેજોમાં અધ્યાપન કાર્ય કરી મોડાસા કોલેજના આચાર્ય તરીકેથી નિવૃત્ત થયા હતા.
- ✓ <u>ગુજરાતી સાહિત્યમાં ધીરુભાઈ વિવેચક, નિબંધકાર, ચરિત્રકાર, સંશોધક અને સંપાદક તરીકે પ્રસિદ્ધ</u> છે.
- ✓ મણિભાઈ નભુભાઈની સાહિત્ય સાધના, રસ અને રુચિ, સાંપ્રત સાહિત્ય, નાટ્યકલા, મણિભાઈ નભુભાઈ : જીવન રંગ, મણિલાલની વિચારધારા, મણિલાલ નભુભાઈનું આત્મવૃતાંત, મણિલાલના ત્રણ લેખો, રંગ કસુંબી, પરંપરા અને પ્રગતિ (કસ્તુરભાઈ લાલભાઈનું જીવન ચરિત્ર) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, સફર સો દિવસની, સમાલોચક, સુદર્શન અને પ્રિયંવદા વગેરે તેમના સાહિત્યમાં યોગદાન છે.
- ✓ 24 જાન્યુ. 2014ના રોજ તેમનું અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૬-૨૦૨૦)</u>

1. તાજેતરમાં કઈ ગુજરાતી ફિલ્મ "કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ"માટે સૌપ્રથમવાર નામાંકિત થઈ છે- **હેલ્લારો**
2. હેલ્લારો ફિલ્મના દિગ્દર્શકનું નામ જણાવો - **અભિષેક શાહ**
3. "હેલ્લારો" ગુજરાતી ફિલ્મ કયા પ્રદેશની થીમ પર બનેલી છે- **કચ્છ**
4. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ક્યાં યોજાય છે - **કાન્સ, ફ્રાંસ**
5. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે ક્યારે ઉજવાય છે - **મે**
6. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો નિયમિત પ્રારંભ કયા વર્ષથી થયો હતો- **1946**
7. વડાપ્રધાન મોદી દ્વારા 27 જૂને કેરળના ચર્ચના કયા વડાની 90મી જન્મ જયંતી નિમિત્તે શુભેચ્છાઓ આપી હતી - **ડોક્ટર જોસેફ માર થોમા મેટ્રોપોલિટન**
8. કેરળનું માર થોમા ચર્ચ કયાં આવેલું છે - **પથનમથિટ્ટા**
9. કેરળના ડોક્ટર જોસેફ માર થોમા મેટ્રોપોલિટન કયા ક્ષેત્ર સાથે જોડાયેલા છે - **ગરીબી નાબૂદી, મહિલા સશક્તિકરણ, આરોગ્ય સુરક્ષા અને શિક્ષણ**
10. કેન્દ્રીય સામાજિક ન્યાય મંત્રાલય દ્વારા કયા દિવસે 272 જિલ્લાઓ માટે નશામુક્ત ભારત વાર્ષિક યોજનાની શરૂઆત કરાઈ - **૨૬ જૂન આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ**
11. નશા મુક્ત ભારત યોજના અંતર્ગત ગુજરાતના કેટલા વધુ બંધાણી જિલ્લાઓનો સમાવેશ કરાયો છે – **૦૮ (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભરૂચ, પોરબંદર, જામનગર અને મહેસાણા)**
12. નશા મુક્ત ભારત યોજનાનો હેતુ જણાવો - **દારૂ અને ડ્રગ્સનો દુરૂપયોગ તેમજ તેની ગેરકાયદે હેરાફેરી અટકાવવા**
13. દેશમાં દારૂ અને ડ્રગ્સનો દુરૂપયોગ તેમજ તેની ગેરકાયદે હેરાફેરીમાં સૌથી વધુ અસરગ્રસ્ત 33 જિલ્લા ક્યા રાજયમાં છે - **રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશ**
14. જૂન-૨૦૨૦માં આયર્લેન્ડના નવા વડાપ્રધાન તરીકે કોણ ચૂંટાયા - **માઈકલ માર્ટિન**
15. આયર્લેન્ડની રાજધાનીનું નામ જણાવો - **ડબલિન**
16. જૂન-૨૦૨૦માં આયર્લેન્ડના નવા વડાપ્રધાન તરીકે માઈકલ માર્ટિન ચૂંટાયા તેમના પક્ષનું નામ જણાવો - **ફિયાના ફોલ પાર્ટી**
17. જૂન-૨૦૨૦માં દેશનું સૌથી મોટું ૧૦ હજાર બેડવાળુ કોવિડ સેન્ટરનો કઈ જગ્યાએ પ્રારંભ થયો – **દિલ્હી (રાધાસ્વામી સત્સંગ વ્યાસ, છતરપુર)**
18. જૂન-૨૦૨૦માં દિલ્હીમાં દેશનું સૌથી મોટું ૧૦ હજાર બેડવાળુ કોવિડ સેન્ટરનો પ્રારંભ થયો તેનું નામ જણાવો - **સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર**
19. દિલ્હીમાં ૧૦ હજાર બેડવાળું દેશનું સૌથી મોટું કોવિડ કેર સેન્ટરની વ્યવસ્થા કોણ સંભાળશે - **ITBPના ડૉક્ટર-નર્સ તથા અન્ય કર્મીઓ**
20. આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **૨૬ જૂન**
21. આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ-2020ની થીમ જણાવો - **Better knowledge for better care**
22. નેશનલ ટીબી નાબૂદી પ્રોગ્રામ હેઠળ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારુ રાજ્ય જણાવો - **ગુજરાત**
23. ગુજરાતી વિશ્વકોશના વિશ્વકર્મા તરીકે કોણ ઓળખાય છે - **ધીરુભાઈ ઠાકર**
24. ગુજરાતી વિશ્વકોશના વિશ્વકર્મા તરીકે જાણીતા ધીરુભાઈ ઠાકરનો જન્મદિવસ જણાવો - **૨૭ જૂન, ૧૯૧૮**
25. રાહુલદેવ બર્મનનું ક્ષેત્ર જણાવો અને તેનો જન્મ દિવસ જણાવો – **સંગીતકાર અને તા. ૨૭મી જૂન**
26. વિશ્વભરના વિકલાંગોના પ્રેરણામૂર્તિ તરીકે કોણ ઓળખાય છે - **હેલન કેલર**
27. વિકલાંગોના પ્રેરણામૂર્તિ સમાન હેલર કેલરનો જન્મ દિવસ જણાવો – **તા. ૨૭મી જૂન**
28. દેશના પ્રથમ ફિલ્ડ માર્શલનું નામ જણાવો - **સામ માણેકશા**
29. ગુજરાતી સાહિત્ય-ઈતિહાસકાર ધીરુભાઈ ઠાકરનો જન્મ ક્યાં થયો હતો – **કોડીનાર**
30. ગુજરાતી સાહિત્યમાં ધીરુભાઈ ઠાકરે ક્યા ક્યા ક્ષેત્રોમાં પ્રદાન કર્યું છે - **વિવેચન, નિબંધ, ચરિત્ર અને સંશોધન-સંપાદન**

DATE : 28-06-2020

૧. 'મનકી બાત' : 66મી આવૃત્તિ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા મનકી બાત'ની 66મી આવૃત્તિમા પોતાના વિચારો રજુ કરાયા**

૧. ગલવાન ઘાટીમાં શહીદ ૨૦ જવાનોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી : જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો

૨. **પૂર્વ વડાપ્રધાન પી.વી નરસિંહરાવની જન્મ શતાબ્દી વર્ષે શ્રદ્ધાંજલિ**

- ✓ **સમયગાળો** : ૨૮ જૂન-૨૦૨૦ થી ૨૮ જૂન-૨૦૨૧
- ✓ **આયોજક** : તેલંગણા સરકાર

૩. લદ્દાખમાં કોઈ ઘૂસણખોરી સાંખી લેવાશે નહીં

૪. લદ્દાખમાં ચીન સાથે સંઘર્ષ, કોરોના મહામારી, ચોમાસામાં કોરના કાળ, વિશ્વશાંતિ અને વિકાસમાં ભારતની ભૂમિકા, જળસંચય જેવા વિવિધ વિષયો પર ચર્ચા કરી

- ✓ મોદીએ કહ્યું હતું કે કોરોના સામેની લડાઈ જનઆંદોલન બની ગઈ છે.
- ✓ ૫. ગણેશ ચતુર્થી પ્રસંગે ઇકો ફ્રેન્ડલી ગણેશની મૂર્તિઓ બનાવવા લોકોએ જાગૃતિ રાખવી જોઈએ.
- ✓ ચોમાસું અને વરસાદની મોસમમાં જળસંચય માટે મોદીએ વડોદરાની કેટલીક સ્કૂલોનું ઉદાહરણ આપ્યું હતું.
- ✓ વડોદરાની સ્કૂલોમાં વરસાદી પાણીના સંગ્રહ માટે મિશન હાથ ધરવામાં આવ્યું હતું તેની પ્રશંસા કરી હતી.
- ✓ ખાસ : દર માસના છેલ્લા રવિવારે મન કી બાત કાર્યક્રમનું AIR પર પ્રસારણ
- ✓ પ્રથમ પ્રારંભ : ૩ ઓક્ટોબર ૨૦૧૪

## ૨. ગોડઝીલા ડસ્ટ કલાઉટ (પર્યાવરણ)

**સહારાના રણ વિસ્તારમાંથી ઉદભવેલું ધૂળનું વાદળ ૮૦૦૦ કિમી દૂર USA સુધી પહોંચ્યું**

- ✓ અમેરિકી અવકાશી સંસ્થા નાસા મહાકાય ધૂળના વાદળ પર નજર રાખી રહી છે.
- ✓ નાસાના અહેવાલ મુજબ આ પ્રકારના ધૂળના વાદળ-તોફાન એટલાન્ટિક મહાસાગર પાર કરે તે નવાઈની વાત નથી પણ તેના કારણે જોખમ સર્જાઈ શકે છે.
- ✓ પર્યાવરણવિદ્દોએ ૫,૬૦૦થી વધુ કિલોમીટર વિસ્તારમાં (૩,૫૦૦ માઈલ) ફેલાયેલા ધૂળના વાદળને 'ગોડઝીલા ડસ્ટ કલાઉડ' નામ આપવામાં આવ્યું છે.
- ✓ નાસાએ ૧૮મી જુને એટલાન્ટિક મહાસાગર પર આશરે ૨,૫૦૦ કિલોમીટરના વિસ્તારમાં ધૂળના તોફાનની સુધીમાં તો તે ધૂળનું વાદળ આશરે ૮,૦૪૭ કિલોમીટર જેટલું મહાકાય બની ગયું હતું.

## 3. 'ઘાતક' કમાન્ડો : ભારતીય સેના (સંરક્ષણ)

**લદ્દાખમાં ચીનના માર્શલ આર્ટ ટ્રેનર સામે ભારતીય 'ઘાતક' કમાન્ડો તહેનાત**

- ✓ પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ભારત અને ચીનના સૈન્ય વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ચીન તિબેટમાં તેના સૈનિકોને તાલીમ આપવા માટે માર્શલ આર્ટ ટ્રેનર મોકલી રહ્યું છે.
- ✓ ચીને 15મી જૂન પહેલાં પણ લદ્દાખ સરહદે એલએસી પર માર્શલ આર્ટ લડવૈયાઓને નિયુક્ત કર્યા હતા.
- ✓ ચીનની આ ચાલબાજીનો સામનો કરવા માટે ભારતીય સૈન્યના 'ઘાતક' કમાન્ડો તૈયાર છે.

**2. સમજૂતી :**

- ✓ ભારત અને ચીન વચ્ચે વિશ્વાસ વધારવા માટે 1996 અને 2005માં સમજૂતી થઈ હતી.
- ✓ સમજૂતી મુજબ પેટ્રોલિંગ સમયે બંને પક્ષનો આમનો-સામનો થતાં તેઓ ગોળી ચલાવી શકતા નથી.
- ✓ બંને દેશ એલએસીના બે કિ.મી. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન તેમની રાઈફલના બેરલ પણ જમીન તરફ રાખે છે.
- ✓ આ સમજૂતીને પગલે ચીને લદ્દાખમાં તેની નીતિ બદલતાં મોટી સંખ્યામાં માર્શલ આર્ટ અને માઉન્ટેન વોરફેરમાં નિષ્ણાત સૈનિકોની ભરતી કરી હતી
- ✓ 15મી જૂન પહેલાં લદ્દાખ સરહદે શસ્ત્ર વિના લડવા માટે તેમને તૈનાત કર્યા હતા.

## ૪. જન્મ શતાબ્દી મહોત્સવ : પૂર્વ વડાપ્રધાન પી.વી નરસિંહરાવ

- ✓ **સમયગાળો** : ૨૮ જૂન-૨૦૨૦ થી ૨૮ જૂન-૨૦૨૧
- ✓ **જન્મ** : ૨૮ જૂન-૧૯૨૧ **અવસાન** : ૨૩ ડિસેમ્બર-૨૦૦૪
- ✓ **આયોજક** : તેલંગણા સરકાર

## ૫. જન્મ દિન વિશેષ : ૨૮ જૂન

રાજનીતિના ચાણક્ય : પી.વી. નરસિંહરાવ

જન્મ – ૨૮ જૂન-૧૯૨૧ અવસાન – ૨૩ ડિસેમ્બર-૨૦૦૪

- ✓ આજે મહાન તત્વજ્ઞ રુસો, ઈતિહાસકાર ઈ.એચ.કાર અને ભૂતપૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવનો જન્મદિવસ
- ✓ પી.વી.નરસિંહરાવનું આખું નામ પામુલા પરની વેંકટ નરસિંહરાવ અને જન્મ આંધ્રપ્રદેશના કરીમનગરમાં થયો હતો.

✓ તેઓએ ભીમદેવરાપલ્લી, હૈદરાબાદ અને નાગપુરથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

✓ સ્નાતક અને એલએલબી થયેલા નરસિંહરાવ 17 ભાષાઓ જાણતા હતા.

✓ આઝાદીના આંદોલનથી જાહેર જીવનમાં સક્રિય થયેલા નરસિંહરાવની રાજકીય વિકાસયાત્રા ધારાસભ્ય, સાંસદ, રાજ્ય-કેન્દ્ર સરકારમાં મંત્રી અને છેલ્લે વડાપ્રધાન સુધી રહી હતી.

✓ 1991માં સક્રિય રાજનીતિમાંથી નિવૃત્ત થયા પણ રાજીવ ગાંધીના અવસાન પછી તેઓ ભારતના નવમાં વડાપ્રધાન બન્યા હતા.

✓ તેમનો પ્રધાનમંત્રીકાળ આર્થિક સુધારાઓ અને ઉદારીકરણનો હતો.

✓ વૈશ્વિકીકરણના વાવાઝોડામાં ભારતમાં પણ મુક્ત આર્થિક નીતિનો પ્રારંભ થયો હતો . પરિણામે ભારતીય અર્થતંત્રમાં ધરખમ પરિવર્તનો આવ્યા.

✓ <u>20મા સૈકાના છેલ્લા દાયકામાં ભારતીય અર્થકારણને નવી દિશામાં દોરી જનાર નરસિંહરાવનું 23 ડિસેમ્બર 2004ના રોજ અવસાન થયું હતું.</u>

### <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૬-૨૦૨૦)</u>

1. તાજેતરમાં 28 જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કેટલામી મન કી બાત યોજાઇ - **<u>66મી</u>**
2. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં 66મી મન કી બાત આવૃત્તિમાં કયા વિષય ઉપર ચર્ચા કરી હતી - **<u>લદાખમાં ચીન સાથે સંઘર્ષ, કોરોના મહામારી, ચોમાસામાં પુર, વિશ્વ શાંતિ અને વિકાસમાં ભારતની ભૂમિકા અને જળ સંચય</u>**
3. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં 66મી મન કી બાત આવૃત્તિમાં કયા પૂર્વ વડાપ્રધાનને તેમના જન્મદિવસ પર શ્રદ્ધાંજલિ આપી - **<u>પૂર્વ પીએમ પી.વી. નરસિંહરાવ</u>**
4. દર માસના કયા રવિવારે મન કી બાત યોજાય છે - **<u>માસના છેલ્લા રવિવારે</u>**
5. મન કી બાતનો પ્રારંભ સૌપ્રથમ ક્યારે થયો હતો - **<u>03 ઓક્ટોબર 2014</u>**
6. સહારાના રણમાં જૂન 2020માં ઉદભવેલા ધૂળના વાદળને પર્યાવરણવિદોએ કયું નામ આપ્યું છે -**<u>ગોડઝીલા ડસ્ટ ક્લાઉડ</u>**
7. ગોડઝીલા ડસ્ટ ક્લાઉડની કેટલા કી.મી.નું અંતર કાપીને અમેરિકા સુધી પહોંચ્યું - **<u>8,000</u>**
8. ગોડઝીલા ડસ્ટ ક્લાઉડ અંદાજે કેટલા વિસ્તારમાં ફેલાયેલું છે - **<u>5600 કિલોમીટર</u>**
9. ગોડઝીલા ડસ્ટ ક્લાઉડ ઉપર સતત કઈ સંસ્થા નજર રાખી રહી છે - **<u>નાસા</u>**
10. પૂર્વ લદાખમાં ચીનના માર્શલ આર્ટ ટ્રેનર સૈનિકો સામે ભારતીય સેનાએ કયા કમાન્ડો તહેનાત કર્યા છે - **<u>'ઘાતક'</u>**
11. ભારત અને ચીન વચ્ચે સરહદ ઉપર વિશ્વાસ વધારવા પેટ્રોલિંગ સમયે એકબીજા સામે ફાયરિંગ ન કરવા બદલ કયા વર્ષે સમજૂતી કરવામાં આવી છે - **<u>1996 અને 2005</u>**
12. ભારત અને ચીન વચ્ચે વિશ્વાસ વધારવા માટે વર્ષ 1996 અને 2005માં થયેલી સમજૂતી મુજબ બંને દેશ કયા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન તેમની રાઈફલના બેરલ પણ જમીન તરફ રાખે છે - **<u>એલએસીના બે કિ.મી. વિસ્તારમાં</u>**
13. ૨૮મી જૂન-૨૦૨૦થી ક્યા પૂર્વ વડાપ્રધાનની જન્મ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ થયો - **<u>પી.વી નરસિંહરાવ</u>**
14. ૨૮મી જૂન-૨૦૨૦થી કઈ રાજ્ય સરકાર પૂર્વ વડાપ્રધાન પી.વી નરસિંહરાવની જન્મ શતાબ્દી ઉજવી રહી છે - **<u>તેલંગણા સરકાર</u>**
15. ભારતના નવમા વડાપ્રધાન કોણે હતા - **<u>પી.વી નરસિંહરાવ</u>**
16. પૂર્વ વડાપ્રધાન પી.વી.નરસિંહરાવનું આખું નામ જણાવો - **<u>પામુલા પરની વેંકટ નરસિંહરાવ</u>**
17. પૂર્વ વડાપ્રધાન પી.વી.નરસિંહરાવનો જન્મ કયા થયો હતો - **<u>આંધ્રપ્રદેશના કરીમનગરમાં</u>**
18. ભારતમાં ક્યા પ્રધાનમંત્રીના સમય દરમિયાન વર્ષ ૧૯૯૧માં આર્થિક સુધારાઓ અને ઉદારીકરણનો હતો - **<u>પી.વી નરસિંહરાવ</u>**

## DATE : 29-06-2020

### <u>૧. ભારતની ચીન સામે ડિજિટલ સ્ટ્રાઈક (સંચાર-સોશિયલ મીડિયા)</u>

<u>પ્રતિબંધ</u> : 59 ચાઈનીઝ એપ પર ભારતમાં પ્રતિબંધ

<u>ભારતની સુરક્ષા પર અસરો :</u>

✓ આ એપને કારણે ભારતનું સાર્વભૌમત્વ, સુરક્ષા, અખંડિતતા તેમજ જાહેર જનતાના ડેટાની સુરક્ષા સામે ખતરો

<u>કેન્દ્રના નોટિફિકેશનમાં કઇ બાબતોનો સમાવેશ :</u>

✓ સરકારનાં માહિતી ટેકનોલોજી મંત્રાલયે ચીનની ૫૯ એપ પર પ્રતિબંધ મુકતું નોટિફિકેશન બહાર પાડયું હતું.

✓ ૧૩૦ કરોડ લોકોનાં ડેટાની સુરક્ષા તેમજ પ્રાઈવસી જળવાઈ રહે તે અંગે ચિંતા સર્જાઈ છે.

✓ દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વ સામે ખતરો સર્જાયાનું સરકારને જણાયું છે.

✓ <u>આવી બદઈરાદા ધરાવતી એપ બંધ કરવા ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોઓર્ડીનેશન સેન્ટર તેમજ કેન્દ્રનાં ગૃહ મંત્રાલયે પણ ભલામણ કરી છે.</u>

✓ આથી સરકાર દ્વારા તમામ પ્રકારનાં મોબાઈલ્સ અને નોન મોબાઈલ્સ ઈન્ટરનેટ એનેબલ્ડ ડિવાઈસીઝમાં આવી એપ્સ પર પ્રતિબંધ મૂકવા સરકારે નિર્ણય લીધો છે.

✓ ભારતીય સાઈબર સ્પેસ તેમજ ભારતની સંપ્રભુતાની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

<u>સરકારને મળેલી ફરિયાદો :</u>

✓ ચીન ગમે ત્યારે ભારતના ડેટા હેક કરવાની સ્થિતિમાં હતો

✓ કેન્દ્રનાં માહિતી ટેકનોલોજી મંત્રાલયને ચીનની આ બધી એપ્લિકેશન દ્વારા હજારો લોકોનાં મોબાઈલ અને લેપટોપ હેંક કરવાની ફરિયાદ મળી હતી. આ પછી સરકાર હરક્તમાં આવી હતી.

✓ સુરક્ષા એજન્સીઓ તેમજ આઈટી મંત્રાલયે દાવો કર્યો હતો કે આવી ચાઈનીઝ એપને કારણે ભારતનું સાર્વભૌમત્વ, સુરક્ષા તેમજ અખંડિતતા તેમજ જાહેર જનતાનાં ડેટાની સુરક્ષા સામે ખતરો સર્જાયો છે.

✓ ચીન ગમે ત્યારે આ એપને કારણે ભારતીય ડેટા સાથે છેડછાડ કરી શકે છે.

✓ સરકારે આ દાવાની સત્યતા તપાસ્યા પછી ચીનની એપ પર પ્રતિબંધ લગાવવા નિર્ણય લીધો હતો.

<u>કઈ કઈ ચાઈનીઝ એપ પર ભારતમાં પ્રતિબંધ :</u>

૧. ટિકટોક ૨. શેર ઇટ ૩. ક્વાઇ
૪. યુસી બ્રાઉઝર ૫. બાઇદુ મેપ
૬. શીન ૭. ક્લેશ ઓફ કિંગ્સ
૮. ડીયુ બેટરી સેવર ૯. હેલો
૧૦. લાઈકી ૧૧. યુકેમ મેકઅપ
૧૨. એમઆઈ કોમ્યુનિટી ૧૩. સીએમ બ્રાઉઝર
૧૪. વાઇરસ ક્લિનર ૧૫. એપીયુએસ બ્રાઉઝર
૧૬. રોમવી ૧૭. ક્લબ ફેક્ટરી
૧૮. ન્યૂઝડોગ ૧૯. બ્યૂટ્રી પ્લસ ૨૦. વીચેટ
૨૧. યુસી ન્યૂઝ ૨૨. ક્યૂ.ક્યૂ મેઇલ ૨૩. વેઈબો
૨૪. ઝેન્ડર ૨૫. ક્યૂ.ક્યૂ મ્યુઝિક ૨૬. ક્યૂ.ક્યૂ ન્યૂઝફીડ
૨૭. બિગો લાઇવ ૨૮. સેલ્ફીસિટી ૨૯. મેઇલ માસ્ટર
૩૦. પેરેલલ સ્પેસ ૩૧. એમ.આઈ વીડિયો કોલ-ઝીઓમી
૩૨. વીસીન્ક ૩૩. ઈએસ ફાઇલ એક્સ્પ્લોરર
૩૪. વીવા વીડિયો-ક્યૂ યૂ વીડિયો ઈન્ક ૩૫. મેઇતુ
૩૬. વીગો વીડિયો ૩૭. ન્યૂ વીડિયો સ્ટેટસ
૩૮. ડીયુ રેકોર્ડર ૩૯. વોલ્ટ-હાઈડ
૪૦. કેચ ક્લિનર ડીયુ એપ સ્ટુડિયો ૪૧. ડીયુ ક્લિનર
૪૨. ડીયુ બ્રાઉઝર ૪૩. હેગો પ્લે વિથ ન્યૂ ફ્રેન્ડ્ઝ
૪૪. કેમ સ્કેનર ૪૫. ક્લિન માસ્ટર-ચિતા મોબાઇલ
૪૬. વંડર કેમેરા ૪૭. ફોટો વંડર ૪૮. ક્યૂ.ક્યૂ પ્લેયર
૪૯. વી મીટ ૫૦. સ્વીટ સેલ્ફી ૫૧. બૈદુ ટ્રાન્સલેટ
૫૨. વીમેટ ૫૩. ક્યૂ.ક્યૂ ઇન્ટરનેશનલ
૫૪. ક્યૂ.ક્યૂ સિક્યોરિટી સેન્ટર ૫૫. ક્યૂ.ક્યૂ. લોન્ચર
૫૬. યૂ વીડિયો ૫૭. વી ફ્લાય સ્ટેટસ વીડિયો
૫૮. મોબાઇલ લેજન્ડ્સ ૫૯. ડીયુ પ્રાઇવસી

<u>આપણી જિંદગીમાં આ કંપનીઓ થકી પણ ચીન ઘૂસણખોરી કરી ચૂક્યું છે, હજુ આ 18 કંપનીમાં ચીનનું રોકાણ છે</u>

✓ ચીનમાં નિયમ છે કે, ચીનની દરેક ખાનગી કંપનીએ તમામ પ્રકારના ડેટા સરકારને આપવા પડે છે.

✓ જો ચીન બહારની કોઈ કંપનીમાં ચીનની કંપનીનું રોકાણ હોય, તો એ કંપનીનો ડેટા પણ ચીનની કંપની થકી ચીન સરકારને આપવો પડે છે.

આ 18 કંપનીમાં ચીનનું રોકાણ છે.

<u>(૧) બિગ બાસ્કેટ:</u> દેશનો સૌથી મોટો ઓનલાઈન ગ્રોસરી સ્ટોર.

<u>(૨) બાયજૂસ:</u> ઓનલાઈન એજ્યુકેશન આપતું સૌથી મોટું પ્લેટફોર્મ.

<u>(3) ડ્રીમ-11:</u> હાલમાં જ લોકપ્રિય થયેલું પોપ્યુલર ગેમિંગ એપ.

<u>(૪) ડેલ્હીવરી:</u> ઈ-કોમર્સમાં ચીજવસ્તુઓની ડિલિવરી કરતી કંપની.

**(૫) હાઈક:** ઓનલાઈન મેસેજિંગ એપ. બજારમાં તેનો હિસ્સો મોટો નથી.
**(૬) ફ્લિપકાર્ટ:** દેશના કુલ ઈ-કોમર્સ બિઝનેસમાં અડધાથી વધુ હિસ્સો.
**(૭) મેકમાયટ્રિપ:** દેશનું સૌથી મોટું ટ્રાવેલ પોર્ટલ.
**(૮) ઓલા:** દેશના ઓનલાઈન કેબ બિઝનેસમાં અડધાથી વધુ હિસ્સો.
**(૯) ઓયો:** બજેટ હોટલના સંગઠિત ક્ષેત્રમાં અડધાથી વધુ હિસ્સો.
**(૧૦) પેટીએમ મૉલ:** ઈ-કોમર્સમાં જગ્યા બનાવવાનો પ્રયાસ.
**(૧૧) પેટીએમ:** ઓનલાઈન ચુકવણીમાં સૌથી મોટો હિસ્સો.
**(૧૨) પોલિસી બાજાર:** ઓનલાઈન વીમા પોલિસી વેચતી કંપની.
**(૧૩) ક્વિકર:** સેકન્ડ હેન્ડ ચીજો ખરીદવા-વેચવાનું પ્લેટફોર્મ.
**(૧૪) રિવિગો:** ટેક્નોલોજી આધારિત લોજિસ્ટિક કંપની.
**(૧૫) સ્નેપડીલ:** ફ્લિપકાર્ટ-એમેઝોનથી પાછળ પડી ગયેલી ઈ-કોમર્સ કંપની.
**(૧૬) સ્વિગી:** ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની, ઝોમેટો પછી સૌથી મોટી.
**(૧૭) ઉડાન:** બિઝનેસ ટુ બિઝનેસ ઈ-કોમર્સ પ્લેટફોર્મ.
**(૧૮) ઝોમેટો:** દેશની સૌથી મોટી ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની.

- ✓ **પ્રતિબંધ : IT એક્ટ-2009ની કલમ 69 A હેઠળ કાર્યવાહી**
- ✓ **મંત્રાલય : માહિતી અને ટેકનોલોજી**

## ૨. અનલોક-02 : કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા નવી ગાઇડલાઇન જાહેર (આરોગ્ય)

**નવી માર્ગદર્શિકાની મહત્વની જોગવાઇઓ :**

- ✓ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ અને ટ્રેન સેવાઓમાં વધારો કરવામાં આવશે. જ્યાં સ્થિતિ સારી હશે ત્યાં કનેક્ટિવિટી વધારવામાં આવશે.
- ✓ નાઈટ કરફ્યૂ હવે રાત્રે ૧૦ વાગ્યાથી પરોઢિયે ૫ વાગ્યા સુધી લાગુ રહેશે
- ✓ ૬૫ વર્ષથી ઉપરની અને ૧૦ વર્ષથી નાના બાળકો, બીમાર અને ગર્ભવતીઓને ઘરમાં જ રહેવા તાકીદ કરવામાં આવી છે
- ✓ કર્મચારીઓ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરે
- ✓ ઘરની બહાર નીકળતી વખતે, જાહેર જગ્યાઓએ, કામના સ્થળે કે પ્રવાસ દરમિયાન મોઢું ઢાંકેલું હોવું જોઈશે, માસ્ક પહેરવું પડશે.
- ✓ જાહેર સ્થળોએ છ ફૂટનું અંતર જાળવવું પડશે.
- ✓ દુકાનોએ પણ ગ્રાહકોનું સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાત તેની તકેદારી રાખવી પડશે.
- ✓ લગ્નોમાં ૫૦ વ્યક્તિ અને મરણપ્રસંગે ૨૦ વ્યક્તિથી વધુ ભેગા થવું નહીં
- ✓ જાહેરમાં પાનમસાલા, ગુટકા, તમાકુ, દારૂ કે નશીલા પદાર્થોનું સેવન કરવું નહીં અને થુંકવું નહીં.

**આ સેવાઓ બંધ રહેશે :**

- ✓ કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં પણ ૩૧ જુલાઈ સુધી આ સેવાઓ ચાલુ નહીં થાય
- ✓ શાળા, કોલેજો, શૈક્ષણિક સંસ્થાનો, કોચિંગ સેન્ટર અને એજ્યુકેશનલ ઈન્સ્ટિટયૂટ્સ
- ✓ ઈન્ટરનેશનલ એર ટ્રાવેલ (MHAની પરવાનગી વગર)
- ✓ સિનેમા હોલ, જિમ્નેશિયમ, સ્વિમિંગ પૂલ્સ, એન્ટરટેઈન્મેન્ટ પાર્ક, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેમ્બ્લી હોલ અને તેના જેવા તમામ સ્થળો. મેટ્રો રેલ.
- ✓ સામાજિક, રાજકીય, રમતગમત, શૈક્ષણિક, ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મેળાવડાઓ

## ૩. નિમણૂક : કેન્દ્ર સરકાર

ભારતના વર્તમાન સોલિસિટર જનરલ તુષાર મહેતાની મુદત વધુ ત્રણ વર્ષ એટલે કે 2023 સુધી વધારાઈ

**અન્ય નિમણૂક :**

- ✓ ગુજરાત હાઇકોર્ટ : એડિશનલ સોલિસિટર જનરલ તરીકે શ્રી દેવાંગગીરી વ્યાસ
- ✓ ગુજરાત હાઇકોર્ટના સિનિયર **કાઉન્સેલ-વકીલ એસ. વી. રાજુ**ને સુપ્રીમ કોર્ટમાં ત્રણ વર્ષ માટે એડિશનલ સોલિસિટર જનરલ તરીકે નિમણૂક

## ૪. વર્ષા જલનિધિ પ્રોજેક્ટ (જળ વ્યવસ્થાપન)

**વડોદરા જિલ્લાની ૧૦૦૦ સરકારી શાળાઓમાં વરસાદી પાણી માટે રેઈન હાર્વેસ્ટિંગનો સફળ પ્રયોગ**

**આ સિદ્ધિ મેળવનાર વડોદરા દેશનો પ્રથમ જિલ્લો**

- ✓ પરિણામ : આ પ્રોજેક્ટસથી વર્ષે ૧૦ કરોડ લિટર વરસાદી પાણીનો સંગ્રહ થશે
- ✓ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઈ-લોકાર્પણ

## ૫. કારગિલ ગર્લ : IAFના મહિલા પાયલટ ગુંજન સકસેના

**વર્ષ-૧૯૯૯માં કારગિલ યુદ્ધમાં ભારતના ઘાયલ સૈનિકોને બચાવવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર મહિલા પાયલટ**

**કારકિર્દી :** વર્ષ-૧૯૯૪માં IAFમાં સામેલ

- ✓ **પુરસ્કાર :** શૌર્ય વીર પુરસ્કાર
- ✓ યુદ્ધ ક્ષેત્રમાં પ્રવેશ મેળવનાર પ્રથમ મહિલા કોમ્બેટ એવિએટર
- ✓ **અભ્યાસ :** હંસરાજ કોલેજ, નવી દિલ્હી

## ૬. દેશની પ્રથમ પ્લાઝમાં બેન્ક નવી દિલ્હી ખાતે શરૂ કરાશે (આરોગ્ય)

- ✓ કોરોનાની સારવાર માટે દિલ્હીમાં દેશની પહેલી પ્લાઝમા બેંક શરૂ કરવામાં આવશે.
- ✓ કોરોના સંક્રમિતોની સારવારમાં અગાઉ પ્લાઝમા થેરાપીની ટ્રાયલ સફળ રહી હતી.
- ✓ હવે કોરોનાના દર્દીઓની સારવાર પ્લાઝમા થેરાપીથી કરાશે.
- ✓ આ માટે ઇન્સ્ટિટયૂટ ઓફ લીવર એન્ડ બાઇલિયરી સાયન્સ(ILBS)માં પ્લાઝમા બેંક શરૂ કરાશે.

**મહારાષ્ટ્રમાં વિશ્વની સૌથી મોટી પ્લાઝમા થેરાપી ટ્રાયલ શરૂ**

- ✓ પ્રથમ ૫૦૦ દર્દીઓને પ્લાઝમાના બે ડોઝ અપાયા

## ૭. પરમાણુ ફ્યૂઝન પ્રોજેક્ટ :

**વિશ્વનો સૌથી મોટો પરમાણુ ફ્યૂઝન પ્રોજેક્ટ – ફ્રાન્સ**

- ✓ **ભારતની સિદ્ધિ :** આ પ્રોજક્ટનું હ્રદય ગણાતા 'ક્રાયોસ્ટેટ'નું નિર્માણ ભારત-ગુજરાતમાં થયુ
- ✓ **કંપની :** L & T, હજીરા-સુરત
- ✓ ફ્રાન્સમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા દુનિયાના સૌથી મોટા પરમાણુ ફ્યૂઝન પ્રોજેક્ટમાં ભારત સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા જઇ રહ્યું છે.
- ✓ સુરતના હજીરાથી આ પ્રોજેક્ટનું 'હૃદય' મનાતો હિસ્સો એટલે કે 'ક્રાયોસ્ટેટ' ફ્રાન્સ માટે રવાના.

**ક્રાયોસ્ટેટ અને પ્રોજેક્ટ વિશે :**

- ✓ ક્રાયોસ્ટેટ સ્ટીલનું હાઈ વેક્યૂમ પ્રેશર ચેમ્બર હોય છે. સરળ શબ્દોમાં કહીએ તો જ્યારે કોઇ રિએક્ટર વધારે ગરમી પેદા કરે તો તેને ઠંડુ કરવા માટે એક વિશાળ રેફ્રિજરેટરની જરૂર પડે છે. તેને જ ક્રાયોસ્ટેટ કહેવાય છે.
- ✓ ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (આઈટીઇઆર) પ્રોજેક્ટના સભ્ય દેશ હોવાને નાતે ભારતે તેને તૈયાર કરવાની જવાબદારી ચીન પાસેથી છીનવી લીધી હતી.
- ✓ આ પ્રોજેક્ટ હેઠળ 15 કરોડ ડિગ્રી સેલ્સિયસ તાપમાન પેદા થશે જે સૂર્યના કોરથી 10 ગણું વધારે હશે.
- ✓ ક્રાયોસ્ટેટનું કુલ વજન 3,850 ટન છે. તેનો 50મો અને છેલ્લો ભાગ આશરે 650 ટન વજન ધરાવે છે. તેની પહોળાઈ 29.4 મીટર અને ઊંચાઈ 29 મીટર છે. રિએક્ટર ફ્રાન્સના કાદાર્શેમાં બની રહ્યું છે.

**ભારતની ભૂમિકા :**

- ✓ તમામ હિસ્સાને જોડીને ચેમ્બરનો આકાર આપવા માટે ભારતે કાદાર્શે નજીક એક વર્કશોપ બનાવ્યું છે.
- ✓ આ પ્રોજેક્ટમાં ભારતનું યોગદાન 9 ટકા છે પણ ક્રાયોસ્ટેટ આપી દેશ પાસે તેની સંપદાના અધિકાર સુરક્ષિત રહી જશે.
- ✓ આઈટીઈઆર આ યોજનાથી મેગ્નેટિક ફ્યૂઝન ડિવાઈસ બનાવી રહ્યું છે.

**ભારત-અમેરિકા, જાપાન સહિત 7 દેશ આ પ્લાન્ટને મળીને બનાવી રહ્યા છે**

- ✓ હેતુ : પૃથ્વી પર માઈક્રો સૂર્ય પેદા કરવાની આ જવાબદારી 7 દેશોએ ઉપાડી છે.
- ✓ તેમાં ભારત ઉપરાંત અમેરિકા, જાપાન અને રશિયા પણ સામેલ છે.
- ✓ ભારતને ક્રાયોસ્ટેટ તૈયાર કરવાની જવાબદારી મળી હતી.
- ✓ તેનું નીચલું સિલિન્ડર ગત વર્ષે જુલાઈમાં મોકલાયું હતું.
- ✓ જોકે માર્ચમાં તેનું ઉપરનું સિલિન્ડર રવાના કરાયું હતું.
- ✓ હવે તેનું ઢાંકણ મોકલવામાં આવી રહ્યું છે.
- ✓ ખાસ : ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (ITER) પ્રોજેક્ટના સભ્ય દેશ ભારત પણ છે.

## ૮. TRIFEDની નવી વેબસાઇટનો પ્રારંભ : GeM પોર્ટલ પર આદિજાતિના ઉત્પાદનો ઉપલબ્ધ થશે (રોજગારી)

- ✓ દેશમાં પ્રવર્તમાન કોવિડ-19 મહામારીના સમયમાં ગરીબો અને હાંસિયામાં રહેલા સમુદાયોની આજીવિકા પર ઘણી ગંભીર અસર પડી છે અને આ કસોટીના સમયમાં આદિજાતિ સમૂહો સૌથી કપરાં કાળમાંથી પસાર થતા લોકોમાંથી એક છે.
- ✓ આદિજાતિ કારીગરો પર આવા મુશ્કેલીના સમયમાં આવેલા ભારણને થોડું ઓછુ કરવાના આશય સાથે,

આદિજાતિ બાબતોના મંત્રાલયના TRIFED દ્વારા આદિજાતિઓની આજીવિકાના ટકાઉક્ષમ વિકાસ અને તેમની ખાડે જઇ રહેલી આર્થિક પ્રવૃત્તિઓમાં નવા પ્રાણ ફુંકવા માટે તાકીદના ધોરણે કેટલીક પહેલ હાથ ધરવામાં આવી છે.

- ✓ કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જૂન મુંડાએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ટ્રાઇફેડ ડિજિટલ પ્લેટફોર્મ્સના શુભારંભ કરાવ્યો હતો

<u>હેતુ :</u>

- ✓ વ્યાવસાયિક પરિચાલન હોય કે પછી શોપિંગ અને કમ્યુનિકેશન- તમામ ક્ષેત્રે વધુને વધુ લોકો પોતાની જરૂરિયાતો સંતોષવા માટે હવે ઑનલાઇન માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા હોવાથી, ગામડાં આધારિત આદિજાતિ ઉત્પાદનોનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો બજારો સાથે આલેખન અને લિંક કરવા માટે પોતાના વર્ગમાં શ્રેષ્ઠ ગણાતા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ઇ-પ્લેટફોર્મ ઉભા કરીને સર્વસમાવિષ્ટ ડિજિટાઇઝેશન કવાયત માટે મહત્વપૂર્ણ વ્યૂહાત્મક વેગ આપવામાં આવ્યો છે.

<u>૯. "પીએમ સ્વનિધિ" પોર્ટલના બીટા સંસ્કરણની શરૂઆત (રોજગારી)</u>

- ✓ હાઉસિંગ અને અર્બન અફેર્સના સેક્રેટરી શ્રી દુર્ગાશંકર મિશ્રાએ પીએમ સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર ફંડ, "પીએમ સ્વનિધિ" પોર્ટલના બીટા સંસ્કરણની શરૂઆત કરી.

<u>હેતુ :</u>

- ✓ ડિજિટલ ટેકનોલોજી સોલ્યુશન્સની મદદથી, આ પોર્ટલ વપરાશકર્તાઓને યોજના હેઠળ લાભ મેળવવા માટે એકીકૃત સુવિધા પૂરી પાડે છે.
- ✓ પીએમ સ્વનિધિ યોજના 1 જૂન, 2020ના રોજ શરૂ થઈ હતી.
- ✓ પીએમ સ્વાનિધિ પોર્ટલ 2 જુલાઈથી શેરી વિક્રેતાઓ પાસેથી લોનની રસીદ માટે અરજીઓ સ્વીકારવાનું શરૂ કરશે,
- ✓ જે સીએસસી / યુએલબી / એસએચજીની સહાયથી સીધા અરજી કરી શકે છે.

<u>૧૦. UN : રેફ્યુજી એજન્સી : વિશ્વમાં વિસ્થાપિત અંગે અહેવાલ-2019 (સામાજિક સુરક્ષા)</u>

<u>આંકડાકીય વિગત :</u>

- ✓ વર્ષ 2019માં નવા 1.1 કરોડ લોકો વિસ્થાપિત થયા
- ✓ આ સંખ્યા ગયા દાયકાની સંખ્યા કરતાં લગભગ બમણી છે.
- ✓ ૨૪ લાખ લોકોએ અન્ય દેશમાં રક્ષણ માગ્યું હતું, ૮૬ લાખ લોકો પોતાના જ દેશમાં વિસ્થાપિત બની ગયા હતા.
- ✓ અનેક સમુદાયો તેમના જીવનને ફરી પાટા પર લાવવાની લાંબા ગાળાની સમસ્યાઓનો ઉકેલ મેળવી શકયા ન હતા.
- ✓ ઉપરોક્ત વિસ્થાપિતોમાંથી ૩,૧૭,000 લોકો જ પોતાના ઘર અને વતન પર ફરી શક્યા હતા અને ૧,૦૭,૮૦૦ લોકો ત્રીજા દેશમાં સ્થાયી થયા હતા.
- ✓ વૈશ્વિક વિસ્થાપિતો ૭૯.૫ મિલિયન અથવા તો પૃથ્વી પર વસ્તા દર ૯૭ વ્યક્તિ પૈકી એકની સંખ્યા એક દાયકા અગાઉ નોંધાયેલી સંખ્યા કરતાં લગભગ બમણી.
- ✓ લગભગ ૮ કરોડની સંખ્યા જે યુએન દ્વારા ખુબ જ પદ્ધતિસર નોંધવામાં આવી હતી ખુબ મોટી ચિંતાની બાબત છે.
- ✓ આ સંખ્યા આખા વિશ્વની કુલ સંખ્યાનો લગભગ એક ટકા છે. આપણે ક્યારે પણ આ આંકડો જોયો નહતો એમ યુએનના અધિકારી ફિલીપો ગ્રાન્ડીએ કહ્યુ હતું.
- ✓ સંયુક્ત રાષ્ટ્ર સંઘના શરણાર્થીઓ માટેના હાઈ કમિશનરે કહ્યું હતું કે વિસ્થાપિતોની સમસ્યા આખા વિશ્વને નડે છે, પરંતુ આંકડાઓ બતાવે છે કે વિસ્થાપિતો પૈકીના ૮૫ ટકાને ગરીબ દેશોએ અપનાવેલા આ એક વૈશ્વિક સમસ્યા છે, તમામ દેશોની સમસ્યા છે. પરંતુ ગરીબ દેશોને તે સીધી રીતે અસર કરે છે.
- ✓ UN મહામંત્રી : એન્ટોન્યો ગુટરેસ

<u>૧૧. ભારતીય નૌકાદળ : સ્વદેશી ટોરપીડો સિસ્ટમ સામેલ કરાઇ</u>

**<u>સ્વદેશમાં બનેલી ટોરપિડો સિસ્ટમ મારીય ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવી.</u>**

**<u>સિસ્ટમ વિશે :</u>**

- ✓ ટોરપિડો એ પાણીમાં પ્રવાસ કરી શકતો એક પ્રકારનો બોમ્બ છે, જે દુશ્મન જહાજ કે સબમરિનના પડખામાં મોટું કાણું પાડી તેને ડૂબાડી શકે છે.
- ✓ <u>ભારતની આ ટોરપિડો સિસ્ટમ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલમેન્ટ લેબોરેટરીએ વિકસાવી છે.</u>
- ✓ ભારતના મોટા ભાગના નૌકા-જહાજો અને સબમરિનમાંથી આ ટોરપિડો ફાયર કરી શકાય એમ છે.

- ✓ આખી સિસ્ટમ હોવાથી દુશ્મન ટોરપિડોનો હુમલો આવી રહ્યો હોય તો તેની જાણકારી પણ આપી શકે છે.
- ✓ એન્ટિ-ટોરપિડો સિસ્ટમ હોવાથી એ આવી રહેલા દુશ્મન ટોરપિડોને ગેરમાર્ગે દોરી શકે છે.
- ✓ સામાન્ય દિવસો કરતાં વધુ નૌકાદળના જહાજો અને સબમરિનો પેટ્રોલિંગ કરી રહી છે. વધુમાં જાપાન-અમેરિકા-ઓસ્ટ્રેલિયા જેવા હિન્દ મહાસાગરમાં હાજરી ધરાવતા દેશો પણ મદદ કરી રહ્યા છે.

૧૨. દિન વિશેષ : ૨૯ જૂન  રાષ્ટ્રીય આંકડા દિવસ

**પ્રો. પ્રશાંતચંદ્ર મહાલનોબિસની જન્મજયંતિ પર ભારત સરકાર 29મી જૂને રાષ્ટ્રીય આંકડા દિવસની ઉજવણી**

- ✓ **હેતુ :** સામાજિક-આર્થિક આયોજન અને નીતિ ઘડવામાં આંકડાઓની ભૂમિકા વિશે યુવાનોમાં જાગૃતિ લાવવા
- ✓ **પ્રથમ પ્રારંભ :** પ્રથમ વાર 29 મી જૂન 2007ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- ✓ ભારત સરકારે સ્વર્ગીય પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનોબિસ દ્વારા આર્થિક આયોજન અને આંકડાકીય વિકાસના ક્ષેત્રે આપેલાં શ્રેષ્ઠ યોગદાનની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

**પ્રો. પ્રશાંતચંદ્ર મહાલનોબિસનો પરિચય**

- ✓ જન્મ 29 જૂન 1893માં થયો હતો
- ✓ પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનોબિસ ભારતીય આંકડાઓના પિતા તરીકે ઓળખાય છે.
- ✓ કોલકાતામાં ડિસેમ્બર 1931માં ભારતીય આંકડાકીય સંસ્થા (ISI)ની સ્થાપના કરી.

**સન્માન :**

- ✓ પદ્મવિભૂષણ - 1968
- ✓ ઓક્સફર્ડ યુનિવર્સિટીનો વેલ્ડન મેમોરિયલ ઇનામ – 1944
- ✓ રોયલ સોસાયટી, લંડનનો ફેલો -1945
- ✓ આંકડા અને કાર્યક્રમના અમલીકરણ મંત્રાલયના રાજ્ય પ્રધાન (સ્વતંત્ર હવાલો) : રાવ ઇન્દ્રજિત સિંઘ.
- ✓ આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલયની સ્થાપના: 15 ઓક્ટોબર 1999

૧૩.  જન્મ દિન વિશેષ : ૨૯ જૂન

વિસ્મૃત પ્રતિભા : અરદેશર કોટવાળ

જન્મ : ૨૯ જૂન-૧૭૯૬  અવસાન : ૧૮૫૬

- ✓ 'બહાદુરને બલવંત, ઇન્સાફમાં અફસર, પરમાર્થમાં પૂરો, શૂરવીર અરદેશર' આવા નેકદિલ અને પ્રતિભાશાળી, 6 ફૂટ 2 ઇંચ ઊંચાઈ, ભરાવદાર અને કસરતી શરીર, ગૌરવર્ણ, મારકણી આંખો તથા હિંમત અને બહાદુરીના પર્યાય સમાન અરદેશર કોટવાળનો આજે જન્મદિવસ છે.
- ✓ સુરતમાં પારસી પરિવારમાં જન્મેલા અરદેશરનું મૂળનામ અરદેશર બહેરમંદખાન હતું.
- ✓ તેમના પૂર્વજો મુઘલાઈમાં બાદશાહોની શાસકોની સેવા કરી ઘણા માનપાન પામ્યા હતા.
- ✓ 23 વર્ષની યુવા વયે અરદેશરે અદાલતમાં કારકુન તરીકે કારકિર્દી શરૂ કરી હતી. 1821માં અરદેશરને સુરત નગરની કોટવાળી મળી હતી. તેમના કોટવાળીના સમય દરમિયાન કાયદો અને વ્યવસ્થાનું એવું તે સુનિયોજન હતું કે સુરતીઓ ઘરનાં બારણાં ઉઘાડા રાખી સૂઈ શકતા.
- ✓ સુરતમાં તેઓએ રાત્રીના સમયે હાક મારી જાગતા રહેવાની જવાબદારી અદા કરે તેવી ડાંડિયાની પ્રથા પણ શરૂ કરાવી હતી.
- ✓ વડોદરા રાજ્યએ તેમને દીવાનપદ ઓફર કર્યું હતું પણ તેઓએ તેનો વિવેકપૂર્વક ઇનકાર કર્યો હતો.
- ✓ સને 1825માં સહજાનંદ સ્વામી સાથે અરદેશરની મુલાકાત થઇ ત્યારે સ્વામીએ તેઓને પાઘડી પહેરાવી અભિવાદન કર્યું હતું. આ પાઘડી આજે પણ તેમના વંશજો પાસે સચવાઈ છે. 1856માં અરદેશર કોટવાળનું અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૬-૨૦૨૦)

1. ૨૯ જૂન-૨૦૨૦ના રોજ ભારત સરકારે કયા દેશની 59 એપ પર ભારતમાં પ્રતિબંધ મૂક્યો – **ચીન**
2. ૨૯ જૂન-૨૦૨૦ના રોજ ભારત સરકારે 59 ચાઈનીઝ એપ પર ભારતમાં શા માટે પ્રતિબંધ મૂક્યો - **આ એપને કારણે ભારતનું સાર્વભૌમત્વ, સુરક્ષા, અખંડિતતા તેમજ જાહેર જનતાના ડેટાની સુરક્ષા સામે ખતરાને ધ્યાને લઈ**
3. કેન્દ્ર સરકારનાં કયા મંત્રાલયે ચીનની ૫૯ એપ પર પ્રતિબંધ મુકતું નોટિફિકેશન બહાર પાડયું હતું - **માહિતી ટેકનોલોજી**
4. ૨૯ જૂન-૨૦૨૦ના રોજ ભારત સરકારે કઈ 59 ચાઈનીઝ એપ પર ભારતમાં પ્રતિબંધ મૂક્યો - **૧. ટિકટોક ૨. શેર ઇટ ૩. ક્વાઇ ૪. યુસી બ્રાઉઝર ૫. બાઇડુ મેપ ૬. શીન ૭. ક્લેશ ઓફ કિંગ્સ ૮. ડીયુ બેટરી સેવર ૯. હેલો ૧૦. લાઈકી ૧૧. યુકેમ મેકઅપ ૧૨. એમઆઈ કોમ્યુનિટી ૧૩. સીએમ બ્રાઉઝર ૧૪. વાઇરસ ક્લિનર ૧૫. એપીયુએસ બ્રાઉઝર**

૧૬. રોમવી ૧૭. ક્લબ ફેક્ટરી ૧૮. ન્યૂઝડોગ ૧૯. બ્યૂટી પ્લસ ૨૦. વીચેટ ૨૧. યુસી ન્યૂઝ ૨૨. ક્યૂ.ક્યૂ મેઇલ ૨૩. વેઈબો ૨૪. ઝેન્ડર ૨૫. ક્યૂ.ક્યૂ મ્યુઝિક ૨૬. ક્યૂ.ક્યૂ ન્યૂઝફીડ ૨૭. બિગો લાઇવ ૨૮. સેલ્ફીસિટી ૨૯. મેઇલ માસ્ટર ૩૦. પેરેલલ સ્પેસ ૩૧. એમ.આઈ વીડિયો કોલ-ઝીઓમી ૩૨. વીસીન્ક ૩૩. ઈએસ ફાઇલ એક્સ્પ્લોરર ૩૪. વીવા વીડિયો-ક્યૂ યૂ વીડિયો ઈન્ક ૩૫. મેઇતુ ૩૬. વીગો વીડિયો ૩૭. ન્યૂ વીડિયો સ્ટેટસ ૩૮. ડીયુ રેકોર્ડર ૩૯. વોલ્ટ-હાઈડ ૪૦. કેચ ક્લિનર ડીયુ એપ સ્ટુડિયો ૪૧. ડીયુ ક્લિનર ૪૨. ડીયુ બ્રાઉઝર ૪૩. હેગો પ્લે વિથ ન્યૂ ફ્રેન્ડ્ઝ ૪૪. કેમ સ્કેનર ૪૫. ક્લિન માસ્ટર-ચિતા મોબાઇલ ૪૬. વંડર કેમેરા ૪૭. ફોટો વંડર ૪૮. ક્યૂ.ક્યૂ પ્લેયર ૪૯. વી મીટ ૫૦. સ્વીટ સેલ્ફી ૫૧. બૈદુ ટ્રાન્સલેટ ૫૨. વીમેટ ૫૩. ક્યૂ.ક્યૂ ઇન્ટરનેશનલ ૫૪. ક્યૂ.ક્યૂ સિક્યોરિટી સેન્ટર ૫૫. ક્યૂ.ક્યૂ. લોન્ચર ૫૬. યૂ વીડિયો ૫૭. વી ફ્લાય સ્ટેટસ વીડિયો ૫૮. મોબાઇલ લેજન્ડ્સ ૫૯. ડીયુ પ્રાઇવસી

5. ભારતનો સૌથી મોટો ઓનલાઈન ગ્રોસરી સ્ટોર કયો છે - બિગ બાસ્કેટ
6. ભારતમાં ઓનલાઈન એજ્યુકેશન આપતું સૌથી મોટું પ્લેટફોર્મ કયુ છે - બાયજૂસ
7. ભારતનું સૌથી મોટું ટ્રાવેલ પોર્ટલ કયુ છે - મેકમાયટ્રિપ
8. ભારતમાં ઓનલાઈન વીમા પોલિસી વેચતી કંપની કઈ છે - પોલિસી બાજાર
9. ભારતમાં ઓનલાઈન સેકન્ડ હેન્ડ ચીજો ખરીદવા-વેચવાનું પ્લેટફોર્મ કયુ છે - ક્વિકર
10. ભારતની સૌથી મોટી ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની કઈ છે – ઝોમેટો
11. ભારતમાં ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની, ઝોમેટો પછી સૌથી મોટી કંપની કઈ છે - સ્વિગી
12. ૨૯ જૂન-૨૦૨૦ના રોજ ભારત સરકારે 59 ચાઈનીઝ એપ પર ભારતમાં કયા એક્ટ-કલમ હેઠળ પ્રતિબંધ મૂક્યો - IT એક્ટ-2009ની કલમ 69 A હેઠળ કાર્યવાહી
13. ભારતમાં અનલોક-02 કયારથી લાગૂ કરાયુ – ૧ જૂલાઈ-૨૦૨૦થી
14. ભારતમાં અનલોક-02ની નવી ગાઇડલાઇન કયા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવી – ગૃહમંત્રાલય
15. ભારતના વર્તમાન સોલિસિટર જનરલ કોણ છે – તુષાર મહેતા
16. કેન્દ્ર સરકાર દ્વારા વર્તમાન સોલિસિટર જનરલ તરીકે તુષાર મહેતાની મુદતમાં કેટલો વધારો કરાયો - ત્રણ વર્ષ એટલે કે 2023 સુધી
17. ગુજરાત હાઇકોર્ટના એડિશનલ સોલિસિટર જનરલ તરીકે કોની નિમણૂક કરાઈ - દેવાંગ ગીરી વ્યાસ
18. ગુજરાત હાઇકોર્ટના કયા સિનિયર કાઉન્સેલને સુપ્રીમ કોર્ટમાં ત્રણ વર્ષ માટે એડિશનલ સોલિસિટર જનરલ તરીકે નિમણૂક કરાઈ - એસ. વી. રાજુ
19. વર્ષા જલનિધિ પ્રોજેક્ટ અંતર્ગત કયા જિલ્લાની ૧૦૦૦ સરકારી શાળાઓમાં વરસાદી પાણી માટે રેઈન હાર્વેસ્ટિંગનો સફળ પ્રયોગ કરાયો - વડોદરા
20. ૧૦૦૦ સરકારી શાળાઓમાં વરસાદી પાણી માટે રેઈન હાર્વેસ્ટિંગનો સફળ પ્રયોગની સિદ્ધિ મેળવનાર દેશનો કયો જિલ્લો પ્રથમ બન્યો – વડોદરા
21. વડોદરા જિલ્લામાં ૧૦૦૦ સરકારી શાળાઓમાં વરસાદી પાણી માટે રેઈન હાર્વેસ્ટિંગના પ્રોજેક્ટસથી વર્ષે કેટલા વરસાદી પાણીનો સંગ્રહ થશે - ૧૦ કરોડ લિટર
22. વડોદરા જિલ્લામાં ૧૦૦૦ સરકારી શાળાઓમાં વરસાદી પાણી માટે રેઈન હાર્વેસ્ટિંગના પ્રોજેક્ટસનો કોના હસ્તે ઈ-લોકાર્પણ યોજાયો - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
23. IAFના કયા મહિલા પાયલટ કારગિલ ગર્લ તરીકે ઓળખાય છે - ગુંજન સકસેના
24. IAFના કયા મહિલા પાયલટ ગુંજન સકસેનાએ કયા યુદ્ધમાં ભારતના ઘાયલ સૈનિકોને બચાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી - કારગિલ યુદ્ધ (વર્ષ-૧૯૯૯)
25. IAFના મહિલા પાયલટ ગુંજન સકસેના કે જે કારગિલ ગર્લ તરીકે ઓળખાય છે તે IAFમાં ક્યારે સામેલ થયા હતા – વર્ષ-૧૯૯૪
26. IAFના મહિલા પાયલટ ગુંજન સકસેનાને કયો વિરતા પુરસ્કાર મળ્યો છે - શૌર્ય વીર પુરસ્કાર
27. યુદ્ધ ક્ષેત્રમાં પ્રવેશ મેળવનાર પ્રથમ મહિલા કોમ્બેટ એવિએટરનું નામ જણાવો - ગુંજન સકસેના
28. દેશની પ્રથમ પ્લાઝમાં બેન્ક કયા શરૂ કરાશે - નવી દિલ્હી
29. જૂન-૨૦૨૦માં ભારતના ક્યા રાજ્યમાં વિશ્વની સૌથી મોટી પ્લાઝમા થેરાપી ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી – મહારાષ્ટ્ર
30. નવી દિલ્હીમાં કયા સ્થળે દેશની પ્રથમ પ્લાઝમાં બેન્ક શરૂ કરાશે - ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીવર એન્ડ બાઇલિયરી સાયન્સ (ILBS)

31. વિશ્વનો સૌથી મોટો પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટ કયાં આવેલો છે – **ફ્રાન્સ**

32. પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટનું હ્રદય કોને ગણવામાં આવે છે - **'ક્રાયોસ્ટેટ'**

33. ફ્રાંસ ખાતે બનનાર વિશ્વનો સૌથી મોટો પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટના 'ક્રાયોસ્ટેટ'નું નિર્માણ કયાં દેશમાં થાય છે – **ભારત**

34. ફ્રાંસ ખાતે બનનાર વિશ્વનો સૌથી મોટો પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટના 'ક્રાયોસ્ટેટ'નું નિર્માણ કઈ કંપનીએ કર્યું છે - **L & T, હજીરા-સુરત**

35. ક્રાયોસ્ટેટ પ્રોજેક્ટ કોને કહેવાય છે - **કોઇ રિએક્ટર વધારે ગરમી પેદા કરે તો તેને ઠંડુ કરવા માટે એક વિશાળ રેફ્રિજરેટરની જરૂર પડે તેને ક્રાયોસ્ટેટ કહેવાય**

36. ITERનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર**

37. ક્રાયોસ્ટેટનું કુલ વજન કેટલું છે તથા તેનો 50મો અને છેલ્લો ભાગ આશરે કેટલું વજન ધરાવે છે - **3,850 ટન તથા 650 ટન**

38. ક્રાયોસ્ટેટ પ્રોજેક્ટ અંતર્ગત તમામ હિસ્સાને જોડીને ચેમ્બરનો આકાર આપવા માટે ભારતે કયા સ્થળે એક વર્કશોપ બનાવ્યું છે - **કાદાર્શે નજીક (ફ્રાંસ)**

39. ભારત-અમેરિકા, જાપાન સહિત કુલ કેટલા દેશ મળીને પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટ બનાવી રહ્યા છે - **7**

40. પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટનો હેતુ જણાવો - **પૃથ્વી પર માઈક્રો સૂર્ય પેદા કરવાનો**

41. જૂન-૨૦૨૦માં ભારતમાં TRIFEDની નવી વેબસાઇટની શરૂઆત કોણે કરાવી - **કેન્દ્રીય મંત્રી શ્રી અર્જૂન મુંડા**

42. વર્તમાન કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રીનું નામ જણાવો - **શ્રી અર્જૂન મુંડા**

43. કેન્દ્ર સરકાર દ્વારા આદિજાતિઓની આજીવિકાના ટકાઉક્ષમ વિકાસ અને તેમની ખાડે જઇ રહેલી આર્થિક પ્રવૃત્તિઓમાં નવા પ્રાણ ફુંકવા માટે કઈ નવી વેબસાઇટની શરૂ કરાઈ – **TRIFED**

44. જૂન-૨૦૨૦માં "પીએમ સ્વનિધિ" પોર્ટલના બીટા સંસ્કરણની શરૂઆત કોણે કરાવી – **કેન્દ્રીય હાઉસિંગ અને અર્બન અફેર્સના સેક્રેટરી શ્રી દુર્ગાશંકર મિશ્રા**

45. કેન્દ્ર સરકાર દ્વારા ડિજિટલ ટેકનોલોજી સોલ્યુશન્સની મદદથી વપરાશકર્તાઓને યોજના હેઠળ લાભ મેળવવા માટે એકીકૃત સુવિધા પૂરી પાડવા માટે કયુ પોર્ટલ શરૂ કરાયુ - **"પીએમ સ્વનિધિ"**

46. પીએમ સ્વનિધિ યોજના કયા શરૂ થઈ હતી - **1 જૂન, 2020**

47. પીએમ સ્વાનિધિ પોર્ટલ કયારથી શેરી વિક્રેતાઓ પાસેથી લોનની રસીદ માટે અરજીઓ સ્વીકારવાનું શરૂ કર્યુ - **2 જુલાઈ-૨૦૨૦થી**

48. જૂન-૨૦૨૦માં UNની રેફ્યુજી એજન્સી દ્વારા કયો અહેવાલ રજૂ કરાયો - **વિશ્વમાં વિસ્થાપિત અંગે અહેવાલ-2019**

49. UNની રેફ્યુજી એજન્સી વિશ્વમાં વિસ્થાપિત અંગેના અહેવાલ મુજબ વર્ષ 2019માં નવા કેટલા લોકો વિસ્થાપિત થયા - **1.1 કરોડ**

50. UNના વર્તમાન મહામંત્રીનું નામ જણાવો - **એન્ટોન્યો ગુટરેસ**

51. જૂન-૨૦૨૦માં કઈ સ્વદેશી ટોરપિડો સિસ્ટમ ભારતીય નૌકાદળમાં શામેલ કરવામાં આવી - **મારીચ**

52. પાણીમાં પ્રવાસ કરી શકતો એક પ્રકારનો બોમ્બ કે જે દુશ્મન જહાજ કે સબમરિનના પડખામાં મોટું કાણું પાડી તેને ડૂબાડી શકે તેને શું કહેવાય છે - **ટોરપિડો**

53. ભારતની ટોરપિડો સિસ્ટમ કોણે વિકસાવી છે - **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલમેન્ટ લેબોરેટરી**

54. રાષ્ટ્રીય આંકડા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૨૯ જૂન**

55. ભારતમાં પ્રતિ વર્ષ ૨૯ જૂનના રોજ રાષ્ટ્રીય આંકડા દિવસ કોની યાદમાં ઉજવાય છે - **પ્રો. પ્રશાંતચંદ્ર મહાલનોબિસ**

56. રાષ્ટ્રીય આંકડા દિવસ ઉજવવાનો હેતુ જણાવો - **સામાજિક-આર્થિક આયોજન અને નીતિ ઘડવામાં આંકડાઓની ભૂમિકા વિશે યુવાનોમાં જાગૃતિ લાવવા**

57. રાષ્ટ્રીય આંકડા દિવસનો પ્રથમ પ્રારંભ જણાવો - **29મી જૂન 2007**

58. ભારતીય આંકડાઓના પિતા તરીકે કોણ ઓળખાય છે - **પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનોબિસ**

59. અરદેશર કોટવાળનો જન્મ દિવસ જણાવો – **૨૯ જૂન-૧૭૯૬**

60. અરદેશર કોટવાળનો જન્મ કયા પરિવારમાં થયો હતો – **પારસી પરિવાર સુરત**

**૧. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (અનાજ સહાય)**

વડાપ્રધાન શ્રી દ્વારા જાહેરાત : દેશભરમાં 80 કરોડ લોકોને નવેમ્બર 2020ના અંત સુધી એટલે પાંચ મહિના સુધી વિનામૂલ્યે અનાજ અપાશે




**મફત અનાજ યોજના એટ એ ગ્લાન્સ**

- ✓ પ્રતિ વ્યક્તિ માસિક પાંચ કિલો મફત ઘઉં અથવા ચોખા અને પરિવાર દીઠ એક કિલો દાળ અથવા કઠોળ
- ✓ 1,50,000 કરોડ રૂપિયાના કુલ ખર્ચે ગરીબોને મફત અનાજ અપાશે
- ✓ 90,000 કરોડ રૂપિયાનો વધારાનો બોજ સરકારના માથા પર
- ✓ 50,000 કરોડ રૂપિયાનો ખર્ચ ગ્રામીણ ભારતમાં રોજગારી માટે થઈ રહ્યો છે

**વન નેશન વન રેશનકાર્ડ**

- ✓ સરકાર વન નેશન વન રેશન કાર્ડ યોજના પર કામ કરી રહી છે જેનો લાભ માઈગ્રન્ટ વર્કર્સને થશે.
- ✓ દેશ વન નેશન વન રેશનકાર્ડના યુગ તરફ આગળ વધી રહ્યો છે અને તેના કારણે બીજા રાજ્યોમાં રોજગાર માટે જતા ગરીબ શ્રમિકોને મોટો લાભ થશે. તેઓ દેશમાં ગમે ત્યાં પોતાના રેશનકાર્ડની મદદથી અનાજ મેળવી શકશે.

**૨. નિમણૂક : ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રોફેસર હિમાંશુ પંડ્યાની પુનઃ ત્રણ વર્ષ માટે નિમણૂક**

**કાર્યકાળ :** 1લી જુલાઈ 2020 થી 3 વર્ષ માટે

- ✓ ગુજરાત યુનિવર્સિટી- અમદાવાદ

**3. સિદ્ધિ : સિવિલ હોસ્પિટલ અમદાવાદની કોવિડ હોસ્પિટલમાં દેશની સૌપ્રથમ પ્લાઝમા બેંક તા. 24 જૂનથી કાર્યરત (આરોગ્ય)**

**વિગત અને પ્લાઝમા લેવાની પ્રક્રિયા :**

અમદાવાદની સિવિલ હોસ્પિટલની ૧,૨૦૦ બેડ કોવિડ હોસ્પિટલમાં દેશની સૌપ્રથમ પ્લાઝમા બેન્ક ૨૪ મી જૂનથી શરૂ કરાઈ.

- ✓ ડિપાર્ટમેન્ટ ઑફ ઇમ્યુનોહિમેટોલોજી અને બ્લડ ટ્રાન્સફ્યુઝન (IHBT) દ્વારા અદ્યતન મશીન મારફતે કોવિડના સાજાં થયેલાં દર્દીઓને પ્લાઝમા ડોનેટ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- ✓ પ્લાઝમા લેતી વખતે ડોનરનું એન્ટિબૉડી સ્ક્રીનિંગ ટેસ્ટ પણ કરવામાં આવે છે.
- ✓ કોરોના મુક્ત થયેલાં દર્દીમાં એન્ટિબૉડી ડેવલપ થાય તેનું જ પ્લાઝમા લેવામાં આવે છે.
- ✓ આ પ્લાઝમામાં કોરોના વાઇરસ સામેની એન્ટિબૉડી હોય છે. આ એન્ટિબૉડી સાજા થયેલાં દર્દીના શરીરમાંથી કાઢીને કોરોનાગ્રસ્ત દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે.

**૪. મિયાવાકી પદ્ધતિ (પર્યાવરણ)**

**ઘટાટોપ જંગલનું સર્જન કરવા જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી ગાંધીનગરમાં વૃક્ષારોપણ**

- ✓ ઘટાટોપ અને ઘનઘોર જંગલ બનાવવા માટે સામાન્ય રીતે વર્ષો લાગી જાય છે. આ માટે રોપાઓના જાતની પસંદગી ઉપરાંત તેની જાળવણી પણ મહત્વની બની રહે છે.
- ✓ આગામી દિવસોમાં પાટનગરમાં રાજ્ય સરકારે આ માટે એક અલગ જ મેથડથી વૃક્ષારોપણ કરવાનો નિર્ણય લીધો છે. જે પદ્ધતિનું નામ મિયાવાકી છે.

**શું છે મિયાવાકી પદ્ધતિ**

- ✓ મિયાવાકી એક ટેકનીક છે, જે જાપાનના વનસ્પતિશાસ્ત્રીએ વિકસીત કરી છે.
- ✓ એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ પધ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવે તો જે તે રોપાનો ગ્રોથ સામાન્ય કરતા ૧૦ ગણો વધુ થાય છે.
- ✓ વૃક્ષારોપણ પણ સામાન્ય કરતા 30 ગણુ વધુ થાય છે.
- ✓ મિયાવાકી પદ્ધતિ દેશના પશ્ચિમ બંગાળ ઉપરાંત તેલંગાણા જેવા રાજ્યોએ અપનાવી છે અને તેમાં સારૂ પરિણામ મળ્યું છે.

✓ હવે ગુજરાતમાં આ પદ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવશે. આગામી દિવસોમાં વનમહોત્સવ યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લામાં ૮ લાખથી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરવાનો અંદાજ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. કૃષિ વૈવિધ્યકરણ યોજના : ગુજરાત સરકાર (કૃષિ)

✓ **લાભ:** રાજ્યના આદિવાસી વસતિ ધરાવતા ૧૪ જિલ્લાના વન બંધુ ખેડૂતોનો સમાવેશ

**યોજના વિશે :**

✓ આ યોજના હેઠળ ખેડૂતને એક એકરમાં ઉગાડવા માટે સુધારેલી જાતના શાકભાજી, મકાઈના બિયારણ, ખાતરમાં ૪૫ કિલો યુરિયા, ૫૦ કિલો એનપીકે તથા ૫૦ કિલો એમોનિયમ સલ્ફટની કિટ આપવામાં આવે છે.

✓ **ખાસ :** આદિવાસી ખેડૂતો માટેની યોજના

## ૬. કોવેક્સિન : ભારતની પ્રથમ કોરોના વેક્સિન - કોવેક્સિનને DCGI દ્વારા માનવીય પરીક્ષણની મંજૂરી (સંશોધન)

✓ **કંપની :** ભારત બાયોટેક, હૈદરાબાદ

✓ જુલાઈ 2020થી પરીક્ષણનો પ્રારંભ :

✓ **DCGI, આરોગ્ય મંત્રાલયની લીલીઝંડી :**

**અન્ય વિગત :**

✓ વેક્સિનનું જુલાઈથી જ માનવીઓ પર પરીક્ષણ કરવામાં આવશે.

✓ સાર્સ સીઓવી-૨ સ્ટ્રેનને પૂણે ખાતેની NIVમાં અલગ કરવામાં આવ્યો હતો અને વેક્સિન માટે ભારત બાયોટેકને આ વાઈરસ આપવામાં આવ્યો હતો.

✓ ભારત બાયોટેકની BSL-3 એટલે કે બાયો સેફ્ટી લેવલ ખાતે તેને તૈયાર કરાઈ છે.

✓ DCGI તેમજ આરોગ્ય મંત્રાલય, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પહેલા અને બીજા તબક્કામાં તેનું માનવ પરીક્ષણ કરાશે.

**ICMR , NIV ની સાથે મળીને તૈયાર કરાઈ**

✓ દેશમાં બનાવાયેલી આ પહેલી વેક્સિન છે. જે ICMR તેમજ NIVની સાથે મળીને તૈયાર કરાઈ છે.

✓ DCGI :ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા

## ૭. UNFPA : વૈશ્વિક વસ્તીની સ્થિતિ-2020 અહેવાલ (જાતીય ભેદભાવ)

**ભારતની સ્થિતિ :**

✓ ભેદભાવના કારણે દર વર્ષે 12-15 લાખ બાળકીઓ લાપતા થાય છે

✓ વિશ્વભરમાં છેલ્લાં 50 વર્ષમાં 14.26 કરોડ મહિલા લાપતા થઈ, જેમાંથી ત્રીજા ભાગની એટલે કે 4.58 કરોડ માત્ર ભારતની છે.

**વિગત : આંકડાકીય માહિતી :**

✓ યુએનના લેટેસ્ટ રિપોર્ટ મુજબ લાપતા મહિલાઓની સંખ્યા ભારત અને ચીનમાં સૌથી વધુ છે.

✓ યુએનએફપીએના વૈશ્વિક વસતીની સ્થિતિ 2020 રિપોર્ટમાં જણાવાયું છે કે 50 વર્ષમાં લાપતા મહિલાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે.

✓ 1970માં આ આંકડો 6.10 કરોડ હતો, જે 2020માં 14.26 કરોડ થઈ ગયો.

✓ 2020 સુધીમાં ભારતમાં 4.58 કરોડ અને ચીનમાં 7.23 કરોડ મહિલાઓ લાપતા થઈ.

✓ પ્રસૂતિ પહેલાં કે પછી જાતિ પરીક્ષણના કારણે લાપતા બાળકીઓની સંખ્યા પણ રિપોર્ટમાં સામેલ છે, જે મુજબ 2013 થી 2017 વચ્ચે ભારતમાં અંદાજે 4.60 લાખ બાળકીઓ દર વર્ષે જન્મ સમયે લાપતા થઇ.

✓ કુલ લાપતા બાળકીઓમાંથી અંદાજે બે તૃતીયાંશ કેસો અને જન્મ સમયે થતાં મોતના એક તૃતીયાંશ કેસો જાતિ પરીક્ષણ સાથે જોડાયેલા છે.

✓ જાતિ ભેદભાવના કારણે (જન્મ પૂર્વે) જાતિ પરીક્ષણના કારણે દુનિયાભરમાં દર વર્ષે લાપતા થતી અંદાજે 12 થી 15 લાખ બાળકીઓમાંથી 90-95 ટકા ભારત અને ચીનની હોય છે.

✓ **UNFPA:** The United Nations population Fund / United Nations Fund four population Activities

## ૮. દિન વિશેષ : 30 જૂન (1) સોશિયલ મીડિયા ડે (2) "એસ્ટેરોઈડ ડે" (લઘુગ્રહ દિવસ)

**30 જૂને, સમગ્ર વિશ્વમાં "એસ્ટેરોઈડ ડે" (લઘુગ્રહ દિવસ)ની ઉજવણી થાય છે.**

- ✓ જગતભરમાં દર 30 જૂને "એસ્ટેરોઈડ ડે"ની વિશિષ્ટ ઉજવણી થાય છે.
- ✓ 30 જૂન ૨૦૨૦નો "એસ્ટેરોઈડ ડે" વિશ્વનો છઠ્ઠો એસ્ટોરોઈડ ડે હશે.
- ✓ સંજ્ઞા ધરાવતો એસ્ટેરોઈડ પૃથ્વીથી દૂરના અંતરેથી પસાર થવાનો છે, જ્યારે બીજો એસ્ટેરેઈડ (૧૯-એસી૩) ૧ જુલાઈ, ૨૦૨૦ના રોજ પૃથ્વીથી ઘણે દૂરના અંતરેથી પસાર થવાનો છે.
- ✓ ૩૦, જૂન-૧૯૦૮ના રોજ સાઈબિરિયામાં તુન્ગુસ્કા નામના વિરાટ લઘુગ્રહની પ્રચંડ ઉર્જાથી આઠ કરોડ વૃક્ષો બળી ગયાં હતા.

**કોની યાદમાં ઉજવણી :**

- ✓ તુન્ગુસ્કા એસ્ટેરોઈડ ઘટના અંતરીક્ષ સંશોધનના તાજેતરના ઈતિહાસમાં ઘણી નવી હતી. સાથોસાથ તુન્ગુસ્કા એસ્ટેરોઈડ પણ ખગોળશાસ્ત્રીઓ માટે નવો હતો.
- ✓ તુન્ગુસ્કા નામના વિરાટ લઘુગ્રહની અતિ પ્રચંડ ઉર્જાથી સાઇબિરિયામાં તા. ૩૦, જૂન-૧૯૦૮ના રોજ ૨૧૫૦ ચોરસ વિસ્તારમાં લગભગ આઠ કરોડ જેટલાં વૃક્ષો બળીને ભસ્મ થઈ ગયાં હતાં.

## ૯. જન્મ દિન વિશેષ : 30 જૂન

### સંગીત સાધક : સંગીતકાર કલ્યાણજી જન્મ – 30 જૂન- 1928 અવસાન – 24 ઓગસ્ટ- 2000

- ✓ આજે મુંબઈમાં પહેલી કાપડ મિલ સ્થાપનાર સર દિનશા માણેકજી પીટીટ અને પ્રસિદ્ધ સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજી પૈકીના કલ્યાણજીભાઈનો જન્મદિવસ અને દાદાભાઈ નવરોજીની પુણ્યતિથિ.
- ✓ કલ્યાણજીભાઈનો જન્મ કચ્છના કુન્દોડી ગામે થયો હતો.
- ✓ પિતા કરિયાણા અને અનાજના વ્યવસાય માટે મુંબઈ સ્થાયી થયા હતા.
- ✓ મરાઠી-ગુજરાતી વાતાવરણમાં ઉછરેલા કલ્યાણજીભાઈએ તેમના ભાઈ આણંદજી સાથે કલ્યાણજી વીરજી શાહ નામની ઓરકેસ્ટ્રા શરૂ કરી હતી.
- ✓ કલ્યાણજીભાઈને તેમના ભાઈ સાથે 1954માં નાગીનથી બોલિવૂડમાં બેકથ્રૂ મળ્યો અને ફિલ્મી દુનિયાની સફર શરૂ થઈ
- ✓ કારકિર્દી દરમિયાન 250થી વધુ ફિલ્મોમાં સંગીત આપનાર કલ્યાણજીભાઈએ હિમાલય કી ગોદ મૈ, બૈરાગ, જબ જબ ફૂલ ખીલે, હાથ કી સફાઈ, કોરા કાગઝ, ઉપકાર, વિધાતા, ગંગા કી સૌગંધ, સચ્ચા જૂઠા, ધર્માત્મા, સરસ્વતીચંદ્ર, ડોન, કુરબાની, મુકદ્દર કા સિકંદર, લાવારીસ, ત્રિદેવ વગેરેનો સમાવેશ થાય છે.

**સન્માન :**

- ✓ કલ્યાણજીભાઈને સંગીત સાધના સિને મ્યૂઝિક એવોર્ડ, સંગીતનો નેશનલ એવોર્ડ અને પદ્મશ્રી પણ એનાયત થયો હતો.
- ✓ કલ્યાણજીભાઈનું 24 ઓગસ્ટ 2000ના રોજ અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૬-૨૦૨૦)

1. વડાપ્રધાનશ્રી મોદી દ્વારા ૩૦મી જૂન-૨૦૨૦ના રોજ કરવામાં આવેલી જાહેરાત મુજબ દેશભરમાં 80 કરોડ લોકોને આગામી કેટલા મહિના સુધી વિનામૂલ્યે અનાજ અપાશે – **પાંચ**
2. વડાપ્રધાનશ્રી મોદી દ્વારા ૩૦મી જૂન-૨૦૨૦ના રોજ કરવામાં આવેલી જાહેરાત મુજબ દેશભરમાં 80 કરોડ લોકોને ક્યાં સુધી વિનામૂલ્યે અનાજ અપાશે - **નવેમ્બર 2020ના અંત સુધી**
3. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત પ્રતિ વ્યક્તિ માસિક વિનામૂલ્યે અનાજનો કેટલો જથ્થો આપવામાં આવે છે – **પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને પરિવાર દીઠ એક કિલો દાળ અથવા કઠોળ**
4. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત નવેમ્બર 2020ના અંત સુધી કેટલા રૂપિયાના ખર્ચે ગરીબોને મફત અનાજ અપાશે – **રૂ. 1,50,000 કરોડ**
5. વન નેશન વન રેશન કાર્ડ યોજનાનો લાભ કોને મળશે - **માઈગ્રન્ટ વર્કર્સ**
6. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત નવેમ્બર 2020ના અંત સુધી ગરીબોને મફત અનાજ આપવાથી કેન્દ્ર સરકાર પર વધારાનો કેટલો બોજ પડશે – **રૂ.90,000 કરોડ રૂપિયા**
7. જૂન-૨૦૨૦માં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે કોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરાઈ– **પ્રો. હિમાંશુ પંડ્યા**
8. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે પુનઃ ત્રણ વર્ષ માટે નિમણૂંક પામેલા પ્રો. હિમાંશુ પંડ્યાનો કાર્યકાળ ક્યાં સુધીનો રહેશે - **1લી જુલાઈ 2020થી 3 વર્ષ માટે**

9. સિવિલ હોસ્પિટલ અમદાવાદની કોવિડ હોસ્પિટલમાં દેશની સૌપ્રથમ પ્લાઝમા બેંક ક્યારથી કાર્યરત થઈ - <u>તા. 24 જૂન-2020</u>
10. IHBTનું વિસ્તૃત નામ જણાવો – **<u>ઇમ્યુનો હિમેટોલોજી એન્ડ બ્લડ ટ્રાન્સફ્યુઝન</u>**
11. આગામી સમયમાં ગાંધીનગરમાં ઘટાટોપ જંગલનું સર્જન કરવા કઈ જાપાનીઝ પદ્ધતિથી વૃક્ષારોપણ થશે - **<u>મિયાવાકી</u>**
12. વૃક્ષારોપણ માટેની મિયાવાકી પદ્ધતિ કોણે વિકસીત કરી છે - **<u>જાપાનના વનસ્પતિશાસ્ત્રીએ</u>**
13. મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવે તો જે તે રોપાનો ગ્રોથ સામાન્ય કરતા કેટલા ગણો વધુ થાય છે - <u>દસ</u>
14. મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવે તો વૃક્ષારોપણ સામાન્ય કરતા કેટલા ગણુ વધુ થાય છે - <u>30</u>
15. મિયાવાકી પદ્ધતિ દેશના કયા રાજ્યોએ અપનાવી છે - **<u>પશ્ચિમ બંગાળ તથા તેલંગાણા</u>**
16. ગુજરાતના આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાના વન બંધુ ખેડૂતો માટે કઈ યોજના અમલી છે – **<u>કૃષિ વૈવિધ્યકરણ યોજના</u>**
17. કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતને એક એકર માટે કેટલા કિલો યુરિયા, એનપીકે તથા એમોનિયમ સલ્ફટની કિટ અપાઈ છે – **<u>અનુક્રમે ૪૫ ૫૦ ૫૦</u>**
18. ભારતની પ્રથમ કોરોના વેક્સિન-કોવેક્સિનને કોના દ્વારા માનવીય પરીક્ષણની મંજૂરી અપાઈ - **<u>DCGI, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય</u>**
19. ભારતની પ્રથમ કોરોના વેક્સિન–કોવેક્સિન કે જેને DCGI તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા માનવીય પરીક્ષણની મંજૂરી અપાઈ તે કઈ કંપનીએ બનાવી છે - **<u>ભારત બાયોટેક, હૈદરાબાદ</u>**
20. ભારતની પ્રથમ કોરોના વેક્સિન–કોવેક્સિનને DCGI તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા ક્યારથી માનવીય પરીક્ષણની મંજૂરી અપાઈ - **<u>જુલાઈ 2020થી</u>**
21. DCGIનું વિસ્તૃત નામ જણાવો - **<u>ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા</u>**
22. UNFPAના વૈશ્વિક વસ્તીની સ્થિતી-2020ના અહેવાલ અનુસાર ભારતમાં ભેદભાવના કારણે દર વર્ષે કેટલી બાળકીઓ લાપતા થાય છે - <u>12-15 લાખ</u>
23. UNFPAના વૈશ્વિક વસ્તીની સ્થિતી-2020ના અહેવાલ અનુસાર વિશ્વભરમાં છેલ્લાં 50 વર્ષમાં કેટલી મહિલા લાપતા થઈ - <u>14.26 કરોડ</u>
24. UNFPAના વૈશ્વિક વસ્તીની સ્થિતી-2020ના અહેવાલ અનુસાર વિશ્વભરમાં છેલ્લાં 50 વર્ષમાં 14.26 કરોડ મહિલા લાપતા થઈ જેમાંથી ભારતની કેટલી મહિલાઓનો સમાવેશ થાય છે - <u>4.58 કરોડ</u>
25. UNFPAનું વિસ્તૃત નામ જણાવો - <u>United Nations Fund four population Activities</u>
26. સોશિયલ મીડિયા ડે ક્યારે ઉજવવામાં આવે છે - **<u>30 જૂન</u>**
27. સમગ્ર વિશ્વમાં લઘુગ્રહ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - <u>30 જૂન</u>
28. વિશ્વમાં ૩૦ જૂન ૨૦૨૦ના રોજ કેટલામો "એસ્ટેરોઈડ ડે" (લઘુગ્રહ દિવસ) મનાવવામાં આવ્યો – **<u>છઠ્ઠો</u>**
29. પ્રસિદ્ધ સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજી પૈકીના કલ્યાણજીભાઈનો જન્મ ક્યારે થયો હતો – **<u>30 જૂન- 1928</u>**
30. મુંબઈમાં પહેલી કાપડ મિલના સ્થાપક કોણ હતા - **<u>સર દિનશા માણેકજી પીટીટ</u>**
31. સંગીતકાર કલ્યાણજીભાઈનો જન્મ ક્યાં થયો હતો - **<u>કચ્છના કુન્દોડી ગામે</u>**
32. સંગીતકાર કલ્યાણજીભાઈને તેમના ભાઈ સાથે કયા વર્ષમાં નાગીનથી બોલિવૂડમાં બેકથ્રૂ મળ્યો હતો – **<u>વર્ષ 1954</u>**
33. સંગીતકાર કલ્યાણજીભાઈને ક્યા મહત્વના એવોર્ડ્સ મળ્યા છે - **<u>સંગીત સાધના સિને મ્યૂઝિક એવોર્ડ, સંગીતનો નેશનલ એવોર્ડ અને પદ્મશ્રી</u>**